GJKT010048352025

| | |
|---|---|
| આંક | : ૧૭૧/એ |
| દાખલ તારીખ | : ૧૫/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | : ૧૫/૧૦/૨૦૨૫ |
| નિકાલ તારીખ | : ૨૩/૦૪/૨૦૨૬ |
| સમય | : વર્ષ માસ દિવસ<br>૦૦ – ૦૬ – ૦૮ |

::––::––::––::––::––::––::––::––::––::––::––::––::

**નામદાર શ્રી સેશન્સ જજ સાહેબની અદાલતમાં, કચ્છ–ભુજ**

::––::––::––::––::––::––::––::––::––::––::––::––::

**ચુકાદો આપ્યાની તારીખ :** **સેશન્સ કેસ નંબર : ૧૦૮/૨૦૨૫**

**તા:૨૩/૦૪/૨૦૨૬**

**(ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૫૦૯૦૯/૨૦૨૫)**

**(ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫**

**–:: ફોર્મ – એ ::–**

| | |
|---|---|
| ફરીયાદી : | **શ્રી સરકાર...**<br>**જેઠાલાલ હેમરાજભાઇ ખાનીચા (ભાનુશાલી),**<br>ઉ.વ.૪૩, ધંધો:મજુરી,<br>રહે:ભારતનગર, સોનલનગર, પ્લોટ નં.૧૧૪, સિદ્ધેશ્વર મંદિર પાસે, ગાંધીધામ–કચ્છ |
| ફરીયાદ પક્ષ તરફે : | **વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.બી.જાડેજા વિથ પ્રોસીકયુશન ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી** |

| | |
|---|---|
| **<u>આરોપીઓ :</u>** | **(૧) મોહિત મુળજી સિદ્ધપુરા,**<br>ઉ.વ.૨૨, ધંધો:મજુરી,<br>રહે:ભારતનગર, સોનલનગર, પ્લોટ નં.૧૧૫, સિદ્ધેશ્વર મંદિરની પાસે, ગાંધીધામ–કચ્છ<br><br>**(૨) જયેશ જયંતિજી ઠાકોર,**<br>ઉ.વ.૨૨, ધંધો:મજુરી,<br>રહે:મેઘપર બોરીચી, પરષોતમનગર, મકાન નં.૨૩, અંજાર–કચ્છ |
| **<u>આરોપી નં.૧ તરફે :</u>**<br>**<u>આરોપી નં.૨ તરફે :</u>** | **<u>વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી</u>**<br>**<u>વિદ્ધાન વકીલ શ્રી એસ.જી.શાહ</u>** |

## <u>–:: ફોર્મ – બી ::–</u>

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા:૨૮/૦૮/૨૦૨૫ |
| એફ.આઇ.આર. ની તારીખ | તા:૨૮/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા:૨૬/૦૯/૨૦૨૫ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા:૦૨/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા:૦૧/૦૧/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા:૨૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | તા:૨૩/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | તા:૨૩/૦૪/૨૦૨૬ |

## –:: આરોપીઓની વિગત ::–

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાની વિગતો | શું આરોપી નિર્દોષ છે કે સજા થયેલ છે તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (**BNSS Sec** 468 મુજબ ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોહિત મુળજી સિદ્ધપુરા | ૨૯/૦૮/૨૦૨૫ | **UTP** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | સજા | આજીવન કેદ અને ૨૫,૦૦૦/– દંડ, દંડ ન ભરે તો વધુ એક (૧) વર્ષની સખ્ત કેદની સજા | ૭ (સાત) મહિના ૨૪ (ચોવીસ) દિવસ |
| ૨ | જયેશ જયંતિજી ઠાકોર | ૦૨/૦૯/૨૦૨૫ | **UTP** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | સજા | આજીવન કેદ અને ૨૫,૦૦૦/– દંડ, દંડ ન ભરે તો વધુ એક (૧) વર્ષની સખ્ત કેદની સજા | ૭ (સાત) મહિના ૨૪ (ચોવીસ) દિવસ |

## –:: ફોર્મ – સી ::–

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત દ્વારા તપાસવામાં આવેલા સાક્ષીઓની યાદી :**

**(એ) ફરીયાદ પક્ષ દ્વારા તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના સાહેદો તપાસવામાં આવેલા છે :–**

| ક્રમ | સાહેદ નંબર | નામ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|---|---|
| | | **મુખ્ય સાહેદો** | | |
| ૦૧ | ૦૧ | જેઠાલાલ હેમરાજ | ૨૬ | ફરીયાદી (મરણજનારના |

| | | | | |
|---|---|---|---|---|
| | | ખાનીયા | | પિતા) |
| ૦૨ | ૦૨ | કિશોરભાઇ પ્રેમજીભાઇ મહેશ્વરી | ૨૮ | સાહેદ (અંજાર ખાતેની છરી ચપ્પા વેંચવાની દુકાનના માલીક) |
| ૦૩ | ૦૩ | ત્રિષ્નાબેન લક્ષ્મણગીરી ગોસ્વામી | ૩૦ | સાહેદ (મરણજનાર સાથે કોલેજમાં ભણતા સહધ્યાયી) |
| ૦૪ | ૦૪ | ચૈતાલીબેન અમૃતભાઇ રામજીભાઇ મિસ્ત્રી | ૩૨ | સાહેદ (મરણજનાર સાથે કોલેજમાં ભણતા સહધ્યાયી) |
| ૦૫ | ૦૫ | તિષાબેન પ્રકાશભાઇ શંકરલાલ ભાનુશાલી | ૩૪ | સાહેદ (મરણજનાર સાથે કોલેજમાં ભણતા સહધ્યાયી) |
| ૦૬ | ૦૬ | સલીમ લતીફ મોગલ | ૩૬ | સાહેદ (રીક્ષા ડ્રાયવર તે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને નિલકંઠ ભવનથી મીરઝાપર ગામમાં કાચવાળી દુકાને ઉતારનાર) |
| ૦૭ | ૦૭ | નિરવ જગદીશભાઇ પરમાર | ૩૭ | સાહેદ (મીરઝાપર ગામે ચોર ચોઇસ મેન્સવેર નામની કાપડની દુકાનના માલીક કે જયાંથી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ નવા કપડાની ખરીદી કરેલી) |
| ૦૮ | ૦૮ | મીનાબેન કિશનભાઇ ગોસ્વામી | ૪૦ | સાહેદ (ફોર વ્હીલરમાં મરણજનારને સાહેદ- |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ટીશાબેન સાથે હોસ્પિટલ લઇ જનાર) |
| ૦૯ | ૧૪ | રસીલાબેન જેઠાલાલ ખાનીયા | ૬૪ | સાહેદ (મરણજનારના માતા) |
| ૧૦ | ૧૫ | નિતીનભાઇ ઉમરશીભાઇ ભાનુશાલી | ૬૫ | સાહેદ (મરણજનારના સમાજના અગ્રણી) |
| **મેડીકલ ઓફીસર** | | | | |
| ૧૧ | ૦૯ | ડો.હેતા વિજયભાઇ બોરીચા | ૪૫ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના લોહીના નમુના લેનાર) |
| ૧૨ | ૧૦ | ડો.રોહન હસીત અંજારીયા | ૪૯ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા તથા આરોપી નં.૨ જયેશ જયંતિલાલ ઠાકોર નાઓના ડી.એન.એ. ટેસ્ટ માટે નમુનાનો લેનાર) |
| ૧૩ | ૧૧ | ડો.નવુભા જીલુભા નવઘણજી | ૫૩ | મેડિસ્ટાર હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનારની સારવાર કરનાર) |
| ૧૪ | ૧૨ | ડો.કિશનકુમાર વિરમાભાઇ ગમાર | ૫૫ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનાર-સાક્ષીબેનની લાશનું શબ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | પરિક્ષણ કરનાર) |
| ૧૫ | ૧૩ | ડો.હાર્દિક જગદીશભાઇ ધોળુ | ૬૦ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનાર- સાક્ષીબેન તથા આરોપી નં.૨ જયેશ ઠાકોરના બ્લડ સેમ્પલ લેનાર) |
| ૧૬ | ૧૬ | ડો.યાહ્યા અબ્દુલ રસીદભાઇ ખત્રી | ૬૬ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનાર- સાક્ષીબેનની, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરાની તથા આરોપી નં.૨ જયેશ ઠાકોરની સારવાર કરનાર) |
| ૧૭ | ૩૧ | ડો.રાજેશ પ્રેમજીભાઇ ગૌરી | ૧૧૮ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનાર- સાક્ષીબેનની સારવાર કરનાર) |
| ૧૮ | ૩૨ | ડો.રાહુલસિંહ જયપાલસિંહ જાડેજા | ૧૧૯ | જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજના મેડીકલ ઓફીસર શ્રી (મરણજનાર- સાક્ષીબેનની સારવાર કરનાર) |
| | | **પંચ સાહેદો** | | |
| ૧૯ | ૧૭ | લલીત પ્રેમજીભાઇ બુચીયા | ૭૨ | ડેમોન્સ્ટ્રેશન પંચનામાના પંચ સાહેદ |
| ૨૦ | ૧૮ | અનિતાબેન દેવજીભાઇ ગજરા | ૭૪ | મરણજનારના ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૧૯ | હિરેન નિતીનભાઇ ભાનુશાલી | ૭૬ | આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને અટક કર્યાના પંચનામાના અને મરણજનારે બનાવ વખતે પહેરેલા કપડા તથા મરણજનારનો મોબાઇલ ફોન કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૨ | ૨૦ | સુનીલ પ્રતાપભાઇ નાખુવા | ૮૧ | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૩ | ૨૧ | સિદ્ધરાજસિંહ લખધીરસિંહ વાઘેલા | ૮૫ | ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદ |
| ૨૪ | ૨૨ | કપીલ વિનોદભાઇ ચાવડા | ૮૯ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ બનાવ સમયે પહેરેલા કપડા અને મોબાઇલ ફોન કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૫ | ૨૩ | દેવશીભાઇ ગોવિંદભાઇ મારવાડા | ૯૩ | મરણજનાર-સાક્ષીબેન, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોરના બ્લડ સેમ્પલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૬ | ૨૪ | કરણસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા | ૯૬ | મીરઝાપર ગામે આવેલ ચોર ચોઇસ મેન્સવેરની દુકાનના સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઇવ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૭ | ૨૫ | દિપક દયારામભાઇ | ૯૯ | આરોપી નં.૧ મોહિત |

| | | | | |
|---|---|---|---|---|
| | | ભાનુશાલી | | સિદ્ધપુરા નાઓએ મરણજનાર સાથે વોટસઅપ મારફતે કરેલ વાતચીતની ચેટ મજકુર આરોપીના મોબાઇલ ફોનમાંથી એકસપોર્ટ કરી એક પેનડ્રાઇવમાં ભરેલી તે પેનડ્રાઇવ તથા એકસપોર્ટ ફાઇલની પ્રિન્ટ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૮ | ૨૬ | ધ્રુભાઇ હસમુખભાઇ ભટ્ટ | ૧૦૩ | સી.સી.ટી.વી. ફુટેજ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ (નેત્રમ), ભુજની ડી.વી.ડી. કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૨૯ | ૨૭ | લહેરીલાલ કરશનભાઇ ખીચડા | ૧૦૭ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૩૦ | ૨૮ | ઇન્દ્રીશ અબ્દુલ્લા સમેજા | ૧૧૧ | ડેમોન્સ્ટ્રેશન પંચનામાના પંચ સાહેદ |
| ૩૧ | ૨૯ | હમીર લાખાભાઇ આચર | ૧૧૩ | આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના બ્લડ સેમ્પલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૩૨ | ૩૦ | અલ્કાબેન વાસુદેવ | ૧૧૫ | ભુજ શહેર '' એ '' ડિવીઝન |

| | | | | |
|---|---|---|---|---|
| | | વસાવા | | પોલીસ સ્ટેશનના ફરજ ઉપરના પી.એસ.ઓ. |
| ૩૩ | ૩૩ | અલ્પેશ મહેન્દ્રભાઇ પટેલ | ૧૨૦ | તપાસ કરનાર અમલદાર |

(બી) **આરોપી પક્ષે તપાસેલા સાક્ષી જો હોય તો :–**

| **ક્રમ** | **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|---|---|
| – | – | – | – | – |

(સી) **અદાલત દ્વારા તપાસેલા સાક્ષી જો હોય તો :–**

| **ક્રમ** | **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|---|---|
| – | – | – | – | – |

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત દ્વારા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓની વિગતો :**

(એ) **ફરીયાદ પક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે :–**

| **ક્રમ** | **આંક** | **જે સાહેદની જુબાનીમાં આંક રીફર થયેલા છે તે સાહેદની વિગત** | **વિગત** |
|---|---|---|---|
| ૧ | ૨૭ | સાહેદ નં.૧ | અસલ ફરીયાદ |
| ૨ | ૨૯ | સાહેદ નં.૨ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૩૧ | સાહેદ નં.૩ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |
| ૪ | ૩૩ | સાહેદ નં.૪ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |
| ૫ | ૩૫ | સાહેદ નં.૫ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |
| ૬ | ૩૮ | સાહેદ નં.૭ | પેન ડ્રાઈવ |
| ૭ | ૩૯ | ‘’ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |
| ૮ | ૪૧ | સાહેદ નં.૮ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |
| ૯ | ૪૬ | સાહેદ નં.૯ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓનું બ્લડ સેમ્પલ લેવા બાબતે કરેલ યાદી |
| ૧૦ | ૪૭ | ‘’ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૧૧ | ૪૮ | ‘’ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓના નમુના તપાસ કરનાર અમલદારને મોકલી આપ્યા અંગેની યાદી |
| ૧૨ | ૫૦ | સાહેદ નં.૧૦ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા તથા આરોપી |

| | | | |
|---|---|---|---|
| | | | નં.૨ જયેશ ઠાકોર નાઓના ડી.એન.એ. ટેસ્ટ માટે નમુના લેવા બાબતે કરેલ યાદી |
| ૧૩ | ૫૧ | ‘’ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓનું ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મ |
| ૧૪ | ૫૨ | ‘’ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓનું ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મ |
| ૧૫ | ૫૪ | સાહેદ નં.૧૧ | મેડિસ્ટાર હોસ્પિટલ, ભુજનું મરણજનાર–સાક્ષીબેનની સારવાર અંગેનું મેડીકલ સર્ટીફિકેટ |
| ૧૬ | ૫૬ | સાહેદ નં.૧૨ | મરણજનાર–સાક્ષીબેનનો શબ પરિક્ષણ રીપોર્ટ |
| ૧૭ | ૫૭ | ‘’ | મરણજનાર–સાક્ષીબેનનું મૃત્યુનું પ્રમાણપત્ર |
| ૧૮ | ૫૮ | ‘’ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને મરણજનારનું શબ પરિક્ષણ કરવા કરેલી યાદી |
| ૧૯ | ૬૧ | સાહેદ નં.૧૩ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને મરણજનાર–સાક્ષીબેનના ડી.એન.એ. ટેસ્ટ માટે નમુના લેવા બાબતે કરેલી યાદી |
| ૨૦ | ૬૨ | ‘’ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના બ્લડ સેમ્પલ લેવા બાબતે કરેલી યાદી |
| ૨૧ | ૬૩ | ‘’ | આરોપી નં.૨ જયેશ ઠાકોરના નમુનાઓ તપાસ કરનાર અમલદારને |

| | | | |
|---|---|---|---|
| | | | મોકલી આપ્યા અંગેની યાદી |
| ૨૨ | ૬૭ | સાહેદ નં.૧૬ | મરણજનાર–સાક્ષીબેનનું જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજનું સારવાર સર્ટીફિકેટ |
| ૨૩ | ૬૮ | ‘’ | મરણજનાર–સાક્ષીબેનની સારવાર અંગેના તમામ કાગળોની ફાઇલ |
| ૨૪ | ૬૯ | ‘’ | મેડીકલ ઓફીસર શ્રી, જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ નાઓને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓની મેડીકલ તપાસણી કરવા બાબતે કરેલી યાદી |
| ૨૫ | ૭૦ | ‘’ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓના ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૨૬ | ૭૧ | ‘’ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની સારવાર અંગેનું મેડીકલ સર્ટીફિકેટ |
| ૨૭ | ૭૩ | સાહેદ નં.૧૭ | ડેમોન્સ્ટ્રેશન પંચનામું |
| ૨૮ | ૭૫ | સાહેદ નં.૧૮ | મરણજનાર–સાક્ષીબેનનું ઈન્કવેસ્ટ પંચનામું |
| ૨૯ | ૭૭ | સાહેદ નં.૧૯ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને અટક કર્યાનું પંચનામું |
| ૭૮<br>૩૦ | ૭૮ | ‘’ | મરણજનારે બનાવ વખતે પહેરેલા કપડા તથા મરણજનારનો મોબાઇલ ફોન કબ્જે કર્યાનું પંચનામું |
| ૩૧ | ૭૯, ૮૦ | ‘’ | પંચ સ્લીપ |
| ૩૨ | ૮૨ | સાહેદ નં.૨૦ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩૩ | ૮૩, ૮૪ | ‘’ | પંચ સ્લીપ |
| ૩૪ | ૮૬ | સાહેદ નં.૨૧ | ડિસ્કવરી પંચનામું |
| ૩૫ | ૮૭, ૮૮ | ‘’ | પંચ સ્લીપ |
| ૩૬ | ૯૦ | સાહેદ નં.૨૨ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ |

| | | | |
|---|---|---|---|
| | | | બનાવ સમયે પહેરેલા કપડા અને મોબાઈલ ફોન કબ્જે કર્યાનું પંચનામું |
| ૩૭ | ૯૧, ૯૨ | ‘’ | પંચ સ્લીપ |
| ૩૭ | ૯૪ | સાહેદ નં.૨૩ | મરણજનાર–સાક્ષીબેન, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોરના બ્લડ સેમ્પલ કબ્જે કર્યાનું પંચનામું |
| ૩૮ | ૯૭ | સાહેદ નં.૨૪ | મીરઝાપર ગામે આવેલ ચોર ચોઇસ મેન્સવેરની દુકાનના સી.સી.ટી.વી. ફુટેજની પેન ડ્રાઇવ કબ્જે કર્યાનું પંચનામું |
| ૩૯ | ૯૮ | ‘’ | પંચ સ્લીપ |
| ૪૦ | ૧૦૦ | સાહેદ નં.૨૫ | પેન ડ્રાઈવ |
| ૪૧ | ૧૦૧ | ‘’ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ મરણજનાર સાથે વોટસઅપ મારફતે કરેલ વાતચીતની ચેટ મજકુર આરોપીના મોબાઇલ ફોનમાંથી એકસપોર્ટ કરી એક પેનડ્રાઇવમાં ભરેલી તે પેનડ્રાઇવ તથા એકસપોર્ટ ફાઇલની પ્રિન્ટ કબ્જે કર્યાનું પંચનામું |
| ૪૨ | ૧૦૨ | ‘’ | પંચ સ્લીપ |
| ૪૩ | ૧૦૪ | સાહેદ નં.૨૬ | સી.સી.ટી.વી. ફુટેજની ડી.વી.ડી. |
| ૪૩ | ૧૦૫ | ‘’ | પંચ સ્લીપ |
| ૪૪ | ૧૦૬ | ‘’ | સી.સી.ટી.વી. ફુટેજ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ (નેત્રમ), ભુજની ડી.વી.ડી. કબ્જે કર્યાનું પંચનામું |
| ૪૫ | ૧૦૮ | સાહેદ નં.૨૭ | આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અટક કર્યાનું પંચનામું |
| ૪૬ | ૧૧૨ | સાહેદ નં.૨૮ | ડેમોન્સ્ટ્રેશન પંચનામું |

| | | | |
|---|---|---|---|
| ૪૭ | ૧૧૪ | સાહેદ નં.૨૯ | આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના બ્લડ સેમ્પલ કબ્જે કર્યાનું પંચનામું |
| ૪૮ | ૧૧૬ | સાહેદ નં.૩૦ | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૭૩ નું ફોર્મ |
| ૪૯ | ૧૧૭ | ‘’ | ઇન્કવેસ્ટ ભરવા પધારવા બાબતે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ નાઓને કરેલી યાદી |
| ૫૦ | ૧૨૧ | સાહેદ નં.૩૩ | મરણોત્તર ફોર્મ |
| ૫૧ | ૧૨૨ | ‘’ | રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લી., ના નોડલ ઓફીસર નાઓ દ્વારા તપાસ કરનાર અમલદાર દ્વારા માંગેલા મોબાઇલ નંબરોના સી.ડી.આર. અને સી.એ.એફ ઇમેજ સાથે ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૬૩ (૪) (સી) નું સર્ટીફિકેટ મોકલી આપ્યા અંગેનો પત્ર |
| ૫૨ | ૧૨૩ થી ૧૩૬ | ‘’ | મરણજનારના માતા, મરણજનાર, બન્ને આરોપીઓના મોબાઇલ નંબરોના સી.ડી.આર., સી.ડી.એફ., પ્રમાણપત્રો, ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૬૩ (૪) (સી) ના પ્રમાણપત્રો, કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, નોડેલ ઓફિસરના જીલ્લા અધિક્ષકના બે પત્રની યાદી, વી.આઇ., કંપનીની સી.ડી., બી.એસ.એ.કલમ-૬૩ (૪) (સી), હેઝ વેલ્યુ રીપોર્ટ તથા બી.એસ.એ. કલમ-૬૩ (૪) (સી), હેઝ વેલ્યુ |

| | | | |
|---|---|---|---|
| | | | રીપોર્ટ |
| ૫૩ | ૧૩૭ | ‘’ | સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૫૪ | ૧૩૮ | ‘’ | ગુન્હા કામની સ્થાનિક જગ્યાનો નકશો બનાવવા બાબતે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર શ્રી, ભુજ નાઓને કરેલી યાદી |
| ૫૫ | ૧૩૯ | ‘’ | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ભુજ નાઓ દ્વારા ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનો નકશો તપાસ કરનાર અમલદારને મોકલી આપ્યા અંગેનો પત્ર |
| ૫૬ | ૧૪૦ | ‘’ | સર્કલ ઓફીસર, ભુજ નાઓ દ્વારા ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરી મામલતદાર શ્રી, ભુજ નાઓને મોકલી આપ્યા અંગેનો પત્ર |
| ૫૭ | ૧૪૧ | ‘’ | ગુન્હાવાળી સ્થાનિક જગ્યાનો નજરી નકશો |
| ૫૮ | ૧૪૨ | ‘’ | ભુજ તાલુકાના મીરઝાપર ગામે આવેલ ચોર ચોઇસ મેન્સ વેર નામની દુકાનના માલીક નિરવ જગદીશભાઇ પરમાર નાઓએ આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૫૯ | ૧૪૩ | ‘’ | હેડ કોન્સ્ટેબલ–લાખાભાઇ બાભવા નાઓએ આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૦ | ૧૪૪ | ‘’ | આઇ.ટી. એક્ષપર્ટ–રાજકુમાર પટેલ નાઓએ આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૧ | ૧૪૫ | ‘’ | તપાસ કરનાર અમલદાર દ્વારા |

| | | | |
|---|---|---|---|
| | | | આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૨ | ૧૪૬ | ʻʼ | આઇ.ટી. એક્ષપર્ટ–રાજકુમાર પટેલ નાઓએ આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૩ | ૧૪૭ | ʻʼ | પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ નેત્રમ નાઓને કરેલ યાદી |
| ૬૪ | ૧૪૮ | ʻʼ | ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ નેત્રમ નાઓએ લખેલ યાદી |
| ૬૫ | ૧૪૯ | ʻʼ | હેડ કોન્સ્ટેબલ, શૈલેષકુમાર રાજગોર, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ નેત્રમ નાઓએ આપેલ પ્રમાણપત્ર |
| ૬૬ | ૧૫૦ | ʻʼ | તપાસ કરનાર અમલદાર દ્વારા આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૭ | ૧૫૧ | ʻʼ | આઇ.ટી. એક્ષપર્ટ–રાજકુમાર પટેલ નાઓએ આપેલ કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૬૭ | ૧૫૨ | ʻʼ | જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીના હથીયારબંધીના જાહેરનામાની નકલ |
| ૬૮ | ૧૫૩ | ʻʼ | આ કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણના હેતુસર એફ.એસ.એલ રાજકોટ ખાતે મોકલી આપવા તૈયાર કરેલ રવાનગી નોંધ |
| ૬૯ | ૧૫૪ | ʻʼ | આ કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણના હેતુસર એફ.એસ.એલ રાજકોટ ને મળેલ તે અંગે તેમના |

| | | | |
|---|---|---|---|
| | | | તરફથી આપવામાં આવેલ પહોંચ |
| ૭૦ | ૧૫૫ | ‘’ | એફ.એસ.એલ રાજકોટ દ્વારા અહેવાલ અંગે આપેલ ફોરવર્ડીંગ પત્ર |
| ૭૧ | ૧૫૬ | ‘’ | એફ.એસ.એલ રાજકોટ દ્વારા અહેવાલ અંગે આપેલ ફોરવર્ડીંગ પત્ર |
| ૭૨ | ૧૫૭ | ‘’ | એફ.એસ.એલ રાજકોટ દ્વારા આ ગુનાના મુદામાલનું પૃથ્થકરણ કરી આપવામાં આવેલ અહેવાલ |
| ૭૩ | ૧૫૮ | ‘’ | એફ.એસ.એલ રાજકોટના બાયોલોજીકલ વિભાગને ડી.એન.એ. પ્રોફાઇલ માટે નમુના ડી.એન.એ. વિભાગને ટ્રાન્સફર કરવા કરેલ યાદી |
| ૭૪ | ૧૫૯ | ‘’ | આ કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણના હેતુસર એફ.એસ.એલ રાજકોટ ખાતે મોકલી આપવા તૈયાર કરેલ રવાનગી નોંધ |
| ૭૫ | ૧૬૦ | ‘’ | આ કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણના હેતુસર એફએસએલ રાજકોટ ખાતે મોકલી આપવા તૈયાર કરેલ રવાનગી નોંધ |
| ૭૬ | ૧૬૧ | ‘’ | આ કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણના હેતુસર એફ.એસ.એલ રાજકોટ ને મળેલ તે અંગે તેમના તરફથી આપવામાં આવેલ પહોંચ |
| ૭૭ | ૧૬૨ | ‘’ | એફ.એસ.એલ રાજકોટ દ્વારા અહેવાલ અંગે આપેલ ફોરવર્ડીંગ પત્ર |
| ૭૮ | ૧૬૩ | ‘’ | એફ.એસ.એલ રાજકોટ દ્વારા આ ગુનાના મુદામાલનું પૃથ્થકરણ કરી આપવામાં આવેલ અહેવાલ |

| | | | |
|---|---|---|---|
| ૭૯ | ૧૬૪ | '' | આરોપી–મોહિત સિદ્ધપુરા નાઓના બે મોબાઇલ નંબર અને આરોપી નં.૨ જયેશ ઠાકોરનો મોબાઇલ નંબર તથા મરણજનાર–સાક્ષીબેનના માતા–પિતાના મોબાઇલ નંબર ના સી.ડી.આર./એસ.ડી.આર/આઇ. એમ.ટી.આઇ ની માહિતી મેળવવા તથા પ્રમાણપત્ર, કોલ ડિટેઇલ (સી.ડી.આર.) અને મોબાઇલ નંબર ધારકના આધાર પુરાવાની પ્રમાણિત નકલ મેળવવા નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રીનાઓને કરેલ ચાદી |
| ૮૦ | ૧૬૫ | '' | મરણજનાર–સાક્ષીબેનની કરેલ સારવારના પેપર્સ મેળવવા મેડીકલ ઓફિસરશ્રી, મેડીસ્ટાર હોસ્પીટલ, ભુજ નાઓને કરેલી યાદી |

(બી) **<u>આરોપી પક્ષે જો દસ્તાવેજી પુરાવો રજુ કરેલો હોય તો :–</u>**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં આંક રીફર થયેલા છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) **અદાલત દ્વારા જો કોઈ દસ્તાવેજી દસ્તાવેજી પુરાવો રજુ કરેલો હોય તો :–**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં આંક રીફર થયેલા છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| – | – | – | – |

## *–:: ચુ કા દો ::–*

(૧) હાલનો સેશન્સ કેસ ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૫૦૯૦૯/૨૦૨૫ થી દાખલ થયેલ પ્રથમ બાતમી અહેવાલ સંબંધેની તપાસ બાદ સંબંધિત તપાસ કરનાર અમલદાર, અલ્પેશ મહેન્દ્રભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન ***(સાહેદ નં.૩૩)*** નાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ ચાર્જશીટ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી, ભુજ નાઓની અદાલત સમક્ષ રજુ થતાં તે ચીફ અદાલતના ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૫૧૦૯/૨૦૨૫ થી નોંધાયા બાદ અત્રેની અદાલત સમક્ષ કમીટ થઈ આવતાં ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદની વિગત :**

(૨) આ કામના ફરીયાદી–જેઠાલાલ હેમરાજભાઈ ખાનીયા (ભાનુશાલી), ઉ.વ.૭૩, ધંધો:મજુરી, રહે:ભારતનગર, સોનલનગર, પ્લોટ નં.૧૧૪, સિદ્ધેશ્વર મંદિર પાસે, ગાંધીધામ–કચ્છ ***(સાહેદ નં.૧)*** નાઓ દ્વારા જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજમાં ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર, એચ.સી.પરમાર નાઓ સમક્ષ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલી કે, તેમને સંતાનમાં ત્રણ દિકરીઓ છે

તેમાં બીજી સાક્ષી, ઉ.વ.૧૯ છે. સાક્ષી ભુજ ખાતે આવેલ સંસ્કાર કોલેજમાં B.C.A. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને ભુજ ખાતે આવેલ તેમના સમાજની ભાનુશાલી કન્યા છાત્રાલય (બોર્ડીંગ) માં છેલ્લા ત્રણ માસથી રહે છે.

**(૨.૧)** તા:૨૮/૦૮/૨૦૨૫ ના સવારના આશરે સાડા આઠેક વાગ્યે તેઓ મજુરી કામ અર્થે ઘરેથી નીકળી ગયેલા હતા અને મજુરી કામ કરી આવતા હતા ત્યારે સાંજના સાડા છએક વાગ્યે તેમના મોબાઇલ ફોન ઉપર સંસ્કાર કોલેજ, ભુજના પ્રિન્સીપાલ શ્રીના મોબાઇલ નંબર ઉપરથી ફોન આવેલો અને તેમને જણાવેલું કે, તમે તાત્કાલીક જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ આવો તમારી દિકરી સાક્ષીને ઈજાઓ થયેલી છે અને આ બાબતે પોલીસને પણ જાણ કરેલી છે. આથી તેઓ તાત્કાલીક તેમના ઘરે ગયેલા અને આ બાબતે તેમના પત્ની રસીલાબેનને જાણ કરતાં તેમના પત્નીએ તેમને જણાવેલું કે, ‘’ મારા મોબાઇલ નંબર ઉપર સાક્ષીએ તેના મોબાઇલ નંબર ઉપરથી ફોન કરેલો હતો અને મને જણાવેલ કે આપણા પાડોશમાં રહેતો મોહિત મુળજી સિદ્ધપુરાએ મને મોબાઇલ ફોન કરી ધમકી આપેલ કે હું તને પ્રેમ કરું છું, તું ભુજ અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવી જા નહીંતર આપણા બન્ને પ્રેમ સંબંધની જાણ તારા માતા–પિતાને કરી દઈશ આવી વાત સાક્ષીએ મને કરતાં મેં સાક્ષીને કહેલ કે તું મોહિતને ફોન અને મેસેજ કરવાની ના પાડી દે અને હું અભ્યાસ મુકી પરત નહીં આવું તેમ કહી તેનો મોબાઇલ નંબર બ્લોકમાં નાખી દે ‘’ આવી વાત તેમને તેમના પત્નીએ કરેલ. ત્યારબાદ તેઓ તથા તેમના પત્ની રસીલાબેન તથા તેમના કૌટુંબિક ભાઇ અનીલ શંકરલાલ ખાનીચા તથા જગદીશ શંભુરામ ખાનીચા ગાંધીધામથી સાંજના આશરે સાતેક વાગ્યે ભુજ આવવા નીકળેલા હતા.

**(૨.૨)** બાદ ગાંધીધામ થી ભુજ જી.કે.જનરલ હોસ્પિટલ આશરે સવા આઠેક વાગ્યે પહોંચી હોસ્પિટલ આવતાં તેમના સમાજના લોકો તથા પોલીસના માણસો તથા સંસ્કાર કોલેજના વિદ્યાર્થીઓ હાજર હતા અને તેમના દ્વારા જાણવા મળેલું કે, મોહિત મુળજી સિદ્ધપુરા તથા જયેશ જયંતિજી ઠાકોર, બન્ને રહે:ગાંધીધામ પોતાની મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી.

૪૬૦૯ ઉપર ભુજ સંસ્કાર કોલેજ તેમની દિકરી સાક્ષી પાસે આવેલા હતા અને સાક્ષીને મળી તેની સાથે વાતચીત કરતા હતા તે દરમ્યાન મોહિતે સાક્ષી ઉપર છરી વડે ઘા કરી ઈજાઓ પહોંચાડેલ અને તેની સાથે આવેલ જયેશને પણ છરી વડે ઈજાઓ થતાં સાક્ષી અને જયેશ બન્નેને લોહીલુહાણ હાલતમાં જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજ લઈ આવવામાં આવેલા છે. મોહિત સિદ્ધપુરા ઈજાઓ પહોંચાડી નાશી ગયેલ છે અને તેમની દિકરી સાક્ષીને શરીરના ભાગે તથા ગળાના ભાગે છરી વડે ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોય તેનું ઓપરેશન મેડીકલ ઓફીસર શ્રીઓ દ્વારા ઓપરેશન થિયેટરમાં હાલ ચાલુ છે. તેણીની હાલત હાલ ગંભીર છે તેવું તેમને ડોકટર શ્રી દ્વારા જાણવા મળેલું. આ બનાવ તેમના જાણવા મુજબ તા:૨૮/૦૮/૨૦૨૫ ના સાંજના સાડા પાંચેક વાગ્યે બનેલો છે.

(૨.૩) આમ, આ મોહિત મુળજી સિદ્ધપુરા તથા જયેશ જયંતિજી ઠાકોર નાઓએ તેમની દિકરી સાક્ષી પાસે સંસ્કાર કોલેજ, ભુજ ખાતે જઈ મોહિત સિદ્ધપુરા નાઓએ તેમની દિકરીને ભુજ થી અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવવા માટે બોલાચાલી કરી તેમની દિકરી ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલ છરી વડે તેમની દિકરીને જાનથી મારી નાખવાના ઈરાદે ગળાના ભાગે તથા શરીરના ભાગે જીવલેણ ગંભીર પ્રકારની ઈજાઓ કરી બન્ને આરોપીઓએ આ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી મોહિત ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુન્હો કરેલ હોય બન્ને આરોપીઓ વિરુદ્ધ ધોરણસર થવા ફરીયાદ દાખલ કરાવેલી.

<u>**પોલીસ કાર્યવાહી અને ચાર્જશીટ અંગેની કાર્યવાહી :**</u>

(૩) ફરીયાદીની વિગતવારની ફરીયાદ ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર, એચ.સી.પરમાર નાઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની લખી લઈ ગુન્હો દાખલ થવા ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. સમક્ષ મોકલતાં ફરજ પરના પી.એસ.ઓ., અલ્કાબેન વાસુદેવ વસાવા ***(સાહેદ નં.૩૦)*** નાઓ દ્વારા ફરીયાદ મુજબ ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન

ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૫૦૯૦૯/૨૦૨૫ થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, અલ્પેશ મહેન્દ્રભાઈ પટેલ ***(સાહેદ નં.33)*** નાઓને સોંપેલી.

(૩.૧) આ કામના તપાસ કરનાર અમલદાર, ભુજ સીટી '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, અલ્પેશ મહેન્દ્રભાઈ પટેલ ***(સાહેદ નં.33)*** નાઓ દ્વારા તેમની તપાસ દરમ્યાન આ કામના ઈજા પામનાર સાક્ષીબેન ભાનુશાલી (ખાનીયા) સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય ઈન્કવેસ્ટ પંચનામું ભરેલું. નામદાર અદાલતને બી.એન.એસ. કલમ-૧૦૩ (૧) નો ઉમેરો કરવા રીપોર્ટ કરેલો. જરુરી સાહેદોના નિવેદનો નોંધેલા. પંચનામાની વિગતે આરોપીઓને અટક કરેલા. જરુરી તમામ પંચનામાઓ કરેલા. આરોપીઓ, મરણજનાર-સાક્ષીબેન અને તેમના મમ્મી-રસીલાબેન જેઠાલાલ ખાનીયાના મોબાઈલના સી.ડી.આર. મંગાવવામાં આવેલા. જરુરી તમામ યાદીઓ કરેલી. આ કેસને લગતા જરુરી તમામ દસ્તાવેજો કબ્જે કરેલા. સ્થળ પરિક્ષણ અહેવાલ કામમાં સામેલ રાખેલ. સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરાવેલો.

(૩.૨) આરોપીઓ અને મરણજનારના જરુરી તમામ લોહીના નમુના તથા ડી.એન.એ. માટેના જરુરી તમામ નમુનાઓ લેવડાવવામાં આવેલા. જરુરી તમામ મુદ્દામાલ કબ્જે કરેલો. મેળવેલા બ્લડ સેમ્પલ ડી.એન.એ. પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. રાજકોટ ખાતે મોકલી આપેલા. તપાસ કામે કબ્જે કરવામાં આવેલો મુદ્દામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ., રાજકોટ ખાતે મોકલી આપેલો. એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ તથા ડી.એન.એ. પરિક્ષણ અહેવાલ આવી જતાં તપાસના કામે સામેલ રાખેલા. લાગતા વળગતા સાહેદોના ભારતીય નાગરિક સુરક્ષ સંહિતાની કલમ-૧૮૩ મુજબના નિવેદનો લેવડાવેલા.

(3.3) આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા હોવાથી તપાસના અંતે

આરોપીઓ વિરુદ્ધ ભુજ–કચ્છના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રીની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં તે ચીફ કોર્ટના ફોજદરી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૫૧૦૯/૨૦૨૫ થી નોંધવામાં આવેલ.

**કમીટલ અંગેની કાર્યવાહી :**

(૪) આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપિત ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોવાથી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ નાઓ દ્વારા આંક:૧૩ લગતના તા:૧૩/૧૦/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ કમીટલ હુકમથી સદરહુ કેસ સેશન્સ અદાલત, કચ્છ–ભુજમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતાં સદરહુ કેસ કમીટ થઇ અત્રેની અદાલતમાં આવતાં અત્રેની અદાલતના સેશન્સ કેસ રજીસ્ટરે સદરહુ કેસ સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**ચાર્જફ્રેમ :**

(૫) આ કામના બન્ને આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય જેલ ઓથોરીટી દ્વારા આરોપીઓને હાજર રખાવતાં આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી આંક:૨૨ થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવી, સદરહુ તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી આંક:૨૩ અને આંક:૨૪ થી આરોપીઓના નિવેદન લેતાં આરોપીઓછએ ગુન્હો ના–કબુલ કરી કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતાં હાલનો કેસ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલો.

(૬) આ કામે ફરીયાદ પક્ષ દ્વારા ઉપરોકત ફોર્મ–સી માં વિતગવાર જણાવ્યા મુજબના કુલ ૩૩ સાહેદોના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલા છે અને કુલ ૮૦ જેટલા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

(૭) ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી. શ્રી દ્ધારા એ આંક:૧૬૭ ની પુરશીશથી બાકીના સાહેદો ડ્રોપ કરતા હોવાનું જાહેર કરી આંક:૧૬૮ ની પુરશીશથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન :</u>**

(૮) આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે બન્ને આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલા.

**<u>આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનની વિગત :</u>**

(૯) આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ દ્ધારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમની રુબરુ અને સાંભળતાં લેવામાં આવ્યો હોવાની અને તે પુરાવો સમજ્યા હોવાની હકીકત માત્ર સ્વીકારી, બાકીના ફરીયાદ પક્ષના સાહેદો દ્ધારા જણાવેલી તમામ બાબતો અંગે ખોટી વાત છે, કાંઇ જાણતા નથી, ખોટી ફરીયાદ છે, સી.સી.ટી.વી. ફુટેજ પાછળથી ખોટા ઉભા કરેલા છે, તમામ પેપર્સ ખોટા ઉભા કરેલા છે, આધારો ખોટા ઉભા કરેલા છે, ખોટી રીતે ઓળખી બતાવેલ છે, પંચનામા ખોટા ઉભા કરેલા છે, પેનડ્રાઇવ ખોટી રીતે ઉભી કરેલી છે, ખોટી તપાસ કરેલી છે, ખોટી રીતે મુદ્દામાલ કબ્જે કરેલો છે, કોઇ પણ જાતનો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલું છે તેમ જણાવી સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલો છે.

(૯.૧) બચાવના સાહેદો તપાસવા સંબંધેના જવાબમાં એવું જણાવેલું છે કે, '' આરોપી નં.૨ જે લેખિત રજુઆત કરે જો તેની અંદર અમને સંલગ્ન કોઇ હકીકત નીકળે તો તે સંબંધે તેમની ઉલટતપાસ કરવા માંગીએ છીએ તથા તે લેખિત રજુઆતમાં જો અન્ય કોઈ સાહેદને ઉલટતપાસ કરવા જેવી હકીકતો નીકળે તો તે સાહેદની ઉલટતપાસ કે પુરાવો રજુ કરવા માંગીએ છીએ. જો આરોપી નં.૨ ની રજુઆત અમને સંલગ્ન કોઇ જો કોઇ બાબત ન

હોય તો આ બાબતે વિશેષ કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી ''. આ સિવાય દસ્તાવેજી પુરાવા રજુ કરવા બાબતનો પણ ઈન્કાર કરી વધુમાં જણાવેલું છે કે, '' અમે કોઇ ગુન્હો કરેલ નથી. અમે નિર્દોષ છીએ. દયા કરી છોડી મુકવા વિનંતી છે ''.

**આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનની વિગત :**

**(૧૦)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમની રુબરુ અને સાંભળતાં લેવામાં આવ્યો હોવાની અને તે પુરાવો સમજ્યા હોવાની હકીકત સ્વીકારવામાં આવેલી છે.

**(૧૦.૧)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, સાહેદ-ચૈતાલીબેને સાક્ષીબેનના મોબાઇલ ઉપર ફોન કરતાં તે ફોન તેઓએ ઉપાડેલો. ચૈતાલીબેને સાક્ષીની પુછા કરેલી હતી ત્યારે તેઓએ ચૈતાલીબેનને કીધેલું કે, સાક્ષીને મોહિત સિદ્ધપુરા નામનો છોકરો છરી મારીને ભાગી ગયેલો છે, આથી તેઓએ પુછેલું કે કઇ જગ્યાએ ? તો તેઓએ કહેલું કે સંસ્કાર કોલેજની બહાર ત્યારે ફોન ઉપર સાક્ષીનો રડવાનો અવાજ પણ આવતો હતો.

**(૧૦.૨)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, ત્યારબાદ તેઓની પ્રાથમિક સારવાર થતાં તેઓને ઘટના વિશે પુછતાં તેઓએ તેમની તથા સ્ટાફ તથા તેમના સમાજના માણસોની સામે જણાવેલું કે, '' મોહિતે મને ફોન કરેલો કે સાક્ષીએ મને બ્લોક કરી દીધેલ છે અને મારાથી વાત નથી કરતી તેથી મારા ભેગો સાક્ષીને મળવા ભુજ સંસ્કાર કોલેજમાં હાલ જેથી હું અને મોહિત એક મોટર સાયકલ ઉપર ગાંધીધામથી ભુજ સંસ્કાર કોલેજમાં મળવા આવેલા હતા ત્યારે સાક્ષી અને મોહિતે થોડીકવાર વાતચીત કરેલી ત્યારે મોહિતે સાક્ષીને પેટના ભાગે

છરી વડે હુમલો કર્યો ત્યારે સાક્ષી મારા પાસે આવી અને હું અને સાક્ષી મોટર સાયકલ ઉપર જતા હતા ત્યારે રસ્તામાં મોહિત મળ્યો અને વળી મોહિતને પાછળ બેસાડી દીધો ત્યારે મોહિતે સાક્ષીને ગળાના ભાગે છરી વડે હુમલો કર્યો, પછી ત્રણા જણા પડી ગયા '' આટલી વાત તેઓ બધાને તેઓએ કરેલી હતી, બાદ તેમના વોર્ડન તેમને પાછા તેમની હોસ્ટેલ લઇ ગયા હતા.

(૧૦.૩) આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્ધારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, એક ફોર–વ્હીલર પસાર થયેલી તે ફોર વ્હીલરને તેઓ બધાએ ઉભી રખાવી જે ઈજા પામેલી છોકરી હતી તેણીને અને તે છોકરી સાથે અભ્યાસ કરતી હતી તે છોકરીને તે ફોર વહીલરમાં ઈજા પામેલી છોકરીને ગાડીમાં લીધેલી, ઈજા પામેલ છોકરીનું માથું તેઓએ તેમના ખોળામાં લીધેલું હતું અને તેણીના જે પગ બીજી જે છોકરી હતી તેના ખોળામાં રાખેલા હતા, જે બીજી છોકરી હતી તેણીનું નામ તેઓએ પુછતાં તેણીએ પોતાનું નામ ટીશા ભાનુશાલી જણાવેલું હતું, જે ભાઇ ગાડી ચલાવતા હતા તેમનું નામ પુછતાં તેમણે પોતાનું નામ ભાવેશ ડોડીયા જણાવેલું હતું. તેઓ ઈજા પામેલ છોકરીને જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા, તેમની પાછળ ૧૦૮ વાનમાં બીજો છોકરો કાળા કલરના કપડા પહેરીને ઉભેલો હતો તેને પણ હોસ્પિટલમાં લઈ આવેલા હતા, ઈજા પામનાર છોકરીને તથા આ છોકરાને બન્નેને સારવાર કરાવવા હોસ્પિટલની અંદર લઈ ગયેલા હતા.

(૧૦.૪) આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્ધારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, જે બીજો છોકરો હતો તે તેમની સારવાર થયેલી હતી, તેઓ બધા ત્યાં ઉભા હતા તેમાં તેઓ, ટીશા તથા બીજા માણસો હતા, જે બધા માણસો હતા તે પૈકીના કોઇએ તેમને પુછેલું કે શું થયું ? તો તેઓએ કહ્યું કે, '' હું અને મોહિત ગાંધીધામ રહીએ છીએ અને મોહિતનો મને ફોન આવેલો હતો કે, સાક્ષી મારો ફોન ઉપાડતી નથી અને મને બ્લોક કરી નાખેલો છે તો તું ચાલ મારી સાથે સંસ્કાર કોલેજમાં જવું છે. જેથી અમો કોલેજમાં આવેલા હતા, મોહિત અને સાક્ષી વાત કરતા હતા, મોહિતે સાક્ષીને પેટમાં

છરી મારેલી અને ત્યાંથી ભાગી ગયેલો હતો. પછી સાક્ષી મારી પાસે આવેલી અને મોહિત મને છરી મારી ભાગી ગયેલો છે જેથી મેં સાક્ષીને મારી બાઇક પાછળ બેસાડેલી અને અમો કોલેજની બહાર નીકળેલા ત્યાં અમોને મોહિત મળેલો, તો મોહિત સાક્ષીની પાછળ ત્રીપલ શીટમાં પાછળ બેઠેલો, પછી આગળ મોહિતે સાક્ષી ઉપર બીજી વાર હુમલો કરેલો અને મોહિતે સાક્ષીને ગળામાં, ખભામાં, પીઠમાં, ગાલમાં છરીના ઘા મારેલા હતા, અમો ત્રણેય જણા બાઇક ઉપરથી પડી ગયેલા હતા અને મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો '' આટલું તેઓએ સાંભળેલું હતું. આ ઉપરાંત, સાહેદોએ તેઓને ઓળખી બતાવેલ હોવાની બાબતનો પણ સ્વીકાર કરેલો છે.

**(૧૦.૫)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં ઉપરોકત બાબત સિવાય ફરીયાદ પક્ષના સાહેદો દ્વારા જણાવેલી તમામ બાબતો અંગે ખોટી વાત છે, કાંઇ જાણતા નથી, ખોટું ચાર્જશીટ કરેલું છે તેમ જણાવી સોગંદ ઉપર જુબાની આપવાનો, બચાવના સાહેદો તપાસવાનો, બચાવમાં દસ્તાવેજી પુરાવા રજુ કરવાનો ઇન્કાર કરેલો છે.

**(૧૦.૬)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદનમાં વધુમાં જણાવેલું છે કે, '' આ સાથે લેખિતમાં અમોની રજુઆત રજુ કરીએ છીએ. અમે નિર્દોષ છીએ. અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે ''.

**<u>આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલ વધારાના લેખિત વિશેષ નિવેદનની વિગત :</u>**

**(૧૧)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે લેખિતમાં વિશેષ નિવેદન રજુ કરવામાં આવેલું છે. જેમાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્વારા એવું જણાવવામાં આવેલું છે કે, આ કામના આરોપી નં. ૧ મોહિત મુળજી સિદ્ધપુરા પોતાનું એક્ટિવા સ્કુટર નં. જી.જે. ૧૨ ઇ.સી. ૨૬૨૨ લઇને અમો આરોપી

નં. ૨ જયેશ જયંતીજી ઠાકોરના ઘરે આવેલ અને વિનંતી કરેલ કે, તેને ભુજ મુકામે અંગત કામ છે પરંતુ પોતાનું સ્કુટર બરાબર ચાલતું નથી તેથી અમો આરોપી નં. ૨ નું મોટર સાયકલ લઈને સાથે આવ. આથી અમો આરોપી નં.૨ આરોપી નં. ૧ સાથે અમારું મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ લઈ ને અમો આરોપી નં.૨ ના મેઘપર બોરીચી, પરષોતમનગર, મકાન નં.૨૩ વાળા ઘરે થી ભુજ આવવા નીકળેલા. અમારે ભુજ આવવા માટે અંજાર ગામમાં જવાની જરુ ન હતી. ગાંધીધામ–મેઘપર–ભુજ આવવા માટે બાયપાસ હાઈવે છે તેથી તે રોડ ઉપર થઈ ને ભુજ આવેલા. અમો અંજાર ગામમાં અંદર ગયેલા નહીં.

**(૧૧.૧)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલા વધારાના લેખિત વિશેષ નિવેદનમાં વધુમાં એવું જણાવેલું છે કે, આરોપી નં.૧ એ ભુજ ગયા પછી મને જણાવેલ કે, સાક્ષીને મળવા માટે સંસ્કાર કોલેજ જવું છે તેથી સંસ્કાર કોલેજ ગયેલા. સંસ્કાર કોલેજ ખાતે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા સાક્ષીને મળેલો અને ત્યાં બાંકડા ઉપર બેસીને આશરે પંદરેક મીનીટ વાતો કરેલી તે સમયે હું તેમનાથી દુર આંટા મારતો હતો તેથી તેઓ વચ્ચે શું વાત થઈ તે મને સંભળાતી ન હતી. ત્યારબાદ બન્ને ઊભા થઈને કોલેજની બહાર તરફ ચાલતા હતા તે દરમ્યાન અચાનક આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાએ સાક્ષીને છરીના ઘા મારેલા અને અમો આરોપી નં.૨ કંઈ સમજીએ તે પહેલાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા કોલેજની બહાર તરફ દોડીને જતો રહેલો.

**(૧૧.૨)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલા વધારાના લેખિત વિશેષ નિવેદનમાં વધુમાં એવું જણાવેલું છે કે, આ સમયે અમો આરોપી નં.૨ સાક્ષીની પાસે જતાં સાક્ષીએ મને હોસ્પિટલ લઈ જવા વિનંતી કરેલી તેથી અમો આરોપી નં.૨ સાક્ષીને મોટર સાયકલ પાછળ બેસાડી હોસ્પિટલ જવા નીકળેલ. અમો કોલેજની બહાર નિકળ્યા ત્યારે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા કોલેજની બહાર હતો તેણે અમોને જોતાં દોડીને મોટર સાયકલ ઉપર

સાક્ષીની પાછળ બેસી ગયેલ અને સાક્ષી સાથે વાત કરવાનો પ્રયત્ન કરેલ, પરંતુ સાક્ષીને ઈજાઓ થયેલી હોવાથી તે કોઈ જવાબ આપતી ન હતી ત્યારે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાએ સાક્ષીને ફરીથી છરી મારેલી અને મને મોટર સાયકલ ઊભું રાખવા જણાવતા મેં ઉભું ન રાખતાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાએ મારા પીઠ ઉપર અને હાથે છરી મારેલી તેથી અમો ત્રણેય મોટર સાયકલ સાથે પડી ગયેલા તે સમયે આજુબાજુના લોકો આવી જતાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા ત્યાં છરી નાખીને ભાગી ગયેલો.

**(૧૧.૩)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલા વધારાના લેખિત વિશેષ નિવેદનમાં વધુમાં એવું જણાવેલું છે કે, ત્યારબાદ ત્યાં ભેગા થયેલા માણસો પૈકી એક બેન વગેરેએ મદદ કરી સાક્ષીને ખાનગી વાહનમાં સારવાર માટે લઈ ગયેલા. મને પણ સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલો. અમો આરોપી નં. ૨ જયેશ જયંતીજી ઠાકોર સારવાર હેઠળ હતા તે દરમ્યાન મારી ઈજાઓના કારણે અમો ગભરાઈ ગયેલા હતા અને કંઈ સમજી શકેલા નહીં અને કોઈ વાત કરી શકીએ તેમ ન હતા તેથી મેં બનાવ અંગે કોઈને વાત કરી હોય તેવું બનેલ નથી. મારા નામથી જો કોઈ ઇસમોએ એમ કહેલ હોય કે બનાવની વિગતો મેં તેમને જણાવેલી છે તો તેવી વાત ખોટી છે. હોસ્પિટલમાં સારવાર કરનાર ડોક્ટરે મને પુછતાં મેં ટૂંકમાં ત્રુટક ત્રુટક વાત કરેલી, પરંતુ તેઓએ મારી રુબરુમાં તે લખી લીધેલ હોય તેવું બનેલ નથી.

**(૧૧.૪)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના કલમ-૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલા વધારાના લેખિત વિશેષ નિવેદનમાં વધુમાં એવું જણાવેલું છે કે, અમો આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરને સાક્ષી સાથે કોઈ પણ પ્રકારની તકરાર હતી નહીં. અમોએ સાક્ષીને કોઈપણ પ્રકારે ઈજા કરેલ હોય તેવું બનેલ નથી. અમોને આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા પોતાની સાથે છરી લાવેલ હોવાનું જણાવેલ નહીં કે અમારા જાણમાં આવેલું નહીં. અમો આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાએ કરેલ કૃત્ય અંગે કોઈપણ પ્રકારે મદદ કરેલ હોય તેવું બનેલું નથી. અમો આરોપી નં. ૨ જયેશ જયંતીજી

ઠાકોર નિર્દોષ છીએ. અમારો ગુનો કરવાનો પ્લાન કે ઈરાદો ન હતો કે કોઈ ગુનો કર્યો નથી તે ધ્યાનમાં લેવા મારી નમ્ર વિનંતી છે.

<u>**આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલ વધારાના લેખિત વિશેષ નિવેદનનો આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ દ્વારા લેખિતમાં કરવામાં આવેલા ખુલાસાની વિગત :**</u>

**(૧૨)** આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ દ્વારા તેમના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન સાથે રજુ કરેલ વધારાના લેખિત વિશેષ નિવેદનનો ખુલાસો આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ દ્વારા તા:૦૨.૦૪/૨૦૨૬ ના રોજ લેખિતમાં રજુ કરેલો છે અને તેમાં એવું જણાવેલું છે કે, '' આરોપી નં.૨ દ્વારા તેમના વધારાના લેખિત નિવેદનમાં જે હકીકતો જણાવેલી છે તે બાબતે અમો આરોપી નં.૨ ની ઉલટતપાસ કરવા ઇચ્છા ધરાવીએ છીએ તેમજ અન્ય કોઈ સાક્ષી તે સંબધે જરૂર પડે તો તપાસવા તથા દસ્તાવેજો રજુ કરશું તે બાબતે કાયદાનો અભ્યાસ કરનાર પાસેથી માહિતી મેળવી અને સમજતાં જે આરોપીએ કલમ–૩૫૧ હેઠળ આરોપી દ્વારા બચાવમાં આપવામાં આવેલા નિવેદનનો ચોકકસપણે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરાયેલા પુરાવાઓને વિશ્વસનીય બનાવવા માટે તે આરોપી પુરતો ઉપયોગ કરી શકે છે, પરંતુ કલમ–૩૫૧ હેઠળ આવા નિવેદનના માત્ર એક ભાગને તેની કે અન્ય આરોપીને સજાનો એકમાત્ર આધાર બનાવી શકાય નહીં તેમજ તે નિવેદનની વિગત અન્ય આરોપી બંધનકર્તા નથી તે હકીકતો જોતાં આરોપી નં.૨ દ્વારા તેમના એફ.એસ માં જે હકીકત તેમના બાબતે જણાવેલી છે તે હકીકતો ખોટી જણાવેલી છે તેમજ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો જોતાં તેમજ કાયદાની પરિસ્થિતિ જોતાં આરોપી નં.૨ એ પોતાના એફ.એસ માં જણાવેલી હકીકત અમોને બંધનકર્તા ન હોય અમો આરોપી નં.૨ ની ઉલટતપાસ કરવા માંગતા નથી કે અન્ય કોઈ સાહેદને આ બાબતે તપાસવા માંગતા નથી કે કોઈ દસ્તાવેજ રજુ કરવા માંગતા નથી. ''

**ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રીની લેખિત દલીલો :**

**(૧૩)** ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા વિદ્વાન પબ્લીક પ્રોસીક્યુટર શ્રી એચ.બી.જાડેજા નાઓ મારફતે આંક:૧૬૯ થી લેખિત દલીલો રજુ કરેલી છે. આ સમગ્ર લેખિત દલીલો વાંચી તેનો સંપૂર્ણ અભ્યાસ કરવામાં આવેલો છે.

**(૧૩.૧)** ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ આ લેખિત દલીલમાં મુખ્યત્વે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તમામ સાહેદો દ્વારા પોતાની અદાલત સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જે પુરાવો પુરો પાડેલો છે તેનું અક્ષરસ: વિવરણ કરવામાં આવેલું છે, પરંતુ ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા તમામ સાહેદોની સરતપાસની વિગતોની તથા ઉલટતપાસની વિગતોની આગળ ઉપર સવિસ્તૃત ચર્ચા કરવામાં આવનાર છે તેમજ મુલ્યાંકનમાં પણ તમામ સાહેદોની સરતપાસ તથા ઉલટતપાસની ચર્ચા કરવામાં આવનાર હોવાથી બિનજરુરી લંબાણ ન થાય અને પુનરાવર્તન ન થાય તે હેતુથી આ તબકકે ફરીયાદ પક્ષ દ્વારા તેમની આ લેખિત દલીલમાં ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તમામ સાહેદો દ્વારા પોતાની અદાલત સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જે પુરાવો પુરો પાડેલો છે તેની જે અક્ષરસ: વિગતો જણાવેલી છે તેનું પુનરાવર્તન ન થાય તે હેતુથી તેની સંપૂર્ણ વિગતો લખવાની જરુર જણાતી નથી.

**(૧૩.૨)** તેમ છતાં ફરીયાદ પક્ષ દ્વારા જે લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે તેને ધ્યાને લેવી આવશ્યક હોવાનું આ અદાલતનું માનવું છે અને આથી આ લેખિત દલીલોમાં માત્ર આવશ્યક મુદ્દાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરી આ લેખિત દલીલોની ટુંકમાં ચર્ચા કરવામાં આવેલી છે.

**(૧૩.3)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૧ (આંક:૨૬) થી તપાસવામાં આવેલા ફરીયાદી–જેઠાલાલ હેમરાજ ખાનીયા નાઓ દ્વારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જે હકીકતો જણાવેલી છે તે મુજબ સરતપાસમાં જણાવેલી

છે અને આરોપી પક્ષ દ્વારા બચાવમાં ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલી છે તે ઉલટતપાસમાં આવો કોઇ બનાવ બનેલો નથી કે ખોટો બનાવ છે તેવો કોઇ પુરાવો કે હકીકત ઉલટતપાસમાંથી નીકળી આવેલી નથી.

**(૧૩.૪)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૨ (આંક:૨૮) થી તપાસવામાં આવેલા સાહેદ–કિશોરભાઇ પ્રેમજીભાઇ મહેશ્વરી નાઓ દ્વારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદના પુરાવાથી બન્ને આરોપીઓનો ઇરાદો બનાવને અંજામ આપવાનો પહેલાંથી રહેલો હતો તેથી અંજારથી છરી ખરીદ કરેલી છે. આ સાહેદે બન્ને આરોપીઓને સારી રીતે ઓળખી બતાવેલા છે તે હકીકત રેકર્ડ ઉપર સાબિત થયેલી છે.

**(૧૩.૫)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૩ (આંક:૩૦) થી તપાસવામાં આવેલા સાહેદ–ત્રિષ્નાબેન લક્ષ્મણગીરી ગોસ્વામી નાઓ દ્વારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદ દ્વારા ફરીયાદ પક્ષનો મહત્વનો પુરાવો પુરો પાડેલો છે તેમાં આરોપીઓ અંજારથી છરી લઇ ગુન્હાને અંજામ આપવા માટે સંસ્કાર કોલેજમાં ગયેલા છે અને મરણજનારની શોધખોળ કરી મરણજનારને મળેલા છે તે રેકર્ડ ઉર આવેલું છે અને ફરીયાદીની ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે. આરોપી પક્ષે આ સાહેદની ઉલટતપાસ કરેલી છે, પરંતુ આ સાહેદ ખોટું બોલે છે તેવી કોઇ હકીકત કે સરતપાસ વિરુદ્ધની કોઇ હકીકત કે પુરાવો આરોપી પક્ષ આ સાહેદની ઉલટતપાસમાંથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૩.૬)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૪ (આંક:૩૨) થી તપાસવામાં આવેલા સાહેદ–ચૈતાલીબેન અમૃતભાઇ રામજીભાઇ મિસ્ત્રી નાઓ દ્વારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદ દ્વારા ફરીયાદ પક્ષનો મહત્વનો પુરાવો પુરો પાડેલો છે. આ

સાહેદના પુરાવાથી આરોપીઓની હાજરી પ્રસ્થાપિત થાય છે. મરણજનારને બન્ને આરોપીઓ મળેલા છે તેવી હકીકત સાબિત થાય છે. આ સાહેદની સરતપાસની હકીકતથી વિરુદ્ધનો કોઇ પુરાવો આરોપી પક્ષ આ સાહેદની ઉલટતપાસમાંથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૩.૭) ફરીયાદ પક્ષના ખાનગી વિદ્ધાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્ધારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૫ (આંક:૩૪) થી તપાસવામાં આવેલા સાહેદ–તીષાબેન પ્રકાશભાઇ શંકરલાલ ભાનુશાલી નાઓ દ્ધારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદ ફરીયાદ પક્ષના મહત્વના સાહેદ છે. આ સાહેદે મહત્વનો પુરાવો પુરો પાડેલો છે. આ સાહેદના પુરાવાથી આરોપીઓની હાજરી સાબિત થાય છે. બનાવ સાથે બન્ને આરોપીઓ પહેલેથી સંકળાયેલા છે. આ સાહેદે જે હકીકતો આરોપીએ ફોનમાં કરેલી અને રુબરુ હોસ્પિટલમાં કહેલી તે જ હકીકત આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ પોતાના કલમ–૩૫૧ ના નિવેદનમાં પણ કબુલ રાખેલી છે. આ સાહેદ દ્ધારા પણ અગાઉના સાહેદોને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલો છે. આરોપીઓને ઓળખી બતાવેલા છે. આરોપીઓની હાજરી બનાવ સમયે મરણજનાર સાથે પ્રસ્થાપિત થાય છે. સાહેદો બનાવ સંબંધી જે હકીકતો જણાવે છે અને ફરીયાદ પક્ષનો જે કેસ છે તે હકીકત આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્ધારા પણ વિશેષ નિવેદનમાં કબુલ કરેલી છે. આમ, આરોપીઓએ મરણજનારને પ્લાન મુજબ મારી નાખવા માટે પ્રથમ છરી લઇ અંજારથી ભુજ આવી સંસ્કાર કોલેજમાં ગયેલ હોવાનો સીધો પુરાવો રેકર્ડ ઉર આવેલો છે. ત્યારબાદ ગુન્હાને અંજામ આપેલ છે તે હકીકત પણ સાબિત થાય છે. આરોપી પક્ષે આ સાહેદની ઉલટતપાસ કરેલી છે, પરંતુ તેમાંથી આ સાહેદ ખોટા છે કે ખોટું બોલે છે તેવી કોઇ વિરુદ્ધની હકીકત સાબિત કરવામાં કે આ સાહેદના પુરાવાનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૩.૮) ફરીયાદ પક્ષના ખાનગી વિદ્ધાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્ધારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૬ (આંક:૩૬) થી તપાસવામાં આવેલા સાહેદ–સલીમ લતીફ મોગલ નાઓ દ્ધારા રેકર્ડ ઉપર

આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી આ સાહેદ દ્વારા તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરી આ સાહેદ દ્વારા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલો છે તેવી રજુઆત કરેલી છે.

**(૧૩.૯)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૮ (આંક:૪૦) થી તપાસવામાં આવેલા સાહેદ–મીનાબેન કિશનભાઇ ગોસ્વામી નાઓ દ્વારા રેકર્ડ ઉપર આપેલ પુરાવા તરફ ધ્યાન દોરી આ સાહેદ દ્વારા તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરી આ સાહેદ દ્વારા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલો છે તેવી રજુઆત કરેલી છે.

**(૧૩.૧૦)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષે આંક:૪૯ થી સાહેદ નં.૧૦ તરીકે તપાસવામાં આવેલા ડો.રોહન હસીત અંજારીયા, આંક:૫૩ થી સાહેદ નં.૧૧ તરીકે તપાસવામાં આવેલા ડો.નવુભા જીલુભા નવઘણજી સોઢા, આંક:૬૦ થી સાહેદ નં.૧૩ તરીકે તપાસવામાં આવેલા ડો.હાર્દિક જગદીશભાઇ ધોળુ નાઓના પુરાવા તરફ ધ્યાન દોરી આ તમામ તબીબી સાહેદો દ્વારા તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરી આ સાહેદ દ્વારા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલો છે તેવી રજુઆત કરેલી છે.

**(૧૩.૧૧)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષે આંક:૬૪ થી સાહેદ નં.૧૪ તરીકે તપાસવામાં આવેલા સાહેદ–રસીલાબેન જેઠાલાલ ખાનીયા નાઓ દ્વારા તથા આંક:૬૪ થી સાહેદ નં.૧૫ તરીકે તપાસવામાં આવેલા સાહેદ–નિતીનભાઇ ઉમરશીભાઇ ભાનુશાલી નાઓ દ્વારા તથા આંક:૮૧ થી સાહેદ નં.૨૦ તરીકે તપાસવામાં આવેલા સાહેદ–સુનીલ પ્રતાપભાઇ નાખુવા નાઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જે વિગતો જણાવેલી છે તે તમામ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરેલું છે અને એવી રજુઆત કરેલી છે કે, આ તમામ સાહેદો દ્વારા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલો છે.

**(૧૩.૧૨)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્બાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્બારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષે આંક:૯૩ થી તપાસવામાં આવેલા સાહેદ નં.૨૩ દેવશીભાઇ ગોવિંદભાઈ મારવાડા નાઓના પુરાવા તરફ ધ્યાન દોરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદ રુબરુ પંચનામું થયેલું છે તેમાં આ કામના મરણજનાર તથા આરોપીના મળી કુલ્લ પાંચ નમુના હતા તે સીલબંધ હાલતમાં હતા તે પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબ્જે કરવામાં આવેલા હતા તેમ સાબિત થાય છે.

**(૧૩.૧૩)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્બાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્બારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષે આંક:૧૧૮ થી તપાસવામાં આવેલા સાહેદ નં.૩૧ ડો.રાજેશ પ્રેમજીભાઇ ગૌરી નાઓના પુરાવા તરફ ધ્યાન દોરી આ સાહેદ દ્બારા તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરી એવી રજુઆત કરેલી છે કે, આ સાહેદના પુરાવાથી ઈજા પામનારને ઈજા થયેલી હતી અને તેના કારણે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનો સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલો છે.

**(૧૩.૧૪)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્બાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્બારા તેમની લેખિત દલીલમાં ફરીયાદ પક્ષે આંક:૧૨૦ થી તપાસવામાં આવેલા સાહેદ નં.૩૩ તપાસ કરનાર અમલદાર–અલ્પેશ મહેન્દ્રભાઇ પટેલ નાઓના પુરાવા તરફ ધ્યાન દોરી આ સાહેદ દ્બારા તેમની સરતપાસમાં જણાવેલ હકીકતોનું અક્ષરસ:વિવરણ કરી એવી રજુઆત કરેલી છે કે, તપાસ કરનાર અમલદાર દ્બારા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા છે. પંચનામાઓ કરેલા છે તે તમામ સાહેદો દ્બારા નિવેદનોની હકીકતોને તથા પંચ સાહેદોએ પંચનામાને સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે. દસ્તાવેજી પુરાવો પણ રજુ થયેલો છે તે તમામ પુરાવો તપાસ કરનાર અમલદાર દ્બારા આ કેસમાં ચાર્જશીટ સાથે રજુ કરેલો છે તે રેકર્ડ ઉપર આવેલો છે અને તપાસ કરનાર અમલદાર દ્બારા પુરાવાના આધારે બન્ને આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરેલું છે.

**(૧૩.૧૫)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્બાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ

દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, સ્થાનિક જગ્યાએ બન્ને આરોપીઓની હાજરી સ્થાપિત થયેલી છે. ફોન દ્વારા આરોપીઓની મરણજનાર સાથે વાતચીત થયેલી છે. બનાવ પહેલાં બન્ને આરોપીઓ મરણજનારને મળેલા છે તે અંગેના તમામ સાહેદો દ્વારા ફરીયાદ તથા બનાવને સંપૂર્ણ સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે. તમામ સાહેદોની આરોપી પક્ષે ઉલટતપાસ કરેલી છે, પરંતુ આરોપી પક્ષ આવો કોઈ બનાવ બનેલો નથી કે સાહેદો દ્વારા આપેલ પુરાવો ખોટો છે કે બનાવ ઉભો કરવામાં આવેલો હોય તેવી કોઈ હકીકત કે વિરુદ્ધનો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી. સાહેદોની ઉલટતપાસ દરમ્યાન ડિનાઈલ સિવાય સાહેદો દ્વારા રજુ કરેલા પુરાવા ખોટા છે તેમ આરોપી પક્ષ સાબિત કરી શકેલ નથી.

**(૧૩.૧૬)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, ફરીયાદવાળો બનાવ બનેલો છે. પ્લાન મુજબ બન્ને આરોપીઓ ગાંધીધામથી સાથે નીકળેલા છે. મુખ્ય આરોપીનો ફોન બંધ હોતાં બીજા આરોપીએ વારંવાર ફોન કરી હકીકતો જાણી બાદમાં અંજાર મધ્યેથી બન્ને આરોપીઓએ છરી ખરીદેલી છે તેને સમર્થનકારી પુરાવો છરી વેંચનારે આપેલો છે. બાદમાં ભુજ આવતાં નેત્રમના પુરાવાઓ મળેલા છે તેમાં બન્ને આરોપીઓ બનાવ સમયે મળેલા બાઈક નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ તેમજ આરોપીઓ પાસેથી જે કપડા કબ્જે કરેલા છે તે કપડા ઉપર મરણજનારનું લોહી મળેલું છે તે જ કપડા આરોપીઓએ નેત્રમના સી.સી.ટી.વી. ફુટેજમાં પહેરેલા છે. બાદ સંસ્કાર સ્કુલમાં આવેલા છે. ત્યારબાદ સંસ્કાર કોલેજમાં સાહેદ નં.૩ ત્રિષણાબેન ગોસ્વામી તથા સાહેદ નં.૪ ચૈતાલીબેન મીસ્ત્રીએ જોયેલો છે. સાહેદ નં.૩ નાઓને આરોપીઓએ મરણજનારનો ઝુમ કરી ફોટો બતાવેલો છે અને મરણજનારની શોધખોળ કરેલી છે. બાદમાં સાહેદ નં.૩ તથા સાહેદ નં.૪ નાઓ સમક્ષ સાક્ષીને બળજબરીથી ધમકાવી અને એકલામાં મળવા માટે લઈ ગયેલા છે તે મુજબનો પુરાવો આંક:૩૦ તથા આંક:૩૨ થી રેકર્ડ ઉપર આવેલો છે.

**(૧૩.૧૭)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ

દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, આરોપીઓએ મરણજનારને ફોન કરેલો છે તે સી.ડી.આર. માં આવેલ છે. સાહેદ નં.૪ જે મરણજનારના બહેનપણી છે તેમણે આરોપીઓનો ફોન મરણજનારને આવતો હતો તે જોયેલ છે અને આરોપીઓ મરણજનારને હેરાન કરતા હતા તે હકીકત મરણજનારે સાહેદ નં.૪ ને જણાવેલી હતી. મરણજનારે પોતાના ફોન નં.૯૩૧૬૮૯૭૪૦૭ થી ફોન ઉપર તેમના માતાને આરોપીઓ હેરાન કરતા હતા અને ધમકીઓ આપેલ હતી તે હકીકત જણાવેલી છે. ફરીયાદીના માતાએ તેમના આંક:૬૪ ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, તું મોહિતને ફોન અને મેસેજ કરવાની ના પાડી દે અને હું મારો અભ્યાસ મુકી પરત નહીં આવું તેમ કહી તેના મોબાઈલ નંબર બ્લોકમાં નાખી દે. માતાના કહેવા મુજબ મરણજનારે આરોપી મોહિતને બ્લોક કરેલ છે તેના લીધે મોહિતે જયેશના ફોનમાંથી ધમકીઓ આપેલી છે. બન્ને આરોપીઓએ સાથે મરણજનારનું ખુન કરવા ભુજ આવી સંસ્કાર કોલેજમાં મરણજનારને મળી બાદમાં છરીના ઘા મારેલા છે. ત્યારબાદ બીજો આરોપી તેને બાઈક ઉપર લઈ ગયેલ છે અને આગળ જઈ બન્ને આરોપીઓ બાઈક નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપર બેસી સદર બનાવને અંજામ આપેલો છે.

**(૧૩.૧૮)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, સાહેદ નં.૫ ટીશા ભાનુશાલીએ મરણજનારને ફોન કરતાં " જેથી મેં સાક્ષીને ફોન કરેલ એક વાર સરખો અવાજ ન આવતાં કોલ કટ થઈ ગયેલ હતો જેથી બીજી વખત ફોન કરેલ ત્યારે ફોન ઉપર કોઈ છોકરાનો અવાજ આવેલો છોકરાએ પોતાનું નામ જયેશ ઠાકોર જણાવેલ જેથી મેં તેને સાક્ષીની પુછા કરેલ હતી ત્યારે તેણે મને કીધેલ કે સાક્ષીને મોહિત સિદ્ધપુરા નામનો છોકરો છરી મારી અને ભાગી ગયેલ છે. મેં પુછેલું કે કઈ જગ્યાએ તો તેણે કીધેલું કે સંસ્કાર કોલેજની બહાર ત્યારે ફોન ઉપર સાક્ષીનો રડવાનો અવાજ પણ આવતો હતો ". આમ, સાહેદ નં.૫ બનાવને સ્પષ્ટ સમર્થન પુરું પાડે છે.

**(૧૩.૧૯)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે,

બનાવવાળી જગ્યાએ આરોપી જયેશ તથા તેની બાઈક નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ તથા બ્લડની હાજરી મળેલી છે. જેનાથી આરોપીએ આ બનાવને અંજામ આપેલ તે હથીયાર છરીની હાજરી મળેલી છે. સાહેદ નં.૫ બનાવ સ્થળે પહોંચતાં તેમણે આરોપી મોહિતને દુરથી ભાગતાં પણ જોયેલ છે. મોબાઈલ તથા કપડાઓ વિગેરે જે મળેલા છે તે કબ્જે કરવામાં આવેલા છે અને તેને સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલો છે.

**(૧૩.૨૦)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્ધાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્ધારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ જે હકીકતો સાહેદો સમક્ષ હોસ્ટિલમાં જણાવેલી છે તેમાં સાહેદ નં.૧૫ નાઓએ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ તેઓને હકીકત જણાવેલ છે તે જ હકીકત જણાવેલી છે તે હકીકતો જોતાં તે હકીકતો આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ પોતાના વિશેષ નિવેદનમાં પણ કબુલ રાખેલી છે.

**(૧૩.૨૧)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્ધાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્ધારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, તપાસ કરનાર અમલદાર દ્ધારા તપાસ કરી પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલું છે. ચાર્જશીટ મુજબના મહત્વના સાહેદોએ જુબાની આપેલ છે. તમામ સાહેદોએ સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે. તમામ પંચનામાના પંચ સાહેદો દ્ધારા પણ પંચનામાને સમર્થનકારી પુરાવો રજુ કરેલો છે. ડોકટર શ્રીઓના પુરાવા રજુ થયેલા છે. ફરીયાદીની ફરીયાદને સમર્થન મળે છે. આરોપી પક્ષ દ્ધારા બચાવમાં કોઈ પુરાવો રજુ થયેલો નથી. આ કેસ ખોટો કરવામાં આવેલો છે અથવા તો આરોપીઓને ખોટી રીતે ગુન્હા કામે સંડોવેલા છે તેવી કોઈ હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૩.૨૨)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્ધાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્ધારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવા માટે સફળ રહેલ છે. ફરીયાદી તથા તેમના પત્નીની જુબાની,

હોસ્પિટલ લઈ જનાર સાહેદોની જુબાની, સંસ્કાર કોલેજના સાહેદોની જુબાની, આરોપીઓની હાજરી, આરોપી નં.૨ જયેશ ઠાકોરના વધારાના નિવેદનની હકીકતો ફરીયાદીની ફરીયાદને સમર્થન આપે છે તેનો આરોપી પક્ષે કોઇ બચાવ લીધેલો નથી. તમામ સાહેદોએ બનાવને સંલગ્ન પુરાવો આપેલો છે તેનો પણ કોઈ ખુલાસો આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલો નથી.

**(૧૩.૨૩)** ફરીયાદ પક્ષના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા તેમની લેખિત દલીલમાં વધુમાં એવી પણ રજુઆત કરેલી છે કે, આરોપી પક્ષ દ્વારા માત્ર અકસ્માતમા ઈજા થયેલ છે અને નિતીનભાઇ ભાનુશાલીએ બનાવ ઉભો કરેલ છે તેટલો બચાવ ઉપસ્થિત કરેલો છે, પરંતુ તેવા બચાવના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલો નથી. નિતીનભાઈને આરોપીઓ સાથે કોઈ ઝઘડો કે વેરભાવ કે પરીચયમાં નથી કે ખોટો કેશ કરાવે તેમજ અકસ્માત થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. ફરીયાદ ખોટી કરેલ છે તેવો પણ કોઈ પુરાવો આવેલો નથી. માત્ર ડિનાઈલ સિવાય બચાવ પક્ષ રેકર્ડ ઉપર કોઇ સચોટ પુરાવો લઈ આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સાબિત કરવામાં સફળ રહેલ છે અને આથી આરોપીઓને તકસીરવાન ઠરાવી આરોપીઓને વધુમાં વધુ સજા કરી જેલમાં બેસાડવા અરજ કરેલી છે.

**<u>ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રીની મૌખિક દલીલો :</u>**

**(૧૪)** ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના બન્ને આરોપીઓ બનાવની શરુઆતથી બનાવના અંત સુધી એકબીજાની સાથે હતા. આ કામના બન્ને આરોપીઓ અંજાર જાય છે અને અંજારથી મુદ્દામાલની ખરીદે છે. ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવો જોતાં આ કામના બન્ને આરોપીઓને સાહેદો દ્વારા ઓળખી બતાવવામાં આવેલા છે. એટલું જ નહીં, આરોપીઓના શરીરનું વર્ણન કરવામાં આવેલું છે અને આરોપીઓએ કયા કપડા પહેરેલા હતા તે શુદ્ધાં જણાવેલું છે.

**(૧૪.૧)** ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષ દ્વારા જે સાહેદો તપાસવામાં આવેલા છે તેમાં આરોપીઓ દ્વારા જે સાહેદ પાસેથી છરી ખરીદવામાં આવેલી છે તે સાહેદ, ડોકટર સાહેદો, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા જે રીક્ષામાં બનાવના સ્થળ આગળથી ગયેલા હતા તે રીક્ષાના ડ્રાયવર, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ જે દુકાનમાં જઈ નવા કપડા ખરીદેલા છે તે દુકાનના વેપારી ન તો ભાનુશાલી જ્ઞાતિના છે કે ન તો નિતીનભાઈ ભાનુશાલી નાઓના ઓળખીતા છે. આ તમામ સાહેદો સ્વતંત્ર સાહેદો છે.

**(૧૪.૨)** ફરીયાદ પક્ષના ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરાથી નિતીનભાઈ ભાનુશાલીને શું દુ:ખ હતું, શું અણબનાવ હતો કે શું દુશ્મનાવટ હતી કે આરોપીઓ વિરુદ્ધ આવો કેસ કરે ? આ બાબતે કોઈ પુરાવો રજુ થયેલો નથી. જે સાહેદોને તપાસવામાં આવેલા છે તે તમામ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન પુરું પાડેલું છે. સૌ પ્રથમ મુલાકાતવાળો બનાવ એ કોલેજ કેમ્પસમાં બનેલો છે અને બીજો બનાવ કોલેજના ઝાંપા પાસે બનેલો છે. એટલું જ નહીં, સી.સી.ટી.વી. કેમેરાનો પુરાવો અને નેત્રમ કેમેરાનો પુરાવો, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩ ના પ્રમાણપત્રનો પુરાવો, પેનડ્રાઈવનો પુરાવો તથા તેમના દ્વારા લેખિતમાં જે દલીલ કરવામાં આવેલી છે તે તમામને ધ્યાનમાં લેતાં આરોપીઓને તકસીરવાન ઠરાવી આરોપીઓને સજા કરવા વિનંતી કરેલી છે.

**<u>ફરીયાદ પક્ષના વિદ્વાન પબ્લીક પ્રોસીકયુટર શ્રીની દલીલો :</u>**

**(૧૫)** આ કામે ફરીયાદ પક્ષે વિદ્વાન પબ્લીક પ્રોસીકયુટર શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા મુળ ફરીયાદીના ખાનગી વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા આંક:૧૬૯ થી જે લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે અને મૌખિક દલીલ કરવામાં આવેલી છે તે દલીલને પોતાની દલીલ ગણવા વિનંતી કરેલી છે તેથી તે મુજબ ગણવામાં આવેલ છે.

**આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાના વિદ્વાન વકીલ શ્રીની દલીલો :**

**(૧૬)** આ કામના આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કેસમાં કોઈપણ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી. આરોપી નં.૧ અને ગુજરનાર સાથે હતા તે માટે ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ થી ૫ નાઓને તપાસેલા છે. આ તમામ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો તેનાથી એવી હકીકત ફલીત થાય છે કે, આરોપી નં.૧ અને ગુજરનાર–સાક્ષીબેનને આ ત્રણેય સાહેદોએ ૦૪.૦૦ થી ૦૪.૧૫ સુધી એક સાથે જોયેલા હતા. આરોપી નં.૧ સાથે જયારે ગુજરનાર–સાક્ષીબેન વાતચીત કરતા હતા ત્યારે એકદમ કમ્ફર્ટ હતા. આ સિવાય આ સાહેદોનો પુરાવો આરોપી નં.૧ ને ગુન્હા સાથે સાંકળવા માટે પર્યાપ્ત નથી. આ ત્રણેય સાહેદો પૈકીના કોઈપણ સાહેદે બનાવ નજરોનજર જોયેલો નથી. બનાવ વિશે કોઈ માહિતી નથી. કોઈ ખ્યાલ નથી તેવી સ્પષ્ટ હકીકત ઉલટતપાસમાં સ્વીકારેલી છે.

**(૧૬.૧)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના પુરાવાનું વિશ્લેષણ કરતાં સાહેદ નં.૮ થી તપાસેલા અન્ય સાહેદ–મીનાબેન ગોસ્વામી કે જેઓ ફરીયાદ પક્ષના કથન મુજબ ઈજા પામનાર–સાક્ષીબેનને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા હતા. આ સાહેદે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સ્વીકારેલ છે કે, આ બનાવ નજરોનજર તેમણે જોયેલો નથી. આ સાહેદો પૈકીના કોઈપણ સાહેદે ફરીયાદ પક્ષના કથન મુજબનો પ્રથમ બનાવ કયાં બનેલો છે ? તેની કોઈ વિગતો જણાવેલી નથી કે આ જગ્યાનું પંચનામું કરેલું નથી કે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ કરેલી નથી. ખરેખર ફરીયાદ પક્ષના કથન મુજબ બે ઘટના ઘટવા પામેલી નથી અને જે પ્રમાણે કેસ રજુ કરવા પ્રયત્ન કરેલો છે તેવું કાંઈ જ હકીકતમાં બનેલું નથી, તેમ છતાં જો ફરીયાદ પક્ષના કેસની હકીકત સ્વીકારવામાં આવે તો પ્રથમ બનાવ શાળા અથવા કોલેજના કેમ્પસની અંદર બને અને આવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી.

**(૧૬.૨)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ ત્રણેય સાહેદોના પુરાવાનું વિશ્લેષણ કરતાં આક્ષેપ મુજબના બનાવના સ્થળ ઉપર કોલેજના પ્રિન્સીપાલ ધિરજભાઈ સોલંકી તથા અન્ય વિદ્યાર્થીઓ તથા અન્ય સ્ટાફના માણસો હાજર હતા. આ પૈકીના કોઈ સાહેદોને તપાસેલા નથી. છુપાવવામાં આવેલા છે કેમ કે, આ સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા ન હતો.

**(૧૬.૩)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ડેમોન્સ્ટ્રેશનનું પંચનામું એ પુરાવામાં આરોપી વિરુદ્ધ ગ્રાહ્ય ગણી શકાય નહીં તેમ છતાં આ પંચનામું જોવામાં આવે તો પ્રથમ બનાવ બનેલ હોવાનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

**(૧૬.૪)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કથન મુજબ બનાવ ૦૬.૦૦ થી ૦૬.૩૦ ની વચ્ચે બનેલો છે. સાહેદોના પુરાવા જોતાં આવો કોઈ બનાવ બનેલો નથી કેમ કે, ડો.રાહુલસિંહ જાડેજા નાઓએ આંક:૧૧૯ થી સોગંદ ઉપર પુરાવો પુરો પાડેલો છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલું છે કે, સાંજના ૦૬.૨૫ કલાકે ગુજરનાર–સાક્ષીબેનને તેમની સમક્ષ સારવાર માટે લઈ આવેલા હતા. સાક્ષીબેનને જે ઈજાઓ હતી તે સુપરફિશીયલ ઈજાઓ હતી અને તેમાંથી લોહી નીકળતાં બે થી અઢી કલાકનો સમય લાગે અને આ બનાવ આથી બે થી ત્રણ કલાક અગાઉ જોવામાં આવે તો ૦૪.૦૦ થી ૦૪.૧૫ ની વચ્ચે બનાવ બનેલો છે તેવું માનવાને કારણ છે. ડો.રાહુલસિંહ જાડેજા નાઓના પુરાવાને સમર્થનકર્તા પુરાવો મરણજનારની લાશનું શબ પરિક્ષણ કરનાર ડો.કે.વી.ગમાર નાઓએ આંક:૫૫ થી પુરો પાડેલો છે. આ ડોકટર શ્રીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, ગળાની જે ઈજા હતી તે ચામડી ઉપરની હતી. આ પ્રકારની ઈજામાંથી લોહી વહેતાં બે થી અઢી કલાકનો સમય લાગે. એટલું જ નહીં, ફોર્સ ફુલી આવી ઈજામાંથી લોહી

નીકળી શકે નહીં તેમ પણ તેમણે સ્વીકારેલું છે. આમ, ઈજા થયા બાદ બે થી અઢી કલાક સાક્ષીબેન જેમના તેમ પડી રહેલા છે અને ત્યારબાદ તેણીને હોસ્પિટલ લઈ જવામાં આવેલા છે તે સમયે ન તો તેમનો પલ્સ રેટ આવતો હતો કે ન તો તેમના શ્વાસોચ્છવાસ ચાલતા હતા. એટલું જ નહીં, સાક્ષીબેનને જે ઈજાઓ હતી તે ઘસારાની ઈજાઓ હતી. છરીથી ઘા મારેલા હોય તેવી કોઇ ઈજા સાક્ષીબેનને થયેલ હોવાનું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૬.૫)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા ડો.નવુભા સોઢા નાઓના આંક:૫૩ ના પુરાવા ઉપર ધ્યાન દોરી એવી દલીલ કરેલી છે કે, મેડી સ્ટાર હોસ્પિટલમાં આ ડો.નવુભા પાસે જયારે ગુજરનાર–સાક્ષીબેનને સારવાર માટે લઈ જવામાં આવ્યા ત્યારે રાત્રીના ૮.૨૩ કલાકે સાક્ષીબેનના શ્વાસોચ્છવાસ બંધ હતા અને બ્લડ પ્રેસર પણ આવતું ન હતું. એટલું જ નહીં, ડો.યાહ્યા ખત્રી નાઓને આંક:૬૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, ગળા ઉપરની ઈજા સુપર ફિશીયલ હતી. નળીના ભાગે છરીથી ઈજા થઈ શકે તેવી ઈજા ન હતી.

**(૧૬.૬)** આમ, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા ડો.રાહુલસિંહ જાડેજા, ડો.કે.વી.ગમાર, ડો.નવુભા સોઢા અને ડો.યાહ્યા ખત્રી નાઓના મૌખિક અને દસ્તાવેજી પુરાવા ઉપર ધ્યાન દોરી ભારપૂર્વક એવી દલીલ કરેલી છે કે, આ કામના ઈજા પામનાર ગુજરનાર–સાક્ષીબેનને જયારે પણ જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે તેઓ મરણ ગયેલા હતા. તેઓના પલ્સ રેટ ન હતા, બ્લડ પ્રેસર આવતું ન હતું, શ્વાસોચ્છવાસ ચાલતા ન હતા અને આ તમામ પ્રક્રિયા મેડીકલ ભાષામાં ડેડ પર્સનની વ્યાખ્યામાં આવે છે.

**(૧૬.૭)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા ડો.યાહ્યા ખત્રી નાઓના પુરાવા ઉપર ધ્યાન દોરી એવી દલીલ કરેલી છે કે, આ કામે સારવાર કરનાર ડોકટરને તપાસ્યા

બાદ ફરીયાદ પક્ષને એવી જાણ થયેલી કે આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ માટે ફેટલ બનશે અને આથી ડો.યાહ્યા ખત્રી નાઓને તપાસવામાં આવેલા છે. ગુજરનારની સારવાર કરનાર ડોકટરને તા:૨૯/૦૧/૨૦૨૬ ના રોજ તપાસવામાં આવેલા છે. તેઓનો પુરાવો પુરો થયા બાદ ડો.યાહ્યા ખત્રી પાસે તા:૩૦/૦૧/૨૦૨૬ ના રોજનું પ્રમાણપત્ર તૈયાર કરાવવામાં આવેલું છે અને તે મુજબ અગાઉ ડોકટરના પુરાવામાં જે ખામી રહી ગયેલી હતી તે દુર કરવા ડો.યાહ્યા ખત્રી નાઓને તપાસેલા છે. નોંધવા લાયક બાબત એ છે કે, ડો.યાહ્યા ખત્રી નાઓને ઈજા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે તપાસ કરનાર અમલદારે કોઈ યાદી કરેલી નથી. આ સાહેદ કોર્ટમાં પુરાવો રજુ કરવા આવે છે ત્યાં સુધી આવું સર્ટીફિકેટ તપાસ એજન્સીને આપેલું નથી, તેવા સંજોગોમાં આ કામે ફરીયાદ પક્ષ દ્વારા સાદી જે ઈજાઓ થયેલી હતી અને તેવી ઈજાના કારણે મૃત્યુ નિપજી શકે તેમ ન હતું અને આથી ખોટું સર્ટીફિકેટ અને ખોટી ઈજા આરોપીને ગુન્હા સાથે સાંકળવા દર્શાવેલ છે.

(૧૬.૮) આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષ દ્વારા જે બે બનાવની સ્ટોરી ઉભી કરેલી છે તે સ્ટોરીને સમર્થનકર્તા કોઈ પુરાવો રજુ થયેલો નથી. આ સ્ટોરીથી વિરુદ્ધ તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ ધ્યાનમાં લેવામાં આવે તો બનાવના સ્થળે જે કર્મચારીઓ હાજર હતા, જે વિદ્યાર્થીઓ હાજર હતા, જે પ્રિન્સીપાલ હાજર હતા તેઓને તપાસવામાં આવેલા નથી. સાહેદ નં.૩ થી ૫ કે જેઓ ભાનુશાલી જ્ઞાતિના છે અને ફરીયાદ પક્ષે જેમ કહ્યું હતું તે મુજબ પુરાવો પુરો પાડેલો છે. આથી ખરેખર જે બનાવ બનવા પામેલો હતો તેનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થવા દીધો નથી. કાં તો તેવા પુરાવાને છુપાવવામાં આવેલો છે, કાં તો તેવા પુરાવાને રજુ થવા દેવામાં આવેલો નથી.

(૧૬.૯) આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ હોસ્પિટલમાં નિતીનભાઈ ભાનુશાલી નામની વ્યકિતને બનાવ બાબતે વાત કરી.

નિતીનભાઇ ભાનુશાલીએ ફરીયાદીને બનાવની વાત કરી. ફરીયાદીએ પોતાની આંક:૨૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં આ કામની ફરીયાદ ૦૮.૦૦ થી ૦૮.૩૦ ની વચ્ચે જી.કે.જનરલ હોસ્પિટલમાં લખાવેલી છે. જયારે ડો.નવુભા સોઢા નાઓના સોગંદ ઉપરના પુરાવામાં એવી હકીકત ફલીત થાય છે કે, ગુજરનાર–સાક્ષીબેનને સારવાર માટે મેડી સ્ટાર હોસ્પિટલમાં તેમની સમક્ષ ૦૮.૨૩ કલાકે લઇ જવામાં આવેલા હતા. એટલું જ નહીં, ડો.નવુભા સોઢા નાઓએ જે પ્રમાણપત્ર આપેલું છે તેમાં હિસ્ટ્રી ફરીયાદીએ આપેલાનું જણાવેલું છે તેમ છતાં બનાવ કઇ જગ્યાએ બનેલો છે ? તેમાં કોણ ઇસમો હતા ? કેટલા વાગ્યે બનેલો છે ? શું ઇજાઓ થયેલી છે ? શેનાથી ઇજાઓ થયેલી છે ? આવી કોઇ હકીકત જણાવવામાં આવેલી નથી. તેનો સીધો અર્થ એવો થાય છે કે, ફરીયાદીને બનાવ અંગે કોઇ માહિતી જ ન હતી. જો ખરેખર નિતીનભાઇ ભાનુશાલી નામના વ્યકિતને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ બનાવની વાત કરેલી હોય તો નિતીનભાઇ ભાનુશાલી નાઓ ચોકકસ ફરીયાદીને બનાવની વિગત જણાવત અને ફરીયાદી ડો.નવુભા સોઢા નાઓને બનાવની હિસ્ટ્રીમાં તે વિગત લખાવત. આમ, ફરીયાદ પક્ષે આ નિતીનભાઇ ભાનુશાલી નામના વ્યકિતને ઉભા કરી એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશનનો પુરાવો રજુ કરવા પ્રયત્ન કરેલો છે, પરંતુ ઉલટતપાસ જોતાં આ નિતીનભાઇ ભાનુશાલી નાઓએ એવી હકીકતોનો સ્વીકાર કરેલો છે કે, તેમની વિરુદ્ધ લુંટ, મર્ડર, ડિઝલ ચોરી, ખનિજ ચોરી એવા ૬૦ જેટલા ફોજદારી કેસો દાખલ થયેલા છે. જે દર્શાવે છે કે, આ નિતીનભાઇ ભાનુશાલી કોર્ટ કાર્યવાહી અને પેપર્સથી વાકેફ છે અને આથી આખી વાર્તા ઉભી કરી આરોપી નં.૧ નાઓને ગુન્હા સાથે ખોટી રીતે સાંકળી દેવામાં આવેલ છે.

**(૧૬.૧૦)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૧ નો વાંક માત્ર એટલો જ છે કે આરોપી નં.૧ અને ગુજરનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો અને આરોપી નં.૧ ગુજરનાર–સાક્ષીબેનને ઓળખતા હતા. આ વિગત જે સાબિત થયેલી છે તેને ધ્યાનમાં લેતાં ફરીયાદ પાછળથી ખોટી ઉભી કરી આરોપીને ગુન્હા સાથે ખોટી રીતે સાંકળી લેવામાં આવેલ છે.

**(૧૬.૧૧)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કથન મુજબ જે મહત્વના સાહેદ છે તે મીનાબેનની તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ પોલીસે પુછપરછ કરેલી હતી તેવું તેણીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલું છે, જેનો કોઇ પુરાવો રજુ થયેલો નથી. આરોપીની અટક કરવામાં આવેલી છે અને ત્યારબાદ સાહેદોના નિવેદનો ઉભા કરી આરોપીને ગુન્હા સાથે ખોટી રીતે સાંકળવામાં આવેલ છે.

**(૧૬.૧૨)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સાહેદ–ટીશાબેન અને સાહેદ–મીનાબેન ફરીયાદ પક્ષના કથન મુજબ ગુજરનાર–સાક્ષીબેનને સારવાર માટે હોસ્પિટલ લઇ ગયેલા હતા. જે વાહનમાં સાક્ષીબેનને હોસ્પિટલમાં લઈ જવાનો આક્ષેપ કરેલો છે તે વાહનના નંબર શું હતા ? તેના ડ્રાયવર કોણ હતા ? તેના માલીક કોણ હતા ? તે બાબતે કોઇ પુરાવો પુરો પાડેલો નથી કે આ સાહેદો દ્વારા જણાવવામાં આવેલું નથી. જયારે ડો.રાહુલસિંહ જાડેજાએ ગુજરનાર–સાક્ષીબેનને એમ્બ્યુલન્સમાં સારવાર માટે ૦૬.૨૫ કલાકે તેમની સમક્ષ લઈ આવેલાનું જણાવેલું છે. આમ, સમગ્ર રીતે જોતાં આખો કેસ પ્લાન્ટ કરવામાં આવેલો હોવાનું સાબિત થાય છે.

**(૧૬.૧૩)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ડો.નવુભા સોઢા નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે મરણજનારને ગળા ઉપર ૧૧ સે.મી. ની ઈજા હતી, જયારે શબ પરિક્ષણ કરનાર ડોકટર દ્વારા મરણજનારને ગળા ઉપર ૧૮ સે.મી. ની ઈજા હોવાનું જણાવેલું છે. આ ૭ સે.મી. ની ઈજા કેવી રીતે મોટી થઇ ? તેનો કોઇ ખુલાસો કે પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી. જે દર્શાવે છે કે, ૧૧ સે.મી. ની ઈજાને અતિ ગંભીર ઈજા બતાવવા માટે ૧૮ સે.મી. ની કરી દેવામાં આવેલી છે. એટલું જ નહીં, મરણજનાર–સાક્ષીબેનને ૦૪.૦૦ થી ૦૪.૧૫ ના સમયગાળા દરમ્યાન ઈજાઓ પહોંચાડેલી છે તેવું શબ પરિક્ષણ કરનાર

ડોકટરે પોતાની જુબાનીમાં સ્વીકારેલું છે. ડો.રાહુલસિંહ જાડેજાએ પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે અને આથી જ શબ પરિક્ષણ નોંધમાં શબ પરિક્ષણ શરુ કર્યાનો સમય કે શબ પરિક્ષણ પુરું કર્યાનો સમય જણાવવામાં આવેલો નથી.

**(૧૬.૧૪)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, મરણજનાર અને આરોપી નં.૧ કમ્ફર્ટ રીતે એકબીજા સાથે વાત કરતા હતા. આ બન્ને વચ્ચે કોઇ ઝઘડો થયેલો નથી કે તકરાર થયેલી નથી કે આવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી ત્યારે પ્રશ્ન એ આવે કે આરોપી નં.૧ શા માટે મરણજનારને ઈજાઓ પહોંચાડે અને તેણીનું મૃત્યુ નિપજાવે ? આવું કરવાનું શું કારણ હતું ? શું ઈરાદો હતો ? આવો ફરીયાદ પક્ષે કોઇ પુરાવો પુરો પાડેલો નથી.

**(૧૬.૧૫)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઈજા થયેલી હતી તેની સારવાર જી.કે.જનરલ હોસ્પિટલમાં કરવામાં આવેલી છે અને તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા હતા તેવો આક્ષેપ કરવામાં આવેલો છે, પરંતુ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની સારવાર હોસ્પિટલમાં કયા નંબરના રુમમાં થતી હતી ? આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને કયા પ્રકારની, કેટલી ઈજા હતી ? આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને કોણે પુછયું, શું પુછયું ? કે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ કોઇ બાબત જણાવી કે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ સાથે કેટલા વાગ્યે વાતચીત થયેલી ? આવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલો નથી. એટલું જ નહીં, સારવાર કરનાર ડોકટરને જણાવેલું નથી ત્યારે શું કામ આરોપી નં.૨ જયેશ ઠાકોર નિતીનભાઇ ભાનુશાલી નાઓને બનાવની કોઇ વાત કહે અથવા ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ જણાવે ? ખરેખર નિતીનભાઇ ભાનુશાલી નામની વ્યકિતએ પોતાનો સામાજીક એજન્ડા પુરો કરવા અને પોતાનું હિત પાર પાડવા પ્રોપોગોન્ડા ચલાવેલ છે. કેમ કે, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા

નાઓને મરણજનાર–સાક્ષીબેનને ઈજા પહોંચાડેલી હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલો નથી. મરણજનાર–સાક્ષીબેન અને આરોપી નં.૧ વચ્ચે કયા કારણસર ઝઘડો થયો, કઇ જગ્યા ઉપર ઝઘડો થયો ? તેનો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી.

**(૧૬.૧૬)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, જે સી.સી.ટી.વી. ફુટેજ અને નેત્રમ કેમેરા બાબતે ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરેલો છે તેવો પુરાવો માનવાને લાયક નથી. આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા સંસ્કાર કોલેજમાં જતા હોય, સંસ્કાર કોલેજ પાસે હોય કે સંસ્કાર કોલેજમાંથી બહાર નીકળેલા હોય તેના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ તપાસ કરનાર અમલદારે મેળવેલા નથી કે રજુ કરેલા નથી અને આ હકીકતનો સ્વીકાર તપાસ કરનાર અમલદારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કરેલો છે.

**(૧૬.૧૭)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સંસ્કાર કોલેજથી જે રીક્ષાની વાત આવે છે તે જગ્યા દોઢ કિ.મી. દુર આવેલી છે. આથી આરોપી બનાવવાળી જગ્યાએથી પગે ચાલી દોઢ કિ.મી. દુર જઇ રીક્ષામાં બેસે છે. જયારે આ દોઢ કિ.મી. દરમ્યાન ત્યાંથી અનેક રીક્ષા અને વાહન પસાર થયા હોય ત્યારે આરોપી શું કામ દોઢ કિ.મી. બાદ રીક્ષામાં બેસે ? ખરેખર, આરોપીને કામ કરતાં અકસ્માતે ઈજા થયેલી છે તેમ છતાં આરોપી નં.૧ ની સારવાર કરનાર ડોકટરને તપાસવામાં આવેલા નથી. આરોપી નં.૧ ની જે સારવાર કરેલી હતી તે કોણે કરેલી છે ? કયાં કરેલી છે ? તેનો કોઇ પુરાવો રજુ થયેલો નથી. આરોપી નં.૧ ગુન્હા બાદ ચોકકસ વ્યકિતના ઘરે જાય છે. જેના ઘરે જાય છે તે વ્યકિતને ફરીયાદ પક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી.

**(૧૬.૧૮)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે,

સૌ પ્રથમ આરોપી નં.૧ નું જે જગ્યાએ ડેમોન્સ્ટ્રેશન પંચનામું કરવામાં આવે છે ત્યારે કહેવાતી જગ્યા પરથી કોઇ છરી મળી આવેલી નથી તેના અડધા કલાક બાદ જ જે ડિસ્કવરી પંચનામું કરવામાં આવે છે ત્યાંથી છરી મળી આવે છે. જે સાબિત કરે છે કે, આ છરી પ્લાન્ટ કરવામાં આવેલી છે અને તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીને ગુન્હા સાથે ખોટી રીતે સાંકળવામાં આવેલ છે. એટલું જ નહીં, તપાસ કરનાર અમલદારે પોતાની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, ગાંધીધામથી ભુજ આવવું હોય તો અંજાર જવાની જરુર પડે નહીં. રીંગ રોડ પરથી સીધા ભુજ આવી શકાય તેમ છે, તેમ છતાં આરોપીઓ અંજાર જાય છે અને છરી ખરીદે છે તેવું કથન કરવામાં આવેલું છે, પરંતુ આરોપીના ડેમોન્સ્ટ્રેશનના પંચનામામાં કે રીકવરી પંચનામામાં આ છરીની કોઇ વિગત આવતી નથી. જે દર્શાવે છે કે, આ છરીવાળો સાક્ષી ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધ ઉભો કરવામાં આવેલો છે.

**(૧૬.૧૯)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કથન મુજબ ગુજરનાર-સાક્ષીબેને આરોપી નં.૧ મોહિતનો નંબર બ્લોક કરી દીધેલો હતો. આ બ્લોક કરેલો મોબાઇલ નંબર કયો હતો ? જો બ્લોક કરી દીધેલો હોય તો આરોપી નં.૧ મરણજનાર સાથે કેવી રીતે વાત કરે ? આરોપી નં.૧ અને મરણજનાર વાતચીત કરતા હતા ત્યારે કમ્ફર્ટ રીતે વાત કરતા હતા, કોઇ ઝઘડો થયેલો ન હતો તેવો સ્પષ્ટ પુરાવો રજુ થયેલો છે. પંચ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલું છે કે, આ મોબાઇલ ત્રણ દિવસ બાદ આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલો હતો. જો આરોપીનો મોબાઇલ સીલબંધ હાલતમાં પંથમથી જ કબ્જે કરેલો હોય તો પંચનામા દરમ્યાન જે મોબાઇલ કબ્જે કરવામાં આવેલો છે તે મોબાઇલ કોનો છે ? આ હકીકત છુપાવેલી છે અને મોબાઇલ ગાયબ કરી દેવામાં આવેલો છે.

**(૧૬.૨૦)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ૦૪.૧૫ થી ૦૬.૩૦ સુધી મરણજનાર-સાક્ષીબેન કયાં હતા ? કોની પાસે

હતા ? કોને મળેલા છે ? તેનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી. મરણજનાર–સાક્ષીબેનના પિતા કે જેઓ ફરીયાદી છે તેઓએ બનાવ નજરે જોયેલો નથી. બનાવ સંબંધેની વાત જે જાણેલાનું જણાવે છે તે પરસ્પર વિરોધાભાસી છે. મરણજનારના માતા–રસીલાબેનનો પુરાવો જોતાં તેઓ કુદરતી સાક્ષી હોવાનું માની શકાય તેમ નથી. માતા–પિતા હોવાના કારણે પ્લાન્ટ કરેલ કેસમાં સાક્ષી તરીકે ઉભા કરવામાં આવેલા છે. આ બનાવની સૌ પ્રથમ જાણ સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધિરજભાઈ સોલંકી નાઓએ પોલીસમાં કરેલી છે. કોઈપણ ફોજદારી પ્રકરણમાં બનાવની પ્રથમ માહિતી એ ખુબ જ અગત્યનો ભાગ ભજવતી હોય છે. ફરીયાદ પક્ષે ન તો ધિરજભાઈ સોલંકીને સાહેદ તરીકે તપાસેલા છે કે ન તો એવો કોઈ પુરાવો તપાસ દરમ્યાન મેળવી રજુ કરેલો છે.

**(૧૬.૨૧)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કથન મુજબ આરોપી નં.૧ અને ગુજરનાર–સાક્ષીબેન વચ્ચે પ્રેમ હતો. હવે, જો ખરેખર કોઈ વ્યકિત બીજી વ્યકિતને પ્રેમ કરતી હોય તો તેને શું કામ ઈજા પહોંચાડે અને શું કામ મારી નાખે ? આમ, ખરેખર ફરીયાદ પક્ષના આક્ષેપ અને કથન મુજબનો કોઈ બનાવ બનવા પામેલો નથી. આ કામે ફરીયાદ પક્ષ દ્વારા જે સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તે મહદ્અંશે ભાનુશાલી જ્ઞાતિના છે અથવા તો, તેઓને ઓળખતા નજીકના સાહેદો છે તે સિવાય બીજા કોઈ સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલા નથી.

**(૧૬.૨૨)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષે જે પુરાવો રજુ કરેલો છે તે શંકાસ્પદ પુરાવો છે. મરણજનાર–સાક્ષીબેન સાથે જે ઘટના ઘટેલી છે તે ખુબ જ દુ:ખદ ઘટના છે, પરંતુ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા તેના માતા–પિતાનો એકનો એક દિકરો છે. ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાના સિદ્ધાંત મુજબ " May Be Prove and Must Be Prove " આ બન્ને અલગ–અલગ બાબત છે.

**(૧૬.૨૩)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, નિતીનભાઈ ભાનુશાલી નામના વ્યકિતએ સમાજમાં અને રાજકીય રીતે પોતાનું કદ વધારવા પોતાના મળતીયા વ્યકિતઓને સાક્ષીઓ અને પંચ તરીકે ઉભા કરેલા છે. સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી કે તેઓને છુપાવવામાં આવેલા છે. મોટા ભાગના તમામ સાહેદોએ સોશીયલ મિડીયામાં વિડીયો વાયરલ થયેલ તેના કારણે પુરાવો પુરો પાડેલો છે. ખરેખર, સાક્ષીબેનને આ કામના આરોપી નં.૧ નાઓએ ઈજાઓ પહોંચાડેલી છે તેવો એક પણ સાહેદ આ કેસમાં ફરીયાદ પક્ષે તપાસેલ નથી અને આથી આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ સાક્ષીબેનને ઈજા પહોંચાડેલ હોય અને તેવી ઈજાના કારણે સાક્ષીબેનનું મૃત્યુ નિપજયું હોય તેવી કોઈ હકીકત નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

**(૧૬.૨૪)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા સાહેદ–મીનાબેન ગોસ્વામી નાઓના પુરાવાનું વિશ્લેષણ કરી એવી દલીલ કરેલી છે કે, મીનાબેન નાઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, રાત્રીના ૧૦.૩૦ વાગ્યા સુધી તેણી હોસ્પિટલમાં હતા, તેણીની પુછપરછ પોલીસ દ્વારા કરવામાં આવેલી હતી, પરંતુ મીનાબેનને બનાવ અંગેની કોઈ માહિતી ન હોય બનાવ કેવી રીતે બનેલો છે તેની તેમને જાણ ન હતી તેવી સ્પષ્ટ હકીકત સ્વીકારેલ છે ત્યારે કલાક:૦૮.૨૦ ની ફરીયાદ કયાંથી આવી ? કલાક:૦૪.૧૫ બાદ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને ગુજરનાર એકબીજા સાથે વાતચીત કરતા હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી. જે બાબત પણ ફરીયાદ પક્ષના કેસ અંગે શંકા ઉપસ્થિત કરે છે.

**(૧૬.૨૫)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તમામ પંચ સાહેદોએ પંચનામાની વિગત જણાવેલી છે, પરંતુ કાયદાકીય રીતે જોતાં આ પંચ

સાહેદોનો પુરાવો અને પંચનામાનો પુરાવો એ સહાયક પુરાવો છે. જયાં સુધી ફરીયાદ પક્ષ એવી હકીકત સાબિત ન કરે કે આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ મરણજનારને ઈજાઓ પહોંચાડેલી છે અને તેના કારણે મરણજનારનું મૃત્યુ નિપજેલું છે ત્યાં સુધી એટલે કે, આવો મુળ પુરાવો રજુ કરી સાબિત ન કરે ત્યાં સુધી પંચ સાહેદોનો પુરાવો કે પંચનામાનો પુરાવો સહાયક તરીકે આરોપીને સજા કરવા માટે આધારભુત હોવાનું માની શકાય નહીં.

**(૧૬.૨૬)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ચામડી ઉપર ઉપરછલ્લી ઈજા હતી. નશ કપાઈ ગયેલી હોય તેવો કોઈ પુરાવો નથી. ૧૧ સે.મી. ની ઈજા ૧૮ સે.મી. ની કરી દેવામાં આવેલી છે. સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજમાં કયાંય પણ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા સંસ્કાર કોલેજની અંદર ગયેલ હોય, બહાર નીકળેલ હોય કે તેની પાસે ગયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી. ડેમોન્સ્ટ્રેશનના પંચનામામાં છરી મળી આવેલી નથી. અંજારથી છરી ખરીદ કરેલ હોવાની વાત નથી. અડધા જ કલાકમાં છરી તે જ જગ્યાએથી ડિસ્કવરી પંચનામા દરમ્યાન મળી આવે છે. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓની કયાં સારવાર કરવામાં આવી ? કયા ડોકટરે સારવાર કરી ? તેને કયા પ્રકારની ઈજા હતી ? તેનો કોઈ પુરાવો રજુ થયેલો નથી. આવા ડોકટરને તપાસેલા નથી, છુપાવવામાં આવેલા છે. ખરેખર, આ ડોકટરને તપાસવામાં આવેલા હોત તો સાચા કેસની હકીકત રજુ થઈ હોત.

**(૧૬.૨૭)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ઈજા કરી આરોપી ચોકકસ દુકાનમાંથી કપડા ખરીદે છે તે વેપારીને અને તેની દુકાનમાના સી.સી.ટી.વી. ફુટેજને રજુ કરવામાં આવે છે, પરંતુ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપી જે વ્યકિતને ઘરે ગયેલા હતા તે વ્યકિત કોણ ? ન તેનું નિવેદન લેવામાં આવેલું છે કે ન તેનો પુરાવો નોંધવામાં આવેલો છે. આમ, ફરીયાદ પક્ષ દ્ધારા ફકત પસંદ કરેલા પોતાના સાહેદો અને પંચોને

તપાસવામાં આવેલા છે અને તેઓનો પુરાવો રજુ કરલો છે. જે બાબત પણ ફરીયાદ પક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે.

**(૧૬.૨૮)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, એવું માનવામાં આવે કે સહ આરોપીએ ગુન્હાની કબુલાત કરેલ છે. વિશેષ નિવેદનમાં આરોપી નં.૧ વિરુદ્ધ કથનો કરેલા છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાના સિદ્ધાંત મુજબ અને ફોજદારી ન્યાય પ્રણાલિકા મુજબ એક આરોપીએ કરેલું કથન બીજા આરોપી વિરુદ્ધ વાંચી શકાય નહીં કે તેનો પુરાવો ગ્રાહ્ય ગણી શકાય નહીં કેમ કે, વિશેષ નિવેદનમાં કરવામાં આવેલ નિવેદન એ કોઇ સાહેદનો પુરાવો નથી.

**(૧૬.૨૯)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્ધારા એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન કરવામાં આવેલ હોવાની રજુઆત કરવામાં આવેલી છે પરંતુ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્ધારા જે કથનો કરવામાં આવેલા છે તે સ્વૈચ્છિક હતા ? તેણે કયા કારણસર જણાવેલા છે ? તેને ડોકટર રુબરુ કેમ જણાવેલા નથી ? એવો કોઇ પુરાવો રજુ થયેલો નથી. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્ધારા જે કથનો કરવામાં આવેલા છે તે કયાં કરવામાં આવેલા છે ? શું કામ કરવામાં આવેલા છે ? તે બાબતે પણ કોઇ પુરાવો નથી. આથી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્ધારા જે કથનો કરવામાં આવેલા છે તે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઇ શકે તેમ નથી. એટલું જ નહીં, આરોપી નં.૧ વિરુદ્ધ તેનો ઉપયોગ થઇ શકે તેમ નથી તેમ છતાં એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન છે તેવું દલીલ ખાતર સ્વીકારવામાં આવે તો પણ આવો પુરાવો એ વિક પુરાવો છે, મુળ પુરાવો નથી. જયાં સુધી ફરીયાદ પક્ષ મુળ પુરાવાથી પોતાનો કેસ સાબિત ન કરે ત્યાં સુધી આવા પુરાવાનો ઉપયોગ આરોપી વિરુદ્ધ કરી શકાય નહીં કે આવા પુરાવાના કારણે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલો પુરાવો જોતાં આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો

સીધો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવો શંકાસ્પદ પુરાવો છે.

**(૧૬.૩૦)** આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, જો ખરેખર આરોપી નં.૧ બળજબરીપૂર્વક ગુજરનાર-સાક્ષીબેન સાથે પ્રેમ સંબંધ રાખતો હતો અથવા રાખવા માંગતો હતો તો આરોપી નં.૧ મોહિત, ગુજરનારના ઘરની પાડોશમાં જ તેના માતા-પિતા સાથે રહેતો હતો તેથી ગુજરનારના માતા-પિતા સીધી રીતે જઇને કહી શકે કે તમારો છોકરો આવું કૃત્ય કરે છે, પરંતુ આવો પણ કોઇ પુરાવો કે બાબત રજુ થયેલી નથી. આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા વિનંતી કરેલી છે.

**<u>આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રીની દલીલો :</u>**

**(૧૭)** આ કામે આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા આંક:૧૭૦ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે અને મૌખિક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામે ફરિયાદ પક્ષના આક્ષેપ અને કેસ મુજબ સમગ્ર બનાવમાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને મરણજનાર સાથે એકતરફી પ્રેમ હોવાથી અને મરણજનારે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓનો મોબાઇલ નંબર બ્લોક કરી દીધેલો હોય તેનું મનદુ:ખ રાખી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ મરણજનારને ઇજાઓ પહોંચાડી મરણજનારનું મૃત્યુ નિપજાવેલું છે. જે ગુન્હાહિત કૃત્યમાં આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓએ મદદગારી કરી ભુમિકા ભજવેલ હોવાનું જણાવેલું છે.

**(૧૭.૧)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓએ આક્ષેપિત કૃત્યમાં આરોપી

નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને મદદગારી કરેલ હોવાનો આક્ષેપ પુરવાર કરવા માટે સૌ પ્રથમ ફરિયાદ પક્ષે એવું સાબિત કરવાનું હોય કે, આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓને જાણ હતી કે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ ચોકકસ કઈ જગ્યાએ લઈ જવા માંગે છે ? આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ ચોકકસ કયું કૃત્ય કરવાના છે ? જયાં સુધી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ આવું ગુન્હાહિત કૃત્ય કરવાના છે તેવું આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓની જાણમાં ન હોય ત્યાં સુધી આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓએ આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને મદદગારી કરેલ છે તેમ માની કે સ્વીકારી શકાય નહીં.

**(૧૭.૨)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવાને ધ્યાનમાં લેતાં આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોર નાઓએ મરણજનારને કોઈ ઈજા પહોંચાડેલી નથી કે મરણજનારને ઈજાઓ પહોંચાડવા માટે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને ઉશ્કેરેલ નથી અને આથી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને દુષ્પ્રેરણના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં કે સજા કરી શકાય નહીં.

**(૧૭.3)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા સાહેદ નં.૨ (આંક:૨૮) થી તપાસેલા કિશોરભાઈ પ્રેમજીભાઈ મહેશ્વરી નાઓના પુરાવાનો ઉલ્લેખ કરી એવી ભારપૂર્વક દલીલ કરેલી છે કે, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓની પોલીસ કસ્ટડી દરમ્યાન ડેમોન્સ્ટ્રેશનનું પંચનામું કે રીકવરી પંચનામું કર્યા સિવાય તપાસ કરનાર અમલદાર આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને સીધા આ સાહેદની દુકાને અંજાર લઈ જાય છે. આ સાહેદનો પુરાવો જોતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અગાઉ કયારેય આ સાહેદ મળેલા નથી, જોયેલા નથી કે ઓળખપરેડ કરાવવામાં આવેલી નથી કે તેઓ અગાઉથી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઓળખતા ન હતા, તેવા સંજોગોમાં સાહેદ નં.૨ કિશોરભાઈનો સમગ્ર પુરાવો ડિસ્કાર્ડ કરવાપાત્ર છે તેને પુરાવામાં ધ્યાને લઈ શકાય તેમ

નથી. આ સાહેદ દ્વારા જે હકીકતો જણાવવામાં આવેલી છે તેની વિગતો તપાસ કરનાર અમલદારે પોતાના આંક:૧૨૦ ના સોગંદ ઉપરના પુરાવામાં પણ સ્વીકારેલી છે. એટલું જ નહીં, આંક:૮૫ થી આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓનું ડેમોન્સ્ટ્રેશન પંચનામું અને આંક:૧૧૨ થી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓનું ડેમોન્સ્ટ્રેશન પંચનામું રજુ થયેલું છે. આ બન્ને પંચનામા દરમ્યાન કોઈપણ આરોપી દ્વારા સાહેદ-કિશોરભાઈ કે છરી વિશે કાંઈ બોલેલા નથી કે કોઈ પુરાવો રજુ કરેલો નથી. આમ, સાહેદ-કિશોરભાઈને ત્યાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા છરી લેવા ગયેલા હતા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર તેની સાથે હાજર હતો તેવું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલું જ નહીં, ભર બજારમાં જે દુકાન આવેલી છે ત્યાંથી સી.સી.ટી.વી. ફુટેજ કબ્જે કરવામાં આવેલા નથી. જાહેર જગ્યા હોવા છતાં ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલા ન હોય તેવું માની શકાય નહીં. એટલું જ નહીં, આ સાહેદ-કિશોરભાઈની ઉલટતપાસને ધ્યાનમાં લેતાં કલમ-૧૮૩ મુજબનું નિવેદન આપવા પણ આ સાહેદ સીધા કોર્ટમાં ગયેલા છે. તેઓને પોલીસ દ્વારા ફોન કરી બોલાવવામાં આવેલા છે. આ સાહેદ દ્વારા બીલ આપવામાં આવેલું નથી. મુદ્દામાલની જે છરી છે તેની ઉપર કોઈ ટ્રેડ માર્ક નથી તેથી કઈ છરી હતી તે માની શકાય નહીં. ફકત, છરી હોય છરી વેંચી છે તેટલી જ હકીકત માનવામાં આવે તો પણ આ સાહેદનો પુરાવો શંકાસ્પદ છે.

**(૧૭.૪)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, તપાસ કરનાર અમલદારે અંજારથી છરી ખરીદવા બાબતે કોઈ પુરાવો રજુ કરેલો નથી. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા પાસે છરી હતી તેવું જ્ઞાન હતું તેવું ફરીયાદ પક્ષે સાબિત કરેલું નથી. એટલું જ નહીં, આ કામના આરોપી નં.૨ જયેશ ઠાકોર મરણજનાર ઈજા પામેલી હાલતમાં હતા ત્યારે તેણીને હોસ્પિટલમાં લઈ જવા પ્રયત્ન કરેલો છે. મરણજનારને બચાવવા માટે પ્રયત્ન કરેલો છે. જો ખરેખર આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ કોઈ ગુન્હો કરેલો

હોય તો તે ચોકકસ સ્થળ ઉપરથી નાસી ભાગી જાય અને પોતાની જાતને બચાવે, પરંતુ આવું કરવાને બદલે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ મરણજનારને બચાવવા પ્રયત્ન કરેલો છે. જે ધ્યાનમાં લેતાં, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હો કરેલ હોવાનું કે ગુન્હામાં મદદગારી કરેલ હોવાનું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૭.૫)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદી કે જેઓ મરણજનારના પિતા છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઇ સોલંકી નાઓએ પ્રથમ તેઓને બનાવની જાણ કરેલી હતી તેને પ્રથમ માહિતી પણ કહી શકાય. ખરેખર, તો આ જે માહિતી હોય તે કુદરતી ક્રમમાં હોય અને ફોજદારી કેસમાં તે અગત્યની ગણાય, પરંતુ ફરીયાદ પક્ષ દ્વારા આવી કોઇ હકીકત જાહેર કરવામાં આવેલી નથી. ધીરજભાઇ સોલંકી નાઓએ ફરીયાદીને શું પ્રથમ જાણ કરી ? એટલું જ નહીં, આવી બાબતોને તપાસ કરનાર અમલદારે ધ્યાનમાં પણ લીધેલી નથી અને તેવી હકીકત ઉલટતપાસમાં સ્વીકારેલી છે.

**(૧૭.૬)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને મરણજનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. જે કોઇ વોટસઅપ ચેટ રજુ થયેલી છે તે આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને મરણજનાર વચ્ચેની છે તે બાબતને આરોપી નં.૨ જયેશ ઠાકોર સાથે કોઇપણ રીતે લાગતું વળગતું નથી.

**(૧૭.૭)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સાહેદ નં.૩ ત્રિષ્નાબેન નાઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે જયારે મરણજનાર અને આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા વાતચીત કરતા હતા ત્યારે મરણજનાર કમ્ફર્ટ હતા. એટલું જ નહીં, આ સાહેદ

ત્રિષ્નાબેનની જુબાની જોતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર એ બનાવનો નજરે જોનાર સાહેદ છે તેને સાક્ષી ન દર્શાવી ખોટી રીતે ગંભીર પ્રકારના ગુન્હામાં આરોપી તરીકે દર્શાવેલ છે. એટલું જ નહીં, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને મરણજનાર વાતચીત કરતા હતા ત્યારે આરોપી નં.૨ જયેશ ઠાકોર તેમનાથી દુર અલગ હતો.

**(૧૭.૮)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સાહેદ નં.૪ ચૈતાલીબેનનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઈજા કરી નાસી ગયેલ છે. આમ, જો ખરેખર આરોપી નં.૨ જયેશ ઠાકોર આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને ગુન્હાહિત કૃત્યમાં મદદગારી કરવા માટે આવેલ હોય તો આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઈજા કરે નહીં. એટલું જ નહીં, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને મરણજનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા સાથે મરણજનાર વચ્ચેની શું વાતચીત થતી હતી ? શું ઘટના હતી ? તેની આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને કોઈ માહિતી ન હતી કે તેને લાગતું વળગતું ન હતું તેવું આ સાહેદ–ચૈતાલીબેનની જુબાની પરથી સાબિત થાય છે.

**(૧૭.૯)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા સાહેદ નં.૫ (આંક:૩૪) ટીશાબેનના સોગંદ ઉપરના પુરાવાનો ઉલ્લેખ કરી એવી ભારપૂર્વક દલીલ કરેલી છે કે, આ સાહેદના જણાવ્યા મુજબ છરી સ્થળ ઉપર પડેલી હતી. જયારે પોલીસના કથન મુજબ બીજા દિવસે ડેમોન્સ્ટ્રેશન પંચનામું કરી છરી કબ્જે કરવામાં આવેલી છે. એટલું જ નહીં, જયાં જયાં આરોપી નં.૨ જયેશ ઠાકોરની વાત આવે અને તે ગુન્હા સાથે સંકળાયેલ ન હોય તેવું ફલીત થાય તેવી બાબતો આવે તે જાણીજોઈ ઈરાદાપૂર્વક ફરીયાદ પક્ષના દરેક સાહેદો દ્વારા છુપાવવામાં આવેલી છે. પોલીસ જુદી જગ્યાએથી છરી કબ્જે કરે છે તે ફકત આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ખોટી રીતે ગુન્હામાં સંડોવવાની વિગત છે અને ઉભી

કરેલી વાત છે.

**(૧૭.૧૦)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્ધાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદ નં.૮ મીનાબેન જે મરણજનારના માતૃશ્રી છે તેઓની ઉલટતપાસ જોતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઈજા થયેલી હતી અને તેને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલ લાવવામાં આવેલ હતો. એટલું જ નહીં, કલમ-૧૮૩ ના નિવેદનમાં પણ એક કાળા કપડાવાળો છોકરો લોહીલુહાણ હાલતમાં ઉભો હતો તેવું જણાવેલું છે.

**(૧૭.૧૧)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્ધાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સાહેદ નં.૧૪ રસીલાબેન નાઓને પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનારના માતાએ જે જણાવેલું છે તેમ જ જણાવેલું છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની તરફેણમાં જે પુરાવો આવતો હોય તે પુરાવાને સ્કીપ કરેલો છે અને છુપાવેલો છે. સાહેદ નં.૧૫ નિતીનભાઇ ભાનુશાલી નાઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર વિરુદ્ધનો કોઇ પુરાવો હોવાનું માની શકાય તેમ નથી.

**(૧૭.૧૨)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્ધાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્ધારા સાહેદ નં.૩૩ (આંક:૧૨૦) થી તપાસેલા તપાસ કરનાર અમલદારના સોગંદ ઉપરના પુરાવાનો ઉલ્લેખ કરી એવી ભારપૂર્વક દલીલ કરેલી છે કે, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ મરણજનારને બચાવવા પ્રયત્ન કરેલો છે. સીધી કે આડકતરી રીતે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં કોઇ મદદગારી કરેલી નથી તેમ સાબિત થાય છે. એટલું જ નહીં, ફરીયાદ પક્ષ દ્ધારા કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઇ સોલંકી કે કોલેજના જવાબદાર સાહેદોને જાણીબુઝીને તપાસેલા નથી, જતા કરેલા છે. આ સાહેદોના નામ ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા છે તેમ છતાં તપાસેલા નથી. આથી ફરીયાદ પક્ષ વિરુદ્ધ વિરુદ્ધનું અનુમાન કરવું જોઇએ, અથવા તો આ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન

હતું અને માટે તપાસેલા નથી તેમ માનવું જોઇએ.

**(૧૭.૧૩)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, માત્ર આરોપીની હાજરી હોવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૫૪ ના તત્વો સાબિત થયેલા ગણી શકાય નહીં. ખરેખર, ગુન્હાહિત કૃત્યમાં આરોપી દ્વારા સહ આરોપીને મદદગારી કરવામાં આવેલી હોય અને હાજર હોય તો જ કલમ-૫૪ નો ગુન્હો બને. આ કામે રજુ થયેલ પુરાવો જોતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર દુર ઉભો હતો, તેણે મરણજનારને કોઇ ઇજા પહોંચાડેલી નથી તેમ સાબિત થયેલું છે. એટલું જ નહીં, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ જે કૃત્ય કરવા જઇ રહેલ છે તે બાબતનું આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને જ્ઞાન હતું, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ પ્લાન કરેલ હતો, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં મદદગારી કરેલી છે તેવું સાબિત થાય તો જ કલમ-૫૪ નો પ્રશ્ન આવે, પરંતુ આવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી અને આથી ***નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૧૫ (૧) ક્રાઇમ્સ (એચ.સી.) ૨૩૫ ઉપરના ગુજરાત રાજય વિરુદ્ધ ખટાઉભાઇ લીંબાભાઇ પગી અને બીજાઓ*** ના ચુકાદામાના સિદ્ધાંત મુજબ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ વિરુદ્ધ કલમ-૫૪ મુજબનો કોઇ ગુન્હો બનતો નથી.

**(૧૭.૧૪)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા ***નામદાર સર્વોચ્ચ અદાલતનો કોચુ ચેરુક્કા પાનીકર અને બીજા વિરુદ્ધ કેરાલા રાજયનો ચુકાદો કે જે ૧૯૬૨ ૦ સુપ્રિમ (કેરાલા) ૨૬૫*** નો રજુ કરી એવી દલીલ કરેલી છે કે, ફરીયાદ પક્ષે એવી હકીકત સાબિત કરવી જરુરી છે કે જે કૃત્ય કરવામાં આવેલું છે તે કૃત્યની આરોપી નં.૨ ને જાણ હતી. આરોપી નં.૨ મદદ કરવા માટે ગયેલા હતા. આરોપી નં.૨ ગુન્હાહિત કૃત્યમાં સંકળાયેલા છે. જયાં સુધી આવી ખરેખર મદદગારી કરેલી છે તેવું ફરીયાદ પક્ષ સાબિત ન કરે ત્યારે ફકત આરોપીની હાજરી હોવાના કારણે આરોપી વિરુદ્ધ કલમ-૫૪ લાગુ પાડી શકાય નહીં.

**(૧૭.૧૫)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૨ જયેશ ઠાકોરનો ગુન્હાહિત કૃત્ય કરવા માટે ઈરાદો શું હતો ? તેની કોઈ વિગત કે પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને મરણજનાર સાથે પ્રેમ ન હતો, મરણજનાર અને આરોપી નં.૨ જયેશ ઠાકોર વચ્ચે કોઈપણ પ્રકારનો સંબંધ ન હતો અને આથી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને મરણજનારને ઈજા કરવાનું, તેનાથી નારાજ થવાનું કે તેનાથી ગુસ્સે હોવાનું કોઈ કારણ નથી અને એટલે જ આ કામે મરણજનારને ઈજા કરવાનો લેશમાત્ર આક્ષેપ કે કેસ કે પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી.

**(૧૭.૧૬)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા પોતાની દલીલના સમર્થનમાં ***નામદાર સર્વોચ્ચ અદાલતનો સુરેશ અને બીજા વિરુદ્ધ ઉત્તરપ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૨૦૦૧ (૨) સુપ્રિમ ૨૬૬*** નો રજુ કરી એવી દલીલ કરેલી છે કે, ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવામાં આરોપીઓનો સમાન ઈરાદો હતો તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો નથી. આરોપી નં.૨ જયેશ ઠાકોર દુર ઉભો હતો, આરોપી નં.૨ જયેશ ઠાકોર વિરુદ્ધ મરણજનારને મારવાનો કે ઈજા કરવાનો આક્ષેપ કરવામાં આવેલો નથી અને આથી ફરીયાદ પક્ષ આરોપી નં.૨ જયેશ ઠાકોર અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓનો સામાન્ય ઈરાદો હતો અને તે પાર પાડવા ગુન્હાહિત કૃત્ય આચરેલું છે તેમ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ આ ચુકાદામાના સિદ્ધાંત મુજબ નિષ્ફળ ગયેલ છે.

**(૧૭.૧૭)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા ***નામદાર સર્વોચ્ચ અદાલતનો સુરેન્દ્રસિંઘ અને બીજા વિરુદ્ધ ઉત્તરાખંડ રાજયનો ચુકાદો કે જે ૨૦૨૫ ૦ સુપ્રિમ (એસ.સી.) ૨૩૬*** નો રજુ કરી એવી દલીલ કરેલી છે કે, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર દ્વારા એવું નકકી કરવામાં આવેલું હતું કે આવું કૃત્ય કરવું છે અને તે મુજબનું કૃત્ય કરવામાં આવેલું છે તેવો કોઈ પુરાવો રજુ કરેલો નથી. એટલું જ નહીં, તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ ધ્યાનમાં લેતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર આરોપી નં.૧ મોહિત

મુળજી સિદ્ધપુરા સાથે ગયેલ છે તે સિવાય ગુન્હામાં કોઇ મદદગારી આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને કરેલી નથી.

**(૧૭.૧૮)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા આરોપી નં.૨ જયેશ ઠાકોરના ઘરે ગયેલ હતો. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા પાસે જે એકટીવા હતું તે એકટીવાના બદલે આરોપી નં.૨ જયેશ ઠાકોરને તેની મોટર સાયકલ સાથે પોતાની સાથે લીધેલ હતો, આથી પૂર્વ પ્લાન હતો કે આવું કૃત્ય કરવાનું છે તેની આરોપી નં.૨ જયેશ ઠાકોર ને જાણ હતી તેવું માની શકાય નહીં.

**(૧૭.૧૯)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, તપાસ કરનાર અમલદારે ઉલટતપાસમાં એવી હકીકતનો પણ સ્વીકાર કરેલો છે કે જે વોટસઅપ ચેટ છે તેમાં આરોપી નં.૨ જયેશ ઠાકોરની કોઇ વાત નથી. એટલું જ નહીં, ગાંધીધામથી ભુજ આવવા માટે અંજાર ગામમાં ગયા સિવાય પણ સીધા ભુજ આવી શકાય તેમ છે તેનો સ્વીકાર કરેલો છે. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ખોટો, ખામીવાળો, અયોગ્ય અને સ્વીકારી ન શકાય તેવો પુરાવો છે.

**(૧૭.૨૦)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ***નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૧૫ (૧) ક્રાઇમ્સ (એચ.સી.) ૨૩૫ ઉપરના ગુજરાત રાજય વિરુદ્ધ ખટાઉભાઈ લીંબાભાઈ પગી અને બીજાઓ*** ના ચુકાદા મુજબની હકીકતવાળો આ કેસ છે. આરોપી નં.૧ મોહિત નાઓને આરોપી નં.૨ જયેશ નાઓએ તપાસ કરનાર અમલદાર સહિતના તમામ સાક્ષીઓએ ગુન્હાહિત કૃત્ય કરવા ઉશ્કેરેલ હોય તેવો કોઇ પુરાવો પુરો પાડેલો નથી. એટલું જ નહીં, ચાર્જશીટ અને ફરીયાદ કે ફરીયાદ પક્ષના પુરાવામાંથી આવી કોઇ હકીકત સાબિત થતી નથી અને આથી ફરીયાદ પક્ષ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ વિરુદ્ધ કલમ-૫૪ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૭.૨૧)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓનો ગુન્હો કરવાનો મોટીવ હોઇ શકે પરંતુ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ મરણજનારને બચાવવા પ્રયત્ન કરેલો છે. આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરાને આરોપી નં.૨ જયેશ ઠાકોર સાથે સામાન્ય ઇરાદો હતો તેમ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ મરણજનારને બચાવવાનો પ્રયત્ન કરેલો છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર બનાવના સ્થળેથી નાસી ભાગી ગયેલ નથી. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ કોઇ પણ પ્રકારનું ગુન્હાહિત કૃત્ય કરેલું નથી. એટલું જ નહીં, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની ઉંમર, આરોપી નં.૨ જે પોતે એવી વ્યકિત છે કે જેની પાસે ગુન્હો કરવાનો ઇરાદો નથી કે મોટીવ નથી, તેણે ગુન્હો કરેલ છે તેમ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે અને આથી તમામ ચુકાદામાના સિદ્ધાંત ધ્યાનમાં લઇ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા, વિકલ્પે શંકારહિત પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય છોડી મુકવા નમ્ર વિનંતી કરેલી છે.

**(૧૭.૨૨)** આરોપી નં.૨ જયેશ જયંતીજી ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા આંક:૧૭૦ થી જે લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે તે લેખિત દલીલમાં પણ મોટા ભાગે તેમના દ્વારા જે મૌખિક દલીલો કરવામાં આવેલી છે તે જ દલીલોનું વિસ્તૃત વિવરણ કરવામાં આવેલું છે અને આથી બિનજરુરી લંબાણપૂર્વકના પુનરાવર્તનના કારણે આ લેખિત દલીલનો અત્રે વિસ્તૃત ઉલ્લેખ કરવામાં આવેલો નથી, પરંતુ આ લેખિત દલીલનો અભ્યાસ કરી જરુર જણાયેલ છે ત્યાં હવે પછી કારણોમાં ચર્ચા કરવામાં આવેલી છે.

**<u>મુદ્દા :</u>**

**(૧૮)** હાલના કેસમાં ફરીયાદ પક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ

દલીલો, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં હાલના કેસના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં.(૧)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ***મરણજનાર–સાક્ષીબેન જેઠાલાલ ખાનીયા (ભાનુશાલી) નાઓનું જે મૃત્યુ નિપજેલ છે તે સાપરાધ મનુષ્યવધ પ્રકારનું છે ?***

**મુદ્દા નં.(૨)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકસંપ કરી આરોપી નં.(૨) જયેશ ઠાકોર નાઓની મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપર ગાંધીધામ થી અંજાર જઇ અંજાર જેસલ તોરલની સમાધી પાસેથી એક છરી લઈ આરોપીઓએ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ અંજાર થી ભુજ મધ્યે એરપોર્ટ રોડ, સંસ્કાર કોલેજમાં ગુજરનાર–સાક્ષીબેન પાસે જઇ આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા ગુજરનાર સાથે એક તરફી પ્રેમ કરતા હોય આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરાનો ફોન નંબર ગુજરનારે બ્લોક લીસ્ટમાં નાખી દીધેલ હોય તે અંગેનું મનદુ:ખ રાખી ગુજરનાર–સાક્ષીબેનને ભુજ થી અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવવા માટે તેમજ આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓના મોબાઈલ નંબર બ્લોકમાંથી કાઢવા માટે ગુજરનાર–સાક્ષીબેન સાથે કલાક:૧૭.૩૦ વાગ્યાના અરસામાં કોલેજમાં જઈ બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઇ જઇ આરોપી નં.(૧) મોહિત સિદ્ધપરા નાઓએ પોતાની પાસે રહેલી છરી વડે ગુજરનાર–સાક્ષીબેનને જાનથી મારી નાખવાના ઈરાદે ગળાના ભાગે તથા શરીરના ભાગે જીવલેણ ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી, બાદ ગુજરનારને આરોપી નં.(૨) જયેશ ઠાકોર તથા આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓએ મોટર સાયકલ ઉપર લઈ જઈ ફરીથી આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ ગુજરનાર–સાક્ષીબેનને ગળાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી, મરણજનાર સાક્ષીનું મૃત્યુ નિપજાવી ખુન કરી,

આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓ ગુન્હો કર્યા બાદ નાશી જઇ અને તે રીતે આરોપીઓએ આ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી તે આરોપીઓનું કૃત્ય કુદરતના સામાન્ય ક્રમમાં ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ નિપજાવવા પુરતું હતું અને તે રીતે આરોપીઓએ સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કરી અને તેમ કરી ***આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલો છે ?***

**મુદ્દા નં.(૩)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત દિવસે સમયે અને સ્થળે આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓએ આરોપી નં.(૨) જયેશ ઠાકોર નાઓએ જાનથી મારી નાખવાના ઈરાદે પોતાની પાસેની છરીનો એક ઘા મોટર સાયકલ ચલાવતા આરોપી નં.(૨) જયેશ ઠાકોર નાઓને પીઠના ભાગે મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી અને તે રીતે આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓ ખુન માટેના ગુન્હા માટે દોષિત ઠરે તેવું કૃત્ય કરી આરોપી નં.(૨) જયેશ ઠાકોર નાઓને જાનથી મારી નાખવાની કોશીષ કરી અને તેમ કરી ***આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ ભારતીય ન્યાાય સંહિતાની કલમ–૧૦૯ (૧) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલો છે ?***

**મુદ્દા નં.(૪)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત દિવસે, સમયે અને સ્થળે જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, કચ્છ–ભુજનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હતું તેમ છતાં બનાવ સમયે આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓએ પોતાના હાથમાં હથીયાર સ્વરુપે છરી ધારણ કરી જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, કચ્છ–ભુજના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી અને તેમ કરી ***આરોપી નં.(૧) મોહિત સિદ્ધપુરા નાઓએ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલો છે ?***

**મુદ્દા નં.(૫)** શું હુકમ ?

**(૧૮)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે :-

**મુદ્દા નં.(૧) હકારમાં**

**મુદ્દા નં.(૨) હકારમાં**

**મુદ્દા નં.(૩) હકારમાં**

**મુદ્દા નં.(૪) નકારમાં**

**મુદ્દા નં.(૫) આખરી હુકમ મુજબ**

**(૨૦)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના મારા કારણોની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છે :-

## *-: નિર્ણય માટેના કારણો :-*

**(૨૧)** હાલના કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનો સંપૂર્ણ અભ્યાસ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓની, મુળ ફરીયાદી તરફે ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓની, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ તરફે વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓની, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓની લંબાણપૂર્વકની મૌખિક તથા લેખિત દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

**(૨૨)** ફોજદારી કેસોમાં ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે માનવાલાયક આધારભુત પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. સિવાય કે, આરોપી પક્ષ દ્વારા ચોકકસ પ્રકારનો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય અને તે સાબિત કરવાની જવાબદારી કાયદા દ્વારા આરોપી પક્ષ ઉપર લાદવામાં આવેલી હોય. ફોજદારી પ્રકરણમાં જયારે બે વ્યુ શકય બનતા હોય, ત્યારે આરોપીની તરફેણમાં વ્યુ લેવાનો હોય છે. સાથોસાથ એ નોંધવું જરુરી છે કે, શંકા એટલે સુદ્રઢ અને સ્વસ્થ મન વિચારે તેવી શંકા. માત્ર

સામાન્ય વિરોધાભાસ તપાસ એજન્સીની ખામી, ફરીયાદ દાખલ થવામાં થયેલ વિલંબ, આવા ક્ષુલ્લક કારણો ફરીયાદ પક્ષના સાતત્યસભર પુરાવાને અસરકર્તા નિવડતા નથી. આવા મુળભુત સિદ્ધાંતોને ધ્યાનમાં લેતાં, આ પ્રકરણમાં રજુ થયેલા પુરાવા, ઉભયપક્ષો તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ તાર્કિક અને ભારપૂર્વકની મૌખિક દલીલોની જરુર જણાયે યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવી છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચા :**

**(૨૩)** આ કામે ગુજરનાર–સાક્ષીબેન જેઠાલાલ હેમરાજભાઈ ખાનીચા (ભાનુશાલી) નાઓનું મૃત્યુ એ કુદરતના સામાન્ય ક્રમમાં નિપજેલું નથી અને તે સાપરાધ મનુષ્યવધ પ્રકારનું છે તે હકીકત પુરવાર કરવા ફરીયાદ પક્ષ દ્વારા આંક:૫૫ થી સાહેદ નં.૧૨ તરીકે ગુજરનારનું શબ પરિક્ષણ કરનાર ડો.કિશનકુમાર વિરમાભાઈ ગમાર નાઓને તપાસવામાં આવેલા છે. આ નિષ્ણાંત તબીબ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવો સ્પષ્ટ પુરાવો પુરો પાડવામાં આવેલો છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં ફરજ ઉપર હતા ત્યારે સવારના સમયે એ ડીવીઝન પોલીસ સ્ટેશન તરફથી એક લાશનું શબ પરીક્ષણ કરવા માટે મરણોતર ફોર્મ તથા ઈન્કવેસ્ટ પંચનામાની નકલ સાથે મોકલાવેલ હતી તે લાશનું તેઓએ તથા તેમના સાથી ડો.હાર્દીક ધોળુ નાઓ દ્વારા શબ પરિક્ષણ કરવામાં આવેલું હતું. ગુજરનાર–સાક્ષીબેન જેઠાલાલ ખાનીચાની લાશ હતી. શબનું બાહ્ય પરિક્ષણ કરેલું.

**(૨૩.૧)** આ મેડીકલ ઓફીસર દ્વારા વધુમાં એવો પણ પુરાવો પુરો પાડવામાં આવેલો છે કે, લાશ પર (૧) પેટના ભાગે નાભીથી ઉપર ૨ x ૦.૩ સે.મી. ની ઈજા હતી જેના ઉપર ટાંકા હતા અને નાભીની ડાબી બાજુ ૩ ટાંકા આવેલા હતા. (૨) જમણા ખભાની બહારની બાજુ ૩.૫ x ૦.૩ સે.મી. સર્જીકલ ટાંકા લીધેલા હતા અને સાથે ૪ સ્ટેપ્લર મારેલા હતા. (૩) જમણી બાજુના જડબાના હાડકા તરફ ૪ સે.મી. અને મોઢાના ખુણા પર સીધી રેખામાં ૫.૫ x ૦.૩ સે.મી. ના ૧૦ કાળા કલરના દોરાથી ટાંકા લીધેલા હતા.

(૪) દાઢીથી ૬.૫ સે.મી. નીચે ગળાની સામે અને ૪ સે.મી. ઉપર છાતીનું હાડકાથી ઉપર ૧૮ x ૦.૫ સે.મી. સાઈઝનો ઈન સાઈઝ વુન્ડ જેના ઉપર ૨૩ સ્ટેપ્લર પીન લગાવેલ હતી. આ જે ઘા હતો તે જમણા જડબાના હાડકાથી ૩.૫ સે.મી. નીચે અને જમણા મસ્ટર્ડ હાડકાથી ૪.૫ સે.મી. નીચે જમણી બાજુ તેમજ ડાબા જડબાના હાડકાના ખુણા પરથી ૪ સે.મી. નીચે ડાબી બાજુ હતો. આ ઘા ની આંતરીક તપાસ કરતા જમણી બાજુના સ્નાયુની નીચે લોહી ભરાઈ ગયેલું હતું. જે જમણી બાજુના સ્નાયુ હતું જેમાં પ્લેટીઝમા સ્નાયુ અને સ્ર્ટનો કલેડો મસ્ટોડ સ્નાયુ હતા.

**(૨૩.૨)** આ મેડીકલ ઓફીસર દ્વારા વધુમાં એવો પુરાવો પુરો પાડવામાં આવેલો છે કે, (૫) જમણા હાથના કોણીના નીચે ઉપરના ૧/૩ ભાગમાં ૨ x ૦.૩ નો ઘા હતો. જેના પર ૨ કાળા કલરના ટાંકા મારેલા હતા. (૬) ડાબી બાજુના કોણીના નીચેના ભાગમાં મધ્ય ભાગમાં ૫ x ૦.૩ સે.મી.નો ઘા હતો. જેના પર ૪ સ્ટેપ્લર પીન મારેલી હતી. આ ઘા ની અંદરની સાઈડ ૫ x ૦.૫ સે.મી.નું સામાન્ય એબ્રેજન હતું. જે લાલ કલરનું હતું. (૭) લાશની પાછળના પીઠના ભાગે જમણી સાઈડ અને મીડલાઈટથી ૨ સે.મી. જમણી બાજુ ૧.૩ x ૦.૨ નો ઘા હતો. જેના ઉપર એક કાળા કલરનો ટાંકો મારેલો હતો. (૮) ઉપરોકત ઈજા નં.૭ ની ૨ સે.મી. નીચે મીડલાઈનમાં ૪ x ૦.૫ સે.મી.નો ઘા હતો. જેના પર ૪ કાળા કલરના ટાંકા મારેલા હતા. (૯) પીઠના નીચેના ભાગે ડાબી બાજુ ૩.૫ સે.મી. મીડલાઈનથી ૪ x ૦.૩ સે.મી. નો શબ કયુટીનશમાં ઘા હતો તથા (૧૦) પીઠના ભાગે ડાબી બાજુ મીડલાઈનથી ૫ સે.મી. અને ૧૨ સે.મી. ઓકસીકુટથી નીચે ૩ x ૦.૫ સે.મી. ના ૩ ટાંકા મારેલા હતા મુજબની ઈજાઓ હતી. આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી.

**(૨૩.૩)** આ મેડીકલ ઓફીસર દ્વારા વધુમાં એવો પુરાવો પુરો પાડવામાં આવેલો છે કે, શબનું આંતરિક પરિક્ષણ કરેલું. શબ પરિક્ષણ કર્યા બાદ તેમના મતે મૃત્યુનું કારણ '' ગળામાં ધારદાર ઈજા થવાથી વધુ પડતું લોહી વહી જવાથી મૃત્યુ થયું '' હતું. આ અંગે શબ પરિક્ષણ નોંધ તેમના સાથી ડો.હાર્દીક ધોળુ નાઓ દ્વારા તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરવામાં આવેલી હતી.

આંક:૫૬ વાળી શબ પરિક્ષણ નોંધ અને આંક:૫૭ વાળું મૃત્યુનું પ્રમાણપત્ર ઓળખી બતાવે છે. શબ પરિક્ષણ કરવા અંગેની યાદી આંક:૫૮ થી રજુ છે. શબ ઉપરની ઈજાઓ કોઇ ધારદાર હથીયારથી થઇ શકે તે પ્રકારની ઈજાઓ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરીથી શબ પર થયેલી ઈજાઓ સંભવી શકે તે પ્રકારની ઈજાઓ હોવાનું જણાવે છે.

**(૨૩.૪)** ઉપરોકત મેડીકલ ઓફીસર શ્રીની સોગંદ ઉપરની જુબાની તથા આંક:૭૪ વાળું ગુજરનારનું ઈન્કવેસ્ટ પંચનામું જોતાં ગુજરનારનું મૃત્યુ થયેલાની હકીકત રેકર્ડ પર આવે છે. વધુમાં આ તબીબી સાહેદની જુબાની દરમ્યાન આંક:૫૬ થી રજુ થયેલ ગુજરનારની શબ પરિક્ષણ નોંધ, આંક:૫૭ થી રજુ ગુજરનારનું મૃત્યુનું પ્રમાણપત્ર, આ જ બાબત સંબંધમાં ફરીયાદ પક્ષના અન્ય તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ ફરીયાદ પક્ષ દ્વારા તપાસેલા અન્ય તમામ નિષ્ણાંત તબીબી સાહેદોના પુરાવાઓનું મુલ્યાંકન કરતાં સ્પષ્ટપણે ફલીત થાય છે કે, ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ ગળામાં ધારદાર ઈજા થવાથી વધુ પડતું લોહી વહી જવાથી થયેલું છે. વધુમાં ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદોના મૌખિક પુરાવા ધ્યાને લેતાં ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ કુદરતી રીતે થયેલ હોય તેમ ફલીત થતું નથી તેમજ આરોપી પક્ષે પણ ગુજરનાર–સાક્ષીબેન હેમરાજભાઇ ખાનીયા (ભાનુશાલી) નાઓનું મૃત્યુ સામાન્ય કુદરતી ક્રમમાં થયેલ નથી તેવી હકીકત પુરવાર થતી નથી તે અંગે કોઇ તકરાર લેવામાં આવેલી નથી.

**(૨૩.૫)** આમ, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે ગુજરનાર–સાક્ષીબેન જેઠાલાલ હેમરાજભાઇ ખાનીયા (ભાનુશાલી) નાઓનું મૃત્યુ એ કુદરતના સામાન્ય ક્રમમાં નિપજેલું નથી અને તે સાપરાધ મનુષ્યવધ પ્રકારનું છે તે હકીકત પુરવાર કરેલ હોય ***મુદ્દા નં.૧*** નો જવાબ ***" હકારમાં "*** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ અને ૩ ની સંયુકત ચર્ચા :</u>**

**(૨૪)** ઉપરોકત બન્ને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા માટે સરળતા ખાતર સદરહુ બન્ને મુદ્દાઓની ચર્ચા એક

સાથે કરવામાં આવે છે.

## (૨૫) <u>ફરીયાદીના પુરાવાની ચર્ચા :</u>

**(૨૫.૧)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧ તરીકે ફરીયાદી-જેઠાલાલ હેમરાજભાઇ ખાનીયા (ભાનુશાલી) નાઓને આંક:૨૬ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેમની દિકરી સાક્ષીબેન બનાવના સમયે ભુજ સંસ્કાર કોલેજમાં બી.સી.એ. ના પાંચમાં વર્ષમાં ભણતી હતી. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ સવારના સમયે કામે નીકળી ગયેલા હતા. સાંજના સમયે તેમને ભુજ સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજ સોલંકીનો ફોન આવેલો અને જાણ કરેલી કે, '' તમારી દિકરી સાક્ષીને છરી વાગેલ છે અને અમે પોલીસને જાણ કરેલ છે, તો તમો તત્કાલ જી.કે.જનરલ હોસ્પિટલમાં આવી જાજો '' આથી તેઓએ તરત ઘરે જઇ તેમના પત્ની રસીલાબેનને વાત કરેલી. આ વાત કરતાં તેમના પત્નીએ તેમને કહેલું કે, '' આજે સવારના સાક્ષીનો ફોન મારી પત્નીના મોબાઇલ ફોન નં.૯૦૯૯૧૪૭૧૫૧ સાક્ષીએ ફોન કરેલો મારી પત્નીને અને કીધું હતું કે, મોહિત મુળજી સિદ્ધપુરા ફોન ઉપર ધમકી આપે છે, હું તને પ્રેમ કરું છું તો ભુજ સંસ્કાર કોલેજમાંથી નીકળેલ પાછી ગાંધીધામ પાછી આવી જા, નહીંતર હું આપણા પ્રેમ સંબંધની જાણ તારા મમ્મી-પપ્પાને કરી નાખીશ '' . ત્યારબાદ તેઓ તેમના કુટુંબના કાકા ભાઇ અનિલ શંકરલાલ ખાનીયા, જગદીશ શંભુરામ ખાનીયા અને તેમના પત્ની રસીલાબેન ભુજ ખાતે જનરલ હોસ્પિટલ આવી ગયેલા.

**(૨૫.૧.૧)** આ જ ફરીયાદી તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલ આવેલા ત્યાં પોલીસના માણસો, તેમના સમાજના માણસો, કોલેજના વિદ્યાર્થીઓ હાજર હતા. તેમના સમાજના આગેવાન નીતિનભાઇએ જાણ કરેલી કે, તમારી દિકરી સાક્ષીને ગળાના ભાગે ગંભીર ઇજા થતાં તેણીને હોસ્પિટલમાં ઓપરેશન થીયેટરમાં લઇ ગયેલા છે. તેમને કહેલું હતું કે, '' મોહિત મુળજી સિદ્ધપુરા અને જયેશ ઠાકોર એ બન્ને પોતાની મોટર સાયકલ નં. જી.જે. ૧૨

એ.ડી. ૪૬૦૯ લઈને તમારી દિકરી સાક્ષી પાસે સંસ્કાર કોલેજમાં ગયા હતા અને સાક્ષીને સમજાવેલ હતું કે, હું તને પ્રેમ કરું છું અને તારા વગર રહી શકતો નથી, તું કોલેજમાં બીજા છોકરાઓ સાથે વાત ન કર અને મારો મોબાઈલ નંબર બ્લોકમાંથી કાઢી નાખ અને તું અભ્યાસ છોડીને ગાંધીધામ પાછી આવી જા, સાક્ષીએ તેની વાત ન માનતા મોહિતે તેને પેટમાં છરી મારી દીધી, પછી મોહિત ત્યાંથી ભાગી ગયો હતો, અને જયેશ પાછો ઉભો હતો એને કોલેજમાંથી બહાર લઈ જતો હતો, ત્યારે પાછળથી જયેશે તેની મોટર સાયકલ ઉપર મોહિત, સાક્ષીને ત્રબલ સવારીમાં બેસાડેલ હતી, પાછો વળીને મોહિતે બધું સમજાવેલ હતું, પાછું સાક્ષી ન માનતા, મોહિત સિદ્ધપુરાએ પીઠના ભાગે છરી મારી, ગળાના ભાગે છરી મારી દીધેલી હતી. આ ત્રણે જણા મોટર સાયકલ ઉપરથી પડી ગયેલા હતા. મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો. મોહિતે જયારે સાક્ષીને છરી મારી હતી ત્યારે જયેશને પણ છરી વાગેલી હતી. મોટર સાયકલ જયેશ ચલાવતો હતો તથા વચ્ચમાં સાક્ષી બેઠેલી હતી અને તેની પાછળ મોહિત બેસેલો હતો. ત્યાં ટોળું એકઠું થતાં સાક્ષી અને જયેશને જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા ''.

**(૨૫.૧.૨)** આ જ ફરીયાદી તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, સાક્ષીની હાલત ઓપરેશનમાં વધારે ખરાબ હતી વધારે સારવાર માટે તેઓ મેડીસ્ટાર હોસ્પિટલ, ભુજ લઈ ગયેલા હતા અને ત્યાં સારવાર દરમ્યાન બીજા દિવસે તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સાક્ષીનું મરણ થતાં લાશને અમે પી.એમ. માટે ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. લાશનું પી.એમ. થતાં તેઓ અંતિમવિધિ માટે લાશ ગાંધીધામ લઈ ગયેલા હતા. સાક્ષીની લાશનું પી.એમ. કરવામાં આવ્યું તે પહેલા હોસ્પિટલમાં લાશનું પંચનામું કરવામાં આવેલું હતું. આ બનાવ બાબતે તેઓએ આરોપીઓ વિરુદ્ધ ફરીયાદ આપેલી હતી. આંક:૨૭ વાળી ફરીયાદ ઓળખી બતાવે છે. તેઓએ ફરીયાદ આપેલી ત્યારબાદ પોલીસે આ બનાવના અનુસંધાને તા:૦૩/૦૯/૨૦૨૫ ના રોજ તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું હતું. આરોપી–મોહિત તેઓ રહે છે ત્યાં બાજુમાં જ રહે છે અને આરોપી–જયેશ ઠાકોર મોહિતના ઘરે કયારેક આવતો–જતો હતો તેથી તેઓ

આ બન્ને આરોપીઓને ઓળખે છે. આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૫.૧.૩)** આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્ધારા એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, ફરીયાદવાળો બનાવ બન્યો ત્યારે તેઓ ગાંધીધામમાં હતો. તેમની ઉપર સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ શ્રીનો ફોન આવેલો હતો. આ બનાવ બાબતે સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ શ્રી સિવાય બીજા કોઈનો ફોન આવેલો ન હતો. પ્રિન્સીપાલ સાહેબે એવું જણાવેલું કે, સાક્ષીબેનને કોલેજમાંથી હોસ્પિટલ લઈ ગયેલા છે. પ્રિન્સીપાલ સાહેબે તેઓએ ફરીયાદ લખાવેલી ત્યારે એવું કહેલું કે, અમો હોસ્પિટલ છીએ તમો જનરલ હોસ્પિટલ પહોંચો. નિતીન ઉમરશી ભાનુશાલી તેમના સમાજના અગ્રણી વ્યકિત છે. તેઓએ નિતીન ઉમરશી ભાનુશાલી નાઓને તેમની દિકરી સાક્ષી સાથે થયેલ બનાવ બાબતે હોસ્પિટલ જવા જાણ કરેલી નથી. તેઓ રાતના આશરે સવા આઠેક વાગ્યે જી.કે.જનરલ હોસ્પિટલમાં પહોંચેલા હતા. તેઓ જયારે હોસ્પિટલ પહોંચેલા હતા ત્યારે તેમની દિકરી સાક્ષી હોસ્પિટલમાં ઓપરેશન થિયેટરમાં હતી. પોલીસના માણસો ત્યાં હાજર હતા. તેઓએ ફરીયાદ રાતના સાડા આઠ વાગ્યા પછી આપેલી હશે. ફરીયાદ તેઓ લખાવતા હતા ત્યારે ફરીયાદ લેવાવાળા સાહેબ આશરે ૧૫ થી ૨૦ મીનીટ તેમની પાસે હશે. તેઓએ ફરીયાદ લખાવી ત્યારે તેમના અને પોલીસ સિવાય બીજા કોઈ હાજર ન હતા.

**(૨૫.૧.૪)** આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્ધારા એ હકીકતનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, નિતીનભાઈનો મોબાઈલ નંબર તેમની પાસે ન હતો. આ બનાવ પહેલાં તેમને નિતીનભાઈ સાથે વાતચીતના સંબંધો ન હતા. ફરીયાદની વિગત તેમને કોણે જણાવેલી છે તે વ્યકિતનું નામ તેઓએ ફરીયાદમાં જણાવેલું નથી. વધારાના નિવેદન માટે પોલીસે તેમને બોલાવેલા હતા. તેઓ જાતે પોલીસ પાસે ગયેલા ન હતા. ફરીયાદવાળો બનાવ બન્યો અને તેઓ ઘરે ગયા અને તેમનું વધારાનું નિવેદન લેવામાં આવેલું તે સમયગાળા દરમ્યાન તેમને નિતીનભાઈ સાથે આ બનાવ બાબતે કોઈ વાતચીત થયેલી ન હતી. બનાવ

તેઓએ નજરે જોયેલ ન હોય બનાવ વિશે તેમને જાત માહિતી નથી. આરોપીઓને તેઓ બનાવ પહેલાંથી ઓળખતા હોવાથી આજરોજ ઓળખી બતાવેલા છે.

**(૨૫.૧.૫)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્વારા એ હકીકતનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ પોલીસ રુબરુની ફરીયાદમાં ''અમારા સમાજના આગેવાન નીતિનભાઇએ જાણ કરેલી કે, તમારી દિકરી સાક્ષીને ગળાના ભાગે ગંભીર ઈજા થતાં તેને હોસ્પિટલમાં ઓપરેશન થીયેટરમાં લઇ ગયેલા છે. મને કહેલું હતું કે, મોહિત મુળજી સિદ્ધપુરા અને જયેશ ઠાકોર એ બન્ને પોતાની મોટર સાયકલ નં. જી.જે. ૧૨ એ.ડી. ૪૬૦૯ લઇને તમારી દિકરી સાક્ષી પાસે સંસ્કાર કોલેજમાં ગયા હતા અને સાક્ષીને સમજાવેલ હતું કે, હું તને પ્રેમ કરું છું અને તારા વગર રહી શકતો નથી, તું કોલેજમાં બીજા છોકરાઓ સાથે વાત ન કર અને મારો મોબાઇલ નંબર બ્લોકમાંથી કાઢી નાખ અને તું અભ્યાસ છોડીને ગાંધીધામ પાછી આવી જા, સાક્ષીએ તેની વાત ન માનતા મોહિતે તેને પેટમાં છરી મારી દીધી, પછી મોહિત ત્યાંથી ભાગી ગયો હતો, અને જયેશ પાછો ઉભો હતો એને કોલેજમાંથી બહાર લઇ જતો હતો, ત્યારે પાછળથી જયેશે તેની મોટર સાયકલ ઉપર મોહિત, સાક્ષીને ત્રબલ સવારીમાં બેસાડેલ હતી, પાછો વળીને મોહિતે બધું સમજાવેલ હતું, પાછું સાક્ષી ન માનતા, મોહિત સિધ્ધપુરાએ પીઠના ભાગે છરી મારી, ગળાના ભાગે છરી મારી દીધેલી હતી. આ ત્રણે જણા મોટર સાયકલ ઉપરથી પડી ગયેલા હતા. મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો. મોહિતે જયારે સાક્ષીને છરી મારી હતી ત્યારે જયેશને પણ છરી વાગેલી હતી. મોટર સાયકલ જયેશ ચલાવતો હતો તથા વચ્ચમાં સાક્ષી બેઠેલી હતી.'' એવું લખાવેલ નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૫.૧.૬)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્વારા એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેની દિકરી સાક્ષી સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરતી હતી અને ભાનુશાલી બોર્ડીગમાં રહેતી હતી. તેમની દિકરી સાક્ષી સાથે બીજી દિકરીઓ પણ

ભાનુશાલી બોર્ડીંગમાં રહી અભ્યાસ કરતી હતી. ભાનુશાલી બોર્ડીંગના સંચાલન માટે ગૃહમાતા અને સંચાલક હોય છે. ભાનુશાલી બોર્ડીંગમાં તેમના પત્નીએ તેમની દિકરી સાક્ષીનું એડમીશન કરાવેલું હતું. બોર્ડીંગમાં એડમીશન વખતે માતા–પિતાનું નામ, સરનામું, ફોન નંબર વિગેરે લખાવાનું હોય છે. ફરીયાદવાળા બનાવની જાણ બોર્ડીંગના ગૃહમાતા કે સંચાલક દ્વારા તેમને કરવામાં આવેલ નથી. બનાવની જાણ તેમની દિકરી સાક્ષી સાથે ભણતી બીજી દિકરીઓએ તેમને કરેલી નથી. પ્રિન્સીપાલ સાહેબે તેમને ફોનમાં એવું પણ કહેલું કે, મારી દિકરી સાક્ષીના બનાવ બાબતેની જાણ તેમના તરફથી પોલીસને પણ કરવામાં આવેલી છે. સાક્ષી સાથે તેની કોણ કોણ બહેનપણી હતી તેની તેઓએ કોઇ તપાસ કરેલી નથી.

**(૨૫.૧.૭)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ બનાવવાળી જગ્યા જોવા ગયેલો નથી. તેમને બનાવની જાણ સાડા છ ની આસપાસ થયેલી હતી અને તેઓ હોસ્પિટલમાં સવા આઠ સાડા આઠની આસપાસ પહોંચેલા હતા. તેઓએ સરતપાસમાં જણાવેલા ઇસમો સિવાય બીજા કોઇ ઇસમોને ગાંધીધામથી ભુજ લઇ આવવા પ્રયત્ન કરેલો નથી. ગાંધીધામથી ભુજનું અંતર ૫૫ કિ.મી. જેટલું છે. તેઓ જી.કે.જનરલ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે ભાનુશાલી સમાજના ઘણા બધા આગેવાનો ભેગા થઇ ગયેલા હતા. સાક્ષીબેનની સારવાર હોસ્પિટલના કયા રુમમાં ચાલતી હતી તેની તેમને ખબર ન હતી. તેમની દિકરી સાક્ષીની સાારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે તેવું તેમના સમાજના આગેવાનોએ કહેલું હતું. તેમની દિકરી સાક્ષીને હોસ્પિટલમાં સારવાર માટે કોણ–કોણ લઇ આવેલ છે તે જાણવા પ્રયત્ન કરેલો નથી. તેમની દિકરી સાક્ષી બનાવવાળી જગ્યાએથી હોસ્પિટલમાં આવી તે દરમ્યાન ભાનમાં હતી, બોલતી હતી કે કેમ ? તે જાણવા મેં પ્રયત્ન કરેલો નથી.

**(૨૫.૧.૮)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના વિશેષ નિવેદનમાં ''બાદ સાક્ષીને

જયેશ મોટર સાયકલમાં હોસ્પિટલ લઈ જઈ રહેલ હતો'' તેવું લખાવેલું છે. તેઓએ તેમની પોલીસ રુબરુની ફરીયાદમાં ''તમારી દિકરી સાક્ષીને ઈજાઓ થયેલી છે '' એવું લખાવેલ છે. તેમને જાણવા મળેલ કે, જયેશભાઈ ઠાકોરને ઈજા થયેલી છે અને તે સારવાર હેઠળ છે તેઓએ એવું જાણવા પ્રયત્ન કરેલો નહીં કે, જયેશભાઇને કેવી–કેવી ઈજાઓ થયેલી છે અને કોણે–કોણે ઈજાઓ કરેલી છે. તેઓએ જયેશભાઈની પુછપરછ કરી બનાવ કેવી રીતે બનેલ છે તે જાણવા પ્રયત્ન કરેલ નથી. તેમને નિતીનભાઈની વાત ઉપર ભરોસો હતો. નિતીનભાઈ તથા આરોપી–મોહિતભાઈ તથા જયેશભાઈ વચ્ચે ભુતકાળમાં કોઈ વ્યવહાર – બનાવ – વૈમનસ્ય છે કે કેમ ? તે જાણવા તેઓએ પ્રયત્ન કરેલો નથી. તેઓએ તેમની પોલીસ રુબરુની ફરીયાદમાં ''આ કામના આરોપી મોહિત અમો રહીએ છીએ ત્યાં બાજુમાં જ રહે છે અને આરોપી–જયેશ ઠાકોર મોહિતના ઘરે કયારેક આવતો–જતો હતો. આથી હું આ બંને આરોપીઓને ઓળખું છું'' તેવું લખાવેલ નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬) <u>અન્ય સાહેદોના પુરાવાની ચર્ચા :</u>**

**(૨૬.૧)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨ તરીકે સાહેદ–કિશોરભાઈ પ્રેમજીભાઈ મહેશ્વરી નાઓને આંક:૨૮ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, અંજાર ખાતે જેસલ–તોરલના મંદીરની સામેની બાજુ તેમની છરી–ચપ્પા વેચવાની દુકાન આવેલી છે. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના સમયે તેઓ તેમની દુકાને હાજર હતો ત્યારે બે છોકરાઓ મારી દુકાને ચપ્પુ લેવા આવેલા હતા. તેઓએ ચપ્પુ બતાવેલું હતું. તેઓએ એક ચપ્પુ લાકડા અને સ્ટીલના હાથાવાળું હતું તેની કિંમત રુ.૨૦૦/– કહેલી હતી. આ બન્ને છોકરાઓએ રોકડા તેમને બસ્સો રુપીયા આપેલા હતા અને તેમની પાસેથી તેઓએ આ છરી લીધેલી હતી. આ બન્ને છોકરાઓ પાસે કાળા કલરની હોન્ડા હતી જે લઈને તેઓ ચાલ્યા ગયેલા હતા. આ બન્ને છોકરાઓમાંથી એક છોકરાએ રંગબેરંગી શર્ટ પહેરેલ હતો અને ક્રિમ કલરનું પેન્ટ પહેરેલું હતું. બીજા છોકરાએ બ્લેક કલરનું ટી–શર્ટ અને લેંઘા જેવું બ્લેક કલરનું ટીઝર પહેરેલ હતું. આ બન્ને

છોકરાઓએ તેમની પાસે છરીનું બીલ માંગેલું ન હતું કે તેઓએ આપેલું ન હતું.

**(૨૬.૧.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, બીજા દિવસે ન્યુઝની અંદર તેઓએ જોયેલું અને સાંભળેલું કે બે છોકરાઓ જે તેમની પાસેથી છરી લઇ ગયેલા હતા તેમાં એક જાડા ચશ્મા પહેરેલ છોકરો હતો અને તેની સાથે એક બીજો છોકરો હતો અને તે લોકોએ ભુજમાં સંસ્કાર કોલેજમાં અંદર સાક્ષી નામની છોકરીનું ખુન કરી નાખેલું છે જે છરી તેમની પાસેથી લઇ ગયેલા હતા. આ બનાવ સંબંધે પોલીસ તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ સવારના સમયે પુછપરછ માટે એક છોકરાએ જાડા ચશ્મા પહેરેલ હતા તેને લઇ આવેલા હતા અને પુછેલું હતું કે આ છોકરો તમારા પાસેથી ચપ્પુ લઇ ગયેલો છે તો તેઓએ હા પાડેલી હતી તે બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો હતો.

**(૨૬.૧.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, બાદ તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેમની ઉપર ફોન આવેલો હતો કે, તમારે કોર્ટની અંદર જુબાની આપવાની છે. આથી તેઓ ભુજ ખાતેની કોર્ટમાં આવેલા હતા ત્યાં જજ સાહેબ હતા તે સાહેબે તેમની બનાવ સંબંધે પુછપરછ કરેલી હતી અને તેમનું નિવેદન લીધેલું હતું તેમાં તેઓએ સહી કરી આપેલી હતી. આંક:૨૯ વાળા તેમના કલમ-૧૮૩ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમાં લખેલી હકીકત સાચી છે. તે દિવસે જે બે છોકરાઓ તેમની દુકાને આવેલા અને છરી લઇ ગયેલા હતા તેઓને તેઓ જોયેથી ઓળખી શકે. બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરી જે તેઓએ આરોપીઓને વેચેલી હતી તેને ઓળખી બતાવે છે.

**(૨૬.૧.૩)** આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્ધારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમને પોલીસ દ્ધારા મામલતદારશ્રી સમક્ષ બોલાવી કોઇ વ્યકિતઓની ઓળખ પરેડ કરાવેલી નથી. આ અગાઉ કોર્ટમાં નિવેદન આપવા પોલીસે

તેમને સમન્સ બજાવેલો નથી. તેમને પોલીસનો ફોન આવેલો હતો. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૧.૪)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ છરીનું ઉત્પાદન જાતે કરતા નથી. ઉત્પાદક પાસેથી ખરીદ કરી વેચાણ કરે છે. તેઓ છરી ખરીદવાનું બીલ રાખે છે. તેઓએ જી.એસ.ટી. નંબર મેળવેલ નથી. છરી વેચવાનો તેઓએ પરવાનો મેળવેલ નથી. છરીના ઉત્પાદન કંપનીનો ટ્રેડમાર્ક તેમને ખબર નથી. તેમની દુકાનમાં કેટલો સ્ટોક પડેલો છે તેનું કોઇ રજીસ્ટર રાખતા નથી. રોજેરોજ જે માલ વેચાય તેની પણ કોઇ નોંધ રાખતા નથી. તેમની દુકાન માટે તેઓ કોઇ નોકર રાખતા નથી. દુકાનનો કોઇ હિસાબ રાખતા નથી. તેઓ દુકાનમાં ૧૦-૧૫ છરી વેચાણ માટે રાખે છે. દુકાનમાં રાખેલ માલ ચોરાઈ ન જાય એટલા માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા હતા. સી.સી.ટી.વી. કેમેરો તેઓએ રુ.૨,૫૦૦/- માં ખરીદેલો હતો. મુદ્દામાલ જેવી જ ત્રણ થી ચાર છરીઓ તેમની પાસે તે સમયે સ્ટોકમાં હતી. તેઓએ આ છરીઓ બાર નંગ ખરીદેલી હતી. બાર છરીમાંથી આઠ થી નવ છરી અગાઉ વેચાઇ ગયેલી હતી. તેઓ બીલબુક રાખું છું અને કોઇ બીલ માંગે તો તેઓને બીલ પણ આપે છે.

**(૨૬.૧.૫)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, આ બનાવ બાબતે તેમને જાતે વિચાર આવેલો નહીં કે, તેઓ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ જઇ નિવેદન લખાઇ આવે. પોલીસના કહેવાથી મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા આવેલા હતા. આ બનાવ પહેલા મેજીસ્ટ્રેટ સમક્ષ તેઓએ કોઇ નિવેદન લખાવેલું નથી. તેઓ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન લખાવા ગયા તે પહેલાં પોલીસે તેમનું નિવેદન લઇ લીધેલું હતું. પોલીસે તેમના નિવેદનમાં શું લખેલું છે તેની તેમને ખબર છે. તેઓએ પોલીસ રુબરુ જે નિવેદન આપેલું હતું તે નિવેદન જજ સાહેબ સમક્ષ નિવેદન આપવા ગયેલા હતા તે પહેલાં તેઓએ વાંચેલું હતું. નિવેદનમાં લખાવેલી હકીકત તેમના વિરુદ્ધ કયાંક ઉપયોગ થઇ શકે તેવી માહિતી તેમને મળેલી ન હતી.

કયા કાયદાના પરવ્યુમાં નિવેદન લખવામાં આવે છે તેવું તેમને મેજીસ્ટ્રેટ સાહેબે કે પોલીસે સમજાવેલું ન હતું. તેમની દુકાન ભરચક બજારમાં આવેલી છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

(૨૬.૨) ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૩ તરીકે સાહેદ-ત્રિષ્નાબેન લક્ષ્મણગીરી ગોસ્વામી નાઓને આંક:૩૦ થી*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદવાળા બનાવ સમયે તેઓ સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરતા હતા. આ કામના ગુજરનાર સાક્ષીબેન તેમના જ કલાસમાં અભ્યાસ કરતા હતા અને તેઓ તેણીને ઓળખતા હતા. તેઓ અને સાક્ષીબેન એક જ બસમાં કોલેજમાં જતા હતા. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ રેગ્યુલર ટાઇમે કોલેજ ગયા હતા. સાક્ષી પણ તેમની સાથે જ બસમાં હતી. તેમની કોલેજમાં તે દિવસે ત્રણ લેકચર હતા. ત્રણ લેકચર બાદ પોણા ચારથી સવા ચાર સુધી બ્રેકનો સમય હતો. તેના પછી બે લેકચર ફ્રિ હતા. બીજા દિવસે એકઝામ હોવાથી તેઓ કોલેજના કેમ્પસમાં બેસીને વાંચતા હતા તે સમયે તેમની પાસે બે છોકરાઓ આવેલા હતા તેમાંથી એક છોકરાએ ચશ્મા પહેરેલા હતા, ક્રિમ કલરનું પેન્ટ પહેરેલું હતું, ડિઝાઇનવાળું શર્ટ પહેરેલ હતું. તેની સાથે બીજો છોકરો હતો તેણે બ્લેક કલરનું ટી-શર્ટ અને બ્લેક કલરનું લોઅર પહેરેલું હતું. જે છોકરાએ ચશ્મા પહેરેલા હતા તેણે પોતાના ખીસ્સામાંથી મોબાઇલ ફોન કાઢેલો હતો તેમાં રહેલો તેમના જ કલાસમાંનો ગ્રુપ ફોટો બતાવેલો અને તેમાંથી સાક્ષીના ફોટા ઉપર ઝુમ કરી તેમને પુછેલું કે આને ઓળખો છો. આથી તેઓએ જણાવેલું કે ''હા'' ઓળખું છું મારી કલાસમેન્ટ છે. તેણે તેમને એવું પુછેલું કે, અત્યારે આ કયાં હશે ? તેઓએ કીધું કે અત્યારે લેકચર ફ્રિ છે એટલે કેમ્પસમાં જ કયાંક હશે. પછી એમ જણાવેલું કે, હું એને ગોતી આવ્યો પણ કયાંય મળેલ નથી. તેમને એવું કહેલું કે ફોન કરી અને બહાર બેસવાના બહાને બોલાવ. આથી તેઓએ સાક્ષીને ફોન કરેલો હતો, પરંતુ સાક્ષીએ તેમનો ફોન ઉપાડેલો ન હતો. ચશ્મા પહેરેલા છોકરાએ એવું કહેલું કે, કલાસમાં હોય તો બોલાવી આપોને. પછી તેમને ડર લાગતા તેઓ ત્યાંથી જતા રહ્યા હતા.

**(૨૬.૨.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, આ સાહેદ ત્યાંથી જતા હતા ત્યારે સામેથી સાક્ષી અને તેની સાથે ચૈતાલી એ બન્ને જણા આવેલા હતા. આ ચશ્મા પહેરેલા છોકરાએ આ બન્નેને જોયેલા હતા અને તે પણ સાક્ષી અને ચૈતાલી પાસે ગયેલો હતો. ત્યારબાદ આ છોકરાએ બહુ જ રુડલી એવું કહેલું કે, સાક્ષી આમ હાલતો. જેથી સાક્ષી અને ચૈતાલી બન્ને તે છોકરા સાથે ગયેલા હતા. તેમની કોલેજના કેમ્પસની પાછળ નર્સરી સ્કુલની પાછળ આ લોકો બેઠેલા હતા. સ્કુલની પાછળ આ ચશ્માવાળો છોકરો અને સાક્ષી બેઠેલા હતા. તેઓ વાંચવા માટે ત્યાંથી નીકળી ગયેલા હતા. તેમની કોલેજનો છુટવાનો ટાઇમ ૬:૦૦ વાગ્યાનો છે. તેઓ જવા માટે તેમની બસમાં બેસી ગયેલી હતી. બસ કોલેજની બહાર નીકળેલ ત્યારે આગળ ઘણા બધા લોકો ઉભા હતા. બસના ડ્રાઇવર નીચે ઉતરેલા અને તેમને બસમાંથી નીચે ઉતરવાની ના પાડેલી હતી. ડ્રાઇવર પાછા બસમાં આવેલા ત્યારે એવું કહેલું કે, કોલેજની છોકરીને છરીથી ગળામાં અને પેટમાં મારેલું છે.

**(૨૬.૨.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, બીજા દિવસે સમાચારમાં જોયું ત્યારે ખબર પડેલી કે, કોલેજની છોકરી હતી તે સાક્ષી હતી અને તેને વાગેલું હતું. તેમને જે છોકરાએ સાક્ષીનો ફોટો બતાવેલો તે જ છોકરાએ સાક્ષી મારેલું છે અને તે બન્ને છોકરા સાક્ષીને મારી ભાગી ગયેલા છે તેવું ન્યુઝ પેપર્સમાં લખેલું હતું. સોશીયલ મીડીયમાં જોયું તો તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સાક્ષીનું ડેથ થઇ ગયેલ હતું. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ તેમના પપ્પાના ફોન ઉપર પોલીસનો ફોન આવેલો હતો. આથી તેઓ તેમના પપ્પા સાથે પોલીસ સ્ટેશને ગયેલા હતા ત્યાં પોલીસે આ બનાવ બાબતે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલું હતું. તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેમને જજ સાહેબ સમક્ષ નિવેદન આપવા જણાવવામાં આવેલું હતું તેથી તેઓએ જે ઉપર જણાવેલું છે તે જ રીતે તે સમયે જજ સાહેબને જણાવેલું હતું તે નિવેદન લીધા બાદ જજ સાહેબે તેમની પાસે સહી કરાવેલી હતી. આંક:૩૧ વાળા તેમના કલમ-૧૮૩ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમાં લખેલી હકીકત સાચી છે. જે

તે વખતે બે છોકરાઓ તેમની પાસે કોલેજ કેમ્પસમાં આવેલા હતા તેઓને તેઓ ઓળખી શકું. બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૬.૨.૩)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, કોલેજમાં એડમીશન લીધું તે પહેલાં તેમનો સાક્ષી સાથે કોઇ પરીચય ન હતો. સાક્ષીબેને કોલેજમાં એડમીશન લીધું ત્યારથી આ બનાવ બન્યો ત્યાં સુધી તેમના કલાસમાં હોવાથી મારી તેની સાથે ઓળખાણ હતી. સાક્ષીબેન સાથે તેમની ઘનિષ્ઠ મિત્રતા ન હતી. સાક્ષીબેનની કોની સાથે મિત્રતા છે અને કોની સાથે સંબંધ છે તેની તેમને ખબર ન હતી. સાક્ષીબેન સાથે જે બનાવ બન્યો તે ઈજાનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી આથી સાક્ષીબેનને કોણે, કઇ રીતે ઈજા કરી તેનું તેમને વ્યકિતગત જ્ઞાન નથી. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના ભાગે આશરે સાડા સાત–આઠની વચ્ચે પોલીસ સ્ટેશન તેમના પિતા સાથે ગયેલા હતા અને આશરે પંદરથી વીસ મીનીટ જેટલો સમય રોકાયેલા હતા. તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં ''પછી મને ડર લાગતા હું ત્યાંથી જતી રહી હતી'' તેવું લખાવેલું નથી. તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં જે છોકરાઓ હતા તેના શરીરનો બાંધો, રંગ, ઉંચાઇ જણાવેલ ન હતી. આજના સમયમાં ઘણા બધા વ્યકિતઓ ચશ્મા પહેરતા હોય છે. આરોપીઓની તપાસ કરનાર અમલદારે મામલતદારશ્રી રુબરુ તેમની કોઇ ઓળખ પરેડ કરાવેલી નથી. તેઓ કોર્ટમાં અગીયાર વાગે પછી આવેલા છે.

**(૨૬.૨.૪)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ આવેલ છોકરાને તથા સાક્ષીને વાત કરતા જોયેલા ત્યારે સાક્ષી કમ્ફર્ટ રીતે વાતચીત કરતી હતી. બનાવ બાબતે હકીકત સંદર્ભે તેમના પપ્પાનો નંબર તેમની કોલેજના પ્રિન્સીપાલ સાહેબે આપેલો હતો. તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે તેમના સિવાય બનાવ બાબતના બીજા કોઇ માણસ ન હતા. તેમની કોલેજના કેમ્પસની અંદર સી.સી.ટી.વી. કેમેરા છે. જયારે આ બનાવ બન્યો ત્યારે સી.સી.ટી.વી. કેમેરા ન હતા. બનાવ બન્યા બાદ સીકયુરીટી પર્પઝ માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા છે. સાક્ષી સાથે

બનાવ બન્યા બાદ સાક્ષી સાથે બનેલ બનાવ અંગે તેમને પ્રિન્સીપાલ સાહેબ સાથે કોઇ વાતચીત થયેલ નથી. સાક્ષી સાથે જે બનાવ બનેલ છે તે છોકરાઓ તેમની પાસે આવેલા તેની જાણ પ્રિન્સીપાલને કઇ રીતે થયેલી તે જાણવા તેઓએ કોઇ પ્રયત્ન કરેલો નથી કે પ્રિન્સીપાલ સાહેબે આ બનાવ બાબતે પોલીસને જણાવવા તેમને જણાવેલું નથી.

**(૨૬.૨.૫)** આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્ધારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં તથા જજ સાહેબ સમક્ષ રુબરુના નિવેદનમાં ''અમો એક જ બસમાં કોલેજમાં જતા હતા'' એવું લખાવેલું નથી. તા:૦૯/૦૯/૨૦૨૫ ના રોજ જજ સાહેબ સમક્ષ નિવેદન આપવાનું છે તેની જાણ માટે તેમને ફોન આવેલો હતો. જજ સાહેબ સમક્ષ રુબરુના નિવેદનમાં જે વ્યકિતઓના નામ લખાવેલા છે તે સોશીયલ મીડીયામાં જોયેલ હોઇ લખાવેલ છે. તેઓએ જજ સાહેબ સમક્ષ રુબરુના નિવેદનમાં ''બસ કોલેજની બહાર નીકળી ત્યારે આગળ ઘણા બધા લોકો ઉભા હતા. બસના ડ્રાઇવર નીચે ઉતરેલા અને અમોને બસમાંથી નીચે ઉતરવાની ના પાડેલી હતી. ડ્રાઇવર પાછા બસમાં આવેલા ત્યારે એવું કહેલું કે, કોલેજની છોકરીને છરીથી ગળામાં અને પેટમાં મારેલું છે'' તેવું લખાવેલું નથી. સાક્ષીને કયાં ઈજાઓ થયેલી છે, કેટલી ઈજાઓ થયેલી છે તે વિગતો તેઓએ સોશીયલ મીડીયા મારફતે જાણેલી હતી અને તે મુજબ ઈજાઓ બાબતે કોર્ટમાં જણાવે છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૨.૬)** આરોપી નં.૨ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્ધારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, સંસ્કાર કોલેજના કેમ્પસમાં નર્સરીથી માંડી જુદી-જુદી ફેકલ્ટીઓની કોલેજો આવેલી છે. સંસ્કાર કોલેજના સંકુલમાં પ્રવેશવા માટેના બે દરવાજા આવેલા છે તેમાં શરૂઆતમાં પહેલો અને તેના પછી બીજો ગેટ આવેલ છે. બીજા ગેટની અંદર સંકુલમાં પ્રવેશતા આશરે દશ ફુટના અંતરે નર્સરી આવે, ત્યારબાદ નર્સરીને અડીને ફાઉન્ટેન આવે, તેના પછી ડાબી બાજુ સ્પોર્ટસ એરીયા આવે, તેની બાજુમાં કેન્ટીન આવે, ફાઉન્ટેનની સામે કોલેજનું મેઇન

બિલ્ડીંગ આવે છે. બીજા ગેટમાં પ્રવેશતા ડાબી બાજુએ ચોકીદારને રહેવા માટે ઓરડી આવેલી છે. બીજા નંબરના ગેટથી ફાઉન્ટનનો એરીયા આશરે સો–સવાસો ફુટ અંતરે આવેલું છે. બીજા ગેટથી ફાઉન્ટન આશરે ૪૫ થી ૫૦ ડગલાના અંતરે આવેલું છે. ફાઉન્ટન વાળો એરીયા એ સંકુલની મુખ્ય ભાગ ગણાય છે તેની આજુબાજુ બીજી ફેકલ્ટીઓ આવેલી છે, જેથી ત્યાં વધારે વ્યકિતઓ જોવા મળે છે. ફાઉન્ટન એરીયામાં સવારના ૭:૦૦ વાગ્યાથી જુદા–જુદા વ્યક્તિઓની અવર–જવર ચાલુ થાય તે સાંજના સાત વાગ્યા સુધી સતત ચાલુ રહે છે. નર્સરીમાં આવતી–જતી બસો એક નંબરના ગેટથી આવે છે. ગેટ નંબર એકની આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે. તેઓએ સરતપાસમાં ગેટ પાસે બસ ઉભી રહેવાની અને ડ્રાઈવર ઉતરેલાની જે વાત કહેલી છે એક નંબરના ગેટની વાત છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૬.૩) ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૪ તરીકે સાહેદ–ચૈતાલીબેન અમૃતભાઈ રામજીભાઈ મિસ્ત્રી નાઓને આંક:૩૨ થી*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ સંસ્કાર કોલેજ, ભુજમાં અભ્યાસ કરે છે. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ સમયસર કોલેજમાં પહોંચી ગયા હતા. સાક્ષી પણ સમયસર પહોંચી ગઈ હતી તે દરમ્યાન સાક્ષી બપોરના પોણા એક વાગ્યાના સમયે કોઈ જયેશ નામના છોકરા સાથે મોબાઈલ ફોનથી વાત કરતી હતી. સાક્ષીએ ફોન કટ કર્યો ત્યારે તેઓએ સાક્ષીના ફોનમાં નામ જોયેલું જયેશ હતું. જેથી તેઓએ સાક્ષીને પુછેલ કે, કોણ છે ? સાક્ષીએ જણાવેલ કે, મારી પર્સનલ મેટર છે તું આમાં ન પડ. ત્યારપછી એકથી પોણા ચાર વાગ્યા સુધી તેઓએ રેગ્યુલર લેકચર અટેન્ડ કરેલા હતા. પોણા ચારથી સવા ચાર વાગ્યાનો બ્રેક પડેલો હતો ત્યારે સાક્ષીએ તેમની જોડે નાસ્તો કરેલો ન હતો અને તેણી કોઈની સાથે ફોન પર વાત કરતી હતી ત્યારે તેઓએ બધાએ પુછેલું કે, કોણ છે ? સાક્ષી જણાવેલુ કે, મમ્મી છે. સવા ચારે બ્રેક પત્યા બાદ અમારા બે લેકચર ફ્રિ હોઈ તેઓ તથા સાક્ષી અને બીજા બે–ટીશા અને મહેક લાયબ્રેરીમાં ગયેલા હતા. કારણ કે, બીજા દિવસે એકઝામ હતી. તેઓ લાયબ્રેરીમાંથી બુક લઈને

વાંચવા બેઠેલા હતા. થોડીવાર રહી તેમને વોશરૂમ જવાનું થયેલું ત્યારે સાક્ષી પણ તેમની સાથે આવેલી હતી તે દરમ્યાન સાક્ષીએ તેમને કહેલ કે, મોહિત સિદ્ધપુરા કરીને એક છોકરો છે તેની સાથે તેઓ બે વર્ષથી અફેરમાં હતી, આજે મેં તેને બ્લોક કરી નાખ્યો છે અને મેસેજ કે ફોન કરવાની ના પાડેલી છે અને તેઓએ તેમના મમ્મીને પણ જાણ કરી દીધેલી છે. આ બધું કહ્યું તે પહેલા સાક્ષી ગભરાયેલી હતી અને થોડી ડરેલી હતી, સાક્ષીને ભણવામાં મન પણ લાગતું ન હતું.

**(૨૬.૩.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ઉપરોકત વાત કરીને તેઓ કેમ્પસમાં પહોંચ્યા ત્યારે સામેથી બે છોકરાઓ આવતા હતા તેમાંથી એક છોકરાએ ચશ્મા પહેરેલ હતા અને શરીરે મજબુત બાંધાનો હતો, શરીરે ક્રિમ કલરનું પેન્ટ અને ડિઝાઇનવાળો શર્ટ પહેરેલ હતો, અને બીજાએ બ્લેક કલરનો શર્ટ અને લોઅર પહેરેલ હતું ત્યારે સાક્ષીએ તેમને જણાવેલું કે, ચશ્માવાળો જે છે તે મોહિત સિદ્ધપુરા છે, લાગે છે તે મને મળવા આવેલો છે. આ લોકો તેમની સામે આવતા હતા. ચશ્માવાળા છોકરાએ સાક્ષીને રુડલી કહેલ કે, ચાલ મારે તારી સાથે વાત કરવી છે. ત્યારપછી તેઓ, સાક્ષી, ચશ્માવાળો છોકરો તથા તેની સાથે આવેલ બીજો છોકરો એમ ચારેય જણા તેમના કેમ્પસમાં આવેલ સંસ્કાર નર્સરી સ્કુલની પાછળ વાત કરવા ગયેલા હતા તે સમયે ચશ્માવાળો છોકરો મોહિત અને સાક્ષી બન્ને વાતો કરતા હતા. તેઓ તેમનાથી થોડે દુર હતા. બીજા દિવસે એકઝામ હોવાથી તેઓ તેમનું વાંચતા હતા. મોહિત સાથે બીજો છોકરો આવેલો હતો તે પણ તેમનાથી થોડે દુર હતો તે લોકો જે વાત કરતા હતા તે તેમને સંભળાતું ન હતું. દશ-પંદર મીનીટ રહી સાક્ષી તેમની પાસે આવેલ અને કહેલ કે, હું મોહિત અને જયેશ સાથે થોડીવાર બહાર જાઉ છું અને થોડીવારમાં પાછી આવું છું. તેઓએ કહેલું કે, જલ્દી આવ જે છુટી પડવાનો સમય છે એમ કહી તેઓ અંદર ગયેલા અને સાક્ષી તથા મોહિત તથા તેની સાથે આવેલ છોકરો ત્યાંથી જતા રહેલા હતા.

**(૨૬.૩.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યારબાદ છ વાગ્યાનો સમય થતાં છુટી પડી ગયેલી અને

તેમની બસ ઉપડવાનો ટાઇમ થઇ ગયેલો. સાક્ષી દેખાયેલી નહીં જેથી તેઓએ તેણીને કોલ કરેલો હતો. તેણીએ તેમનો કોલ રીસીવ કરેલો ન હતો તેથી તેઓએ ટીશાને કહેલું હતું. તેઓ બસમાં બેસી ગયેલા હતા. તેમની બસ ઘરે જવા નીકળેલી હતી ત્યારે બહાર ઘણા બધા માણસો ઉભેલા હતા. તેમના બસના ડ્રાઇવરે તેમને બસમાંથી નીચે ઉતરવાની ના પાડેલી હતી. થોડીવાર રહીને બસના ડ્રાઇવર આવેલા અને તેમને કીધેલું કે, કોઇ સાક્ષી નામની છોકરી છે તેણીને કોઇ છોકરાએ છરીથી શરીર ઉપર ઘા પહોચાડેલા છે. ત્યારપછી તેમને ખબર પડેલી કે, સાક્ષી છે તે તેમના કલાસવાળી તેમની સાથે બીસીએમાં ભણતી હતી તે છે. તેમને વોટસએપ ગ્રુપમાંથી આ વાતની જાણ થયેલી હતી. તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેમને ખબર પડેલી. સવારના ભાગે તેમને ખબર પડેલી કે, જે ચશ્માવાળો મોહિત હતો તેણે જ સાક્ષીને મારેલું છે અને મોહિત સાથે જે છોકરો આવેલો હતો તેણે તેમાં મદદ કરેલી છે. સાક્ષીને ગળાના ભાગે મારેલું હતું, સાક્ષીની સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ થયેલું હતું. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ પોલીસે આ બનાવ સંબંધે તેમને બોલાવી તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું હતું.

**(૨૬.૩.૩)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેમને જજ સાહેબ સમક્ષ નિવેદન આપવા જણાવવામાં આવેલું હતું તેથી તેઓએ જે ઉપર જણાવેલું છે તે જ રીતે તે સમયે જજ સાહેબને જણાવેલું હતું તે નિવેદન લીધા બાદ જજ સાહેબે મારી પાસે સહી કરાવેલી હતી. આંક:૩૩ વાળા તેમના કલમ-૧૮૩ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમાં લખેલી હકીકત સાચી છે. બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૬.૩.૪)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ કોલેજમાં એડમીશન લીધું તે પહેલા તેમને સાક્ષી સાથે કોઇ પરીચય ન હતો. તેમને સાક્ષી સાથે ઘનિષ્ઠ રીલેશન ન હતા, કલાસમેટ તરીકેના રીલેશન હતા. માત્ર કોલેજમાં આવીએ અને વાતચીત થાય અને મળીએ એટલો પરીચય હતો. કોલેજમાં તેમને સાક્ષી સાથે ભણવાની અને જુદા-જુદા

વિષયો બાબતે વાતચીત થતી હતી. કોઈની અંગત બાબતો અંગે વાતોચીતો થતી ન હતી. સોશીયલ મીડીયામાં તેઓએ જોયું તે પહેલા સાક્ષી કોઈની ગર્લફ્રેન્ડ છે તે બાબતે તેમને જાણ ન હતી. સાક્ષી સાથે શું બનાવ હતો, તેણીને કયાં ઈજા થયેલી છે તે તેઓએ સોશીયલ મીડીયા મારફત જાણેલું હતું. સોશીયલ મીડીયામાં બનાવ વિશે તેઓએ જોયું તે પહેલા તેમને બનાવ બાબતે કોઈ જાત માહિતી ન હતી. તેઓ તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશન ગયા તે પહેલા સોશીયલ મીડીયા મારફતે તેમને આ બનાવ બાબતની તમામ માહિતી હતી.

**(૨૬.૩.૫)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ તા:૦૧/૦૯/૨૦૨૮ ના રોજ બાર વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશને ગયેલા હતા. તેમના પપ્પા પર ફોન આવેલો. પોલીસે કઈ માહિતીના આધારે તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ છે તેની જાણ તેમને ન હતી. કોલેજ કેમ્પસમાં થયેલ ઝઘડામાં ઈજાઓ થયેલી છે તેવું જાણવા મળેલું હતું. તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં સાક્ષીને મળવા આવનાર છોકરા બાબતે જે સરતપાસમાં જણાવેલ છે તેની ઉંમર, શારીરીક બાંધાનું વર્ણન જણાવેલ નથી. મામલતદાર રુબરુ આરોપીની કોઈ ઓળખ પરેડ તેમની રુબરુ કરાવેલ નથી.

**(૨૬.૩.૬)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, જે તે સમયે સાક્ષીબેન અને જે બે છોકરાઓ આવેલા હતા તે પૈકીનો એક છોકરો અને સાક્ષી વાતચીત કરતા હતા તે નોર્મલ રીતે વાતચીત કરતા હતા. તેઓ બધા સાથે ત્યાંથી પોતપોતાની રીતે ચાલ્યા ગયેલા હતા. જયાં સુધી તેઓ હાજર હતા ત્યાં સુધી કોઈ બોલાચાલીનો બનાવ તે છોકરા અને સાક્ષીબેન વચ્ચે બનેલો ન હતો. સાક્ષીબેન સાથે તેમને તેમના અંગત જીવત બાબતે કયારેય વાતચીત થયેલ નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૬.૪) ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૫ તરીકે સાહેદ–તિષાબેન પ્રકાશભાઈ શંકરલાલ ભાનુશાલી નાઓને આંક:૩૪ થી*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના તેઓ અને સાક્ષી અમારી હોસ્ટેલમાંથી કોલેજની બસમાં સાથે જ કોલેજ ગયા હતા. તેમના ત્રણ લેકચર હતા તે સાથે જ અટેન્ડ કર્યા હતા. બીજા બે લેકચર તેમના ફ્રિ હતા તેમજ આગલા દિવસે એકઝામ હતી તેથી લાયબ્રેરીમાં વાંચન કરવા ગયા હતા ત્યાં થોડીવાર વાંચન કર્યા પછી સાક્ષી અને ચૈતાલી વોશરૂમ માટે ગયેલા હતા ત્યારે સાક્ષી અને ચૈતાલીની વાતચીત સાંભળેલી કે જયેશ નામનો છોકરો સાક્ષીને હેરાન–પરેશાન કરે છે અને મોહિત નામના છોકરાને સાક્ષીએ બ્લોક કરી દીધેલો છે. એટલે મોહિતે જયેશના ફોન ઉપરથી ફોન કરી સાક્ષીને ધમકી આપે છે અને બ્લેકમેઇલ કરે છે, અને કહે છે કે, ભણવા માટે ગાંધીધામ પાછી આવી જા આવી બધી વાતચીત તઓએ ચૈતાલી અને સાક્ષીબેન વચ્ચે થતી હતી.

(૨૬.૪.૧) આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યારબાદ તેઓ અને સાક્ષી અલગ થઇ ગયા હતા. સાક્ષી અને ચૈતાલી પ્લે ગ્રાઉન્ડમાં વાંચવા ગયેલા હતા. તેઓ અને તેમની ફ્રેન્ડ મહેક લાયબ્રેરીમાં વાંચતા હતા. તેમની અમારી બસ ઉપડવાનો સમય ૬:૦૦ વાગ્યાની આસપાસ થયેલો હતો તેથી તેઓએ સાક્ષીને ફોન કરેલો. એકવાર સરખો અવાજ ન આવતા કોલ કટ થઇ ગયો હતો તેથી બીજી વખત ફોન કરેલો ત્યારે ફોન ઉપર કોઇ છોકરાનો અવાજ આવેલો, છોકરાએ પોતાનું નામ જયેશ ઠાકોર જણાવેલું. જેથી તેઓએ તેને સાક્ષીની પુછા કરેલી હતી ત્યારે તેણે તેમને કીધેલું કે, સાક્ષીને મોહિત સિદ્ધપુરા નામનો છોકરો છરી મારીને ભાગી ગયેલો છે. તેઓએ પુછેલું કે, કઇ જગ્યાએ ? તો તેણે કીધેલું કે, સંસ્કાર કોલેજની બહાર ત્યારે ફોન ઉપર સાક્ષીનો રડવાનો અવાજ પણ આવતો હતો એટલે તેઓ તરત દોડીને તે જગ્યાએ પહોંચેલા ત્યાં એક મોટર સાયકલ પડી હતી અને બાજુમાં સાક્ષી લોહીલુહાણ હાલતમાં તરફડીયા ખાઇ રહેલી હતી તેમજ સાક્ષીના ગળાના ભાગ ઉપર તેમજ પેટના ભાગે છરીના ઘા હતા. બાજુમાં કાળા કલરના કપડાવાળો છોકરો ઉભો હતો જેણે તેમને કીધું

કે, હું જયેશ ઠાકોર છું અને મોહિત સિદ્ધપુરા સાક્ષીબેનને છરી મારીને ભાગી ગયેલો છે ત્યાં તેઓએ થોડે દુર છરી જોયેલ હતી. આ છરી લોહીવાળી હતી. તેઓએ ત્યાં એક છોકરાને ભાગતા જોયો હતો જેણે ક્રિમ કલરની પેન્ટ તથા ડીઝાઇનવાળો શર્ટ પહેરેલો હતો પછી તેઓ એક અજાણ્યા વાહનમાં તમની સાથે એક અજાણ્યા બહેન સાક્ષીબેનને ગાડીમાં બેસાડી સાક્ષીબેનનું માથું તે બેનના ખોળામાં અને સાક્ષીબેનના પગ તેમના ખોળામાં રાખી તઓએ તેમનું નામ પુછતાં તેણીએ તેમનું નામ મીનાબેન ગોસ્વામી તથા તેઓએ ડ્રાઇવરનું નામ પુછતા તેમણે પોતાનું નામ ભાવેશ ડોડીયા જણાવેલ હતું.

**(૨૬.૪.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યારબાદ તેઓ સાક્ષીને જી.કે.જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા ત્યાં સાક્ષીને ઓપરેશન રૂમમાં લઈ ગયેલા હતા. પાછળથી જયેશ ઠાકોર પણ જી.કે.જનરલ હોસ્પિટલમાં સારવાર માટે આવેલો હતો. પછી તેમની સાથે અજાણ્યા બહેન મીનાબેન ગોસ્વામી આવેલ હતા તેમણે તેમને ઘટના વિશે પુછ્યું ત્યારે તેઓએ મીનાબેનને ઘટના વિશે જણાવેલ હતું. ત્યારપછી જયેશ ઠાકોરની પ્રાથમિક સારવાર થતાં જયેશને ઘટના વિશે પુછતા જયેશે તેમની તથા સ્ટાફ તથા તેમના સમાજના માણસોની સામે જણાવેલું કે, મોહિતે મને ફોન કરેલો કે સાક્ષીએ મને બ્લોક કરી દીધેલ છે અને મારાથી વાત નથી કરતી, તેથી મારા ભેગો સાક્ષીને મળવા ભુજ સંસ્કાર કોલેજમાં હાલ, જેથી હું અને મોહિત એક મોટર સાયકલ ઉપર ગાંધીધામથી ભુજ સંસ્કાર કોલેજમાં મળવા આવેલા હતા, ત્યારે સાક્ષી અને મોહિતે થોડીકવાર વાતચીત કરેલી, ત્યારે મોહિતે સાક્ષીને પેટના ભાગે છરી વડે હુમલો કર્યો, ત્યારે સાક્ષી મારા પાસે આવી અને હું અને સાક્ષી મોટર સાયકલ ઉપર જતા હતા ત્યારે રસ્તામાં મોહિત મળ્યો અને વળી મોહિતને પાછળ બેસાડી દીધો ત્યારે મોહિતે સાક્ષીને ગળાના ભાગે છરી વડે હુમલો કર્યો, પછી ત્રણા જણા પડી ગયા, આટલી વાત તેઓ બધાને જયેશે કરેલી હતી.

**(૨૬.૪.3)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, બીજા દિવસે તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેમને જાણ

થયેલી કે, સાક્ષીના પડોશમાં રહેતો મોહિત સિદ્ધપુરા તેમજ મોહિતનો મિત્ર જયેશ ઠાકોર કોલેજમા આવી છરી વડે હુમલો કરવાથી સાક્ષીને પેટ તથા ગળાના ભાગે ઈજાઓ થવાથી સાક્ષીનું મૃત્યું થયેલું છે. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ તેમની હોસ્ટેલની વોર્ડન ઉપર પોલીસનો ફોન આવેલો હતો તેથી તેઓ તથા વોર્ડન પોલીસ સ્ટેશને ગયેલા હતા ત્યાં પોલીસે આ બનાવ બાબતે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલું હતું. બાદ તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેમને જજ સાહેબ સમક્ષ નિવેદન આપવા જણાવવામાં આવેલું હતું તથી તેઓએ જે ઉપર જણાવેલું છે તે જ રીતે તે સમયે જજ સાહેબને જણાવેલું હતું તે નિવેદન લીધા બાદ જજ સાહેબે તેમની પાસે સહી કરાવેલી હતી. આંક:૩૫ વાળા તેમના કલમ–૧૮૩ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમાં લખેલી હકીકત સાચી છે. બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૬.૪.૪)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, સાક્ષીબેનને જે ઈજાઓ થયેલી છે તે ઈજાઓવાળો બનાવ તેઓએ નજરે જોયેલો નથી. જે તે દિવસે સવારથી લઈ સાંજના ૪:૧૫ વાગ્યા સુધી તેઓ અને સાક્ષીબેન સાથે હતા. સવા ચાર વાગ્યા બાદ તેઓ અને સાક્ષીબેન અલગ થઈ ગયેલા હતા. બપોરના એક વાગ્યાથી પોણા ચાર વાગ્યા સુધી કોલેજમાં લેકચર અટેન્ડ કરેલા હતા. સવા ચાર વાગ્યાથી તેઓ હોસ્ટેલ જવા સાંજના ૬:૦૦ વાગ્યે નીકળ્યા ત્યાં સુધી તેમની હાજરીમાં સાક્ષીબેનને મળવા કોઈ વ્યકિત આવેલ નથી. તેઓ સાક્ષીબેનને બનાવ બન્યો તેના દશ વર્ષ પહેલાથી ઓળખે છે. આ દશ વર્ષના સમયગાળા દરમ્યાન સાક્ષીને કોઈ છોકરો મળવા આવતો હોય તેવું તેઓએ જોયેલું નથી. આ સમયગાળા દરમ્યાન સાક્ષીએ પણ તેમને તેણીને કોઈ છોકરા સાથે મિત્રતા છે કે તેનો કોઈ બોયફ્રેન્ડ છે કે તેને કોઈની સાથે પ્રેમ સંબંધ છે તેવી વાતચીત કરેલી નથી. તેઓએ સાક્ષીને ઈજા પામેલી હાલતમાં જોયેલ ત્યાં સુધી સાક્ષીને કોઈ બોયફ્રેન્ડ છે કે તેણીને કોઈની સાથે મિત્રતા છે કે પ્રેમસંબંધ છે તેવી માહિતી તેમની પાસે ન હતી.

**(૨૬.૪.૫)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ સાક્ષીને તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ૬:૦૦ વાગ્યે પ્રથમ ફોન કરેલો હતો. બીજી વખત ફોન તરત જ કરેલો હતો તે વખતે તેઓ સંસ્કાર કોલેજના કેમ્પસમાં બસમાં હતા. આ બસ કેમ્પસની થોડેક બહાર હતી. તેમની બસ અને સાક્ષી જયાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલી હતી તેની વચ્ચે ખુલ્લી જગ્યા હતી. તેમની બસ જયાં ઉભી હતી ત્યાંથી સાક્ષી જયાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હતી તે જગ્યા થોડી-થોડી દેખાય તેવી હતી. સંસ્કાર કોલેજ કેમ્પસ અને બહાર રોડની વચ્ચે દિવાલ અને ગેટ આવેલ છે. પહેલા સંસ્કાર કોલેજનો ગેટ આવે, પછી થોડી જગ્યા આવે અને તેના પછી રોડ આવે છે. ખુલ્લી જગ્યા એટલે કેમ્પસ અને રોડની વચ્ચે આવેલ કાચો રસ્તો છે. કેમ્પસમાં બહારના ગેટ અને અંદરના ગેટ વચ્ચે થોડું અંતર આવેલું છે. તેઓએ ફોન કર્યો તેના કેટલા સમય પહેલા સાક્ષી સાથે બનાવ બની ગયેલો હતો તે તેઓ કહી શકે નહીં. તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં કે જજ સાહેબ સમક્ષ રુબરુના નિવેદનમાં કોઇ વ્યકિતને ભાગતો જોયેલો તેનો ચહેરો તેઓએ જોયેલો હતો તેઓ તેને જોયેથી ઓળખે છે તેવું લખાવ્યું નથી. સાક્ષીબેનને જે ઈજાઓ થયેલી તે તેઓ જાણતા હતા તેની હકીકત તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં લખાવેલી હતી. સાક્ષીબેનને ઈજા થતાં તેઓએ નજરોનજર જોયેલ નથી. તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં ''મેં ડ્રાઈવરનું નામ પુછતા તેમણે પોતાનું નામ ભાવેશ ડોડીયા જણાવેલ હતું'' તેવું લખાવેલું નથી. તેઓ હોસ્પિટલ પહોંચ્યા તે સમયે હોસ્પિટલમાં તેમની કોલેજના પ્રિન્સીપાલ, પ્રોફેસર, ટીચર ન હતા. તેઓ હોસ્પિટલમાં રોકાયેલા ત્યાં સુધી તેઓએ તેમની કોલેજના પ્રિન્સીપાલ, પ્રોફેસર, ટીચર જોયેલા ન હતા. તેઓ હોસ્પિટલ રોકાયા ત સમયગાળા દરમ્યાન સાક્ષીના માતા-પિતાને હોસ્પિટલમાં જોયેલા ન હતા. જે તે સમયે હોસ્પિટલમાં પોલીસના માણસો આવી ગયેલા હતા.

**(૨૬.૪.૬)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે

કે, તેઓ જયાં સુધી હોસ્પિટલમાં રહ્યા ત્યાં સુધી સાક્ષીબેનની સારવાર ચાલતી હતી. તેઓ તથા વોર્ડન અને બીજા બહાર બેઠેલા હતા. ત્યારબાદ જી.કે.જનરલ હોસ્પિટલ, ભુજમાં આ બનાવ સંબંધે આવવાનો પ્રસંગ થયેલો નથી. જયેશ ઠાકોરને સારવાર માટે તેઓ લઈ આવેલા ન હતા. તેમની ગાડીમાં પણ જયેશ ઠાકોરને સારવાર માટે લઈ આવેલા ન હતા. જયેશ ઠાકોરને સારવાર માટે કયારે અને કેટલા વાગે હોસ્પિટલમાં લઈ આવેલા તેની તેમને ખબર નથી. જયેશ ઠાકોરની સારવાર કોણે કરેલી, કયા ડોકટરે કરેલી, કયા રુમમાં કરેલી તેની તેમને ખબર નથી. તેઓ જે તે સમયે હોસ્પિટલમાં જયેશ ઠાકોરને જોવા પણ ગયેલા નથી. જયેશને હોસ્પિટલમાં કેટલા દિવસ માટે સારવારમાં રાખવામાં આવેલ તેની તેમને માહિતી નથી. તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં ''ત્યાં મેં થોડે દુર છરી જોયેલ હતી. આ છરી લોહીવાળી હતી'' તેવું લખાવેલ નથી. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના અઢી વાગ્યાની આસપાસ નિવેદન લખાવવા પોલીસ સ્ટેશન ગયેલા હતા. સાક્ષીબેન ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હતા ત્યાંથી ઘાટી બાવળની ઝાડીમાં દશ-પંદર સેકંડમાં પહોંચી જાય તો ઓળખી શકાય નહીં. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૪.૭)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તઓએ તેમના જજ સાહેબ રુબરુના નિવેદનમાં ....બનાવના દિવસે સાંજના સમયે સાડા ચારની આજુબાજુ અમો બધા કોલેજમાં જ હતા ત્યારે સાક્ષીને ચૈતાલી સાથે તેવી વાત કરતા મેં સાંભળેલ કે, જયેશ નામનો છોકરો તેમને હેરાન-પરેશાન કરે છે તેવું લખાવેલું છે, તેવી વિગત તેઓઅ પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી. તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં ''એક કાળા કલરના કપડાવાળો છોકરો પણ લોહી-લુહાણ હાલતમાં ઉભેલો હતો.'' તેવું લખાવેલું છે. આરોપી જયેશ ઠાકોર સાક્ષીબેનને ઈજા પામેલી હાલતમાં હોસ્પિટલમાં પોતાની મોટર સાયકલ ઉપર સારવાર માટે લઈ જઈ રહેલ હતો તેવી હકીકત તેમને જાણવા મળેલી હતી. આ બનાવમાં જયેશ ઠાકોરને ઈજા થયેલાની હકીકત તેમને જાણવા મળેલી હતી. આ સિવાયની

અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૫)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૬ તરીકે સાહેદ–સલીમ લતીફ મોગલ નાઓને આંક:૩૬ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ચારેક મહીના પહેલાં તેઓ તેમની રીક્ષા લઇને નીલકંઠ ભવનથી એસ.ટી. બસ સ્ટેશન તરફ સાંજના ૭:૦૦ વાગ્યાના સુમારે જતા હતા તે સમયે નીલકંઠ ભવન પાસે એક છોકરાએ તેમને હાથ કરતાં તેઓએ રીક્ષા ઉભી રાખેલી તે છોકરાએ કીધું કે, મીરજાપર જાઉં છું તે છોકરાને તેઓએ જોયેલો હતો તેણે ચશ્મા પહેરેલા હતા, અલગ–અલગ ડિઝાઇનવાળો શર્ટ પહેરેલો હતો. તેઓએ જણાવેલું કે, હું વર્ધીમાં જાઉં છું, મીરજાપર જવાની ના પાડેલી હતી, તે છોકરાએ તેમને કહેલું કે, હું તમને રુ.૨૦૦/– ભાડું આપીશ તમે મને મીરજાપર મુકી આવો. આથી તેઓએ તે છોકરાને તેમની રીક્ષામાં બેસાડી મીરજાપર ગામની અંદર કાચવાળી દુકાન પાસે ઉતારેલો હતો તેણે તેમને રુ.૨૦૦/– ભાડું આપેલું હતું ત્યારે તેઓએ તેના હાથમાંથી લોહી નીકળતું હતું તે જોયેલું હતું. તેઓએ તેને પુછેલું કે, શું થયું છે ? તેણે કહ્યું હતું કે, કામ કરતા લાગી ગયું છે તે છોકરાને તેઓ ત્યાં ઉતારી તેમની રીક્ષા લઇને ચાલી ગયેલા હતા. તેમને બીજા દિવસે સમાચારમાં અને ફોનમાંથી છોકરાનો ફોટો જોયેલો ત્યારે ખબર પડેલી કે, કાલે સંસ્કાર કોલેજ સામે આ છોકરો એક સાક્ષી નામની છોકરીને છરી મારી ભાગી ગયેલો હતો તે જ છોકરો છે જે તેમની રીક્ષામાં બેઠેલો હતો. બનાવ સંબંધે ત્રીજા દિવસે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો હતો. તેઓએ જે છોકરાને નીલકંઠ ભવન પાસેથી રીક્ષામાં બેસાડી મીરજાપર છોડેલો હતો તે છોકરાને જોયેથી ઓળખી શકું તેમ જણાવી આરોપી નં.૧ ને ઓળખી બતાવે છે.

**(૨૬.૫.૧)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, પોલીસ દ્વારા મામલતદાર સાહેબ રુબરુ તેમની કોઈ ઓળખ પરેડ આરોપીની કરાવેલી નથી. તેમની રીક્ષામાં લોહી પડેલું હોય અને પોલીસે તેમની રીક્ષા કબજે કરેલ હોય કે તેમની રીક્ષામાંથી પોલીસના માણસોએ

નમુના મેળવેલા હોય તેવું બનેલું નથી. તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં '' કાચવાળી દુકાન '' એવા શબ્દો લખાવેલા નથી. તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના આઠ સાડા આઠ વાગ્યે પોલીસ સ્ટેશનમાં ગયેલા હતા. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૬)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૭ તરીકે સાહેદ-નિરવ જગદીશભાઇ પરમાર નાઓને આંક:૩૭ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ તેમની દુકાનના નિયમિત સમય મુજબ દુકાન ઉપર હતા ત્યારે સાંજના સાતેક વાગ્યે એક ચશ્માવાળા ભાઈ આવેલા હતા. તેમણે પ્રિન્ટેડ ટી-શર્ટ અને ક્રિમ કલરનું પેન્ટ પેહેરેલ હતું. તેણે તેમને આવીને એક પેન્ટ અને ટી-શર્ટની જોડી બતાવવાનું કહેલું હતું. તે ભાઇએ જે કપડા પહેરેલા હતા તેમણે પહેરેલ પેન્ટ ઉપર લોહી લાગેલું હતું. તેઓએ તે ભાઇને પુછેલું તો તેમણે અકસ્માત થયેલાનું જણાવેલું હતું. તેઓએ તે ભાઇને બ્લુ કલરનું પેન્ટ અને બ્લેક કલરનું ટી-શર્ટ આપેલું હતું. આ ભાઈ દુકાનના ટ્રાયલ રૂમમાં તેણે પહેરેલા જુના કપડા ઉતારેલા અને તેઓએ આપેલા નવા કપડા તેણે પહેરેલા હતા. જુના કપડા માટે તેઓએ તે ભાઇને વ્હાઇટ કલરની પ્લાસ્ટીકની દુકાનમાંથી બેગ આપેલી હતી તે ભાઇએ લીધેલ કપડા રુ.૮૦૦/- તેમને રોકડા આપેલા હતા તે ભાઈ કોઈકને ફોન કરતા હતા. થોડીવારમાં એક બહેન આવેલા હતા તેમની સાથે તે ભાઇ ચાલ્યા ગયેલા હતા. તેમને બીજા દિવસે સોશીયલ મીડીયા અને ન્યુઝમાં ખબર પડેલી કે, આ ચશ્માવાળા ભાઈ કાલે આવેલા હતા તે સંસ્કાર કોલેજ પાસે એક સાક્ષી નામની છોકરીનું છરીથી ઈજા કરીને તેણીનું ખુન કરીને આવેલા હતા.

**(૨૬.૬.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તેઓએ તેમની દુકાનની સીકયુરીટી માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા છે. તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના પોલીસ તેમની દુકાને તેમની પુછપરછ કરવા આવેલી હતી. પોલીસે તેમની પુછપરછ કરેલી હતી અને તેમની દુકાનના સી.સી.ટી.વી. ફુટેજ પોલીસને બતાવેલા હતા.

રાત્રીના નવ વાગે પોલીસના માણસ આવેલા અને તેમણે તા:૨૮/૦૮/૨૦૨૫ ના સાંજના ૬:૫૦ મીનીટથી ૭:૦૯ મીનીટ સુધીના સી.સી.ટી.વી. કુટેજના ડી.વી.આર. માંથી પેન ડ્રાઇવમાં સી.સી.ટી.વી. કુટેજની કોપી કરેલી હતી. જે પેન ડ્રાઇવ તેમની પાસે હતી તે તેઓએ રાત્રીના દશેક વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશનમાં નિવેદન આપવા બોલાવેલા હતા ત્યારે નિવેદન આપી તેઓએ તેમની દુકાનના સી.સી.ટી.વી. માંથી લીધેલ કુટેજની તે પેન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલી હતી.

**(૨૬.૬.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તેઓએ જે પેન ડ્રાઇવ આપેલી હતી તે ઓળખી શકે. જે પેન ડ્રાઇવને અત્રેની કોર્ટમાં કોમ્પ્યુટર મારફતે રન કરી બતાવતાં તે સી.સી.ટી.વી. કુટેજ તેમની દુકાનના છે જેમાં તેઓ તથા તેમનો માણસ છે અને ૬:૫૩ મીનીટે આ કામના આરોપી (મોહિત) તેમની દુકાનમાં આવે છે અને તેમની પાસે ઉપર જણાવેલ તે મુજબ કપડાની માંગણી કરે છે અને તેઓ કપડા ઓ છે તે પેનડ્રાઇવ આંક:૩૮ થી રજુ છે. જે ભાઇ આવેલા તેણે પહેરેલ કપડા તેઓએ ઉપર જણાવેલા તે ઓળખી શકે. મુદ્દામાલ પાવતી નં.૩૬૬/૨૫ ના આર્ટીકલ નં.૧૪ વાળા કપડા આ સાહેદે ઓળખી બતાવેલા છે અને તે દિવસે જે ભાઇ કપડા લેવા આવેલા તે આરોપી–મોહિત નાઓને પણ ઓળખી બતાવે છે. પોલીસ દ્વારા તેમને ફોન કરી જણાવેલું હતું કે, તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૦૦ વાગ્યાની આસપાસ નિવેદન આપવા કોર્ટમાં જજ સાહેબ રુબરુ જવાનું છે તેથી તેઓ તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ જજ સાહેબ સમક્ષ રુબરુ ગયેલા હતા અને બનાવ બાબતે તેઓએ નિવેદન જજ સાહેબ સમક્ષ રુબરુ આપેલું હતુ. આંક:૩૯ વાળા તેમના કલમ–૧૮૩ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે.

**(૨૬.૬.૩)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, પોલીસે તેમને બોલાવેલા તે સમયે તેમની દુકાનના સી.સી.ટી.વી. કુટેજ કોપી કરી પેન ડ્રાઇવમાં લઇ ગયેલા હોય તેવું બનેલું નથી. છ વાગે પોલીસે આવેલ

અને તેમનું નામ–ઠામ પુછેલું અને દુકાનમાં શું વેચાણ કરું છું તેમ પુછી ચાલ્યા ગયેલા હતા. તેમની દુકાનના સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ નથી. પોલીસના માણસો જે નવ વાગે આવેલા તે ડી.વી.આર.માંથી કોપી કરી પેન ડ્રાઇવમાં સી.સી.ટી.વી. ફુટેજ તેમની સાથે લઇ ગયેલા ન હતા. તે સમયે તેમની દુકાનની અંદર તેમનું માનિવેદન પોલીસે નોધેલું હોય તેવું બનેલું નથી. એક પોલીસના માણસે તેમને ફોન ઉપર એવું જણાવેલું કે, કોર્ટના ગેટ ઉપર તમે આવો તમારે નિવેદન આપવા જવાનું છે. તેઓ આવ્યા ત્યારે તે પોલીસના માણસ તેમની રાહ જોઇને ઉભા હતા. તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં '' પોલીસે મારી પુછપરછ કરેલી હતી અને મારી દુકાનના સી.સી.ટી.વી. ફુટેજ પોલીસને બતાવેલા હતા. તેમજ રાત્રીના નવ વાગે પોલીસના માણસ આવેલા અને તેમણે તા.૨૮/૮/૨૦૨૫ ના સાંજના ૬:૫૦ મીનીટથી ૭:૦૯ મીનીટ સુધીના સી.સી.ટી.વી. ફુટેજના ડીવીઆરમાંથી પેન ડ્રાઇવમાં સી.સી.ટી.વી. ફુટેજની કોપી કરેલી હતી. જે પેન ડ્રાઇવ મારી પાસે હતી તે મેં રાત્રીના દશેક વાગે આસપાસ મને પોલીસ સ્ટેશનમાં નિવેદન આપવા બોલાવેલા હતા. ત્યારે નિવેદન આપી મેં મારી દુકાનના સી.સી.ટી.વી.માંથી લીધેલ ફુટેજની તે પેન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલી હતી.'' એવું લખાવેલું નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૭)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૮ તરીકે સાહેદ–મીનાબેન કિશનભાઈ ગોસ્વામી નાઓને આંક:૭૦ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના આશરે છ વાગ્યાની આસપાસ માર્કેટ જવા તેમના ટુ–વ્હીલરથી નીકળેલા હતા. તેઓ સોસાયટીથી થોડે આગળ જતાં અમુક વ્યક્તિઓ ત્યાં ઉભેલા હતા. આ બધાને જોઈ તેઓએ તેમનું ટુ–વ્હીલર સાઇડ ઉપર ઉભું રાખેલું હતું. તેઓએ જોયેલું ત્યાં એક છોકરી લોહી–લુહાણ હાલતમાં હતી. તેણીના ગળામાં અને પેટના ભાગે ઈજાઓ થયેલી હતી. ત્યાં એક બાઇક પડેલું હતું. એક બ્લેક કલરના કપડા પહેરેલ છોકરો તેની બાજુમાં ઉભેલો હતો. ત્યાં અભ્યાસ કરતી એક છોકરી પણ ત્યાં ઉભેલી

હતી. જેને વાગેલું હતું તેને બહુ લોહી નીકળેલું હતું. તે જગ્યા ઉપર પણ લોહી પડેલું હતું. એક ફોર–વ્હીલર પસાર થયેલી તેઓ બધાએ ફોર–વ્હીલર ગાડીને ઉભી રાખેલી અને જે ઈજા પામેલી છોકરી હતી તેણીને અને તે છોકરી સાથે અભ્યાસ કરતી હતી તે છોકરીને તે ફોર–વહીલરમાં ઈજા પામેલી છોકરીને ગાડીમાં લીધેલી. ઈજા પામેલ છોકરીનું માથું તેઓએ તેમના ખોળામાં લીધેલું હતું અને તેણીના જે પગ બીજી જે છોકરી હતી તેના ખોળામાં રાખેલા હતા. જે બીજી છોકરી હતી તેણીનું નામ તેઓએ પુછેલું તેણીએ પોતાનું નામ ટીશા ભાનુશાલી જણાવેલું હતું. જે ભાઇ ગાડી ચલાવતા હતા તેમનું નામ પુછતા તેમણે પોતાનું નામ ભાવેશ ડોડીયા જણાવેલું હતું. તેઓ ઈજા પામેલ છોકરીને જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. તેમની પાછળ ૧૦૮ વાનમાં બીજો છોકરો કાળા કલરના કપડા પહેરીને ઉભેલો હતો તેને પણ હોસ્પિટપલમાં લઈ આવેલા હતા. ઈજા પામનાર છોકરીને તથા આ છોકરાને બન્નેને સારવાર કરાવવા હોસ્પિટલની અંદર લઈ ગયેલા હતા.

**(૨૬.૭.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તેમની સાથે જે ટીશા હતી તેણીને તેઓએ પુછયું કે કઈ રીતે થયું ? શું થયું ? તું ઈજા પામનાર છોકરીને કેવી રીતે ઓળખે છે ? તો ટીશાએ જણાવેલું કે, અમો બન્ને હોસ્ટેલમાં સાથે રહીએ છીએ અને કોલેજમાં અમો બન્ને સાથે આવીએ છીએ. અમો બન્ને ફ્રેન્ડ છીએ. આજે બપોરના કોલેજના ટાઈમે અમો બન્ને સાથે આવેલા હતા. બપોરના સમયે લંચ બ્રેક થયેલો. ત્યારે અમો બન્ને અમારી એકબીજાની ફ્રેન્ડ સાથે વાંચવા ગયેલા હતા. સાંજે જયારે છુટવાનો ટાઈમ થયો ત્યારે સાક્ષી દેખાયેલી નહીં. અમારે બસમાં જવાનું હોય મેં સાક્ષીને ફોન કરેલો. પરંતુ સાક્ષીનો ફોન બીજા કોઈ છોકરાએ ઉપાડેલો. એક વખતમાં બરાબર જવાબ ન આપેલો. જેથી બીજી વખત ફોન કરેલો તો તે છોકરાએ પોતાનું નામ જયેશ ઠાકોર કરીને જણાવેલું હતું અને કોઈ મોહિત છોકરો હતો તેણે સાક્ષીને છરી મારી ત્યાંથી નીકળી ગયો છે. ટીશાએ પુછેલું કે, તમો કયાં છો ? તો તેણે કીધેલું કે, અમો કોલેજની બહાર રોડ ઉપર છીએ. જેથી ટીશા દોડીને ત્યાં ગયેલી. તેવી વાત તેમને ટીશાએ કહેલી હતી.

**(૨૬.૭.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યાં જે બીજો છોકરો હતો તે જયેશની સારવાર થયેલી હતી. તેઓ બધા ત્યાં ઉભા હતા. તેમાં તેઓ, ટીશા તથા બીજા માણસો હતા. જે બધા માણસો હતા તે પૈકીના કોઇએ જયેશને પુછેલું કે, શું થયું ? તો જયેશે કહ્યું કે, ''હું અને મોહિત ગાંધીધામ રહીએ છીએ અને મોહિતનો મને ફોન આવેલો હતો કે, સાક્ષી મારો ફોન ઉપાડતી નથી અને મને બ્લોક કરી નાખેલો છે તો તુ ચાલ મારી સાથે સંસ્કાર કોલેજમાં જવું છે. જેથી અમો કોલેજમાં આવેલા હતા. મોહિત અને સાક્ષી વાત કરતા હતા. મોહિતે સાક્ષીને પેટમાં છરી મારેલી અને ત્યાંથી ભાગી ગયેલો હતો. પછી સાક્ષી મારી પાસે આવેલી અને મોહિત મને છરી મારી ભાગી ગયેલો છે. જેથી મેં સાક્ષીને મારી બાઇક પાછળ બેસાડેલી અને અમો કોલેજની બહાર નીકળેલા ત્યાં અમોને મોહિત મળેલો, તો મોહિત સાક્ષીની પાછળ ત્રીપલ શીટમાં પાછળ બેઠેલો. પછી આગળ મોહિતે સાક્ષી ઉપર બીજી વાર હુમલો કરેલો અને મોહિતે સાક્ષીને ગળામાં, ખંભામાં, પીઠમાં, ગાલમાં છરીના ઘા મારેલા હતા. અમો ત્રણેય જણા બાઇક ઉપરથી પડી ગયેલા હતા અને મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો.'' આટલું મેં સાંભળેલું હતું.

**(૨૬.૭.૩)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યારબાદ બીજા બધા માણસો ત્યાં આવી ગયેલા હતા. તેમના કપડા લોહીવાળા હતા તેઓ ઘરે ગયેલા અને તેમના કપડા ધોઇ નાખેલા હતા. તેમને બીજા દિવસે સોશીયલ મીડીયા દ્વારા જાણવા મળેલું કે, જે છોકરીને તેઓ સારવાર માટે લઇ ગયેલા હતા તે છોકરીનું મૃત્યુ થઇ ગયેલું છે. તેમને પોલીસે તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશનમાં તેમનું નિવેદન લેવા બોલાવેલા હતા. તેઓએ પોલીસને બનાવ સંબંધે નિવેદન લખાવેલું હતું. પોલીસ દ્વારા તેમને ફરી વખત ફોન કરીને જણાવેલું હતું કે, તા:૧૦/૦૯/૨૦૨૫ ના રોજ તેમને કોર્ટમાં રુબરુ બપોરના હાજર રહેવાનું છે. તેથી તેઓ કોર્ટમાં આવેલા હતા અને બનાવ બાબતે તેઓએ નિવેદન જજ સાહેબ રુબરુ આપેલું હતુ. આંક:૪૧ વાળું તેમનું કલમ-૧૮૩ નું નિવેદન ઓળખી બતાવે છે. તેમાં લખેલી હકીકત સાચી છે. તેઓ જયારે સાક્ષીને

હોસ્પિટલમાં ઈજા પામેલી હાલતમાં લઈ ગયેલા હતા ત્યારે સાક્ષીએ બ્લેક કલરનો લાઈનીંગવાળું બટનવાળું ટોપ અને વ્હાઈટ કલરની પેન્ટ પહેરેલી હતી. મુદ્દામાલ પાવતી નં.૩૬૩/૨૫ ના આર્ટીકલ નં.૧ વાળા કપડા ઓળખી બતાવે છે. તેઓ જે તે સમયે બનાવના સ્થળે ગયેલા ત્યારે કાળા કલરનો કપડા પહેરેલ જે છોકરો ઉભો હતો તેને તેઓએ ઓળખે છે. આરોપી– જયેશ ઠાકોર નાઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૬.૭.૪)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, સાક્ષીબેન સાથે બનેલો બનાવ તેઓએ નજરે જોયેલો નથી. સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ તથા ટીચર તેઓ જયારે સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ત્યાં હાજર હતા. તેઓ સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઈ સોલંકીને ઓળખે છે. આ ધીરજભાઈ સોલંકી ત્યાં સ્થળ પર હાજર હતા. ધીરજભાઈ સિવાય પણ પંદરેક વ્યકિતઓ ત્યાં હાજર હતા. તેઓ હોસ્પિટલ પહોંચ્યા ત્યાં સુધી સાક્ષીબેનને કેવી રીતે ઈજા થયેલી છે તેની તેમને ખબર ન હતી. હોસ્પિટલમાં સાક્ષીબેનને ઓપરેશન થીયેટરમાં લઈ ગયેલા અને કોલેજના પ્રિન્સીપાલ ત્યાં હાજર હતા. પોલીસના માણસો પણ ત્યાં પહેલેથી આવી ગયેલા હતા. પ્રિન્સીપાલ સાહેબે એવું કહેલું કે મેં પોલીસને જાણ કરેલી છે અને પોલીસના માણસો આવી ગયેલા છે. તેઓ સાડા નવ–દશ વાગ્યા સુધી તે જ દિવસે હોસ્પિટલમાં રોકાયેલા હતા. આ સમય દરમ્યાન પોલીસના માણસો હાજર હતા. તેઓએ સાક્ષીના બનાવ બાબતે પોલીસને ફરીયાદ કરેલી નહીં. પોલીસે જયારે હોસ્પિટલમાં તેમની મારી સામાન્ય પુછપરછ કરી ત્યારે તેઓએ સાક્ષીને કેવી રીતે ઈજા થયેલી છે તે હકીકત પોલીસને જણાવેલી ન હતી. તેઓએ એટલા માટે જણાવેલી ન હતી કે તે વખતે તેમને ખબર ન હતી.

**(૨૬.૭.૫)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, ટીશા નામની છોકરી તેમની સાથે હતી તેણીને હોસ્ટેલના વોર્ડન તેમના પહેલા આઠ–સાડા આઠ વાગ્યે ચાલ્યા ગયેલા હતા. સાક્ષીબેનને લઈ તેઓ સાડા છ વાગ્યાની આજુબાજુ હોસ્પીટલમાં પહોચેલા હતા. તેઓ જેટલો સમય

હોસ્ટિલમાં રોકાયેલા તેટલો સમય કોલેજના પ્રિન્સીપાલ અને બીજા સ્ટાફના માણસો ત્યાં રોકાયેલા હતા. તેઓ ઘરે ગયા, પરંતુ આ લોકો ત્યાં હોસ્પિટલમાં જ હતા. પોલીસે તેમને તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના આશરે અગીયાર–બાર વાગે નિવેદન લેવા બોલાવેલા હતા. કઈ કોર્ટમાં જવાનું છે તેવું પોલીસે તેમને જણાવેલું હતું. તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં ''તો જયેશે કહ્યું કે, ''હું અને મોહિત ગાંધીધામ રહીએ છીએ અને મોહિતનો મને ફોન આવેલો હતો કે, સાક્ષી મારો ફોન ઉપાડતી નથી અને મને બ્લોક કરી નાખેલો છે તો તુ ચાલ મારી સાથે સંસ્કાર કોલેજમાં જવું છે. જેથી અમો કોલેજમાં આવેલા હતા. મોહિત અને સાક્ષી વાત કરતા હતા. મોહિતે સાક્ષીને પેટમાં છરી મારેલી અને ત્યાંથી ભાગી ગયેલો હતો. પછી સાક્ષી મારી પાસે આવેલી અને મોહિત મને છરી મારી ભાગી ગયેલો છે. જેથી મેં સાક્ષીને મારી બાઇક પાછળ બેસાડેલી અને અમો કોલેજની બહાર નીકળેલા ત્યાં અમોને મોહિત મળેલો, તો મોહિત સાક્ષીની પાછળ ત્રીપલ શીટમાં પાછળ બેઠેલો. પછી આગળ મોહિતે સાક્ષી ઉપર બીજી વાર હુમલો કરેલો અને મોહિતે સાક્ષીને ગળામાં, ખંભામાં, પીઠમાં, ગાલમાં છરીના ઘા મારેલા હતા. અમો ત્રણેય જણા બાઇક ઉપરથી પડી ગયેલા હતા અને મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો.'' આટલું મેં સાંભળેલું હતું.'' તેવું લખાવેલું નથી.આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૭.૬)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, આ બનાવમાં આરોપી–જયેશને પણ ઈજા થયેલી હતી. આ બનાવમાં આરોપી–જયેશને જે ઈજા થયેલી હતી તે ઈજા સંદર્ભે જયેશને સારવાર માટે ૧૦૮ વાનમાં જી.કે.જનરલ હોસ્પીટલમાં લાવવામાં આવેલા હતા. તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં ''...એક કાળા કપડાવાળો છોકરો પણ લોહી–લુહાણ હાલતમાં ઉભેલો હતો ....'' તેવું લખાવેલું છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૬.૮)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૪ તરીકે સાહેદ–રસીલાબેન જેઠાલાલ ખાનીયા નાઓને આંક:૬૪ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આ બનાવ બન્યો તેના બે માસ પહેલાં તેમની દિકરી સાક્ષીએ તેમને વાત કરી હતી કે, આપણા પડોશમાં રહેતો મોહિત મુળજી સિધ્ધપુરા મને દબાવે છે, તું મારાથી પ્રેમ કર, મારાથી ફોન ઉપર વાત કર અને મને મળવા આવ. નહીંતર તારા પપ્પાને મારી નાખીશ. આટલી વાત સાક્ષીએ મને કરેલી. ત્યારે મેં એને કીધું કે, તું ચિંતા ના કર બધું બરોબર થઇ જશે. તું ભણવામાં ધ્યાન આપ. તેમને પોતાને પણ બીક લાગતી હતી કે આ મોહિત સાક્ષીને કે તેમના પતિને કાંઇ અણગમતું કરી ન બેસે એટલે આ વાત તેમના પતિને કરી ન હતી. આ બનાવ બન્યો ત્યારે તેમની દિકરીની ગાંધીધામથી અભ્યાસ પુરો કરી અને અહીંયા ભુજ સંસ્કાર કોલેજમાં બી.સી.એ.નો અભ્યાસ કરવા માંગતી હતી એટલે તેઓએ તેનું એડમીશન સંસ્કાર કોલેજમાં કરાવ્યું હતું અને રહેવા માટે તેમની ભાનુશાલી સમાજની કન્યા છાત્રાલયમાં કરાવ્યું હતું. તા:૦૩/૦૭/૨૦૨૫ ના રોજ તે હોસ્ટેલમાં રહેવા ગઇ હતી. તા:૦૪/૦૭/૨૦૨૫ થી તેનો અભ્યાસ ચાલુ થઇ ગયો હતો.

**(૨૬.૮.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સવારના ભાગે તેમના પતિ ઘરેથી કામે નીકળી ગયા હતા ત્યારે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમની દિકરી–સાક્ષીનો ફોન આવ્યો કે આપણા પડોશમાં રહેતો મોહિત સિધ્ધપુરા તે મને ફોન કરીને ધમકી આપે છે કે, તું મારાથી પ્રેમ કર, અભ્યાસ મુકીને પરત ગાંધીધામ આવી જા. ત્યારે મેં એને કીધું કે, તું મોહિતને ફોન અને મેસેજ કરવાની ના પાડી દે અને અભ્યાસ મુકીને નહીં આવું આટલું કહીને તું એનો ફોન બ્લોકમાં નાખી દે. પછી સાંજના પોણા સાત વાગે તેમના પતિ જયારે ઘરે આવ્યા ત્યારે એમણે તેમને વાત કરી કે, હું મજુરીકામ કરી રહયો હતો ત્યારે કોઇ ભુજ સંસ્કાર કોલેજમાંથી પ્રિન્સીપાલ સરનો ફોન આવ્યો હતો કે, તમે તાત્કાલીક જી.કે.જનરલ હોસ્પીટલ આવી જાવ તમારી દિકરી સાક્ષીને ઇજાઓ થયેલી છે અને પોલીસને પણ જાણ કરેલ છે. પછી તેમના પતિએ કીધું કે, આપણે ભુજ જવાનું છે ત્યારે તેઓએ એમને કીધું કે, આ મોહિત આપણી દિકરી સાક્ષીને ધમકી આપતો હતો. આટલી વાત તેઓએ ત્યારે કરી

હતી. પછી તેઓ અને તેમના પતિ તેમના કુટુંબના બે ભાઈ અનિલ શંકરલાલ ખાનીયા અને જગદીશ શંભુરામ ખાનીયા એમ ચારેય જણા ગાડી લઈ જી.કે.જનરલ હોસ્પીટલ આવી ગયા હતા. તેઓ આવ્યા ત્યારે તેમના સમાજના માણસો, પોલીસવાળા અને કોલેજના વિધાર્થીઓ બધા હાજર હતા.

**(૨૬.૮.૨)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ત્યારબાદ તેમના સમાજના આગેવાન નીતિનભાઈ એ તેમની પાસે આવી તેમને બધી વાત કરી કે આ મોહિત મુળજી સિદ્ધપુરા જે રહે. ગાંધીધામ અને જયેશ જયંતિ ઠાકોર જે રહે.મેઘપર–બોરીચી તા.અંજાર તે બંને મોટર સાયકલ લઈને સંસ્કાર કોલેજમાં દિકરી–સાક્ષી પાસે ગયા, મોહિતે સાક્ષી સાથે વાતચીત કરતા સાક્ષીને કહ્યું કે તું બીજા છોકરા સાથે વાત ન કર, બીજા છોકરાના ગ્રુપમાંથી નીકળી જા અને મારો મોબાઈલ ફોન નંબર તું બ્લોકમાંથી કાઢી નાખ. પણ સાક્ષી તેની એકપણ વાત ન માની. જેથી મોહિતે તેના પેટના ભાગે છરી મારી ભાગી ગયો. પછી જયેશ સાક્ષીને મોટર સાયકલ ઉપર લઈને જતો હતો ત્યારે મોહિત આડો ઉભો હતો. જયેશે પાછો મોહિતને પાછળ બેસવાનું કહ્યું, મોહિત પાછળ ત્રીપલ સવારીમાં બેસી ગયો અને જરાક આગળ જતા મોહિતે પાછા છરીના ઘા ચાલુ કરી નાખ્યા. પીઠના ભાગે અને ગળાના ભાગે. પછી ત્રણે જણા નીચે પડી ગયા. મોહિત ત્યાંથી ભાગી ગયો અને ત્યાં હાજર રહેલા માણસો તેમની દિકરી–સાક્ષીને સારવાર માટે જી.કે.જનરલ હોસ્પીટલમાં લઈ ગયેલા. ઓપરેશન થયા બાદ વધુ સારવાર માટે તેણીને મેડીસ્ટાર હોસ્પિટલમાં લઈ ગયેલા. તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સારવાર દરમ્યાન તેનું મૃત્યું થતા પી.એમ. માટે પાછું જી.કે.જનરલ હોસ્પીટલમાં લઈ ગયેલ અને બોડી પરની કાર્યવાહી પુરી થયા બાદ પછી બોડીનો કબજો તેમને દીધો. પછી અંતિમવિધિ માટે તેઓ તેમના ઘરે ગાંધીધામ લઈ ગયા. પછી તેમને ખબર પડી કે, આ મોહિત અને જયેશ બન્ને ગુનેગાર છે અને પોલીસે તેની ધરપકડ કરેલી છે. પોલીસે તેમની પુછપરછ કરેલી. બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલા છે.

**(૨૬.૮.3)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી

ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમના કહેવા પ્રમાણે સાક્ષીએ તેમને બનાવ બન્યો તેના બે મહીના પહેલા મોહિત વિશે વાતચીત કરેલી હતી. તેમના કહેવા મુજબ બીજી વખત આરોપી–મોહિત સાથે સાક્ષીને તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ વાતચીત થયેલી હતી. આ સિવાય તેમની દિકરી સાક્ષીને આરોપી–મોહિત સાથે વાતચીત થયેલી હોય કે ફોન આવેલ હોય તેવું તેમને તેમની દિકરી–સાક્ષીએ જણાવેલું નથી. તેમની દિકરી–સાક્ષી અને આરોપી–મોહિત રુબરુ મળેલા હોય તેવું તેમને તેમની દિકરી–સાક્ષીએ જણાવેલ નથી. આરોપી–મોહિત તેમની પાડોશમાં રહેતો હોય તેઓ તેના મા–બાપને ઓળખે છે. તેમની દિકરી–સાક્ષીએ બનાવ બન્યો બે માસ પહેલા આરોપી–મોહિત બાબતે જે તેમને વાતચીત કરેલી તે બાબત તેઓએ મોહિતના મા–બાપને કરેલી ન હતી કે જણાવેલું ન હતું તેમની દિકરી–સાક્ષીને તમારો દિકરો–મોહિત હેરાન–પરેશાન ન કરે. તેઓએ તેમની દિકરી–સાક્ષીએ તેમને આરોપી–મોહિત વિશે જે વાતચીત કરેલી હતી તે તેમના પતિ બનાવ બન્યો તે દિવસે સાંજના ઘરે ન આવ્યા ત્યાં સુધી આવી વાત તેમના પતિને કરેલી ન હતી. તેમનું પોલીસમાં નિવેદન લેવામાં આવ્યું તે પહેલાં આરોપી–મોહિતની ધરપકડ પોલીસે કરેલી હતી. તેઓ બપોરના સાડા બાર વાગ્યાની આસપાસ પોલીસ રુબરુમાં નિવેદન આપવા આવેલા હતા. આ વખતે તેમના પતિ પોલીસ સ્ટેશનમાં હાજર હતા.

**(૨૬.૮.૪)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, બનાવના દિવસે તેઓ સાંજના આઠ–સવા આઠ વાગે ભુજ જી.કે.જનરલ હોસ્પીટલમાં પહોચેલા હતા. તેમની દિકરી–સાક્ષીને મેડીસ્ટાર હોસ્પિટલ લઇ ગયા ત્યારે તેઓ મેડીસ્ટાર હોસ્પિટલ ગયેલા હતા. તેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં આવ્યા અને તેમની દિકરી–સાક્ષીને મેડીસ્ટાર હોસ્પિટલમાં લઇ ગયા ત્યાં સુધીમાં તેમની નીતિનભાઇ સાથે વાતચીત થયેલી હતી. તે સમયે તેમના પતિ તેમની સાથે હાજર હતા. તેમની દિકરી–સાક્ષીને જી.કે.જનરલ હોસ્પિટલમાંથી મેડીસ્ટાર હોસ્પિટલ લઇ જવાની હતી ત્યારે તેઓ

જી.કે.જનરલ હોસ્પિટલમાં હાજર હતા. આરોપી–મોહિતને બનાવ અગાઉથી ઓળખે છે તેથી આજરોજ ઓળખી બતાવે છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

**(૨૬.૮.૫)** આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં ''જયેશએ વચ્ચે હાથ દેતા તેના ડાબા હાથના કાંડા ઉપર છરી વાગેલ હતી અને બીજો ઘા તેના પીઠના ભાગે વાગતા જે ત્રણેય જણાઓ રસ્તા ઉપર પડી ગયેલા હતા'' તેવું લખાવેલ હતું. તેઓ આ બનાવ અનુસંધાને જી.કે.જનરલ હોસ્પિટલ પહોંચ્યા તે પહેલ નિતીનભાઇ ઉંમરશીભાઇ ભાનુશાલી નાઓને તેઓ ઓળખતા ન હતા. આ બનાવ બન્યો તે પહેલા તેઓએ આરોપી–જયેશ ઠાકોરને ત્રણ–ચાર વખતો જોયેલો હતો. આરોપી–જયેશ, આરોપી–મોહિતનો મિત છે કે કેમ ? તેની તેમને ખબર ન હતી. આરોપી–જયેશ કયાં રહેતો હતો તેની તેમને બનાવ પહેલાં ખબર ન હતી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

(૨૬.૯) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૫ તરીકે સાહેદ–નિતીનભાઇ ઉમરશીભાઇ ભાનુશાલી નાઓને આંક:૬૫ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ તેઓ તેમના ધંધા ઉપર ગયા હતા ત્યારે સમાજમાંથી મેસેજ આવ્યો કે, આપણા સમાજની દિકરી કે જે નામે સાક્ષી જેઠાલાલ ખાનીયા (ભાનુશાલી) નામની છોકરી જે સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરે છે અને ભાનુશાલી બોર્ડીગમાં કન્યા છાત્રાલયમાં રહે છે. જેનું સંસ્કાર કોલેજના ગેટમાં બે અજાણ્યા શખ્સો દ્વારા છરીથી લોહી–લુહાણ કરેલ છે અને જી.કે.જનરલ હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલ છે. આથી તેઓ જી.કે.જનરલ હોસ્પીટલમાં પહોંચતા જી.કે.જનરલ હોસ્પીટલમાં તેમના સમાજના આગેવાનો તથા પોલીસ સ્ટાફ તથા સંસ્કાર કોલેજના વિદ્યાર્થીઓ તથા સાહેબો ત્યાં હાજર હતા અને ત્યાં આગેવાનોએ જણાવેલ કે, સાક્ષી નામની છોકરીને છરીના ઘા લાગેલા છે અને તે ઓપરેશન

થિયેટરમાં છે ઓપરેશન ચાલુ છે અને બીજો આરોપી જે સારવાર માટે તેને પણ દાખલ કરવામાં આવેલ છે.

**(૨૬.૯.૧)** આ સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, પોલીસ અધિકારી તથા સમાજના આગેવાનો રુબરુમાં ત્યાં દાખલ હતો તે રુમમાં રુબરુ પુછપરછ કરતાં તેણે પોતાનું નામ જયેશ ઠાકોર જણાવેલ. તે બેડ ઉપર સારવાર લઈ રહેલ હતો. તેને હકીકત પુછતા તેણે જણાવેલ કે, સાક્ષી ખાનીયા ગાંધીધામમાં તેમની બાજુમાં રહેતો મોહિત સિદ્ધપુરાએ જણાવેલ કે, મને સાક્ષીને મળવા ભુજ જાવું છે, તેથી બપોર પછી મારી મોટર સાયકલથી હોન્ડા સ્પલેન્ડરથી અમે સંસ્કાર કોલેજ કેમ્પસની ગેટની અંદર સાક્ષીને મળવા આવી અને મોહિત સિદ્ધપુરા અને સાક્ષી વચ્ચે વાતચીત ચાલુ હતી. એટલામાં મોહિતએ સાક્ષીને પેટના ભાગે છરી મારી અને ભાગી ગયેલ. સાક્ષીએ મને કહેલ કે, મને લઈ જા એટલે હું તેને મારી મોટર સાયકલ પાછળ બેસાડીને થોડેક આગળ જતા મોહિત રસ્તામાં આગળ ઉભો હતો. મેં મોટર સાયકલ ઉભી રાખી અને મોહિત પાછળ ત્રીપલ સવારીમાં બેસી ગયેલ. થોડેક આગળ જતા મોહિતે સાક્ષીને પીઠના ભાગે તથા ગળાના ભાગે છરી મારવાનું ઉપરા–છાપરી ઘા માર્યા. પછી અમો ત્રણે પડી ગયા. મોહિત ત્યાંથી ભાગી ગયો. મને અને સાક્ષીને લોકો જી.કે.જનરલ હોસ્પીટલ લઈ આવ્યા. આ હકીકત જણાવી અને એટલીવારમાં જી.કે.જનરલ હોસ્પીટલમાં સાક્ષીના માતા–પિતા આવી ગયેલ અને તેઓને સઘળી ઉપરોકત બનાવની હકીકત તેમણે કહેલ. ત્યારબાદ સાક્ષીને જનરલ હોસ્પીટલમાંથી મેડીસ્ટાર હોસ્પીટલમાં લઈ ગયા અને ત્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયેલું. પોલીસે બનાવ સંબંધે તેમની પુછપરછ કરેલી હતી. આ સાહેદ બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૬.૯.૨)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમની સામે હત્યા, ખનીજચોરી, લુંટ, એટ્રોસીટી એકટ, ૩૦૭, ડીઝલચોરી ના ગુનાઓ નોંધાયેલા છે. કચ્છ–ભુજ સીવાયના બીજા જિલ્લાઓમાં પણ તેમની વિરુદ્ધ ગુનાઓ નોંધાયેલા છે. આ બનાવની જાણ તેમને સાંજના

સાડા છ વાગ્યાની આસપાસ થયેલી હતી. પહેલી વખત તેમને જયારે બનાવની જાણ થઇ ત્યારે બનાવ કેવી રીતે બન્યો છે તેની તેમને કોઇ માહિતી ન હતી. તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં ''એસ.એમ.એસ. થી જાણ થયેલી'' એવું લખાવેલ નથી. આ સમયે તેઓ તેમના મીઠાઇના શો–રૂમ, ભુજ ખાતે હતા. તેઓ જી.કે.જનરલ હોસ્પીટલમાં આશરે પોણા સાતેક વાગે પહોચેલા હશે. તેઓ આવ્યા ત્યારે સાક્ષીબેન હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા. હોસ્પીટલમાં સંસ્કાર કોલેજના છોકરાઓ, ટીચર તથા પોલીસ સ્ટાફના માણસો હાજર હતા. આ લોકોએ સાક્ષીબેનને કોણે ઈજા પહોંચાડી છે અને કોનાથી પહોંચાડેલી છે તેની કોઇ વિગત જણાવેલી ન હતી.

**(૨૬.૯.૩)** આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્ધારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ તેમની ગાડીથી જી.કે.જનરલ હોસ્પીટલથી મેડીસ્ટાર હોસ્પીટલમાં ગયેલા હતા. તેઓ મેડીસ્ટાર હોસ્પીટલમાં આશરે નવ–સાડા નવ વાગે પહોચેલો હશે. સાક્ષીબેનને મેડીસ્ટાર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે હોસ્પીટલમાં હાજર હતા. તેમના કહેવા મુજબ સાક્ષીબેનના માતા–પિતાને સાક્ષીબેન સાથે બનેલ બનાવની વિગત સાક્ષીબેનને મેડીસ્ટાર હોસ્પીટલમાં લઇ ગયા તે પહેલા ખબર હતી. જી.કે.જનરલ હોસ્પીટલમાં તેઓ પોણા બે કલાક જેટલો સમય રોકાયેલા હતા. તેઓ જી.કે.જનરલ હોસ્પીટલ પહોંચ્યા તે પહેલા પોલીસની ત્યાં હાજરી હતી. આરોપી–જયેશભાઇ ઠાકોર કયા રુમમાં દાખલ હતા તેમજ તેઓ કેટલા વાગે જયેશભાઇને મળેલા તે સમય તેઓએ પોલીસમાં લખાવેલું નથી. તેઓ જયેશભાઇ ઠાકોરને હોસ્પીટલમાં કેટલા વ્યકિતઓ મળવા ગયેલા હતા તેના નામ કે સંખ્યા પોલીસને જણાવેલ નથી. આરોપી–મોહિતને પોલીસ પકડી લાવી ત્યારબાદ તેઓએ જોયેલો છે તેથી તેઓએ આજરોજ કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ બનાવ બાબતે તેઓ તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ભાગે પોલીસે બોલાવેલ ત્યારે ગયેલા તે સીવાય કયારેય આ બનાવ બાબતે પોલીસ સ્ટેશનમાં ગયેલા નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૬.૯.૪) આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, હિરેન નીતિનભાઇ ભાનુશાલી તેમનો દિકરો છે. તેમનો દિકરો હિરેન તેમની સાથે રહે છે. તેમના કહેવા પ્રમાણે તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના સમયે પોલીસ સ્ટેશને નિવેદન આપવા ગયેલા હતા. તેઓ જી.કે.જનરલ હોસ્પીટલમાં પહોંચ્યા ત્યારે સમાજના માણસો, પોલીસના માણસો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મળેલા હતા. તેઓએ કે હાજર સમાજના માણસો, પોલીસના માણસો, વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પૈકી કોઇએ ફરીયાદ કરવા પ્રયત્નો કરેલો નહીં. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

## (૨૭) <u>મેડીકલ ઓફીસરના પુરાવાની ચર્ચા :</u>

(૨૭.૧) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૯ તરીકે ડો.હેતા વિજયભાઇ બોરીચા નાઓને આંક:૪૫ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા આ કામના આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને પોલીસ યાદી સાથે પૃથ્થકરણના હેતુસર મેડીકલ તપાસણી માટે તથા લોહીના નમુના મેળવવા રજુ કરવામાં આવેલ હતા. આંક:૪૬ વાળી યાદી ઓળખી બતાવે છે. આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરાને મેડીકલ તપાસણી માટે લઇ આવેલા હતા. તેમને હિસ્ટ્રી પુછતા તેણે હિસ્ટ્રીમાં જણાવેલું કે, તેમને છેલ્લા નવ–દશ વર્ષથી એલર્જીની તકલીફ છે. તેમના વાઇટલ પેરા મીટર મપાવેલા હતા જે નોર્મલ હતા. આરોપીની તપાસણી કરતાં તેને જમણા હાથની પહેલી આંગળીમાં ધારદાર હથીયારથી વાગેલું હોય તેવું કપાયેલો ઘા જોવા મળેલો હતો. જેનું ડ્રેસીંગ કરેલું હતું. જે અંગે તેઓએ ઓ.પી.ડી કેસ પેપર્સમાં તેમના હસ્તાક્ષરમાં નોંધ કરેલી છે, તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. ઓ.પી.ડી. કેસ પેપર્સ આંક:૪૭ થી તથા આરોપીના શરીર પરથી પૃથ્થકરણના હેતુસર લીધેલા લોહીના નમુના જેમના તેમ સીલબંધ હાલતમાં હોસ્પીટલના સીલના નમુના સાથે યાદી કરી પોલીસને સોંપેલા હતા તે યાદી આંક:૪૮ થી રજુ કરે છે.

**(૨૭.૧.૧)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, આરોપી–મોહિત તેમની સમક્ષ આવ્યો તે પહેલા તેની આંગળીની ઈજાની સારવાર થયેલી હતી. આ સારવાર કયા અને કોણે કરેલી છે તેની નોંધ તેઓએ કેસ પેપર્સમાં કરેલી નથી. આંગળી સીવાય આરોપી–મોહિતના શરીર ઉપર બીજા કોઇ ઈજાના ચિહ્નો જણાયેલા ન હતા. આ દર્દી તેમની હોસ્પીટલમાં અગાઉ બીજા કોઈ પાસે લાવેલ છે કે કેમ ? અને સારવાર થયેલ છે કે કેમ ? તેની તેઓએ તપાસ કરેલી ન હતી. તેઓએ આરોપીની કોઈ સારવાર કરેલી નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૭.૨)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૦ તરીકે ડો.રોહન હસીત અંજારીયા નાઓને આંક:૪૯ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૦૫/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા આ કામના આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરા તથા આરોપી–જયેશ જયંતિલાલ ઠાકોર નાઓને પોલીસ યાદી સાથે ડી.એન.એ. પૃથ્થકરણના હેતુસર નમુના મેળવવા રજુ કરવામાં આવેલ હતા તે યાદી આંક:૫૦ થી રજુ છે. આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરા તથા આરોપી–જયેશ જયંતિલાલ ઠાકોરને મેડીકલ તપાસણી માટે લઈ આવેલા હતા. બન્ને આરોપીના ડી.એન.એ. પ્રોફાઈલ માટે જરૂરી ફોર્મ તથા આધાર કાર્ડની નકલ સાથે રજુ કરવામાં આવેલા હતા. આ બન્ને આરોપીના શરીર પરથી ડી.એન.એ. પૃથ્થકરણના હેતુસર બ્લડ પ્લેઈન અને ઈ.ડી.ટી.એ. ના નમુનાઓ કબજે કરી, સીલબંધ કરી પોલીસને સોંપી આપેલા હતા તે અંગે તેઓએ ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલા હતા. આરોપી–મોહિત મુળજીભાઈ સિદ્ધપુરા નાઓનું ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મ આંક:૫૧ થી તથા આરોપી–જયેશ જયંતિજી ઠાકોર નાઓનું ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મ આંક:૫૨ થી રજુ છે.

**(૨૭.૨.૧)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી

ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, ફોર્મ ઉપરના ફોટોગ્રાફ્સ પોલીસ સાથે લઈ આવેલ હતી. આંક:૫૦ ની યાદીમાં આધારકાર્ડ કે ફોટોગ્રાફ્સ તેમને આપવામાં આવેલ છે તેવું લખેલું નથી. સેમ્પલ આપવા જે બે વ્યકિતને લાવવામાં આવેલ ત્યારે તે બે વ્યકિતઓ અને પોલીસના માણસો હાજર હતા તે સીવાય બીજું કોઈ હાજર ન હતું. ડી.એન.એ. પૃથ્થકરણના નમુના લીધેલ હોય ત્યારે તેને પોલીથીન બેગમાં મુકી ટેમ્પરેચર જળવાય તે રીતે આઈસ બોકસમાં મુકવામાં આવે છે. તેઓએ નમુના લીધા તેમાં પોલીથીન બેગ હોય, આઈસ બોકસ હોય અને તેમાં ટેમ્પરેચર જળવાય તે રીતે રાખવામાં આવેલ હોય તેવું નોંધેલ નથી. તેવી જ રીતે પોલીથીન બેગમાં રાખી, આઈશ બોકસમાં રાખી ફોરવર્ડ કરેલ હોય તેવી નોંધ નથી. તેઓએ ડી.એન.એ. પ્રોફાઈલ ફોર્મમાં નિમેષ હિરાણી તથા વાઘેલા ધનજી દામજીની સહીઓ બતાવેલી છે. પોલીથીન બેંગમાં લેવામાં આવેલ ન હોય, ટેમ્પરેચર યોગ્ય જાળવવામાં આવેલ ન હોય તો ડી.એન.એ. પૃથ્થકરણ બરાબર થઇ શકે નહીં. નમુના યોગ્ય રીતે સીલબંધ કરવામાં આવેલ ન હોય અને ખુલ્લા રહી જાય તો ડી.એન.એ.ના પૃથ્થકરણમાં ફેરફાર થઈ શકે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૭.૩) ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૧૧ તરીકે ડો.નવુભા જીલુભા નગઘણજી સોઢા નાઓને આંક:૫૩ થી*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ રાત્રીના હોસ્પીટલમાં હાજર હતા તે દરમ્યાન ભુજ જી.કે.જનરલ હોસ્પીટલમાંથી દર્દી સાક્ષીબેન જે. ખાનીયા ને તેમની હોસ્પીટલ ખાતે વધારે સારવાર માટે રાત્રીના ૮:૨૩ વાગ્યે શીફ્ટ કરવામાં આવેલા હતા. તેણીને તેણીના પિતાજી જેઠાભાઈ ખાનીયા લઈને આવેલા હતા. દર્દી બેહોશ હાલતમાં હતા. તેથી તેણીને વેન્ટીલેટર ઉપર મુકવામાં આવેલ હતા. તેમના પિતાજીને પુછવામાં આવતા તેઓએ જણાવેલું કે, સાંજના સાડા છ વાગે તેણીને છરીના ઘા વડે ઈજા પહોંચાડવામાં આવેલ છે. પ્રાથમિક સારવાર અમોએ ગર્વમેન્ટ હોસ્પીટલ (જી.કે.જનરલ હોસ્પીટલ) માં લીધેલ અને વધારે સારવાર માટે અહીંયા આવેલ છીએ. દર્દીને જોતા

દર્દીની પલ્સ હતી નહીં, બ્લડ પ્રેશર પણ રેકોર્ડ થતું ન હતું. વધારે સારવાર માટે વેન્ટીલેટર અને બ્લડ તેમજ અન્ય બ્લડ પ્રેશર વધારવાની સારવાર શરૂ કરેલ.

**(૨૭.૩.૧)** આ જ તબીબી સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, દર્દીનું નીરીક્ષણ કરતા તેણીને માથાથી કરીને ગળામાં, છાતી ઉપર, છાતીના પાછળના ભાગે, બંને ખભાઓ ઉપર અને બંને કોણી ઉપર તેમજ માથાના પાછળના ભાગમાં જડબામાં તેમજ પેટ ઉપર તિક્ષ્ણ હથિયાર વડે ઘા હતા જેના ટાંકા જી.કે.જનરલ હોસ્પીટલમાં ઓલરેડી લીધેલ હતા. જે ઈજાઓ જોતા તેણીના ગળામાં ૧૦ x ૪ x ૩ સે.મી. ઘા હતો, બંને કોણી ઉપર ૩ x ૨ x ૨ સે.મી. નો ઘા હતો તેમજ જમણી બાજુના જડબા પાસે ૭x૧x૧ સે.મી.નો ઘા હતો તેમજ માથાના પાછળના ભાગમાં ૫x૨x૧ સે.મી. નો ઘા હતો, તેમજ છાતીના મધ્ય ભાગમાં ૩x૨x૨ સે.મી.નો ઘા હતો તેમજ છાતીના પાછળના ભાગમાં ૩ x ૨ x ૧ સે.મી.નો ઘા હતો તેમજ પેટ ઉપર પણ ૨ x ૨ સે.મી.નો ઘા હતો અને બધા પ્રયત્નો કરવા છતાં દર્દીનું બ્લડ પ્રેશર સુધર્યું નહીં અને તા.૨૯/૮/૨૦૨૫ ના રોજ રાત્રીના ૧:૧૦ કલાકે દર્દીનું હ્દય બંધ પડી ગયેલું. જેને સી.પી.આર. કરતા પણ સફળતા મળી ન હતી. દર્દીને મૃત જાહેર કરેલ અને પોસ્ટ મોર્ટમ માટે જી.કે.જનરલ હોસ્પીટલ મોકલી દીધેલ. સાક્ષીબેનની સારવારનું સર્ટીફિકેટ આંક:૫૪ થી રજુ કરે છે. આ દર્દીને જે ઈજાઓ થયેલી હતી તે ધારદાર હથિયારથી સંભવી શકે તેવી ઈજાઓ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરીથી સર્ટીફિકેટમાં જણાવેલ ઈજાઓ સંભવી શકે તેવું હથિયાર છે.

**(૨૭.૩.૨)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, આંક:૫૪ ના સર્ટીફિકેટમાં ઈજા પામનારને છરીથી ઈજા પહોંચાડવામાં આવેલી છે તેવું નોંધેલું નથી. આંક:૫૪ ના સર્ટીફિકેટમાં ધારદાર હથિયારથી ઈજા થઈ શકે તેવું નોંધેલું છે. છરી શબ્દ તેઓએ જાતે જણાવેલો છે. સર્ટીફિકેટમાં કોઈપણ ઈજા ૨ સે.મી. થી વધુ ઉંડાઈની નથી. દર્દીને તેમની સમક્ષ લઈ આવેલ ત્યારે તેનું બી.પી. અને પલ્સ ન હતી. તેઓએ આપેલ

સર્ટીફિકેટમાં દર્દીના ધબકારા કેટલા હતા તેની કોઇ વિગત લખેલી કે જણાવેલ નથી. સામાન્ય રીતે કોઇ વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે સૌ પ્રથમ તેના પલ્સ બંધ થાય અને તેનું બ્લડ પ્રેસર રેકર્ડ થાય નહીં. દર્દીના પિતાએ ઇજા કરનાર વ્યકિતનું નામ હિસ્ટ્રીમાં જણાવેલું નથી.

(૨૭.૩.૩) આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, દર્દીને થયેલ ઇજા નં.૧ ગળાના ભાગની ઇજા જનરલ હોસ્પીટલમાં સારવાર થઇને આવેલી હતી. જનરલ હોસ્પીટલમાં આ ઇજા પર ટાંકા લેવામાં આવેલા હતા. ગળાની ઇજા ઉપરનું ડ્રેસીંગ ખોલી મેં ઇજા જોયેલી હતી. ગળાની ઇજાનું તેઓએ બાહ્ય પરીક્ષણ કરેલું હતું. દર્દીને થયેલી કોણી અને જડબાના ભાગની ઇજા, માથાના ભાગની ઇજા અને છાતીના ભાગની ઇજા ડ્રેસીંગ ખોલી તેઓએ જોયેલ છે. આ બધી ઇજાઓ ઉપર ટાંકા લીધેલા હતા. કોઇપણ ઇજા તેઓએ ટાંકા ખોલીને જોઇ નથી. ટાંકા ખોલી ઇજા જોવામાં ન આવે ત્યાં સુધી તે ઇજાની ઉંડાઇ જાણી શકાય નહીં. ટાંકા ખોલીને ઇજા જોવામાં ન આવે ત્યાં સુધી ઇજાનો પ્રકાર કહી શકાય નહીં. સામાન્ય રીતે ઇજાના પ્રકાર માટે ઇજાની ઉંડાઇ જોવી જરૂરી છે. ઇજાની ઉંડાઇ જોવાથી તે ઇજા કયા પ્રકારના હથિયારથી થયેલ છે તેના વિશે અભિપ્રાય આપી શકાય. તેઓએ ઇજાની ઉંડાઇ અંદાજીત લખેલ છે. દર્દીને થયેલી ઇજાઓ પૈકીની ચોકકસ કઇ ઇજાના કારણે દર્દીનું મૃત્યું નીપજેલું છે તેવું તેઓએ તેમના સર્ટીફિકેટમાં જણાવેલું નથી. હૃદય બંધ પડી જવાના કારણે મૃત્યુ નિપજેલાનો અભિપ્રાય આપેલો છે. તેઓએ મુદ્દામાલ છરી આજરોજ પહેલી વખત જોયેલી છે અને તેનો અભિપ્રાય પણ આજરોજ પહેલી વખત આપેલો છે. હૃદય બંધ થઇ જવાના ઘણા કારણો હોઇ શકે છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

(૨૭.૪) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૩ તરીકે ડો.હાર્દિક જગદીશભાઇ ધોળુ નાઓને આંક:૬૦ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પીટલ ખાતે ફરજ

બજાવતા હતા ત્યારે ગુજરનાર સાક્ષીબેનના બ્લડ સેમ્પલ (ઇ.ડી.ટી.એ.) માં લીધેલા હતા તે સેમ્પલો સીલબંધ કરી ફોરવર્ડીંગ લેટર સાથે ભુજ સીટી એ ડીવીઝનમાં સોપેલા હતા. આંક:૬૧ વાળી યાદી ઓળખી બતાવે છે. ત્યારબાદ તે જ દિવસે ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન તરફથી આરોપી–જયેશ જયંતિજી ઠાકોરના બ્લડ સેમ્પલ લેવા માટે યાદી મળેલી હતી તે આંક:૬૨ થી રજુ છે. તેઓએ આરોપી–જયેશ જયંતિજી ઠાકોરના બ્લડ સેમ્પલ (ઇ.ડી.ટી.એ.) અને પ્લેનમાં લીધેલા હતા તે સેમ્પલો સીલબંધ કરી ફોરવર્ડીંગ લેટર સાથે ભુજ સીટી એ ડીવીઝનમાં સોપેલા હતા તે સંબંધી યાદી આંક:૬૨ થી રજુ કરે છે. આંક:૫૬ વાળી પી.એમ. નોટ તથા આંક:૫૭ વાળું મૃત્યુનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર ઓળખી બતાવે છે.

**(૨૭.૪.૧)** આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, શબ પરીક્ષણ નોંધ શબ પરીક્ષણ કરતી વખતે એક કાગળમાં કરવામાં આવેલ જુદી–જુદી ટુંકી નોંધ ઉપરથી તૈયાર કરેલ છે. આ જુદી–જુદી ટુંકી નોંધ તેઓએ કરેલી ન હતી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

**(૨૭.૫)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૬ તરીકે ડો.યાહ્યા અબ્દુલ રસીદભાઇ ખત્રી નાઓને આંક:૬૬ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પીટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે સાક્ષીબેન જેઠાલાલ ખાનીયા ને ઇમરજન્સી ડિપાર્ટમેન્ટમાં લઇ આવેલા ત્યારે તેમના શરીર ઉપર ઘણી ઇજાઓ હતી તેમાંથી અમુક ગંભીર ઇજાઓ હતી ત્યારે તે બેભાન અવસ્થામાં હતી તેથી ઇમરજન્સી ડિપાર્ટમેન્ટના ડોકટરો તરફથી તેમને તાત્કાલીક પ્રાથમિક સારવાર આપવામાં આવેલી હતી અને તેમને વેન્ટીલેટરર્સ ઉપર મુકેલા હતા. ત્યારબાદ ઇમરજન્સી વિભાગના ડોકટરે ગળા ઉપર ગંભીર ઇજા જોતા તેમણે આ કેસ તાત્કાલીક કાન–ગળાના વિભાગને રીફર કરવામાં આવ્યું અને તાત્કાલીક તેમણે ઓપરેશન થિયેટરમાં ખસેડવામાં આવ્યું.

ડો.હેતલ જોષી અને ડો.રાજેશ ગૌરી દ્વારા આ ઈમરજન્સી ઓપરેશન કરવામાં આવ્યું. તેમની સાથે બે આસીસ્ટન્ટ ડો.આયુષ ટાંક અને ડો.પ્રિત હિંગરાજીયા નાઓએ સારવાર કરેલી.

**(૨૭.૫.૧)** આ જ તબીબી સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, ડો.રાહુલસિંહ જાડેજા દ્વારા શરૂઆતની પ્રાથમિક સારવાર કરવામાં આવેલી હતી. ઈમરજન્સી વિભાગના ડોકટરોએ સાક્ષીબેનની જે સારવાર કરેલી તે સારવાર અંગેના તમામ કેસ પેપર્સ અમોને એમ.એલ.સી. વિભાગમાં મળતા તે કેસ પેપર્સ ઉપરથી તેઓએ એમ.એલ.સી. સર્ટીફિકેટ આપેલું તે આંક:૬૭ વાળું સર્ટીફિકેટ ઓળખી બતાવે છે અને સાક્ષીબેનની પ્રાથમિક સારવારથી લઈ જુદી-જુદી સારવાર જુદા-જુદા નિષ્ણાંત ડોકટરો દ્વારા આપવામાં આવેલી હતી તે સારવારના કાગળો છે આંક:૬૮ થી કુલ્લ પાના-૫૩ રજુ કરેલા છે. તે જ દિવસે ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન તરફથી આરોપી-મોહિત નાઓની મેડીકલ તપાસણી માટે આંક:૬૯ વાળી યાદી મળેલી હતી તે આધારે આ કામના આરોપી-મોહિતની શારીરીક તપાસણી કરેલી હતી. તેના જમણા હાથની પ્રથમ આંગળી પર ઈજાનું નિશાન હતું. જેના ઉપર ડ્રેસીગ કરવામાં આવેલું હતું. તેને ફિઝીકલી ફિટ જાહેર કરવામાં આવેલું હતું. જે અંગે ઓ.પી.ડી કેસ પેપર્સ તૈયાર કરેલ. આંક:૭૦ વાળા ઓ.પી.ડી. કેસ પેપર્સ ઓળખી બતાવે છે. આ કામના આરોપી-જયેશભાઈ જયંતિભાઈ ઠાકોરની શારીરીક તપાસણી કરેલી હતી. તેઓ ૧૦૮ એમ્બયુલન્સમાં આવેલા. જેમાં તેને એક ઈજા શરીરના પાછળના ભાગે ડાબી બાજુ ૭ x ૨ x ૧.૫ સે.મી.ની તાજી ધારદાર હથિયારથી થઈ શકે તેવી સાદી ઈજા હતી. બીજી ઈજા ડાબા હાથના ફોર-આર્મ ઉપર ૩ x ૧ સે.મી.ની તાજી ધારદાર હથિયારથી થઈ શકે તેવી સાદી ઈજા હતી. જે અંગે તેઓએ પ્રમાણપત્ર આપેલું હતું તે આંક:૭૧ વાળું પ્રમાણપત્ર ઓળખી બતાવે છે.

**(૨૭.૫.૨)** બન્ને આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ સાક્ષીબેનની કોઈ સારવાર કરેલી નથી. સાક્ષીબેન બાબતે

તેણીના કેસ પેપર્સ ઉપરથી તેઓએ ફકત પ્રમાણપત્ર આપેલું છે. તેમને તા:૨૯/૦૧/૨૦૨૬ ના રોજ કોર્ટમાં જુબાની આપવા માટેનો સમન્સ બજેલો હતો. આરોપી–મોહિતની ઈજાની સારવાર તેઓએ કરેલી નથી. આરોપી–મોહિતની ઈજા તેમની સમક્ષ હાજર થયો ત્યારે ડ્રેસીંગ થયેલી હતી. આ ડ્રેસીંગ કયા, કોણે અને કેવી રીતે કરેલ છે તેની તેમને કોઇ માહિતી નથી. મોહિતને તેમની સમક્ષ ફિટનેશ સર્ટીફિકેટ માટે લાવેલ અને તેઓએ આપેલું છે. ડ્રેસીંગથી પાટો બાંધેલ હોય તો ઈજા કેવી પ્રકારની છે તે જોઇ શકાય નહીં. તા:૨૯/૦૧/૨૦૨૬ બાદ આજદિન સુધી આંક:૬૭ વાળું પ્રમાણપત્ર બનાવવા માટે પોલીસ તરફથી તેમને કોઇ યાદી આપેલ નથી. સાક્ષીબેનનું સર્ટીફિકેટ આંક:૬૭ તા:૩૦/૦૧/૨૦૨૬ ના રોજ તેઓએ તૈયાર કરેલું છે. આ સર્ટીફિકેટ બાબતે તા:૨૯/૦૧/૨૦૨૬ ના રોજ તેમને કોર્ટમાં જુબાની આપવા હાજર રહેવાનું હતું.

**(૨૭.૫.૩)** બન્ને આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, સાક્ષીબેનને ડોકટરની સલાહ વિરુદ્ધ ડોકટરની રજા વગર બીજી હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલા હતા. એવું જરૂરી નથી કે, શ્વાસોશ્વાસ બંધ થઇ જાય અને પલ્સ બંધ થઇ જાય તેને જ વેન્ટીલેટર પર કૃત્રીમ શ્વાસોશ્વાસ માટે મુકવામાં આવે છે. તેઓએ જયેશ જયંતિજી ઠાકોર નાઓને કોઇ સારવાર આપેલી નથી. એમ.એલ.સી. કેસ પેપર્સમાં જે હિસ્ટ્રી લખેલી હોય તે હિસ્ટ્રી એમ.એલ.સી. સર્ટીફિકેટમાં લખવી ફરજીયાત છે. આંક:૭૧ ના સર્ટીફિકેટમાં જણાવેલ ઈજા નં.૧ કોઇ વ્યકિત પોતાની જાતે કરી શકે નહીં. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૭.૬)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૩૧ તરીકે ડો.રાજેશ પ્રેમજીભાઇ ગૌરી નાઓને આંક:૧૧૮ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સાક્ષીબેન જેઠાલાલ ખાનીયા નાઓને સાંજના ૬:૨૫ કલાકે ઈજા પામેલી હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં વાહન મારફત

લઈ આવેલા હતા. ઈજા પામનાર સાક્ષીબેનને તપાસવામાં આવ્યા ત્યારે તેણીના પલ્સ ન હતા, બી.પી. આવતું ન હતું. જેથી ઇમરજન્સી વિભાગમાં ફરજ પરના ડો.રાહુલસિંહ જાડેજા નાઓએ દર્દીને સીપીઆર આપેલ અને કૃત્રીમ શ્વાસ આપવા માટે નળી ગળામાં મુકી ઓકસીજન આપેલો હતો તેમજ શોક ટ્રીટમેન્ટ આપેલી જેથી પેશન્ટ રીવાઇવ થયેલો હતો. દર્દીને ગળામાં ઈજા હતી તેના કારણે લોહી બહુ નીકળી ગયેલું હતું આથી લોહી ચઢાવવામાં આવેલું હતું. પેશન્ટનું બી.પી. થોડુંક અપ આવેલું હતું. જેથી પેશન્ટને ઓપરેશન થિયેટરમાં શિફ્ટ કરવામાં આવેલો હતો ત્યાં હું ગળાના સર્જન ડો.હેતલ જોષી સાથે હતો અને દર્દીનું ગળાની ઈજા અંગે ઇમરજન્સી ઓપરેશન કરવામાં આવેલું હતું. સાક્ષીબેનને મુખ્ય ઈજા ગળા ઉપર હતી, જમણી બાજુ કાંડાના ભાગે (ફોર આર્મ), જમણા ખંભાના ભાગે, જમણી બાજુ પીઠના ઉપરના ભાગે, નાભિની ઉપરની બાજુ, ડાબા કાંડાના ભાગે (ફોર આર્મ), ગાલ ઉપર એક નાની ઈજા હતી, ઉપર મુજબની ઈજાઓ માલુમ પડેલી હતી.

**(૨૭.૬.૧)** આ જ તબીબી સાહેદ તેમની સરતપાસમાં આગળના ભાગે વધુમાં એમ પણ જણાવે છે કે, સાક્ષીબેનને ઇમરજન્સીમાં ગળાનું ઓપરેશન કર્યા બાદ ઓપરેશન થિયેટરમાંથી બહાર લેવામાં આવેલા હતા. તે સમયે સાક્ષીબેનના સગાઓએ ડોકટરની સલાહ વિરુદ્ધ ડિસ્ચાર્જ મેળવેલો હતો. તેઓએ સાક્ષીબેનને જે ઓપરેશન કરેલું તે અંગેના કેસ કાગળો તૈયાર કરેલા હતા. સાક્ષીબેનને ગળા ઉપર જે ઈજા થયેલી હતી તે ઈજા ધારદાર હથિયારથી થઈ શકે તે પ્રકારની ઈજા છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરીથી આ પ્રકારની ઈજા થઈ શકે.

**(૨૭.૬.૨)** બન્ને આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમની પાસે દર્દી આવ્યા તે પહેલા ઇમરજન્સી વિભાગમાં સારવાર લઈ આવેલા હતા. ઇમરજન્સી વિભાગમાં દર્દીને કૃત્રીમ શ્વાસોશ્વાસ ઉપર રાખવામાં આવેલા હતા. દર્દીને લાવવામાં આવ્યા ત્યારે તેનું પલ્સ અને બી.પી. ન હતું. સામાન્ય રીતે કોઇપણ વ્યકિત મૃત્યુ પામે ત્યારે તેનું પલ્સ અને બી.પી.

આવતું નથી. તેઓએ જે પલ્સ અને બી.પી. આવેલાનો સમય ૬:૫૨ મીનીટનો નોંધેલો છે. ઈજા પામનારની ગળાની સર્જરી ડો.હેતલ જોષી, કાન–નાક–ગળાના નિષ્ણાંત સર્જન દ્વારા કરવામાં આવેલી છે. દર્દીને કઈ જગ્યાએ ઈજાઓ થયેલી છે તેની જાણ તેમને દર્દી તેમની પાસે રહ્યા ત્યાં સુધી ન હતી. મુદ્દામાલ હથિયાર બતાવી ઈજા અંગે તેમનો કોઈ અભિપ્રાય આ અગાઉ પુછવામાં આવેલ નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૭.૭)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૩૨ તરીકે ડો.રાહુલસિંહ જયપાલસિંહ જાડેજા નાઓને આંક:૧૯ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા:તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગમાં ફરજ ઉપર હાજર હતા. સાક્ષીબેન જેઠાલાલ ખાનીચા નાઓને સાંજના ૬:૨૫ કલાકે ઈજા પામેલી હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં એમ્બ્યુલન્સ મારફત લઈ આવેલા હતા. તેમનું હદય તે સમયે બંધ હતું. તેઓએ મેડીકલ ગાઈડ લાઈન્સ પ્રમાણે દર્દીને સારવારમાં મસાજ–સી.પી.આર. અને વેન્ટીલેટર ઉપર લેવામાં આવેલા હતા અને તે મુજબની ટ્રીટમેન્ટ આપવામાં આવેલી હતી તેથી ૬:૫૨ કલાકે આ દર્દીનું હદય કાર્ય કરવા મંડેલું હતું. દર્દીને જે પ્રમાણે ગળા ઉપર ઈજા હતી અને ખાસ્સા પ્રમાણમાં લોહી વહી ગયેલું હતું. તે મુજબ દર્દીને ઈન્જેકશન આપવામાં આવેલું હતું અને લોહીની બોટલ ચઢાવવામાં આવેલી હતી. દર્દીના ગળા ઉપર કોટન મુકી દબાણ કરી લોહી ઓછું નીકળે તે મુજબ પ્રયત્ન કરવામાં આવેલો હતો. હોસ્પીટલના ગળા વિભાગના ડોકટરશ્રી અને સર્જનશ્રીને આ ઈજા બાબતની જાણ કરવામાં આવેલી હતી. આ બન્ને ડોકટર સાહેબ ઈમરજન્સી વિભાગમાં દર્દીને જોવા આવી ગયેલા હતા અને દર્દીને ઈમરજન્સી વિભાગમાંથી તાત્કાલીક ઓપરેશન થિયેટરમાં ઓપરેશન કરવા માટે શિફ્ટ કરવામાં આવેલા હતા.

**(૨૭.૭.૧)** બન્ને આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો

છે કે, જે દર્દીનું હૃદય કામ કરતું ન હોય તેવા દર્દીને મેડીકલી ભાષામાં ડેડ ગણવામાં આવે છે. આ દર્દી પણ મેડીકલી ભાષામાં જયારે તેમની પાસે લાવવામાં આવેલા ત્યારે ડેડ પોઝીશનમાં હતા. આ દર્દી તેમની પાસે આશરે અડધો કલાક જેટલો પ્રાથમિક સારવાર અંગે રોકાયેલા હશે. તેઓએ દર્દીને થયેલી ઈજાઓ પૈકી સ્ટીચ લઇ અથવા તો નસ ઉપર થયેલ ઈજાના કારણે નસ બંધ કરી હોય તેવી કોઇ સારવાર આપેલી નથી. ગળાના ભાગે કઇ નસ અને કયાંથી કપાય છે તેની નોંધ તેઓએ કેસ પેપર્સમાં કરેલી નથી. તેમની પાસે દર્દી આવ્યા તેના બે થી અઢી કલાક પહેલા દર્દીને ઈજા થયેલી હતી તેવું કેસ પેપર્સ જોતા જણાઇ આવે છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

## (૨૮) <u>પંચ સાહેદોના પુરાવાની ચર્ચા :</u>

**(૨૮.૧)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૭ તરીકે લલીત પ્રેમજીભાઇ બુચીયા નાઓને આંક:૭૨ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેમનો મિત્ર ખેંગારભાઇ ગોપાલભાઇ નઝાર બપોરના બે વાગ્યાની આજુબાજુ તેઓ પુજા ડાઈનીંગ હોલ તરફ જમવા માટે જતા હતા ત્યારે વચ્ચે પોલીસના માણસો ઉભા હતા તેમણે કહેલું કે, પંચનામું કરવાનું છે જો તમો પંચમાં રહી શકો તો અમારી સાથે પોલીસ સ્ટેશન ચાલો. આથી તેઓ તથા તેમનો મિત્ર ખેંગારભાઇ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગયેલા હતા. તેઓ બન્નેને સાહેબની ચેમ્બરમાં બોલાવેલા હતા. અંદર સાહેબ તથા બે-ત્રણ પોલીસવાળા હતા અને એક વ્યક્તિ હતો. સાહેબે તેમને બનાવ અંગે સમજ આપેલી. સ્થળનું પંચનામું કરવાનું છે. આરોપી ત્યાં હાજર હતો. તેમને પંચમાં રહેવાની સમજ આપેલી. તેમની સહી કરાવેલી હતી. તેઓ તથા આરોપી અને પોલીસવાળા બનાવને સ્થળે ગયેલા ત્યાં તેમની હાજરીમાં પોલીસે પંચનામું કરેલું અને તેમને સહી કરવાનું કહેતા વાંચી, સમજી સહી કરી આપેલી. આંક:૭૩ વાળું પંચનામું ઓળખી બતાવે છે. આરોપીને ઓળખી બતાવે છે.

**(૨૮.૧.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ

સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, આ કામના આરોપીને પોલીસ સ્ટેશનમાં પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે તેઓએ જોયેલો હતો તેથી આજરોજ આરોપી તરીકે કોર્ટમાં ઓળખી બતાવે છે. પંચનામામાં જેટલી પણ સહીઓ કરેલી તે તેઓએ પોલીસ સ્ટેશનમાં કરેલી હતી. પંચનામાનું લખાણ પોલીસ સ્ટેશનમાં કરેલું હતું. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

(૨૮.૨) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૮ તરીકે અનિતાબેન દેવજીભાઈ ગજરા નાઓને આંક:૭૪ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ તેમને એ ડીવીઝન પોલીસ સ્ટેશનેથી ફોન આવેલો હતો. સાક્ષીબેન મૃત્યુ પામેલ છે તો જી.કે.જનરલ હોસ્પીટલમાં આવી જવા જણાવતાં તેઓ સવારના ભાગે જી.કે.જનરલ હોસ્પીટલ ગયેલા હતા ત્યાં એક પોલીસવાળા હતા તેમને તથા ઇમરાનભાઇને પોષ્ટમોર્ટમ રુમમાં લઇ ગયેલા હતા ત્યારે અંદર સ્ટ્રેચર ઉપર એક સફેદ કપડું ઓઢાડેલી લાશ પડેલી હતી તે કપડું હટાવી જોતા સાક્ષીબેનની લાશ હતી. તેને અડી જોતા તે સાવ ઠંડી પડી ગયેલી હતી. તેણીને હોસ્પીટલના બ્લુ અને વ્હાઇટ કલરના કપડા પહેરાવેલા હતા. તેણીના જમણા ગાલ ઉપર ૩ ઇંચ જેટલો ઘા જોવામાં આવેલો અને તેને ટાંકા મારેલા હતા અને ગળા ઉપર ૭ ઇંચેક જેટલો ઘા હતો અને તેને પણ ટાંકા મારેલા હતા અને નાભિ ઉપર પણ અંદાજીત ૧ ઇંચ જેટલો ઘા હતો અને તેને પણ ટાંકા મારેલા હતા. તેણીની લાશને પાછળ ફેરવીને જોતા તેણીના ડાબા કાનની નીચે અંદાજીત દોઢ ઇંચ જેટલો ઘા જોવામાં આવેલો જેને પણ ટાંકા મારેલા હતા. ગરદનની પાછળના ભાગે તેને બે ઇંચ જેટલો ઘા જોવા મળેલો અને તેને પણ ટાંકા મારેલા હતા. તેણીના પીઠના ઉપરના ભાગે બે ઇંચ જેટલો ઘા જોવા મળેલો અને તેને પણ ટાંકા મારેલા હતા. તેણીએ હોસ્પીટલની ઓરેન્જ કલરની પટ્ટી લાગેલી હતી. સાક્ષીબેનની બાજુમાં એક ભાઇ ઉભા હતા તેમણે પોતાનું નામ જેઠાલાલ ખાનીચા હોવાનું જણાવેલું અને તે સાક્ષીબેનના પિતા હોવાનું ઓળખ આપેલી હતી. આ પંચનામું અમારી હાજરીમાં પોલીસના માણસોએ લેપટોપમાં ટાઇપ કરી તૈયાર કરેલું હતું તેમાં

વાંચી, સમજી લખેલું સાચું હોવાથી તેઓએ તથા બીજા પંચ–ઈમરાનભાઈએ સહીઓ કરી આપેલી હતી. આંક:૭૫ નું પંચનામું ઓળખી બતાવે છે.

**(૨૮.૨.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, ગુજરનાર સાક્ષીબેન જે હોસ્ટેલમાં રહેતા હતા તે હોસ્ટેલમાં તેઓ વોર્ડન તરીકે નોકરી કરે છે અને ત્યાં રહે છે. ગળાના ભાગે એક ઈજા જોયેલી હતી. સાક્ષીબેનને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે તેઓ પાછળથી હોસ્પીટલમાં આવેલા હતા. પંચનામું કર્યું તેના આગલા દિવસે તેઓ હોસ્પીટલમાં સાક્ષીબેનને જોવા ગયા ત્યારે અડધોક કલાક જેટલો હોસ્પીટલમાં રોકાયેલા હતા. તેઓએ જે દિવસે સહી કરી તે દિવસે હોસ્પીટલમાં સવારના નવ–પોણા નવ વાગે હોસ્પીટલમાં આવેલી હતી. તેઓ બન્ને પંચોએ જે જોયેલું તે લખાવેલું હતું.

**(૨૮.૨.૨)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ અગાઉ કયારેય કોઈ પંચનામામાં પંચ તરીકે રહેલા નથા. આ પંચનામું કેવી રીતે લખાવાય તેવી તેમને કોઈ સમજ આપેલી ન હતી. આ બનાવની જાણ તેમને જે તે વખતે સમાજના ગ્રુપમાં મેસેજથી થયેલી હતી. આ મેસેજ જોયા બાદ તેઓ હોસ્પીટલ ગયેલા હતા. તેઓએ પોસ્ટમોર્ટમ રુમની અંદર સહી કરેલી હતી. પંચનામું કોમ્પ્યુટર ઉપર ટાઈપ થયેલું છે. પોસ્ટ મોર્ટમ રુમમાં પ્રિન્ટર હતું. આ બધું લખાણ આશરે ૨૫ થી ૩૦ મીનીટ ચાલેલું હતું. તેમને પંચનામામાં રહેવા બોલાવેલા હતા. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૮.૩)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૧૯ તરીકે હિરેન નિતીનભાઈ ભાનુશાલી નાઓને આંક:૭૬ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના બારેક વાગ્યાની આસપાસ તેમને એ ડીવીઝન પોલીસ સ્ટેશનેથી ફોન આવતાં તેઓ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગયેલા હતા તે

સમયે બીજા એક વ્યકિત નિતીનભાઈ હરીલાલ ગજરા પણ ત્યાં હાજર હતા. ત્યારબાદ તેઓ બન્નેને પોલીસ સ્ટેશનમાં રાઈટર રુમમાં બોલાવેલા હતા ત્યાં તેમને તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ જે ખુન થયેલું હતું તે બાબતે સમજાવેલું હતું. જે બનાવનો આરોપી–પોલીસ સ્ટેશનમાં હાજર હતો તેને અટક કરવાનો હતો તેનું પંચનામું કરવાનું હતું તેની તેમને સમજ આપેલી હતી. તેઓ પંચમાં રહેવા સંમત થયેલા હતા.

**(૨૮.૩.૧)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, એક પોલીસ ઈન્સ્પેકટર સાહેબ પોલીસની વર્ધીમાં હાજર હતા. તેમણે પોતાની ઓળખ એ.એમ.પટેલ તરીકે આપેલી હતી. તેમની બાજુમાં એક ઈસમ ઉભેલો હતો. જેને તેમની રુબરુમાં પટેલે સાહેબ પુછતા તેણે પોતાની ઓળખ મોહિત મુળજી સિદ્ધપુરા, રહે:ગાંધીધામ વાળો જણાવેલ. જેણે એ સમયે કાળા કલરનો ટુંક બાયવાળો ટી–શર્ટ પહેરેલો હતો, જેના આગળના ભાગે "NARUTO" લખેલું હતું. બ્લુ કલરની ફેન્સી સ્કેચવાળી પેન્ટ પહેરેલી હતી. વાળ કાળા હતા. કાળા ફ્રેમવાળી ચશ્મા પહેરેલી હતી. જમણા હાથની પહેલી આંગળીમાં લાલ કલરનો પાટ્ટો બાંધેલો હતો. ત્યારબાદ તેમની રુબરુમાં સાહેબે તેને આ ગુનાના કામે પંચનામાની વિગતે અટક કરવામાં આવેલો હતો. ત્યારબાદ પંચનામું વાંચી તેઓએ સહી કરી આપેલી હતી. આંક:૭૭ વાળું પંચનામું ઓળખી બતાવે છે. આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરા નાઓને પણ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૮.૩.૨)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, આ પંચનામું પુરું થયા બાદ તેમને જણાવેલું કે, હજુ એક પંચનામું કરવાનું છે તમો પંચમાં રહેવા તૈયાર છો. તેથી તેઓએ પંચમાં રહેવા હા પાડેલી હતી. તેમની સાથે બીજા પંચ–પંકજભાઈ અરવિંદભાઈ ભાનુશાલી નાઓ હતા. બીજા પંચનામામાં પોલીસે તેમને સમજ આપેલી કે, જેનું ખુન થયું છે તે મરણજનાર સાક્ષીબેન ખાનીયા, રહે:ગાંધીધામ હાલે–ભાનુશાલી બોર્ડીગ, ભુજ નાઓએ બનાવ સમયે પહેરેલા કપડા તથા મોબાઈલ ફોન એક પોલીસવાળા જી.કે.જનરલ હોસ્પીટલેથી લઈ આવેલ છે તેને ગુનાના કામે કબજે લેવાના છે. તેમાં પંચમાં રહેવા સંમત થયા હતા.

**(૨૮.૩.૩)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, ત્યાર બાદ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ એ.એમ.પટેલ નાઓની બાજુમાં એક પોલીસ કોન્સ્ટેબલ વિશાલ નટવરભાઇ સોની તરીકે ઓળખ આપેલી હતી. વિશાલભાઇએ જણાવ્યું કે, બનાવ સમયે મરણજનાર–સાક્ષીબેન ખાનીય રહે.ગાંધીધામ હાલે–ભાનુશાલી બોર્ડીંગ, ભુજ વાળાના કપડા તથા મોબાઇલ ફોન ડોકટરશ્રીએ સારવાર દરમ્યાન કાઢેલા તે કપડા જોતા જેમા એક બ્લેક કલરનો વ્હાઇટ લાઇનીંગવાળો ફ્રોક હતો. જે આખો ફાટી ગયેલો હતો. તેને સીલ્વર બટન હતા. તે લોહીથી આખું ભરેલું હતું. તેને તેમની રુબરુમાં એક કાપડની થેલીમાં તેઓ પંચોની તથા પોલીસની સહીઓવાળી કાપલી સાથે મુકી દેવામાં આવેલી અને ઉપરથી થેલીને સોઇ–દોરા વડે સીવી દેવામાં આવેલ અને તેમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશનનો સીલ મારેલું હતું. ત્યારબાદ એક મોબાઇલ ફોન જેની બોડી સીલ્વર કલરની હતી. તે વીવો–વાય–૩૦૦ કંપનીનો હતો. તેને તેમની રુબરુમાં પંચોની હાજરીમાં અનલોક કરી જોતાં તેમાં જીયો કંપનીનું સીમ હતું. ત્યારબાદ તે મોબાઇલ ફોનને ગુના કામે કબજે કરેલ હતો. પંચનામું પુરું થયા બાદ તેઓએ પંચ તરીકે સહીઓ કરી આપેલી હતી. આંક:૭૮ વાળું પંચનામું તથા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૩/૨૫ ના આર્ટીકલ નં.૧ વાળા કપડા ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૩/૨૫ ના આર્ટીકલ નં.૨ વાળો મોબાઇલ ફોન ઓળખી બતાવે છે. આંક:૭૯ અને આંક:૮૦ વાળી પંચ સ્લીપોમાં તેમની સહીઓ ઓળખી બતાવે છે.

**(૨૮.૩.૪)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમના પિતા તેમના સમાજના આગેવાન છે. પંચનામું કર્યું તેની આગલી રાત્રે તેઓ અને તેમના પિતાજી ઘરે હતા. તેઓ પંચમાં રહેવા ગયા ત્યારે આરોપી–મોહિત પોલીસ સ્ટેશનમાં હતો. આરોપી–મોહિત પોલીસ સ્ટેશનમાં કયારે આવ્યો અને કોણ લઈ આવ્યું, કેવી રીતે આવેલો તેની તેમને માહિતી નથી. તેઓ પહેલું પંચનામું પુરું થયા બાદ પોલીસ સ્ટેશનની બહાર ગયેલા ન હતા. બન્ને

પંચનામાના બીજા પંચ તેમના સમાજના છે. પહેલું પંચનામું પુરું થયા બાદ તેમને જાણ થયેલી કે તેમને બીજા પંચનામામાં રહેવાનું છે. તેમની હાજરીમાં પોલીસે મોબાઇલ અનલોક કરેલો હતો. કપડા અને મોબાઇલ એક પોલીસ કર્મચારી લઇને આવેલા હતા. તેમની હાજરીમાં કોઇ કપડા અને મોબાઇલ લેવા ગયેલું હોય તેવું બનેલું નથી. તેમની હાજરીમાં એવું બનેલું નથી કે, માણસ આવે છે અને મુદામાલ લાવે છે પંચો હાજર રાખો. મોહિતને પોલીસ સ્ટેશનમાં જોયેલો હોય ઓળખી બતાવે છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

**(૨૮.૪)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૦ તરીકે સુનીલ પ્રતાપભાઇ નાખુવા નાઓને આંક:૮૧ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સ્થાનિક જગ્યાના પંચનામા માટે સંસ્કાર સ્કુલ-કોલેજ કેમ્પસમાં તેમને બોલાવેલા હતા ત્યાં તેમની સાથે બીજા પંચ-મયુરભાઇ દામોદરભાઇ ભાનુશાલી હતા. એક પોલીસ અધિકારી એ.એમ.પટેલ સાહેબ હતા તથા એક ઇસમ હતો. જેની પટેલે સાહેબે ઓળખાણ આપવાનું કહેતા તેણે પોતાનું નામ-મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા જણાવેલું હતું. જે ઉંમર વર્ષ ૨૨, રહે:ગાંધીધામ વાળો હતો તથા એક એફ.એસ.એલ. અધિકારી હતા. ત્યારબાદ પોલીસ અધિકારીએ મોહિતને બનાવવાળી જગ્યા બતાવવાનું કહેલ તો મોહિતે તેમને કેમ્પસના ગેટની પાસે એક નાની ઓરડીની બાજુમાં એક ગાર્ડન આવેલ છે ત્યાં ગયેલા તે ગાર્ડન બાદ સીમેન્ટ રોડ આવેલ છે. જે રોડ ઉપર લોહીના ધાગા જણાઇ આવતા તે દાગા ઉપર એફ.એસ.એલ અધિકારીએ બ્લડ ડિટેકશન કિટ વડે ખરાઇ કરતા બ્લડ જણાઇ આવતા તેઓએ તે બ્લડનું સેમ્પલ લીધેલ તથા તેની બાજુમાં ખુલ્લી જગ્યાનું પણ એક સેમ્પલ લીધેલ. તે બંને સેમ્પલ પ્લાસ્ટીકની ઝીપવાળી થેલીમાં નાખી સીલ કરી કબજે કરેલ.

**(૨૮.૪.૧)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, ત્યારબાદ મોહિત ગેટની બહાર લઇ ગયેલ ત્યાં ગેટથી અંદાજીત ૧૦૦ મીટરની અંદર હિરો હોન્ડા કંપનીનું એક બાઇક પડેલું હતું. જે

બાઈકના સીટ ઉપર, હેન્ડલ ઉપર, સાયલન્સર ઉપર લોહીના ધાબા જણાઈ આવેલ. એફ.એસ.એલ અધિકારીએ તે લોહીના ધાબા તથા સાયસલન્સર ખુલ્લાના ભાગ ઉપરથી બે અલગ–અલગ સેમ્પલ લઈ તેમની સહી કરી સીલ કરેલ ત્યારે બાઈકની બાજુમાં એક ગુલાબી કલરનો રુમાલ હતો તે બ્લડથી ભરેલો હતો તે રુમાલ પણ કબજે કરેલ હતો અને સીલ કરેલ હતો તથા બાઈકની બાજુમાં એકાદ ફુટનું લોહીનું ખાડા જેવું હતું જયાં પણ એફ.એસ.એલ અધિકારીએ લોહીનું સેમ્પલ તથા ખુલ્લી માટીનું સેમ્પલ બે અલગ–અલગ સેમ્પલ લીધેલા હતા. ત્યારબાદ બાઈક કબજે કરેલ હતી. ત્યારબાદ મોહિતે બનાવથી થોડે દુર બનાવમાં વપરાયેલ હથિયાર–છરી બતાડેલ તે તેઓ તથા એફ.એસ.એલ અધિકારી તથા પોલીસ અધિકારીએ જોઈ તે છરી લોહીના દાગાવાળી કબજે કરેલ હતી. પંચનામું પુરું થયા બાદ તેઓ પંચોની સહી લેવામાં આવેલી હતી તથા રુબરુ તરીકે પટેલે સાહેબે પણ પોતાની સહી કરેલી.

**(૨૮.૪.૨)** આ પંચ સાહેદ વધુમાં આંક:૮૨ વાળું પંચનામું ઓળખી બતાવે છે. છરી લાકડા અને સ્ટીલના હાથાવાળી હતી અને રુમાલ ગુલાબી કલરનો ડોટ–ડોટવાળો હતો. મુદ્દામાલ પાવતી નં.૩૬૪/૨૫ ના આર્ટીકલ નં.૧૦ વાળો રુમાલ ઓળખી બતાવે છે. આંક:૮૩ વાળી પંચ સ્લીપમાં તેમની સહી ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૪/૨૫ ના આર્ટીકલ નં.૧૧ વાળી છરી ઓળખી બતાવે છે. આંક:૮૪ વાળી પંચ સ્લીપમાં તેમની સહી ઓળખી બતાવે છે. આરોપી–મોહિતને પણ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૮.૪.૩)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ ભાનુશાલી જ્ઞાતિના છું. આ કામના ગુજરનાર–બેન ભાનુશાલી જ્ઞાતિના છે. નીતિનભાઈ ઉમરશીભાઈ ભાનુશાલી તેમના ગામના છે. પંચનામામાં જે જગ્યાએથી છરી મળી આવેલી તેવું જણાવેલું છે તે જાહેર જગ્યા છે અને ત્યાં કોઈપણ વ્યકિત આવી–જઈ શકે છે. સ્થાનિક જગ્યા પંચનામું કર્યું તે પહેલા પોલીસે જોયેલી છે તેવું તેમને પોલીસે જણાવેલું ન હતું. તેમને જે જગ્યાએ પંચનામું કરવાનું છે

તે જગ્યાનું અગાઉ પંચનામું થઇ ગયેલું છે તેવી કોઇ હકીકત પોલીસે તેમને જણાવેલી ન હતી. બીજા પંચ–મયુરભાઇ દામોદરભાઇ ભાનુશાલી તેમની જ્ઞાતિના છે અને તેમના ગામના છે. આ સમયે મયુરભાઇ મારી દુકાને હતા. પોલીસે અમોને જાણ કરેલી કે, સંસ્કાર સ્કુલ–કોલેજે આવો. આરોપી–મોહિત તેમને પોલીસ સ્ટેશનથી જગ્યા ઉપર લઇ ગયેલ હોય તેવું બનેલું નથી. તેઓ જે જગ્યા ઉપર પહોંચ્યા તે જગ્યા ઉપર આ પોલીસના માણસો અને આરોપી હાજર હતા. આરોપીને કેવી રીતે તે સ્થળ ઉપર લાવવામાં આવેલો તેની તેમને માહિતી નથી. તેઓ અને મયુરભાઇ એક જ ફોર વ્હીલર ગાડીમાં સ્થળ ઉપર પહોચેલા હતા.

**(૨૮.૪.૪)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, પંચનામામાં લાઇટની વ્યવસ્થા હોય કે પ્રિન્ટર ત્યાં હોય અને તે ચાલુ થઇ શકે તેવી કોઇ નોંધ કરેલી નથી. કઇ રીતે પ્રિન્ટ કાઢવામાં આવી તેનો કોઇ ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલો નથી. તેમની ફોર વ્હીલ ગાડીમાંથી કનેકશન આપી પ્રિન્ટ કાઢવામાં આવેલી નથી. તેમની નજર સમક્ષ કનેકશન આપી પ્રિન્ટ કાઢવામાં આવેલ હોય તેવું બનેલ નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

**(૨૮.૫)** ફરીયાદ પક્ષ તરફથી <u>***સાહેદ નં.૨૧ તરીકે સિદ્ધરાજસિંહ લખધીરસિંહ વાઘેલા નાઓને આંક:૮૫ થી***</u> તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ તેમને તેમની ઓફિસમાં તેમની કચેરીના વડાએ જાણ કરેલી કે, પંચમાં રહેવા માટે તમારો કાર્યાલય આદેશ કરવામાં આવેલ છે અને તમારે એ ડીવીઝન પોલીસ સ્ટેશન, ભુજ ખાતે જવાનું છે. આથી તેઓ સાંજના સમયે એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગયેલા હતા ત્યાં બીજા પંચ તરીકે જીતુભા બળવંતભાઇ રાજપુત, ટ્રેઝરી ઓફિસ, ભુજમાં નોકરી કરે છે તેઓ હતા. તેઓ પોલીસ સ્ટેશન રાઇટર રુમની અંદર ગયેલા હતા ત્યાં એક પોલીસ અધિકારી હતા તેમણે પોતાની ઓળખ આપેલી અને જણાવેલું કે, હું ઇન્સ્પેકટર પટેલ છું. તે સમયે બાજુમાં એક ઇસમ ઉભેલો હતો. અમે તેનું નામ પુછેલું. તેણે

પોતાનું નામ–મોહિત મુળજી સિદ્ધપુરા, રહે:ગાંધીધામ વાળો હોવાનું જણાવેલું હતું. પોલીસ અધિકારીએ વાત કરેલી કે, ગઇકાલે જે મર્ડરની ઘટના ઘટેલી છે તેના પંચનામાના કામે આપને બોલાવેલા છે. પછી તેઓ આ ઇસમ–મોહિતભાઇ એ વાત કરેલી કે, જે ઘટના સમયે પહેરેલ કપડા અને પોતાનો મોબાઇલ ઓળખ કરાવવા અને બતાવવા માટે હું આપને જણાવી શકું છું. જો મને તે જગ્યા લઇ જવામાં આવે તો હું તેની ઓળખ કરાવી શકું છું. પોલીસ અધિકારીએ પોતાની તથા તેઓ જે ચાર–પાંચ વ્યકિતઓ હતા તેની તથા આરોપીની તથા ગાડીની ઝડતી કરતા કંઇ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલી ન હતી. આ અંગેનું પ્રાથમિક પંચનામું પુરું કરી તેમને વાંચવા આપતા વાંચી, સમજી સહી કરવા જણાવેલું હતું.

**(૨૮.૫.૧)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, તેઓ બે પંચો, પોલીસના માણસો અને આરોપી–મોહિતભાઇ પોલીસની બોલેરો ગાડી હતી તેમાં બેઠેલા હતા. આરોપી–મોહિતભાઇ જે પ્રમાણે તેમને રસ્તો બતાવતા હતા તે પ્રમાણે ડાબી બાજુ વળી સ્વામીનારાયણ મંદીર, કલેકટર ઓફિસ થઇ મીરજાપર પહોચેલા હતા. મીરજાપર રોડ ઉપર આગળ વધતા મીરજાપર બસ સ્ટેશન આવતા મોહિતભાઇએ જણાવેલું કે, ડાબી તરફ વળો. ત્યાં એક મસાલાની દુકાન આવેલી હતી અને ત્યાં મોહિતભાઇએ ગાડી ઉભી રાખવાનું કહેલું હતું. ગાડીમાં બેઠેલા તેઓ તમામ વ્યકિતઓ ગાડીમાંથી નીચે ઉતરેલા હતા. મસાલાની દુકાનની બાજુવાળું ઘર હતું તે ઘરમાં જવાનું કહેલું અને તે ઘરમાં પોતાનો સામાન હોવાનું જણાવેલું હતું. તેઓ તે ઘરમાં એન્ટર થયા ત્યારે સામે એક વ્યકિત ઉભેલા હતા. જેણે પોતાનું નામ–ધીરજભાઇ જણાવેલું હતું. મોહિતભાઇ અને ધીરજભાઇએ કહેલું કે, આ રુમમાં સામગ્રી રાખેલી છે તે રુમમાંથી મોહિતભાઇ પોતાના હાથમાં એક વ્હાઇટ કલરની પ્લાસ્ટીકની થેલી ઉપાડી લઇ આવેલા હતા તે પ્લાસ્ટીકની બેગમાં તેમના કપડા અને મોબાઇલ છે તેમ જણાવેલું હતું. આ બેગની અંદરથી એક શર્ટ કાઢેલો હતો તે શર્ટ વ્હાઇટ કલરનો અને કલરફુલ ડીઝાઇનવાળું હતું. તેના નીચેના ભાગમાં લોહીના દાગા હોય તેમ સ્પષ્ટ દેખાતું હતું. પછી પેન્ટ બહાર કાઢેલું. જે સ્કીન કલરની

કાર્ગો જીન્સ પેન્ટ હતી. તેના ઉપર પણ લોહીના દાગા હોય તેવું દેખાતું હતું. પછી પોલીસવાળાએ તેઓ પંચોની સહીવાળી કાપલી એક બેગીમાં મુકી દોરી વડે સીલબંધ કરવામાં આવેલ. ત્યારબાદ પ્લાસ્ટીકની બેગમાંથી એક સ્કીન કલરનો સેમસંગ કંપનીનો ગેલેકસી–એસ ૨૪ મોબાઇલ ફોન કાઢેલો હતો. પોલીસ અધિકારીએ તેમાંથી સીમકાર્ડ કાઢતા તે સીમકાર્ડ વોડાફોન કંપનીનું હતું. ત્યારબાદ તે પ્લાસટીકની બેગમાંથી બીજો મોબાઇલ ફોન પણ કાઢેલો હતો. જે રીયલમી કંપનીનો હતો. જે બ્લેક કલરનો તથા પાછળથી તુટેલો જણાતો હતો. આ બંને મોબાઇલ ફોન એક પ્લાસ્ટીકના ટ્રાન્સપરન્ટ ડબ્બામાં રાખી અમો પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ પેક કરવામાં આવેલ હતું.

**(૨૮.૫.૨)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, પોલીસ અધિકારીએ પોતાના મોબાઇલ ફોન–વન પ્લસ કંપનીનો હતો. તે મોબાઇલમાં આખી ઘટના અંગે ઇ–સાક્ષ્ય તરીકે મોબાઇલમાં રેકોર્ડીંગ કરતા હતા. પોલીસ અધિકારીએ દિશા અંગે માર્ગદર્શન આપેલું હતું. દિશાસુચક પુરું થયા બાદ તેમને મોહિતભાઇ જે રસ્તેથી લઇ ગયેલા હતા ત્યાંથી પરત એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આવેલા હતા. આ ઘટનાક્રમ જે તેમની સાથે પોલીસ કર્મચારી લેપટોપમાં લખતા હતા તેની પોલીસ સ્ટેશનમાં પ્રિન્ટર મારફતે પ્રિન્ટ કાઢેલી હતી. જે પ્રિન્ટ તેઓને વાંચવા આપેલી હતી. જે વાંચી સાચી લાગતા તેઓએ સમજીને સહીઓ કરી આપેલી હતી. આ આંક:૮૬ વાળું પંચનામું ઓળખી બતાવે છે. મુદ્દામાલ કપડા અને મોબાઇલ ફોન ઓળખી શકે. મુદ્દામાલ પાવતી નં.૩૬૬/૨૫ ના આર્ટીકલ નં.૧૪ વાળા કપડા સફેદ કલરનો ફુલડીઝાઇનવાળું શર્ટ અને સ્કીન કલરનું કાર્ગો જીન્સ પેન્ટ ઓળખી બતાવે છે. આંક:૮૭ વાળી પંચ સ્લીપમાં તેમની સહી ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૬/૨૫ ના આર્ટીકલ નં.૧૫ વાળા બે મોબાઇલ ફોન સેમસંગ કંપનીનો અને બીજો–રીયલમી કંપનીનો ઓળખી બતાવે છે. આંક:૮૮ ની પંચ સ્લીપમાં તેમની સહી ઓળખી બતાવે છે. આરોપી–મોહિતને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૮.૫.૩)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, પંચનામા ઉપરની

સહીઓ રીર્ટન આવ્યા બાદ પોલીસ સ્ટેશનમાં કરેલી હતી. પંચનામાનું લખાણ પોલીસ સ્ટેશનમાં વાંચેલું હતું. તે પહેલા આ લખાણ વાંચેલું ન હતું. તેમને બપોર પહેલાના સમયમાં પંચમાં રહેવા જણાવેલું હતું. પોલીસ સ્ટેશને લગભગ સાડા ચાર વાગ્યે પહોંચેલા. જે જગ્યાનું વર્ણન પંચનામામાં કરવામાં આવેલું છે તે જગ્યાએ પ્રિન્ટર હતું તેવું પંચનામામાં લખેલું નથી. પંચ સ્લીપની પ્રિન્ટ તેમની સામે નીકળેલી નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૮.૬) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૨ તરીકે કપિલ વિનોદભાઇ ચાવડા નાઓને આંક:૮૯ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના એકાદ વાગે તેમને તથા નરસીભાઇ પંચાણભાઇ મેરીયાને પંચમાં રહેવા માટે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બોલાવેલા હતા. પટેલ સાહેબે અમોને જણાવેલું હતું કે, બે દિવસ પહેલા મર્ડર થયેલું છે. તે કામના પંચમાં રહેવા સંમત છો. તેઓએ હા પાડેલી હતી. જેથી તેમને પંચનામાની વિગત સમજાવેલી હતી. આ કામના આરોપી-જયેશભાઇ ઠાકોર જી.કે.જનરલ હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા. એ ડીવીઝન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ગોરધનભાઇ હતા તેમણે પોતાની ઓળખ આપેલી હતી. તેમણે જયેશભાઇ ઠાકોરના કપડા અને ફોન રજુ કરેલા હતા. કપડામાં બ્લેક કલરનો ટી-શર્ટ અને બે ખીસ્સાવાળું લોઅર રજુ કરેલા હતા. ટી-શર્ટ પાછળના ભાગે બે ઇંચ જેટલું ફાટેલું હતું અને લોહીના દાગવાળું હતું. આ બન્ને કપડા પોલીસે તેઓ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ તરીકે સીલ પેક કરી કબજે કરેલા હતા. વીવો કંપનીનો બ્લેક કલરનો એક મોબાઇલ ફોન ગોરધનભાઇએ રજુ કરેલો હતો. જેમાં જીયો કંપનીનું સીમકાર્ડ હતું. આ મોબાઇલ ફોન પોલીસે તેઓ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ તરીકે સીલ પેક કરી કબજે કરેલા હતા. પંચનામું પુરું થયા બાદ પોલીસે તેમની તથા નરસીભાઇ મેરીયા સહીઓ કરાવેલી હતી. રુબરુમાં પટેલ સાહેબે સહી કરેલી હતી. આંક:૯૦ વાળું પંચનામું ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૫/૨૫ ના આર્ટીકલ નં.૧૨ વાળા કપડા ઓળખી બતાવે છે. આંક:૯૧ વાળી પંચ

સ્લીપ ઓળખી બતાવે છે. મુદ્દામાલ પાવતી નં.૩૬૫/૨૫ ના આર્ટીકલ નં.૧૩ વાળો મોબાઇલ ફોન ઓળખી બતાવે છે અને આંક:૯૨ વાળી પંચ સ્લીપ ઓળખી બતાવે છે.

**(૨૮.૬.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, આ પંચનામામાં મોબાઇલ ફોન જયેશભાઇનો હતો તેવું કયાંય નોંધેલું નથી.

**(૨૮.૭)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૩ તરીકે દેવશીભાઇ ગોવિંદભાઇ મારવાડા નાઓને આંક:૯૩ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને તથા આલમશા સૈયદ નાઓને એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને મરણજનાર તથા બે ત્હોમતદારના સેમ્પલ હોસ્પીટલમાંથી લીધેલા હતા તેનું પંચનામું કરવાનું હોય પંચમાં રહેવા સમજ કરેલી હતી. જેથી તેઓ અમો પંચમાં રહેલા હતા. પોલીસ સ્ટેશનમાં એક પોલીસ અધિકારી એ.એમ.પટેલ સાહેબ હતા ત્યાં આગળ એક ઈસમ જેનું નામઠામ પુછતા ઉમેશભાઇ બારોટ હોવાનું જણાવેલું હતું. જેને આ કામના મરણજનાર તથા ઈજા પામનાર તથા આરોપીના મળી કુલ પાંચ નમુના હતા. જે સીલબંધ હાલતમાં હતા. તે પંચનામાની વિગતે તેઓ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા હતા. આ પંચનામું પુરું થયા બાદ તેઓ પંચોની તથા રુબરુ તરીકે સાહેબે સહી કરેલી હતી. આંક:૯૪ વાળું પંચનામું ઓળખી બતાવે છે.

**(૨૮.૭.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ ભુજ રહેતા નથી. બીજા પંચ આલમશા નિરોણા ગામના છે. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૮.૮)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૪ તરીકે કરણસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા નાઓને આંક:૯૬ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫

ના રોજ રાત્રે ૧૦:૦૦ સમયે ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમને તથા ઓમ રમેશભાઇ આહિર નાઓને પંચમાં બોલાવેલા હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પી.આઇ. સાહેબ, બે વ્યકિતઓમાંથી એક વ્યક્તિ નિરવભાઇ તથા એક વ્યક્તિનું નામ રાજકુમાર પટેલ હતા. તેઓ આઇ.ટી. એક્ષપર્ટ હતા. તેમને કેસની વિગત સમજાવેલી હતી. બાદ તેમને બ્લેક કલરની મેટલ બોડીવાળી પેન ડ્રાઇવ બતાવવામાં આવેલી હતી. જે પેન ડ્રાઇવ ઓપરેટ કરતા તેમાં ત્રણ વિડીયો હતા. જેમાં મીરજાપરમાં ''ચોર'' નામની કપડાની દુકાન છે. તે કપડાની દુકાનના સી.સી.ટી.વી. કુટેજ હતા. જે તેમને કુટેજ બતાવવામાં આવેલા હતા. જે સી.સી.ટી.વી. કુટેજમાં આ ગુનાનો આરોપી દુકાનમાં એન્ટર થાય છે, જેણે ટુંકી બાયનું રંગબેરંગી કલરનું શર્ટ પહેરેલું હતું. જેમાં આગળના ભાગે લોહીના ડાઘા દેખાતા હતા ત્યારે તેણે નવા કપડા દુકાનમાંથી ખરીદેલા હતા. જુના કપડા એક બેગમાં તેણે કેરી કરેલા હતા. ત્યારપછી તે ટેબલ ઉપર બેઠેલો હતો અને દુકાનવાળા સાથે પૈસાની લેતી–દેતી કરેલી હતી. બીજા વિડીયોમાં પણ આ જ હતું. ત્રીજો વિડીયો ઓપરેટ કરતા એક લેડીઝ અને નાનું બાળક આવેલા. તેઓને દુકાનમાં એન્ટર થવું અને આરોપીને બહાર જવું તેવું સી.સી.ટી.વી. કુટેજમાં દેખાતું હતું. જે પેન ડ્રાઇવ પોલીસે પંચનામાની વિગતે તેઓ પંચોની હાજરીમાં તપાસના હેતુસર કબજે કરેલી હતી. આંક:૩૮ વાળી પેનડ્રાઇવ ઓળખી બતાવે છે. આ પેન ડ્રાઇવને કોમ્પ્યુટર મારફતે રન કરી જોતા ઉપર જણાવેલી વિગત સી.સી.ટી.વી. કુટેજમાં જણાઇ આવે છે. આ સી.સી.ટી.વી. કુટેજમાં ગુનાના આરોપીને જોયેલો હતો તે કોર્ટમાં હાજર છે. આંક:૯૭ વાળું પંચનામું ઓળખી બતાવે છે. આંક:૯૮ વાળી પંચ સ્લીપ ઓળખી બતાવે છે.

**(૨૮.૮.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ માધાપર– જુનાવાસમાં બાપા દયાળુ નગરમાં રહે છે. તેઓ ડ્રાઇવીંગ કરતો હોય પોલીસ સાથે કયાંક ઓળખાણ છે. બીજા પંચ–ઓમભાઇ જુનાવાસ–માધાપરના છે અને તે ગાયત્રી સોસાયટીમાં રહે છે. આ ઓમભાઇ તેમના મિત્ર છે, પંચમાં સહી કરી તે પહેલાથી ઓળખે છે. બસ સ્ટેશનથી એ ડીવીઝન પોલીસ સ્ટેશન

લગભગ એક કિલોમીટર જેટલું થાય છે. તેઓ તેમની બાઇકથી રાત્રીના દશ વાગે પોલીસ સ્ટેશને પહોંચેલા હતા. આ ગુનાનો આરોપી છે તેવી વાત પોલીસે કરેલી હતી. તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા તેની સાથે સાથે નિરવભાઇ પેન ડ્રાઇવ લઇને આવેલા હતા. તેઓ ગયા તેના પહેલા નિરવભાઇ ત્યાં હાજર હતા તેવું બનેલું નથી. તેઓએ પેન ડ્રાઇવમાં સી.સી.ટી.વી. કુટેજ જોયેલા હતા. શર્ટમાં પેટના ભાગે લોહીના ડાઘ હતા. સફેદ કલરમાં રંગબેરંગી કલર હતો. પેન ડ્રાઇવ કોમ્પ્યુટરમાં કોણે ઈન્સર્ટ કરેલી તે વ્યકિતનું નામ લખાવેલું નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૨૮.૯) ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૫ તરીકે દિપક દયારામભાઇ ભાનુશાલી નાઓને આંક:૯૯ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૩૧/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના બે વાગ્યાની આજુબાજુ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમને તથા નિલેષ મગનભાઇ મહેશ્વરી નાઓને પંચમાં રહેવા બોલાવેલા હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પી.આઇ. સાહેબ હતા તેમણે પી.આઇ. પટેલ તરીકે પોતાની ઓળખાણ આપેલી હતી. ત્યાં બીજા બે વ્યક્તિ હતા જેમાં એક બીજા પંચ-નિલેષભાઇ મહેશ્વરી હતા. બીજા એક ભાઇ હતા-રાજકુમાર મહેન્દ્રભાઇ પટેલ કે જેઓ આઇ.ટી. એક્ષપર્ટ હોવાની ઓળખાણ આપેલી હતી. તેમની સાથે બીજા એક ભાઇ હતા જે ટાઇપીસ્ટ હતા. તેવી તેમને સાહેબે સમજ આપેલી હતી.

**(૨૮.૯.૧)** આ પંચ સાહેદ વધુમાં તેમની સરતપાસમાં આગળના ભાગે એમ પણ જણાવે છે કે, ત્યાં આગળ એક બ્લેક કલરનો રીયલમી કંપનીનો મોબાઇલ ફોન હતો રાજકુમારભાઇના હાથમાં હતો. જે મોબાઇલ લોક ન હતો સાહેબે ઓપન કરી તેમને બતાવેલો હતો. સાહેબે તેમને જણાવેલું કે, આ મોબાઇલ મોહિત સિદ્ધપુરા નાઓનો છે. જેમાં સાહેબે વોટ્સએપ ઓપન કરી બતાવેલું કે, સાઇડમાં ત્રણ ડોટ હોય છે તેની પ્રોફાઇલમાં ગયા તેમાં એક નંબર-૯૬૩૮૩ ૦૪૮૫૫ લખેલ હતો. તેમાં બેક જઇને ''સુકુન'' નામ ઇંગ્લીશમાં લખેલું હતું. તેમાં કલીક કરતા એક નંબર ઉપર ચેટ થયેલી હતી. જે નંબર-૯૩૧૬૮ ૯૭૪૦૭ હતા. જે એસ.ડી.આર. કરતા જે જેઠાલાલ

ખાનીયા નામનું હતું. જેમાં આગળ જતા રાઈટ સાઈડમાં ત્રણ ડોટ ઉપર કલીક કરતા બે ઓપ્શન ખુલેલા જેમાં એક ઓપ્શન હતું એક્ષપોર્ટ ચેટનું હતું. તેના ઉપર કલીક કરતા ઘણા બધા ઓપ્શન ખુલ્યા. પછી લાસ્ટમાં એક ઓપ્શન કલીક કરવામાં આવેલું. એમાં વીધાઉટ મીડીયા અને વીથ મીડીયાનું ઓપ્શન ખુલેલું. એમાં વીધાઉટ મીડીયા ઉપર આઇ.ટી. એક્ષપર્ટે કલીક કર્યું. એ મોબાઇલને વેબ મારફતે લીનોવો કંપનીના લેપટોપ મારફતે વોટ્સએપ કનેકટ કરવામાં આવ્યું. તેમાં એક આખી ચેટ ખુલેલી હતી. જેમાં એક પી.ડી.એફ. બનાવવામાં આવેલી. એ પીડીએફને એક ૩૨ જી.બી.ની પેન ડ્રાઇવને લેપટોપ સાથે કનેકટ કરવામાં આવેલ. ૩૨ જી.બી.ની પેન ડ્રાઇવમાં ચેટની પીડીએફ બનાવેલી હતી તે એક્ષપોર્ટ કરવામાં આવેલી. જે પેન ડ્રાઇવ પોલીસે પંચનામાની વિગતે તેઓ પંચોની હાજરીમાં તપાસના હેતુસર કબજે કરેલી હતી.

**(૨૮.૯.૨)** આ પંચ સાહેદ વધુમાં મુદ્દામાલ પાવતી નં.૩૬૯/૨૫ ના આર્ટીકલ નં.૨૨ વાળી પેન ડ્રાઇવ ઓળખી બતાવે છે તે આંક:૧૦૦ થી રજુ છે. આ સંબંધેનું આંક:૧૦૧ વાળું પંચનામું કરવામાં આવેલું તે ઓળખી બતાવે છે અને આંક:૧૦૨ વાળી પંચ સ્લીપ ઓળખી બતાવે છે.

**(૨૮.૯.૩)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ માધાપર–નવાવાસમાં પારસ નગરમાં રહે છે. તેમના સમાજના નીતિનભાઇ ભાનુશાલી માધાપરમાં રહે છે. તેમને એસ.ડી.આર.નું કુલ ફોર્મ ખબર નથી. એસ.ડી.આર. વર્ડ શું કહેવાય તેની તેમને કોઇ સમજ આપેલી નથી. તેમના મત મુજબ એસ.ડી.આર. મોબાઇલનું સીમકાર્ડ કોના નામે રજીસ્ટર છે તે દર્શાવે છે. આ શોધવા માટે સોફટવેરનો ઉપયોગ કરવો પડે. પંચનામામાં સોફટવેર મારફત એસ.ડી.આર. તપાસ કરી તેમાં નામ કાઢેલ હોય તેવું બનેલું નથી. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યાર પછી મોબાઇલ લાવેલા હતા. મોબાઇલ ફોન પોલીસ સ્ટેશનમાં પડેલો હતો. મોબાઇલ ફોન ઓપન કરી એસ.ડી.આર. કોણે શોધેલ તેમજ તેની અંદરની ચેટ હતી તેની પી.ડી.એફ કોણે બનાવેલ અને કોણે પેન ડ્રાઇવમાં એક્ષપર્ટ કરેલ તે પંચનામામાં

જણાવેલ નથી. આ ચેટમાં શું હતું તેની પણ કોઇ વિગત પંચનામામાં જણાવેલ નથી. અન્ય કોઇ મોબાઇલ ફોનના નંબર કોઇ બોલેલ હોય અને તે નંબર ડાયલ કરી અને તે નંબર કોઇ નામથી સેવ હોય અને તેવું અંદરથી નીકળેલ હોય અને તેની વિગત પંચનામામાં લખેલ હોય કે બનેલું હોય તેવું બનેલ નથી. આ મોબાઇલ ચેટમાં શું હતું તેની મને માહિતી નથી. તેઓએ ચેટ જોઇ, વાંચેલી નથી તેથી ચેટમાં શું લખેલું હતું તેની તેમને માહિતી નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

(૨૮.૧૦) ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૨૬ તરીકે ધ્રુભાઇ હસમુખભાઇ ભટ્ટ નાઓને આંક:૧૦૩ થી*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૦૧/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના બાર વાગ્યાની આજુબાજુ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમને તથા વિવેક હિરાણી નાઓને પંચમાં રહેવા બોલાવેલા હતા. તેમને પંચમાં રહેવાની સમજ આપેલી હતી. ફરીયાદવાળો બનાવ બનેલ છે તેમાં પંચમાં રહેશો જેથી તેઓએ હા પાડેલી હતી. પોલીસ સ્ટેશનમાં તેમને સી.સી.ટી.વી. ફુટેજની એક કેસેટ (ડી.વી.ડી.) ને ડી.વી.ડી. પ્લેયરમાં ચઢાવેલી હતી. તેને ઓપન કરી તેમને ફાઇલો બતાવેલી હતી. જેમાં એક પી.ડી.એફ. ફાઇલ હતી. હેસ વેલ્યુનું પ્રમાણપત્ર હતું. ડી.વી.ડી.માં બે ફોટાગ્રાફ અને સી.સી.ટી.વી. ફુટેજના પાંચ વિડીયો હતા. જે સી.સી.ટી.વી. ફુટેજના વિડીયો હતા તે રોડના હતા. તેમાં બે વ્યકિતઓ હતા, તેઓ હિરો કંપનીની બ્લેક કલરની લાલ અને બ્લુ પટ્ટાવાળી સ્પલેન્ડર બાઇક ઉપર બે વ્યકિતઓ માધાપર સર્કલથી ભુજ તરફ જતા દેખાયેલા હતા. જે બાઇક ચલાવતા હતા તેણે બ્લેક કલરના કપડા પહેરેલ હતા. તેની પાછળ બેઠેલ વ્યકિત હતા તેણે ઉપર કલરીંગ શર્ટ અને ક્રિમ કલરની પેન્ટ પહેરેલી હતી. ત્યારબાદ તે બન્ને જણા નળવાળા સર્કલથી આર.ટી.ઓ. તરફ ગયા હતા. જે ડી.વી.ડી. પંચનામાની વિગતે કબજે કરેલ હતી. મુદ્દામાલ પાવતી નં.૩૭૦/૨૫ ના આર્ટીકલ નં.૨૪ વાળી ડી.વી.ડી. ઓળખી બતાવે છે. આંક:૧૦૫ વાળી પંચ સ્લીપ ઓળખી બતાવે છે. આંક:૧૦૬ વાળું પંચનામું ઓળખી બતાવે છે. ડી.વી.ડી.માં સી.સી.ટી.વી. ફુટેજના વિડીયોમાં જે બે

ઈસમો બાઈક ઉપર માધાપર સર્કલથી ભુજ તરફ આવતા જોયેલા હતા તે બન્ને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૮.૧૦.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમને માધાપર રહેવાનું છે. એબીજા પંચ–વિવેકભાઈ હિરાણી પણ માધાપરના છે. તેઓ હુંપોલીસ સ્ટેશનમાં ગયો ત્યારે આ વિવેકભાઈ ત્યાં હાજર હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયો ત્યારે ડી.વી.ડી. પોલીસ સ્ટેશનમાં તૈયાર હતી. ડી.વી.ડી.ના સી.સી.ટી.વી. ફુટેજના વિડીયોમાં ઘણા બધા વાહનોની અવર–જવર થતી હતી. જે માણસોને જોયાની તેઓ વાત કરે છે તે માણસો તેમને પોલીસે ઓળખાવેલા હતા. તેમને મામલતદાર રુબરુ લઈ જઈ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી. સી.સી.ટી.વી. ફુટેજના વિડીયોમાં આ વિડીયો કઈ જગ્યાનો છે તેવું લખાઈને આવતું નથી. ડી.વી.ડી.ની હેઝ વેલ્યુ તેમની હાજરીમાં કાઢવામાં આવેલી નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૮.૧૧)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૭ તરીકે લહેરીલાલ કરશનભાઈ ખીચડા નાઓને આંક:૧૦૭ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના સાતેક વાગ્યાની આજુબાજુ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તેમને તથા રાહુલભાઈ મંગે નાઓને પંચમાં રહેવા બોલાવેલા હતા. તેમને પંચમાં રહેવાની સમજ આપેલી હતી. ફરીયાદવાળો બનાવ બનેલ છે તેમાં પંચમાં રહેશો જેથી તેઓએ હા પાડેલી હતી. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં બે ઈસમો હાજર હતા. તેમાં આરોપીની અટકાયત માટે તેઓ પંચોને સમજ આપેલી અને તેમને ત્યાંના પી.આઈ. એ.એમ.પટેલ સાહેબ તેમજ રાઈટર રુમમાં રહેલ બીજા ભાઈ હતા. બે ઈસમો હાજર હતા. જેમાં એકનું નામ–જયેશ ઠાકોર અને બીજા તેમના પિતાશ્રી–જયંતિભાઈ ઠાકોર હતા. જેમાં આરોપી–જયેશ ઠાકોર હતો. આરોપી–જયેશ ઠાકોર લીલા કલરનું ટી–શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલ હતું. તેના શરીરના જમણા હાથમાં સીરીંજ લાગેલી હતી અને ડાબા હાથ પર પાટ્ટો બાંધેલો હતો અને તેના

પીઠના ભાગે પણ પાટ્ટો બાંધેલો હતો. જે આરોપી–જયેશની પોલીસે તેમની હાજરીમાં પંચનામાની વિગતે ગુનાના કામે અટક કરેલી હતી. જે આરોપીને પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ હતો તેને ઓળખી છે. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. આંક:૧૦૮ વાળું પંચનામું ઓળખી બતાવે છે.

**(૨૮.૧૧.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓ ભાનુશાલી સમાજના છે અને નિતીનભાઇ ભાનુશાલી અમારા સમાજના આગેવાન હોવાની હકીકતનો સ્વીકાર કરેલો છે.

**(૨૮.૧૨)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૮ તરીકે ઇન્દ્રીશ અબ્દુલ્લા સમેજા નાઓને આંક:૧૧૧ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૦૪/૦૯/૨૦૨૫ ના રોજ તેમને તથા તોફીક ઓસમાણ સમા નાઓને ભુજ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સવારના ૧૧:૦૦ વાગ્યાના સુમારે બોલાવેલા હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યાં પટેલ સાહેબ તેમની ચેમ્બરમાં હાજર હતા. તેમણે તેમને કહેલું કે, આ જે મર્ડર થયેલું છે સંસ્કાર સ્કુલમાં તેના પંચનામા માટે તમારે આવવાનું છે. આરોપી ત્યાં હાજર હતા. જેનું નામ હાલમાં તેમને યાદ રહેલ નથી. ત્યાં એ ભાઇને મારી હાજરીમાં પુછપરછ કરેલ હતી. પંચ રોજકામ કરવાનું છું તે ભાઇને સાથે લઇ જવાનું કીધેલું. તેઓ ત્યાંથી પોલીસ સ્ટેશનમાંથી બહારે નીકળી બોલેરો ગાડીમાં ચેક કરી પછી તેમાં નીકળેલા હતા. પછી બનાવવાળી જગ્યા ઉપર જવા નીકળેલા. દાદા–દાદીવાળા પાર્કથી, હમીરસર તળાવવાળા રસ્તે થઇ ત્યાંથી કોડકી ચોકડી, પછી એરપોર્ટ રીંગરોડ ઉપરથી આગળ મોટા પીર દરગાહ પાસે એક રસ્તો જાય છે જે સંસ્કાર સ્કુલમાં જવાના રસ્તે આગળ ગયેલા હતા. બનાવવાળી જગ્યા બતાવેલી હતી. જેનું પોલીસે તેમની હાજરીમાં વિગતવારનું પંચનામું કરેલું હતું. આરોપીનું નામ જયેશ હતું. આંક:૧૧૨ નું પંચનામું ઓળખી બાવે છે. આરોપી–જયેશને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**(૨૮.૧૨.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ કામના

આરોપીને પોલીસ સ્ટેશનમાં પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે તેઓએ જોયેલો હતો તેથી આરોપી તરીકે કોર્ટમાં ઓળખી બતાવે છે અને પંચનામામાં જેટલી પણ સહીઓ કરેલી તે તેઓએ પોલીસ સ્ટેશનમાં કરેલી હતી તે હકીકતોનો સ્વીકાર કરી અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

**(૨૮.૧૩)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૨૯ તરીકે હમીર લાખાભાઈ આયર ઈન્દ્રીશનાઓને આંક:૧૧૩ થી</u>*** તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા:૦૫/૦૯/૨૦૨૫ ના રોજ તેમને તથા જાવેદ ઈશાભાઈ બાફણ નાઓને ભુજ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સાંજના સાત–સાડા સાત વાગ્યાની આજુબાજુ પંચમાં રહેવા બોલાવેલા હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યાં પટેલ સાહેબ હાજર હતા. તેમણે કહેલું કે, બે આરોપીઓ બાબતે પંચનામું કરવાનું છે જેથી તેઓએ પંચમાં રહેવા માટે સંમતિ આપેલી. ત્યાં એક સાહેબ જી.કે.જનરલ હોસ્પીટલમાંથી રીપોર્ટ લઈ આવેલા હતા. જેમાં એક થર્મોકોલનું બોક્ષ આઇશ મુકેલું હતું જેમાં બે બ્લડના સેમ્પલો હતા. તેની ઉપર વ્હાઈટ કલરની પટ્ટી મારેલી હતી. એક નમુના ઉપર જયેશ ઠાકોર નામ લખેલું હતું અને બીજા નમુના ઉપર મોહિત નામ લખેલું હતું. જે બન્ને નમુના જેમના તેમ સીલબંધ હાલતમાં પંચનામાની વિગતે તપાસ અર્થે પોલીસે તેમની હાજરીમાં કબજે કરેલા હતા તે આંક:૧૧૪ વાળું પંચનામું ઓળખી બતાવે છે.

**(૨૮.૧૩.૧)** આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ પંચ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ જન્મથી જ નિરોણા ગામમાં રહે છે. તેમના ગામમાં ભાનુશાલી, હરીજન, આયર બધી જ્ઞાતિની વસ્તી આવેલી છે. તેઓ તેમના બીજા કામથી આવેલા હતા. એ ડીવીઝન પોલીસ સ્ટેશનના ગેટ પાસે દુકાનો આવેલી નથી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.

## (૨૯) <u>પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા :</u>

**(૨૯.૧)** ફરીયાદ પક્ષ તરફથી ***<u>સાહેદ નં.૩૦ તરીકે પી.એસ.ઓ., અલ્કાબેન વાસુદેવ વસાવા નાઓને આંક:૧૧૫ થી</u>*** તપાસવામાં આવેલા છે.

આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રાતના ૮:૦૦ વાગ્યાથી તા:૨૯/૦૮/૨૦૨૫ ના સવારના ૮:૦૦ વાગ્યા સુધી પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન રાતના સાડા નવ કલાકે પી.એસ.આઇ. શ્રી એચ.સી.પરમારે ફરીયાદી-જેઠાલાલ હેમરાજભાઇ ખાનીયા નાઓની તેમના રુબરુની લીધેલ ફરીયાદ ગુનો દાખલ કરવા માટે તેમની સમક્ષ રજુ કરતાં તેઓએ સદર ફરીયાદ ભુજ એ ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી.નં.૯૦૯/૨૦૨૫ થી ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમની કલમ-૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી તેની ઓનલાઇન ફોર્મ ભરી પ્રિન્ટ આઉટ કરેલી તેમાં ગુનો દાખલ કરનાર તરીકે તેઓએ તેમની સહી કરેલી હતી અને આ ગુનાની આગળની તપાસ પી.આઇ. શ્રી એ.એમ.પટેલ સાહેબ નાઓને સોપેલી હતી તેમ જણાવી તે સંબંધેના આંક:૧૧૬ ના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૭૩ મુજબના ફોર્મમાં તેમની સહી ઓળખી બતાવે છે. આ ગુનાના કામે ઇન્કવેસ્ટ પંચનામું કરવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ભુજ નાઓને યાદી કરેલી હતી તે આંક:૧૧૭ વાળી યાદી ઓળખી બતાવે છે.

**(૨૯.૧.૧)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ સાહેદ દ્વારા એ હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, સદર બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી. સદર કામે ગુનો દાખલ કર્યા સીવાય અન્ય કોઇ કામગીરી તેઓએ કરેલ નથી. આંક.૧૧૭ ની યાદીમાં ગુના રજીસ્ટર નંબર લખવામાં આવેલો છે. ગુનો દાખલ થયા બાદ તપાસ તરત પી.આઇ. એ.એમ.પટેલ સાહેબ નાઓને સોપેલી. આ સિવાયની અન્ય તમામ હકીકતોનો ઇન્કાર કરેલો છે.

**(૨૯.૨)** ફરીયાદ પક્ષ તરફથી ***સાહેદ નં.૩૩ તરીકે તપાસ કરનાર અમલદાર-અલ્પેશ મહેન્દ્રભાઇ પટેલ નાઓને આંક:૧૨૦ થી*** તપાસવામાં આવેલા છે. આ તપાસ કરનાર અમલદાર દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આ ગુન્હાની તપાસ આ સાહેદને મળતાં તેમના દ્વારા તપાસ સંભાળી લઇ આ ગુન્હાની તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલી હતી તે

કાર્યવાહીની વિગત અને તેમના દ્વારા જે મુદ્દામાલ પંચનામાની વિગતે પૃથ્થકરણના હેતુસર કબ્જે કરવામાં આવેલો હતો તેનું વિવરણ, પંચનામાની વિગત, ગુજરનાર–સાક્ષીબેન, તેમના મમ્મી અને આરોપી–મોહિત તથા આરોપી–જયેશના સી.ડી.આર., સી.ડી.એફ. મેળવવા યાદી કરેલી હતી તે અંગેના દસ્તાવેજી પુરાવા આંક:૧૨૨ થી આંક:૧૩૬ સુધીના રજુ કરેલા છે.

**(૨૯.૨.૧)** પંચનામાની વિગતે પૃથ્થકરણના હેતુસર ગુન્હામાં સંડોવાયેલ બાઈક નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપરથી એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલા હતા. આરોપીઓને અટક કરી તે અંગેના વિવિધ પંચનામા કરવામાં આવેલા હતા. ડેમોન્સ્ટ્રેશનના પંચનામા કરવામાં આવેલા હતા. આ અંગેના પુરાવા આંક:૧૩૭ થી આંક:૧૪૧ સુધી રજુ કરેલા છે. બન્ને આરોપીઓએ બનાવ સમયે પહેરેલા કપડા પૃથ્થકરણના હેતુસર પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલા હતા. જુદા–જુદા સાહેદોના નિવેદનો લેવામાં આવેલા હતા. વોટસઅપ ચેટ આરોપી–મોહિત સિદ્ધપુરા અને મરણજનાર–સાક્ષીબેન વચ્ચેની એક્ષપોર્ટ કરવામાં આવેલી હતી તે કબ્જે કરેલી.

**(૨૯.૨.૨)** વધુમાં આ તપાસ કરનાર અમલદારે જણાવેલું છે કે, જે પંચનામા કરવામાં આવેલા છે તે ઈ–સાક્ષ્ય મારફતે કરવામાં આવેલા છે. તપાસ દરમ્યાન આંક:૧૪૨ થી આંક:૧૬૦ સુધીના જુદા–જુદા દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. જુદો–જુદો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો હતો તે પૃથ્થકરણના હેતુસર તથા ડી.એન.એ. ના પૃથ્થકરણના હેતુસર જેમના તેમ નમુના સીલબંધ હાલતમાં ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટ ખાતે રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપવામાં આવેલો હતો. આરોપીઓને ઓળખી બતાવેલા છે. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોવાથી ચાર્જશીટ કરવામાં આવેલું છે.

**(૨૯.૨.3)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા એવી હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓએ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ કોઈ સાહેદના

નિવેદન નોંધેલા નથી. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓએ જે કોઇ કામગીરી કરેલી તેને ચાર્જશીટનો હિસ્સો બનાવેલ નથી. કહેવાતા સાક્ષીઓ મરણજનારના સગા-સંબંધીઓ, તેમના માતા-પિતા તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેમને હોસ્પીટલમાં મળેલા હતા. સામાન્ય રીતે જે પુરાવાથી ગુનાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું ન હોય તેવા પુરાવાની ચાર્જશીટના કાગળોમાં સામેલ રાખવામાં આવતા નથી. તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સૌ પ્રથમ આ કામે ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલું હતું. ઈન્કવેસ્ટ પંચનામા બાદ સીધો આરોપી-મોહિતને ગુનાના કામે અટક કરવામાં આવેલો હતો. આંક:૭૭ વાળું સ્થાનિક જગ્યાનું પંચનામું તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ ૧૬:૫૦ વાગે કરવામાં આવેલું હતું. આંક:૭૭ ના પંચનામામાં આરોપી-મોહિતે છરી કાઢી આપેલી તેવી હકીકતો બતાવેલી છે. આંક:૭૩ વાળું આરોપી-મોહિત વાળું ડેમોન્ટ્રેશનનું પંચનામું કલાક-૧૪:૩૦ થી ૧૫:૫૦ સુધી બતાવેલું છે. આંક:૭૩ અને આંક:૭૭ વાળા બન્ને પંચનામાની જગ્યા એક જ છે. આંક:૭૩ ના પંચનામા દરમ્યાન કોઇ હથિયાર કબજે કરવામાં આવેલ નથી. આંક:૭૩ ના પંચનામામાં આરોપી-મોહિતે હથિયાર કોઇ જગ્યાએ ફેકી દીધેલ છે તેવું પણ જણાવવામાં આવેલ નથી. આંક:૭૩ અને આંક:૭૭ વાળા પંચનામામાં જે જગ્યા બતાવેલી છે તે જાહેર જગ્યા છે અને ત્યાં કોઇપણ વ્યકિત આવી-જઇ શકે તેવી છે. આંક:૭૩ અને આંક:૭૭ ના પંચનામા વચ્ચે એક કલાકનો સમય છે. આંક:૭૩ અને આંક:૭૭ ના ચાર પંચો પૈકીના ત્રણ પંચ-સાહેદો નિરોણા ગામના છે. નિરોણા ગામ ભુજથી ૩૦ કિલોમીટરના અંતરે આવેલું છે. આ ગુનાની તપાસ દરમ્યાન નીતિનભાઇ ઉમરશીભાઇ ભાનુશાલી નાઓનું નિવેદન નોંધેલું છે. તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ નીતિનભાઇ ભાનુશાલી સીવાય બીજા કોઇ સાહેદના નિવેદન નોધેલા નહીં.

**(૨૯.૨.૪)** આરોપી પક્ષના વિદ્ગાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ અને વિદ્યાર્થીઓના બનાવ સંબંધે નિવેદનો નોધેલા હતા. આ વ્યકિતઓના નિવેદનોમાં મરણજનાર-સાક્ષીબેનને હોસ્પીટલે

મોકલવામાં આવ્યા ત્યારે તેઓની સ્થળ પર હાજરી હતી. આ વ્યકિતઓના નિવેદનમાંથી મીનાબેન ગોસ્વામી અને તિશા ભાનુશાલી નાઓ સ્થળ પર હાજર હોય અને તેઓ મરણજનાર–સાક્ષીબેનને હોસ્પીટલે લઇ ગયેલા હોય તેવું ખુલવા પામેલું ન હતું. તેવી જ રીતે આ લોકો બનાવના સ્થળે હાજર હતા ત્યારે બનાવ કેવી રીતે બનેલ છે તેવું ખુલવા પામેલું ન હતું. ફરીયાદવાળા બનાવની તપાસ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ રાત્રીના સાડા નવ વાગે મળેલી હતી. જાણમાં બનાવ કેવી રીતે બનેલ છે અને કોણ આરોપી છે તેની કોઇ જાણ પોલીસને કરવામાં આવેલી ન હતી. માત્ર ઝઘડામાં સાક્ષીબેન ખાનીચાને ઇજાઓ થયેલી છે તેવી જાણ કરેલી હતી. તેમની તપાસમાં આ બનાવમાં કોઇ નજરે જોનાર સાહેદ નથી.

**(૨૯.૨.૫)** આરોપી પક્ષના વિદ્ધાન વકીલ શ્રીઓ દ્ધારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્ધારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, આરોપી–મોહિતને જયારે અટક કરવામાં આવ્યો ત્યારે તેની પાસેથી કોઇ મોબાઇલ ફોન કબજે કરવામાં આવેલ નથી. તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ૫:૦૦ થી ૬:૪૫ સુધીનું પંચનામું છે તે મુજબ આરોપી–મોહિત પાસેથી બે મોબાઇલ ફોન કબજે કરેલા છે. તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આરોપી–મોહિત પાસેથી જે બે મોબાઇલ ફોન કબજે કરેલા તે કબજે કરી સીલ કરી પંચોની સહીવાળી કાપલી મુકી તેવી વિગત નોંધેલી છે. આરોપી–મોહિતના બે મોબાઇલ ફોન એફ.એસ.એલ મોકલવામાં આવેલા નથી. આરોપી–મોહિતના બે મોબાઇલ ફોન ખોલવા બાબતે કોઇ પંચનામું કરવામાં આવેલું નથી. જે મોબાઇલ ફોન તપાસ દરમ્યાન કબજે કરવામાં આવે તે કબજે કરી રાઇટર હેડને આપવામાં આવે છે. તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આરોપી–મોહિત પાસેથી જે મોબાઇલ ફોન કબજે કરેલા હતા તે તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશનના રાઇટર હેડને આપેલા હતા. આ મોબાઇલ ફોન રાઇટર હેડ પાસેથી યાદી કરી કે નોંધ કરી પરત મેળવેલા હોય તેવું બનેલ નથી. તા:૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આરોપી–મોહિત પાસેથી કબજે કરેલ મોબાઇલ ફોન રાઇટર હેડે ચાર્જશીટ બાદ કોર્ટમાં જમા કરાવેલ છે. તા:૩૧/૦૮/૨૦૨૫ ના રોજ આરોપી–

મોહિત પાસેથી મેળવેલ મોબાઇલ ફોન ખોલી તેમાંથી વોટ્સએપ ચેટ કબજે કરી હેઝ વેલ્યુ કરેલ હોવાનું પંચનામું કરેલું છે.

**(૨૯.૨.૬)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, આ મોબાઇલ ફોન બીજી વખત સીલ કરવામાં આવેલા હોય અને તે જ પંચો પંચમાં રહેવા આવેલા હોય તેવું બનેલું નથી. આ ચાર્જશીટમાં કુલ ૨૮ પંચો બતાવેલા છે. આ ૨૮ પંચો પૈકી ૧૧ પંચોને બાદ કરતા બીજા તમામ પંચો ભુજ શહેર બહારના રહેવાસી છે. મરણજનાર–સાક્ષીબેનનાઓ જનરલ હોસ્પીટલમાં જે સારવાર મેળવેલી હતી તેના કાગળો તપાસ કામે કબજે કરેલા હતા. મરણજનાર–સાક્ષીબેનને મેડીસ્ટાર હોસ્પીટલમાં સારવાર લીધેલ તેણીના ઈજા અંગેના પ્રમાણપત્ર તેઓએ મેડીસ્ટાર હોસ્પીટલમાંથી મેળવેલું હતું. બન્ને હોસ્પીટલમાં મેડીકલ પેપર્સમાં શું માહિતી હતી તેની મને ખબર નથી. તા:૨૯/૦૧/૨૦૨૬ ના રોજ મેડીકલ સર્ટીફિકેટ મેળવવા માટે તેઓએ ડોકટરને કોઈ લેખીત યાદી કરેલ નથી. તા:૨૯/૦૧/૨૦૨૬ ના રોજ આ ગુનાની તપાસ તેમની પાસે ન હતી. સંસ્કાર કોલેજના ગેટ તરફ જઈએ ત્યારે સામે ચોકીદારની ઓરડી છે. કેમ્પસની અંદર રમી શકાય તેવું ગ્રાઉન્ડ છે. આક્ષેપીત બનાવના સમયે સંસ્કાર કોલેજના વિદ્યાર્થીઓએ કે કોઈ સ્ટાફનાઓએ કોઈ અવાજ સાંભળેલો હોય તેવું તપાસ દરમ્યાન ખુલવા પામેલ નથી. પ્રથમ બનાવ સંસ્કાર કોલેજના કેમ્પસમાં બનેલ છે તેવી કોઈ હકીકત સંસ્કાર કોલેજના વિદ્યાર્થીઓએ કે સ્ટાફનાઓએ જણાવેલ નથી. સંસ્કાર કોલેજના જે વ્યકિતઓના નિવેદન નોધેલા છે તે વ્યકિતઓ સવારથી સાંજના રજા પડી ત્યાં સુધી કોલેજ કેમ્પસમાં જ હતા તેવું ખુલવા પામેલ છે. કોલેજના જે પણ વ્યક્તિઓના નિવેદન નોધેલ છે તેમના નિવેદનમાંથી પ્રથમ બનાવ કેમ્પસમાં બનેલ છે તેવું ખુલવા પામેલ નથી. કોલેજના જે પણ વ્યકિતઓના નિવેદન નોધેલ છે તેમાં સાક્ષીબેનને કેમ્પસના ગેટ પાસે ઈજા પામેલી હાલતમાં જોયેલા અને ત્યાંથી તેણીને હોસ્પીટલ મોકલાવેલા તેવું ખુલવા પામેલ છે.

**(૨૯.૨.૭)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી

ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, ભુજ શહેરમાં નેત્રમના કેમેરા લાગેલા છે. અંજારમાં તથા ગાંધીધામમાં નેત્રમના સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે કે કેમ તે અંગે જવાબદાર અધિકારી પાસેથી લેખીતમાં યાદી કરી પુરાવો મેળવેલો નથી. આરોપી ગાંધીધામથી ભુજ આવવા નીકળેલાનું ચાર્જશીટમાં જણાવેલું છે. આરોપી ગાંધીધામ સીટી કે અંજાર સીટીમાંથી પસાર થતો હોય તેવો કોઇ સી.સી.ટી.વી. કેમેરા કે નેત્રમનો પુરાવો મેળવેલો નથી. સંસ્કાર કોલેજ કેમ્પસથી જયુબેલી ગ્રાઉન્ડ, ભુજ બસ સ્ટેશન કે મીરજાપર જાવું હોય તો દરેક જગ્યાએ બે થી ત્રણ નેત્રમના કેમેરા લાગેલા છે. આરોપી સંસ્કાર કોલેજથી પરત જતો હોય તેવો કોઇ નેત્રમનો પુરાવો મેળવેલો નથી. આરોપી સંસ્કાર કોલેજ કેમ્પસમાં જતો હોય તેવો કોઇ નેત્રમનો પુરાવો મેળવેલો નથી. જે સી.સી.ટી.વી. કેમેરા નેત્રમનો પુરાવો રજુ કરેલો છે તે રસ્તા ઉપરથી કોઇપણ જગ્યાએ મુન્દ્રા, માંડવી, નખત્રાણા બાજુ જઇ શકાય તેવો છે. સંસ્કાર કોલેજની આજુબાજુના માણસો કે રહેવાસીઓ દ્વારા બનાવ સમયે આરોપીની હાજરી સંસ્કાર કોલેજના કેમ્પસમાં હતી તેવું કોઇ પુરાવો ખુલેલો નથી. આરોપી–મોહિતને આંગળી ઉપર ઇજા થયેલી હતી તેવું તપાસમાં ખુલેલું હતું. આરોપી–મોહિતને થયેલી ઇજાની સારવાર આરોપીએ કોની પાસે કરાવી, કયા કરાવી તે વ્યકિતનું નિવેદન તપાસના કામે લીધેલું નથી. આરોપીની મામલતદાર રુબરુ તપાસ દરમ્યાન કોઇપણ સાક્ષી મારફતે આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી.

**(૨૯.૨.૮)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, સાહેદ–મીનાબેન કિશનભાઇ ગોસ્વામી નાઓએ તેમની રુબરુના નિવેદનમાં ''ત્યાં એક બાઇક પડેલું હતું. એક બ્લેક કલરના કપડા પહેરેલ છોકરો તેની બાજુમાં ઉભેલો હતો.'' તેવું લખાવેલું નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ''એક મોટર સાયકલ પાસે કાળા કલરના કપડાવાળો છોકરો..... '' તેવું લખાવેલું છે. એફ.એસ.એલ. માં જે પત્ર વ્યવહાર કરેલો તેમાં બનાવ શું છે ? આરોપી કોણ છે ? શું કરવાનું છે ?

તેની તમામ વિગત લખી મોકલેલી નથી, બેઝીક પ્રાથમિક વિગત આપેલી છે. ડી.એન.એ. અભિપ્રાય માટે બનાવવાળી જગ્યાએથી જે નમુના કબજે કરવામાં આવેલ છે તેમાં આરોપી અને મરણજનાર-સાક્ષીબેનના લોહીના નમુના મેચ થાય છે કે કેમ ? તે બાબતે પ્રશ્નોતરી કરી અભિપ્રાય આપવા જણાવેલ છે. બનાવવાળી જગ્યાએથી જે નમુના મેળવેલા છે તેમાં આરોપી-મોહિતના જુથના લોહીની હાજરી મળી આવેલ નથી. આરોપી-મોહિતના બીજા મોબાઈલના સી.ડી.આર. તપાસના કામે ચાર્જશીટ સાથે તથા આજદિન સુધી રજુ કરેલા નથી.

**(૨૯.૨.૯)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઈનાઓએ બનાવ અંગે જે જાણ કરેલી છે તે બનાવની સૌપ્રથમ જાણ હતી. તેઓ જી.કે.જનરલ હોસ્પીટલમાં પહોંચ્યો ત્યારે તેમની અગાઉ હોસ્પીટલમાં પોલીસના માણસો હાજર હતા. જી.કે.જનરલ હોસ્પીટલમાં જે તે દિવસે કયા જમાદાર ફરજ પર હાજર હતા અને તેઓએ બનાવ અંગે કેમ ફરીયાદ લીધેલ નથી તેની તેઓએ કોઈ તપાસ કરેલ નથી. મરણજનાર-સાક્ષીબેનને જે કોઈ વ્યકિત હોસ્પીટલમાં લઈ આવેલ તે પૈકીની કોઈ વ્યકિત પાસેથી બનાવ અંગેની ફરીયાદ લેવા પોલીસ દ્વારા પ્રયત્ન કરવામાં આવેલ નથી. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓની કોઈપણ સાક્ષી મારફત ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓએ મરણજનાર-સાક્ષીબેનને સારવાર માટે લઈ જવા પ્રયત્ન કરેલો હતો તેવું ખુલેલ છે. તેમની તપાસ દરમ્યાન એવું ખુલેલું કે, મદદ કરવાની પ્રક્રિયા કરતા હતા તે દરમ્યાન આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓને પણ ઈજાઓ થયેલી હતી. તેમની તપાસ દરમ્યાન એવું ખુલેલું કે, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા પોતાની એકટીવા લઈ આરોપી નં.૨ જયેશ ઠાકોરના ઘરે ગયેલા હતા. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરાના એકટીવા બાબતે તેઓએ કોઈ તપાસ કરેલી નથી. સી.ડી.આર. ના અભ્યાસ મુજબ આરોપી નં.૨ ની જે તે જગ્યાએ હાજરી હોય તેવી કોઈ હકીકત અંગે તેઓએ તપાસમાં નોંધ કરેલી

નથી. વોટ્સએપ ચેટમાં આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર અંગેની કોઇ બાબત મળી આવતી નથી. ભુજથી ગાંધીધામ જવું હોય તો અંજાર ગામમાં ગયા સીવાય બાયપાસથી જઈ શકાય છે. ગાંધીધામથી ભુજ આવવું હોય તો અંજાર ગામમાં ગયા સીવાય બાયપાસ થઈ આવી શકાય તેમ છે.

**(૨૯.૨.૧૦)** આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં આ તપાસ કરનાર અમલદાર દ્વારા વધુમાં એવી હકીકતોનો પણ સ્વીકાર કરવામાં આવેલો છે કે, ફરીયાદી–જેઠાલાલ ખાનીયા નાઓએ તેમની રુબરુના વિશેષ નિવેદનમાં ''પાછળથી જયેશે તેની મોટર સાયકલ ઉપર મોહિત, સાક્ષીબેનને ત્રીપલ સવારીમાં બેસાડેલી હતી'' તેવું લખાવેલ નથી. એ વાત સાચી છે કે, ચૈતાલીબેન અમરતભાઇ નાઓએ મારી રૂબરૂના નિવેદનમાં ''આ બધું કહ્યું તે પહેલા સાક્ષીબેન ગભરાયેલી હતી અને થોડી ડરેલી હતી સાક્ષીને ભણવામાં મન પણ લાગતું ન હતું.''તેવું લખાવેલ નથી. ચૈતાલીબેન અમરતભાઇ નાઓએ તેમની રુબરુના નિવેદનમાં ''ચશ્માવાળા છોકરાએ સાક્ષીને રૂડલી કહેલ કે, ચાલ મારે તારી સાથે વાત કરવી છે.''તેવું લખાવેલ નથી. ચૈતાલીબેન અમરતભાઇ નાઓએ તેમની રુબરુના નિવેદનમાં ''મોહિત સાથે જે છોકરો આવેલ હતો તેણે તેમાં મદદ કરેલી છે.''તેવું લખાવેલ નથી.

## (૩૦) <u>સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :</u>

**(૩૦.૧)** આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.બી.જાડેજા તથા ફરીયાદીના વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓ દ્વારા રજુ કરવામાં આવેલી લેખિત દલીલ, ફરીયાદીના વિદ્વાન વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓની મૌખિક દલીલો, આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓની મૌખિક દલીલો, આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓની તાર્કિક અને ભારપૂર્વકની મૌખિક દલીલો, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા રજુ

કરવામાં આવેલી લેખિત દલીલ, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત, આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા જણાવવામાં આવેલા નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલતોના ચુકાદામાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી આ પ્રકરણનું ન્યાયિ નિરાકરણ કરવામાં આવેલું છે. જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાની જરુર જણાયેલી છે તેની યોગ્ય જગ્યાએ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

**(૩૦.૨)** આ કામે ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગેનું આંક:૨૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ અને આરોપીઓ વિરુદ્ધ જે તહોમતનામું ફરમાવવામાં આવેલું છે તે મુજબ, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ આ કામના બન્ને આરોપીઓ એકસંપ થઈ મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપર ગાંધીધામ થી નીકળેલા અને અંજાર જેસલ તોરલની સમાધી પાસે છરી લઈ આ કામના ગુજરનાર–સાક્ષીબેન સંસ્કાર કોલેજ, ભુજ ખાતે અભ્યાસ કરતા હતા ત્યાં જઈ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ગુજરનાર સાથે પ્રેમ સંબંધ હોય અને ગુજરનારે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓનો ફોન નંબર બ્લોક લીસ્ટમાં નાખી દીધેલો હોય તેનું મનદુ:ખ રાખી તેમજ ગુજરનાર–સાક્ષીબેનને ભુજમાં અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવવા અને પોતાનો મોબાઈલ નંબર બ્લોક લીસ્ટમાંથી કઢાવવા બનાવ સમયે અને બનાવ સ્થળે કોલેજમાં જઈ મરણજનાર–સાક્ષીબેન સાથે બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલી છરીથી ઈજા કરવામાં આવશે તેનાથી ગુજરનારનું મૃત્યુ નિપજશે તેવા ઈરાદાસર ગુજરનારના ગળાના ભાગે તથા શરીરના અન્ય ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી, તે ગુન્હાહિત કૃત્યમાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ પ્રથમથી અંત સુધી ભાગ ભજવી, પોતાની મોટર સાયકલ પર આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને બેસાડી ગુન્હાહિત કૃત્ય બને તે માટે ઈરાદાપૂર્વક ચોકકસ કૃત્ય કરી, ગુન્હો બને તે માટે સરળતા કરી આપી અને ગુન્હો બનતા પહેલાં તથા ગુન્હો બનતા સમયે પ્રત્યક્ષ હાજર રહી, ગુજરનાર–સાક્ષીબેનને કોલેજ કેમ્પસમાં શોધી

એકબીજાને મદદગારી કરી ગુન્હાહિત કૃત્ય આચરેલું છે.

(૩૦.૩) ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધ ફરમાવવામાં આવેલ આંક:૨૨ નું તહોમતનામું સાબિત કરવા માટે જુદા-જુદા ૩૩ સાહેદોને તપાસેલા છે અને જુદા-જુદા ફરીયાદ, પંચનામા, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાના દસ્તાવેજો સહિતના કુલ ૮૦ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેનાથી એવી હકીકત સાબિત થાય છે કે, આ કામના બન્ને આરોપીઓ એકબીજાના મિત્ર છે. આ કામના આરોપીઓ ગુજરનાર સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યાં બનાવના દિવસે, બનાવના સમયે અને બનાવના સ્થળે હાજર હતા. આ બનાવમાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને ઈજા થયેલી છે. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ગુજરનાર સાથે કોઇક સંબંધ હતો. ગુજરનાર-સાક્ષીબેને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓનો મોબાઇલ નંબર બ્લોક લીસ્ટમાં રાખી દીધેલો હતો. ગુજરનાર-સાક્ષીબેનને શરીરના ગળા એવા નાજુક ભાગમાં ઈજા તથા શરીરના અન્ય ભાગો ઉપર ઈજાઓ થયેલી છે. આ ઈજાઓના કારણે ગુજરનાર-સાક્ષીબેનનું મૃત્યુ નિપજેલું છે.

(૩૦.૪) આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવાનું વિશ્લેષણ કરતાં પુરાવાના કાયદામાં જુદા-જુદા જે સાત (૭) પ્રકારના પુરાવા જેવા કે, પ્રત્યક્ષ પુરાવો, પરોક્ષ પુરાવો, વાસ્તવિક પુરાવો, સાંયોગિક પુરાવો, મૌલિક પુરાવો, સાત્વિક પુરાવો અને ગૌણ પુરાવો વ્યાખ્યાંકિત કરવામાં આવેલા છે.

(૩૦.૫) આ પુરાવાઓ પૈકી આ પ્રકરણમાં જયાં સુધી ગુજરનારને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ ઈજાઓ પહોંચાડેલી છે તે બનાવ લગત ફરીયાદ પક્ષનો કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત છે. જયારે ગાંધીધામ થી ભુજ સંસ્કાર કોલેજમાં આવવું, અંજારથી મુદ્દામાલ છરી ખરીદવી, સંસ્કાર કોલેજ કેમ્પસમાં પહોંચી ગુજરનાર-સાક્ષીબેનની શોધખોળ કરવી, તેણીને મળવું, તેણી સાથે વાતચીત કરવી આ બાબતોનો પ્રત્યક્ષ

પુરાવો છે. આથી ઉપલબ્ધ પુરાવાઓનું તે મુજબ હવે પછી મુલ્યાંકન કરવામાં આવેલું છે.

**(૩૦.૬)** ફરીયાદ પક્ષ દ્વારા જુદા–જુદા સાહેદોના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલા છે તેમાં સૌ પ્રથમ સાહેદ નં.૫ ત્રિષ્નાબેન લક્ષ્મણગીરી ગોસ્વામી (આંક:૩૦) નો પુરાવો ધ્યાનમાં લેતાં તા:૨૮/૦૮/૨૦૨૫ એટલે કે, બનાવના રોજ તેણી અને મરણજનાર નિયમીત રીતે કોલેજ ગયેલા. લેકચર એટેન્ડ કરેલા. બ્રેક બાદ ફ્રી પીરીયડ હોય બજા દિવસે પરિક્ષા હોવાથી કોલેજના કેમ્પસમાં બેસી વાંચતા હતા તે સમયે તેણી પાસે બે છોકરાઓ આવેલા તેમાંથી એક છોકરાએ ચશ્મા પહેરેલા હતા, ક્રિમ કલરનું પેન્ટ પહેરેલું હતું, ડિઝાઇનવાળો શર્ટ પહેરેલો હતો, બીજા છોકરાએ બ્લેક કલરનું ટીશર્ટ અને બ્લેક કલરનું લોઅર પહેરેલું હતું. જે છોકરાએ ચશ્મા પહેરેલા હતા તે છોકરાએ તેના ખિસ્સામાંથી મોબાઇલ કાઢેલો અને સાહેદની કોલેજમાનો ગ્રુપ ફોટો બતાવેલો તેમાંથી ગુજરનાર–સાક્ષીબેનની ફોટો બતાવી પુછેલું કે, આનો ઓળખો છો ? તેથી સાહેદે હા પાડેલી કે મારી કલાસમેટ છે. આથી તે છોકરાએ પુછેલું કે કયાં છે ? તેથી સાહેદે કહેલું કે કેમ્પસમાં કયાંક હશે. આ છોકરાએ જણાવેલું કે, તેણીને શોધી આવ્યો પણ કયાંય મળેલ નથી, તેણીને ફોન કરી બહાર બેસવાના બહાને બોલાવ તેથી આ સાહેદે સાક્ષીબેનને ફોન કરેલો તે સાક્ષીબેને ઉપાડેલો નહીં. ચશ્મા પહેરેલ છોકરાએ કહેલું કે, કલાસમાં હોય તો બોલાવી આપો. આથી સાહેદને ડર લાગતાં ત્યાંથી જતા રહેલા. એટલામાં સામેથી ગુજરનાર–સાક્ષીબેન અને ચૈતાલી આવતા હતા તેથી આ ચશ્મા પહેરેલ છોકરાએ આ બન્નેને જોતાં તે પણ ગુજરનાર–સાક્ષીબેન અને ચૈતાલી પાસે ગયેલો હતો. બાદ આ છોકરાએ બહુજ રુડલી કહેલું કે, સાક્ષી આમ હાલ તો. જેથી ગુજરનાર સાક્ષીબેન અને ચૈતાલી બન્ને તે છોકરા સાથે ગયેલા અને તેમના કોલેજના કેમ્પસની પાછળ નર્સરી સ્કુલની પાછળ બેઠા હતા. સ્કુલની પાછળ આ ચશ્માવાળો છોકરો અને સાક્ષી બેઠા હતા. આ જ હકીકત તેણીએ પોતાના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૮૩ મુજબના આંક:૩૧ વાળા નિવેદનમાં જણાવેલી છે. એટલું જ નહીં, આ કામના બન્ને આરોપીઓને અદાલત રુબરુ ઓળખી બતાવેલા છે.

(૩૦.૭) હવે, સાહેદ નં.૪ થી તપાસેલા ચૈતાલીબેન અમૃતભાઇ રામજીભાઇ મિસ્ત્રી નાઓનો આંક:૩૨ નો પુરાવો ધ્યાનમાં લેતાં તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સમયસર કોલેજ પહોંચી ગયેલા. ગુજરનાર–સાક્ષીબેન પણ સમયસર પહોંચી ગયેલા. બપોરના પોણા એક વાગ્યાના સમયે કોઇ જયેશ નામના છોકરા સાથે ગુજરનાર–સાક્ષીબેન વાતચીત કરતા હતા. સાક્ષીબેનને ફોન કટ કર્યો ત્યારે આ સાહેદે સાક્ષીબેનના ફોનમાં નામ જોયેલું તે જયેશ હતું. જેથી આ સાહેદે સાક્ષીબેનને પુછેલું કે કોણ છે ? સાક્ષીબેને જણાવેલું કે, મારી પર્સનલ મેટર છે તું આમાં ન પડ. ત્યારબાદ લેકચર એટેન્ડ કરેલા. સાક્ષીબેને આ સાહેદ સાથે નાસ્તો કરેલો ન હતો. સાક્ષીબેન કોઇની સાથે ફોન ઉપર વાત કરતા હતા તેથી પુછેલું કે કોણ છે ? સાક્ષીબેને જણાવેલું કે તેણીની મમ્મી છે. બાદ તેઓ વાંચવા બેઠા હતા. આ દરમ્યાન ગુજરનાર–સાક્ષીબેને આ સાહેદને કહેલું કે, મોહિત સિદ્ધપુરા કરીને એક છોકરો છે તેની સાથે તેણી બે વર્ષથી અફેરમાં હતી, આજે તેણીએ તેને બ્લોક કરી નાખ્યો છે અને મેસેજ કે ફોન કરવાની ના પાડેલી છે તે વાતની જાણ તેણીએ તેના મમ્મીને પણ કરી દીધેલી છે. આ કહ્યું તે પહેલાં ગુજરનાર–સાક્ષીબેન ગભરાયેલા હતા અને થોડા ડરેલા હતા, તેણીનું ભણવામાં મન પણ લાગતું ન હતું. આ વાત કરી આ સાહેદ અને ગુજરનાર–સાક્ષીબેન કેમ્પસમાં પહોંચ્યા ત્યારે સામેથી બે છોકરાઓ આવતા હતા તેમાંથી એક છોકરો ચશ્મા પહેરેલો હતો, શરીરે મજબુત બાંધાનો હતો, ક્રિમ કલરનું પેન્ટ અને ડિઝાઇનવાળો શર્ટ પહેરેલો હતો. બીજા છોકરાએ બ્લેક કલરનો શર્ટ અને લોઅર પહેરેલ હતું. તે સમયે ગુજરનાર–સાક્ષીબેને આ સાહેદને જણાવેલું કે, ચશ્માવાળો જે છે તે મોહિત સિદ્ધપુરા છે લાગે છે તે મળવા આવેલો છે તે લોકો તેમની સામે આવતા હતા. ચશ્માવાળા છોકરાએ સાક્ષીબેનને રુડલી કહેલું કે, ચાલ મારે તારી સાથે વાત કરવી છે. બાદ આ સાહેદ, સાક્ષીબેન, ચશ્માવાળો છોકરો તથા તેની સાથે આવેલો બીજો છોકરો એમ ચારેય જણા કોલેજ કેમ્પસમાં આવેલ સંસ્કાર નર્સરી સ્કુલની પાછળ વાત કરવા ગયેલા તે સમયે ચશ્માવાળો છોકરો મોહિત અને સાક્ષી બન્ને વાતો કરતા હતા. દશ પંદર મીનીટ રહી ગુજરનાર–સાક્ષીબેન આ સાહેદ પાસે આવેલ અને કહેલું કે, તેણી મોહિત અને જયેશ સાથે થોડીવાર બહાર જઇ

પાછી આવે છે. આથી સાહેદે કહેલું કે, જલ્દી આવજે છુટી પડવાનો સમય છે. આ હકીકત આ સાહેદ દ્વારા પોતાના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૮૩ મુજબના આંક:૩૩ ના નિવેદનમાં પણ જણાવવામાં આવેલી છે.

(૩૦.૮) ફરીયાદ પક્ષ દ્વારા સાહેદ નં.૫ તિષાબેન પ્રકાશભાઈ શંકરલાલ ભાનુશાલી નાઓનો આંક:૩૪ નો પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો તેનાથી એવી હકીકત ફલીત થાય છે કે, આ સાહેદે ગુજરનાર–સાક્ષીબેન અને ચૈતાલીની વાતચીત સાંભળી કે જયેશ નામનો છોકરો ગુજરનાર–સાક્ષીબેનને હેરાન પરેશાન કરે છે અને મોહિત નામના છોકરાને સાક્ષીએ બ્લોક કરી દીધેલો છે. એટલે મોહિત જયેશના ફોન ઉપરથી ફોન કરી સાક્ષીને ધમકી આપે છે અને બ્લેક મેઈલ કરે છે અને કહે છે કે ભણવા માટે ગાંધીધામ પાછી આવી જા.

(૩૦.૯) ઉપરોકત ત્રણેય સાહેદો નં.૩ થી ૫ નાઓની બચાવ પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે. આ ઉલટતપાસમાંથી આ કામના બન્ને આરોપીઓ બનાવના સમયે, બનાવના સ્થળે અને બનાવના દિવસે સાહેદોના કહેવા મુજબ સંસ્કાર કોલેજ કેમ્પસમાં આવેલા નથી. ગુજરનાર–સાક્ષીબેનને મળેલા નથી. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ ગુજરનાર–સાક્ષીબેન સાથે વાતચીત કરેલી નથી કે આ સાહેદોના જણાવ્યા મુજબના કપડા આ બન્ને આરોપીઓએ પહેરેલા નથી કે આ બન્ને આરોપીઓ સંસ્કાર કોલેજમાં આવેલા જ ન હતા, તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. એટલું જ નહીં, આવો કોઈ બચાવ શુદ્ધાં બન્ને આરોપીઓ પૈકીના કોઈપણ વિદ્વાન વકીલ શ્રી દ્વારા લેવામાં પણ આવેલો નથી.

(૩૦.૧૦) જયારે સાહેદ નં.૪ ચૈતાલીબેનની આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ઉલટતપાસ કરેલી છે તેમાંથી એવી હકીકત ફલીત થાય છે કે, તેની સાથેના બીજા છોકરા જયેશને પણ છરી વડે ઈજાઓ પહોંચાડીને નાશી ગયેલ છે. તેની સાથે આવેલ તેનો મિત્ર જયેશ જયંતિજી

ઠાકોરને પણ છરીના ઘા મારી ઈજાઓ પહોંચાડેલ એવું ખુલવા પામેલું છે. એટલું જ નહીં, સાહેદ નં.૫ તિષાબેન નાઓની જે ઉલટતપાસ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી છે તેમાંથી પણ એવું ફલીત થાય છે કે, એક કાળા કલરના કપડાવાળો છોકરો પણ લોહીલુહાણ હાલતમાં ઉભો હતો. આરોપી–જયેશ ઠાકોર સાક્ષીબેનને ઈજા પામેલી હાલતમાં હોસ્પિટલમાં પોતાની મોટર સાયકલ ઉપર સારવાર માટે લઈ જઈ રહેલ હતો તેવી હકીકત તેણીને જાણવા મળેલી હતી. આ બનાવમાં જયેશ ઠાકોરને ઈજા થયેલ હોવાની હકીકત તેણીને જાણવા મળેલી હતી.

**(૩૦.૧૧)** આમ, આ કામના બન્ને આરોપીઓ બનાવના દિવસે, બનાવના સમયે અને બનાવના સ્થળે ફરીયાદ પક્ષના આક્ષેપ અને તહોમતનામા મુજબ સંસ્કાર કોલેજ કેમ્પસમાં આવેલા હતા. ગુજરનાર–સાક્ષીબેનની શોધખોળ કરતા હતા. ગુજરનાર–સાક્ષીબેનને મળેલા હતા. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને ગુજરનાર–સાક્ષીબેન નાઓએ વાતચીત કરેલી હતી તેમ આ પ્રત્યક્ષ પુરાવાથી ફરીયાદ પક્ષે સાબિત કરેલું છે.

**(૩૦.૧૨)** ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પૈકી આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ ગુજરનાર–સાક્ષીબેનને મુદ્દામાલની છરી વડે શરીરના નાજુક ભાગ એવા ગળા ઉપર તથા શરીરના અન્ય ભાગો ઉપર ઈજા પહોંચાડેલી છે, તે ઘટનાનો પુરાવો સાંયોગિક પુરાવો છે.

**(૩૦.૧૩)** ફરી વખત આ જ ત્રણેય સાહેદો નં.૩ થી ૫ નાઓના પુરાવા ધ્યાનમાં લેતાં સાહેદ નં.૪ ચૈતાલીબેન મિસ્ત્રીનો આંક:૩૨ નો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતાં '' તે સમયે ચશ્માવાળો છોકરો મોહિત અને સાક્ષી બન્ને વાતો કરતા હતા, હું તેમનાથી થોડે દુર હતી, હું મારું વાંચતી હતી કારણ કે, બીજા દિવસે એકઝામ હતી, મોહિત સાથે બીજો છોકરો આવેલો હતો તે પણ તેમનાથી થોડે દુર હતો, તે લોકો જે વાત કરતા હતા તે મને સંભળાતું ન હતું, દશ પંદર મીનીટ રહી સાક્ષી મારી પાસે આવેલ અને કહેલ કે, હું મોહિત અને જયેશ સાથે થોડીવાર બહાર જાઉ છું અને થોડીવારમાં

પાછી આવું છું. મેં કહેલું કે, જલ્દી આવ જે, છુટી પડવાનો સમય છે. એમ કહીને હું અંદર આવેલી અને સાક્ષી તથા મોહિત તથા તેની સાથે આવેલ છોકરો ત્યાંથી જતા રહેલા હતા. ત્યારપછી છ વાગ્યાનો સમય થતાં છુટી પડી ગયેલી અને અમારો બસ ઉપડવાનો ટાઇમ થઇ ગયેલો. સાક્ષી દેખાયેલી નહીં જેથી મેં તેણીને કોલ કરેલો હતો. તેણીએ મારો કોલ રીસીવ કરેલો ન હતો જેથી મેં ટીશાને કહેલું હતું. હું બસમાં બેસી ગયેલી હતી '' મુજબની હકીકતો જણાવેલી છે.

**(૩૦.૧૪)** આ તિષાબેન પ્રકાશભાઇ શંકરલાલ ભાનુશાલી નાઓનો આંક:૩૪ નો સોગંદ ઉપરનો પુરાવો જોતાં '' હું અને મારી ફ્રેન્ડ મહેક લાયબ્રેરીમાં વાંચતા હતા. અમારી બસ ઉપડવાનો સમય ૬:૦૦ વાગ્યાની આસપાસ થયેલો હતો. જેથી મેં સાક્ષીને ફોન કરેલો, એકવાર સરખો અવાજ ન આવતા કોલ કટ થઇ ગયો હતો. જેથી બીજી વખત ફોન કરેલો ત્યારે ફોન ઉપર કોઇ છોકરાનો અવાજ આવેલો. છોકરાએ પોતાનું નામ જયેશ ઠાકોર જણાવેલું. જેથી મેં તેને સાક્ષીની પુછા કરેલી હતી ત્યારે તેણે મને કીધેલું કે, સાક્ષીને મોહિત સિદ્ધપુરા નામનો છોકરો છરી મારીને ભાગી ગયેલો છે. મેં પુછેલું કે, કઇ જગ્યાએ ? તો તેણે કીધેલું કે, સંસ્કાર કોલેજની બહાર, ત્યારે ફોન ઉપર સાક્ષીનો રડવાનો અવાજ પણ આવતો હતો એટલે હું તરત દોડીને તે જગ્યાએ પહોંચી ત્યાં એક મોટર સાયકલ પડી હતી અને બાજુમાં સાક્ષી લોહીલુહાણ હાલતમાં તરફડીયા ખાઇ રહેલી હતી તેમજ સાક્ષીના ગળાના ભાગ ઉપર તેમજ પેટના ભાગે છરીના ઘા હતા. બાજુમાં કાળા કલરના કપડાવાળો છોકરો ઉભો હતો જેણે મને કીધું કે, હું જયેશ ઠાકોર છું અને મોહિત સિદ્ધપુરા સાક્ષીબેનને છરી મારીને ભાગી ગયેલો છે '' મુજબની હકીકતો જણાવેલી છે.

**(૩૦.૧૫)** એટલું જ નહીં, આ બન્ને સાહેદો સાહેદ નં.૪ ચૈતાલીબેન તથા સાહેદ નં.૫ તિષાબેન નાઓની આરોપીઓના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે, પરંતુ જે જુદી-જુદી ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસમાંથી આ સાહેદો દ્વારા જે પુરાવો રજુ કરેલો છે તેવી ઘટના કે બનાવ બનવા પામેલો નથી તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

તેનાથી વિરુદ્ધ આ બન્ને સાહેદોનો પુરાવો કુદરતી ક્રમનો પુરાવો છે અને જે સત્ય હકીકત છે તે આ બન્ને સાહેદોએ કુદરતી ક્રમમાં પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલી છે તેમ આ બન્ને સાહેદોની ઉલટતપાસ પરથી સાબિત થાય છે.

**(૩૦.૧૬)** સાહેદ–ચૈતાલીબેન નાઓએ ઉલટતપાસમાં જણાવેલું છે કે, સાક્ષી સાથે શું બનાવ બનેલો હતો ? તેણીને કયાં ઈજા થયેલી છે ? તે તેણીએ સોશીયલ મિડીયા મારફતે જાણેલું હતું. સોશીયલ મિડીયામાં બનાવ વિશે જોયું તે પહેલાં તેણીને બનાવ બાબતે કોઈ જાતમાહિતતી ન હતી. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રાત્રીના સાડા આઠ નવ વાગ્યે સાક્ષી સાથે બનેલ બનાવની જાણ થયેલી. સાક્ષીબેન અને જે બે છોકરાઓ આવેલા હતા તે પૈકીનો એક છોકરો સાક્ષી સાથે વાતચીત કરતો હતો તે નોર્મલ રીતે વાતચીત કરતા હતા. કોઈ બોલાચાલીનો બનાવ બનેલો ન હતો.

**(૩૦.૧૭)** સાહેદ–તિષાબેન નાઓએ પણ જણાવેલું છે કે, સાક્ષીબેનને જે ઈજાઓ થયેલી છે તે ઈજાઓવાળો બનાવ તેણીએ નજરે જોયેલો નથી. સવા ચાર વાગ્યા બાદ તેણી અને સાક્ષીબેન અલગ થઈ ગયેલા હતા. એટલું જ નહીં, સાહેદ નં.૩ ત્રિષ્નાબેન નાઓએ પણ ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, સાક્ષીબેનની કોની સાથે મિત્રતા છે અને કોની સાથે સંબંધ છે ? તેની ખબર ન હતી. સાક્ષીબેન સાથે જે બનાવ બન્યો તે ઈજાનો બનાવ તેણીએ નજરે જોયેલો નથી આથી સાક્ષીબેનને કોણે, કઈ રીતે ઈજા કરી ? તેનું તેણીને વ્યકિતગત જ્ઞાન નથી.

**(૩૦.૧૮)** એટલું જ નહીં, આ ત્રણેય સાહેદોની જે વિસ્તૃત ઉલટતાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસની વિગતને ધ્યાનમાં લેતાં પણ એવી હકીકત સાબિત થાય છે કે, આ ત્રણેય સાહેદો કુદરતી સાહેદો છે. તેઓની હાજરી કોલેજ કેમ્પસમાં કુદરતી છે અને તેઓનો પુરાવો પણ કુદરતી છે. જે સત્ય હકીકત છે તે વિગત આ સાહેદોએ પોતાના પુરાવામાં જણાવેલી છે.

**(૩૦.૧૯)** હવે જયારે સાંયોગિક પુરાવાની વાત આવે ત્યારે ફરીયાદ પક્ષે પ્રત્યેક સંજોગોની કડીઓનો પુરાવો કડીબદ્ધતાથી પુરો પાડવાનો હોય છે.

એટલી હદે કે સંજોગો સબળ હોવા જોઈએ કે હકીકત માનવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.

**(૩૦.૨૦)** આમ, સાંયોગિક પુરાવાના પ્રકરણના કિસ્સામાં તમામ હકીકત અંગેના પુરાવાની કડીબદ્ધતા એ મહત્વનું લક્ષણ છે. આ પ્રકરણમાં જે પુરાવો રજુ થયેલો છે તે પુરાવો ધ્યાનમાં લેતાં સાક્ષીબેન જયારે હયાત હતા ત્યારે ચૈતાલીબેન મિસ્ત્રી નાઓએ સાક્ષીબેનને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર સાથે જતાં જોયેલા છે. સાક્ષીબેનની કોલેજનો છુટવાનો સમય થયો અને બસ ઉપડવાનો સમય થયો ત્યાં સુધી હાજર ન થતાં સાહેદ–તિષાબેને સાક્ષીબેનને ફોન કરેલો છે. જે ફોન સાક્ષીબેને ઉપાડેલો નથી. સાહેદ–તિષાબેને સાક્ષીબેનને બીજી વાર ફોન કરેલો તે ફોન આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ઉપાડેલો અને વાત કરેલી છે. આથી આ સાહેદ–તિષાબેન બનાવવાળા સ્થળે પહોંચે છે ત્યાં સાક્ષીબેનને ઈજા પામેલી હાલતમાં જોવે છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને સ્થળ ઉપર હાજર જોવે છે અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ત્યાંથી ભાગતાં જતાં જોવે છે. એટલું જ નહીં, આરોપી પક્ષની ઉલટતપાસમાંથી પણ એવી હકીકત ફલીત થાય છે કે, સાંજના ૦૪.૧૫ વાગ્યેથી બનાવ બન્યો ત્યાં સુધી સાક્ષીબેન કયાં હતા ? કોની સાથે હતા ? તેની આ ત્રણેય સાહેદો પૈકી કોઈને જાણ ન હતી. આ સ્વાભાવિક બાબત છે. કેમ કે, છેલ્લે સાક્ષીબેન જીવીત હતા ત્યારે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની સાથે તેણીએ જોયેલા છે. ત્યારબાદ તેણીને ઈજા પામેલી હાલતમાં બનાવના સ્થળ ઉપર જોવા મળેલા છે. આમ, સાક્ષીબેન હયાત હતા તે સમય કલાક:૦૪.૧૫ નો છે અને સાક્ષીબેન ઈજા પામેલી હાલતમાં મળ્યા તે સમય કલાક:૦૬.૦૦ વાગ્યાનો છે અને આ સમયગાળા દરમ્યાન ગુજરનાર–સાક્ષીબેન આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર સિવાય અન્ય કોઈ પણ વ્યકિતને કોઈ પણ રીતે કયાંય પણ મળેલા છે કે મળેલા હતા ? તેવો લેશમાત્ર પુરાવો રજુ થયેલ રેકર્ડમાંથી જણાઈ આવતો નથી ત્યારે સાક્ષીબેન જીવીત હતા ત્યાંથી તેઓ ઈજા પામેલી હાલતમાં મળી આવ્યા ત્યાં સુધી માત્ર અને માત્ર આરોપી નં.૧ મોહિત

સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની સાથે હતા તેમ આ પુરાવા ઉપરથી સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે.

**(૩૦.૨૧)** સાંયોગિક પુરાવાનો બીજો નિયમ એવો છે કે, જયારે આરોપી પક્ષ એવી હકીકત સાબિત કરે કે આ કામના મરણજનાર જીવીત હતા ત્યાંથી તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી આરોપીઓની કંપનીમાં ન હતા અને આ હકીકત સાબિત કરવાનો બોજો આરોપી ઉપર છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર દ્વારા સાહેદ–તિષાબેન નાઓને ફોન ઉપર જે વાત કરેલી છે તેને બાહ્ય ન્યાયિક કબુલાત ગણવામાં આવે કે નહીં તે હવે પછી ચર્ચા કરશું, પરંતુ આ તબકકે ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે અને આરોપી પક્ષ દ્વારા જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલો છે તેને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ એવી હકીકત નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ છે કે આ કામના ગુજરનાર–સાક્ષીબેન જીવીત હાલતમાં આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની કંપનીમાં ગયેલા હતા અને ત્યાંથી સીધા બે (૨) કલાક કરતાં ઓછા સમયમાં ઈજા પામેલી હાલતમાં બનાવના સ્થળ ઉપર મળી આવેલા છે.

**(૩૦.૨૨)** આ તબકકે એ નોંધવું આવશ્યક છે કે, આ ઘટના સબબ સોગંદ ઉપર સાહેદો નં.૩ થી ૫ નાઓએ જે પુરાવો પુરો પાડેલો છે તે પુરાવા વિરુદ્ધની કોઇ હકીકત ઉલટતપાસમાંથી ફલીત થતી નથી. આમ, ફરીયાદ પક્ષ સાંયોગિક પુરાવાના આધારે આરોપીઓ વિરુદ્ધનો કેસ માત્ર આ ત્રણ સાહેદોના પુરાવાથી જ સાબિત કરવામાં સફળ રહેલ હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૩૦.૨૩)** ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સાહેદ–કિશોરભાઇ પ્રેમજીભાઇ મહેશ્વરી નાઓનો આંક:૨૮ નો પુરાવો ધ્યાનમાં લેતાં આ સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં એવી સ્પષ્ટ વિગત જણાવેલી છે કે, આ કામના બન્ને આરોપીઓ મોટર સાયકલ લઇ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના સમયે તેમની દુકાન ઉપર છરી ખરીદવા આવેલા હતા અને રુ.૨૦૦/– લઇ મુદ્દામાલની છરી વેંચાણથી લઇ ગયેલા હતા. જેમાં

આરોપીઓએ પહેરેલા કપડા શુદ્ધાંનું વર્ણન કરેલું છે અને આ કામના આરોપીઓને અદાલત રુબરુ ઓળખી બતાવેલા છે. એટલું જ નહીં, આ સાહેદનું પણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબનું નિવેદન આંક:૨૯ વાળું લેવામાં આવેલું છે. આ નિવેદનમાં પણ આ સાહેદ દ્વારા આ જ હકીકતો જણાવવામાં આવેલી છે. આ સાહેદ દ્વારા જે છરી આરોપીઓને વેંચવામાં આવેલી હતી તે મુદ્દામાલ તરીકે કબ્જે કરેલી તે આર્ટીકલ નં.૧૧ વાળી છરી પણ ઓળખી બતાવવામાં આવેલી છે. આરોપી પક્ષના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા ઓળખપરેડ કરાવવામાં આવેલી નથી. આવી છરી બીજી દુકાનોમાં પણ મળી શકે. આ છરી ઉપર કોઇ તેમની દુકાનનું ઓળખ ચિહ્ન નથી તથા છરી ખરીદ વેંચાણ અંગે રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. છરી ઉપર કોઇ ટ્રેડ માર્ક ન હતો વિગેરે બાબતે વિસ્તૃત ઉલટતપાસ કરેલી છે, પરંતુ આ કામના બન્ને આરોપીઓ બનાવના દિવસે સાહેદના જણાવ્યા મુજબ સાહેદની દુકાને છરી ખરીદવા આવેલા હતા અને છરી ખરીદી લઇ ગયેલા છે અને તે છરી મુદ્દામાલની છરી હતી તેવો જે પુરાવો આ સાહેદે પુરો પાડેલો છે તે પુરાવા વિરુદ્ધની કોઇ હકીકત આરોપી પક્ષના બન્ને વિદ્વાન વકીલ શ્રીઓની ઉલટતપાસમાંથી જણાઇ આવતી નથી તેવું આ અદાલતનું માનવું છે.

**(૩૦.૨૪)** આ મુદ્દામાલની છરી કે જે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ દ્વારા આંક:૮૨ ના પંચનામાની રુએ શોધી એફ.એસ.એલ. અધિકારી, પંચો અને પોલીસની હાજરીમાં શોધી બતાવેલી છે તેના પંચ સાહેદ-સુનીલ પ્રતાપભાઇ નાખુવા નાઓને આંક:૮૧ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદે આરોપી-મોહિત સિદ્ધપુરા નાઓને તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરી કે જે આરોપી-મોહિત સિદ્ધપુરા નાઓએ શોધી આપેલી હતી તે બન્નેને ઓળખી બતાવેલ છે. આરોપી નં.૧ ના વિદ્વાન વકીલ શ્રી દ્વારા આ પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે, પરંતુ ઉલટતપાસમાંથી આંક:૮૨ ના પંચનામા વિરુદ્ધની કે સાહેદ દ્વારા જે પુરાવો પુરો પાડેલો છે તે પુરાવા વિરુદ્ધની કોઇ હકીકત ફલીત થતી નથી.

**(૩૦.૨૫)** આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ આ ગુન્હામાં

સંડોવાયેલા છે અને તેણે ગુન્હો કરેલાનું ફરીયાદ પક્ષે સાબિત કરેલું છે. આ સંબંધે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદ–સલીમ લતીફ મોગલ નાઓનો આંક:૩૬ નો પુરાવો પણ મહત્વનો છે. આ સાહેદ રીક્ષા ડ્રાઈવીંગ કરે છે અને બનાવના દિવસે આ સાહેદની રીક્ષામાં આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા કે તેણે જે કપડા જે તે સમયે પહેરેલા હતા તેના વર્ણન સહિતના હોવાનું કહી ઓળખી બતાવેલ છે અને જે તે સમયે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ફરીયાદવાળા બનાવ બાદ નિલકંઠ ભવન પાસેથી રીક્ષામાં બેસાડી મીરઝાપર ગામની અંદર કાચવાળી દુકાન પાસે ઉતારેલા હતા તેમ જણાવે છે. આ સાહેદની ઉલટતપાસમાંથી ઓળખપરેડ કરાવેલી નથી કે રીક્ષામાં લોહી પડેલું હતું તે લોહી કે રીક્ષા કબ્જે કરેલી નથી કે નમુના મેળવેલા નથી વિગેરે બાબતોએ ઉલટતપાસ કરેલી છે, પરંતુ બનાવના દિવસે આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને નિલકંઠ ભવન પાસેથી રીક્ષામાં બેસાડી મીરઝાપર ગામની અંદર કાચવાળી દુકાન પાસે ઉતારવામાં આવેલો હતો તે હકીકત જેમની તેમ યથાવત રહે છે.

**(૩૦.૨૬)** એટલું જ નહીં, આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ બનાવ બાદ તેણે પહેરેલા કપડા લોહીવાળા થયેલા હતા તે બદલવા મીરઝાપરમાં જે દુકાન ઉપર ગયેલા હતા તે ચોર ચોઈસ મેન્સવેર નામની દુકાનના માલીક નિરવ જગદીશભાઈ પરમાર નાઓને સાહેદ નં.૭ તરીકે આંક:૩૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જે હકીકત જણાવેલી છે તેને ધ્યાનમાં લેતાં તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના સાતેક વાગ્યે આ કામના આરોપી–મોહિત સિદ્ધપુરા તેમની દુકાનમાં પેન્ટ અને ટીશર્ટની જોડી લેવા આવેલા હતા. જે કપડા તેણે પહેરેલા હતા તેની ઉપર લોહી લાગેલું હતું અને આથી આ સાહેદે આરોપીને કપડા આપેલા હતા. આરોપીએ કોઈકને ફોન કરેલો. એક બહેન આવેલા અને તેની સાથે ચાલ્યો ગયેલો હતો.

**(૩૦.૨૬.૧)** એટલું જ નહીં, આ સાહેદે પોતાની દુકાનમાં સિકયુરીટી પર્પસ માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા હતા અને તે સી.સી.ટી.વી. કેમેરાના તા:૨૮/૦૮/૨૦૨૫ ના સાંજના કલાક:૦૬.૫૦ થી કલાક:૦૭.૦૯ મીનીટ

સુધીના ફુટેજ ડી.વી.આર. માંથી મેળવી પેનડ્રાઇવમાં આપેલ હતા તે પેનડ્રાઇવ આંક:૩૮ થી રજુ કરેલી છે. આ પેનડ્રાઇવના સી.સી.ટી.વી. ફુટેજ તેમની દુકાનના હોવાનું અને કલાક:૦૬.૫૩ મીનીટે આ કામનો આરોપી–મોહિત તેમની દુકાનમાં આવેલ હોવાનું સાહેદે જણાવેલું છે. એટલું જ નહીં, આરોપીએ જે ટીશર્ટ અને પેન્ટ પહેરેલા હતા તે ટીશર્ટ અને પેન્ટ પણ આ સાહેદ દ્વારા ઓળખી બતાવવામાં આવેલા છે તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૮૩ મુજબના આંક:૩૯ ના નિવેદનમાં પણ આ જ પ્રકારની વિસ્તૃત હકીકત જણાવેલ હોવાનું તથા આરોપીને ઓળખી બતાવેલ હોવાનું જણાવેલું છે.

**(૩૦.૨૬.૨)** આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર. પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવેલું નથી. પોલીસના માણસો નવ વાગ્યે આવેલા ત્યારે ડી.વી.આર. માંથી કોપી કરી પેનડ્રાઇવમાં સી.સી.ટી.વી. ફુટેજ લઇ ગયેલા ન હતા. તેઓએ જજ સાહેબ રુબરુના નિવેદનમાં પોલીસે તેમની પુછપરછ કરેલી હતી અને તેમની દુકાનના સી.સી.ટી.વી. ફુટેજ પોલીસને બતાવેલા હતા તેવું જણાવેલ નથી તેમ સ્વીકારેલું છે.

**(૩૦.૨૭)** આ સાહેદના જણાવ્યા મુજબ પોલીસ દ્વારા તપાસના કામે જે પેનડ્રાઇવ કબ્જે કરવામાં આવેલી હતી તેનું પંચનામું કરવામાં આવેલું હતું તેના પંચ સાહેદ–કરણસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા નાઓને આંક:૯૬ થી તપાસવામાં આવેલા છે અને આંક:૯૭ થી તે અંગેનું પંચનામું રજુ કરેલું છે. આ સાહેદે પણ પંચનામા મુજબની વિગત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી છે.

**(૩૦.૨૮)** આ તબક્કે આરોપી–મોહિત સિદ્ધપુરા નાઓએ બનાવ સમયે જે કપડા પહેરેલા હતા તે કપડા પંચ સાહેદોની હાજરીમાં ડિસ્કવરી પંચનામાની રુએ કબ્જે કરવામાં આવેલા છે તેના પંચ સાહેદ–સિદ્ધરાજસિંહ લખધીરસિંહ વાઘેલા નાઓને આંક:૮૫ થી તપાસવામાં આવેલા છે અને આંક:૮૬ થી તેનું પંચનામું રજુ કરવામાં આવેલું છે. આ પંચ સાહેદે

પંચનામામાં જણાવેલી અને કરેલ કાર્યવાહીની તમામ વિગતો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પુરી પાડેલી છે. એટલું જ નહીં, આરોપી–મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના દર્શાવ્યા મુજબ જે ઘરમાં ગયેલા હતા ત્યાં એક ધીરજભાઇ કરીને વ્યકિત હતા, મકાનના રુમમાંથી આરોપી–મોહિત એક વ્હાઇટ કલરની પ્લાસ્ટીકની થેલી ઉપાડી લાવેલ તેમાં પોતાના કપડા અને મોબાઇલ ફોન છે તેમ કહેલું. આ બેગની અંદરથી એક શર્ટ કાઢેલો હતો તે શર્ટ વ્હાઇટ કલરનો અને કલરફુલ ડિઝાઇનવાળો હતો તેના નીચેના ભાગમાં લોહીના દાગા હોય તેમ સ્પષ્ટ દેખાતું હતું તથા એક સ્કીન કલરની કાર્ગો જીન્સ પેન્ટ હતી તેના ઉપર પણ લોહીના દાગા હતા, જે પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલબંધ હાલતમાં કબ્જે કરેલા. મોબાઇલ ફોન સેમસંગ કંપનીનો ગેલેક્ષી એસ–૨૪ હતો તથા બીજો મોબાઇલ ફોન રીયલમી કંપનીનો હતો તે પણ કબ્જે કરેલો હતો. આરોપી–મોહિતે બનાવ સમયે પહેરેલા કપડા તથા મોબાઇલ ફોન જે ડિસ્કવરી પંચનામાની રુએ કબ્જે કરવામાં આવેલા હતા તે ચોકકસ કયાં રાખવામાં આવેલા છે તે આરોપી–મોહિત સિવાય અન્ય કોઇ જાણતા ન હતા કે આ બાબતની અન્ય કોઇને ખબર ન હતી. આ કપડા અને મોબાઇલ ફોન કબ્જે કરવામાં આવેલા છે તે તથા આરોપી–મોહિતને પણ આ સાહેદે ઓળખી બતાવેલ છે. ઉલટતપાસમાંથી પંચનામા ઉપર સહીઓ પરત આવ્યા બાદ પોલીસ સ્ટેશનમાં કરેલી, લખાણ પોલીસ સ્ટેશનમાં વાંચેલું તે પહેલાં વાંચેલું ન હતું તેવી હકીકતનો સ્વીકાર કરેલો છે. બપોરના સમયે પંચમાં રહેવા જણાવેલું હતું તેમ પણ સ્વીકારેલું છે. આમ, આ સાહેદના પુરાવાથી આંક:૮૬ ના પંચનામાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થયેલી છે અને તે આરોપીઓ વિરુદ્ધ ન માનવા માટે કોઇ કારણ નથી.

(૩૦.૨૯) આ સાહેદના પુરાવાથી સાથોસાથ આરોપી–મોહિત સિદ્ધપુરા નાઓએ પહેરેલા કપડા પૃથ્થકરણના હેતુસર ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટ ખાતે મોકલવામાં આવેલા હતા તેનો પૃથ્થકરણ અહેવાલ અન્ય કાગળોની સાથે આંક:૧૫૭ થી રજુ થયેલો છે તે જોતાં આરોપી–મોહિતે બનાવ સમયે પહેરેલા કપડા ઉપર ગુજરનાર–સાક્ષીબેનના લોહીની હાજરી સુનિશ્ચિત થયેલી છે. એટલું જ નહીં, મુદ્દામાલની છરી જે

સ્થાનિક જગ્યાના પંચનામા દરમ્યાન કબ્જે કરવામાં આવેલી છે તે છરી ઉપર પણ ગુજરનાર–સાક્ષીબેનનું લોહી સ્થાપિત થયેલું છે.

**(૩૦.૩૦)** આમ, ફરીયાદ પક્ષ દ્ધારા તપાસવામાં આવેલા સાહેદ નં.૭ નિરવ જગદીશભાઈ પરમાર નાઓનો આંક:૩૭ નો સોગંદ ઉપરનો પુરાવો, સાહેદ નં.૨૧ પંચ સાહેદ–સિદ્ધરાજસિંહ લખધીરસિંહ વાઘેલા નાઓનો આંક:૮૫ નો સોગંદ ઉપરનો પુરાવો, આંક:૮૬ નું પંચનામું અને આંક:૧૫૭ વાળો ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટનો અહેવાલ ધ્યાનમાં લેતાં આરોપીઓ વિરુદ્ધ આંક:૨૨ નું તહોમતનામું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ હોવાનું જણાઈ આવે છે.

**(૩૦.૩૧)** ફરીયાદ પક્ષે આંક:૪૦ થી મીનાબેન ગોસ્વામી નાઓને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં એવું જણાવેલું છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ બનાવવાળા સ્થળ ઉપરથી નીકળેલા હતા ત્યાં સાક્ષીબેન ઈજા પામેલી હાલતમાં હતા. તેણીના ગળા અને પેટના ભાગે ઈજાઓ થયેલી હતી. એક બાઈક પડેલું હતું. એક કાળા કલરના કપડા પહેરેલો છોકરો તેની બાજુમાં ઉભો હતો ત્યાં અભ્યાસ કરતી એક છોકરી પણ ત્યાં ઉભેલી હતી તેણીને વાગેલું હતું, તેણીને બહુ લોહી નીકળેલું હતું તે જગ્યા ઉપર પણ લોહી પડેલું હતું. એક ફોર વ્હીલર ગાડીમાં તેઓ તથા ટીશા (તિષા) સાક્ષીબેનને સારવાર માટે લઈ ગયેલા હતા. બનાવના સ્થળ ઉપર જે કાળા કલરના કપડા પહેરેલો છોકરો ઉભો રહેલો હતો તેને પણ ૧૦૮ વાનમાં સારવાર માટે હોસ્પિટલ લઈ આવેલા હતા. સાહેદ–ટીશાબેને (તિષાબેને) બનાવની જાણ કરેલી હતી. આરોપી–જયેશ ઠાકોર નાઓને બનાવ અંગે પુછતાં બનાવ અંગેની સમગ્ર વાત આરોપી–જયેશ ઠાકોર નાઓએ કરેલી હતી.

**(૩૦.૩૧.૧)** આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલું છે કે, જે બધા માણસો હાજર હતા તે પૈકીના કોઈએ જયેશને પુછેલું કે, શું થયું ? તો જયેશે કહયું કે, '' હું અને મોહિત ગાંધીધામ રહીએ છીએ અને મોહિતનો મને ફોન આવેલો હતો કે, સાક્ષી મારો ફોન ઉપાડતી નથી અને મને બ્લોક કરી નાખેલો છે તો

તુ ચાલ મારી સાથે સંસ્કાર કોલેજમાં જવું છે. જેથી અમો કોલેજમાં આવેલા હતા. મોહિત અને સાક્ષી વાત કરતા હતા. મોહિતે સાક્ષીને પેટમાં છરી મારેલી અને ત્યાંથી ભાગી ગયેલો હતો. પછી સાક્ષી મારી પાસે આવેલી અને મોહિત મને છરી મારી ભાગી ગયેલો છે. જેથી મેં સાક્ષીને મારી બાઇક પાછળ બેસાડેલી અને અમો કોલેજની બહાર નીકળેલા ત્યાં અમોને મોહિત મળેલો, તો મોહિત સાક્ષીની પાછળ ત્રીપલ શીટમાં પાછળ બેઠેલો. પછી આગળ મોહિતે સાક્ષી ઉપર બીજી વાર હુમલો કરેલો અને મોહિતે સાક્ષીને ગળામાં, ખંભામાં, પીઠમાં, ગાલમાં છરીના ઘા મારેલા હતા. અમો ત્રણેય જણા બાઇક ઉપરથી પડી ગયેલા હતા અને મોહિત ત્યાંથી ભાગી ગયેલો હતો '' આટલું તેઓએ સાંભળેલું હતું.

**(૩૦.૩૨)** અહીં એ નોંધવું જરુરી છે કે, આ બાહ્ય ન્યાયિક કબુલાત ગણાય તે બાદનો પ્રશ્ન છે પરંતુ આ પુરાવાથી પણ એવી હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે ઘટના ઘટેલી છે. બન્ને આરોપીઓ સ્થળ ઉપર હાજર હતા. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ ગુજરનાર-સાક્ષીબેનને ઈજા પહોંચાડેલી છે તે નિ:શંકપણે સાબિત થાય છે. આ સાહેદનું પણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબનું નિવેદન આંક:૪૧ થી રજુ થયેલું છે તેમાં ણ બનાવની હકીકતને સમર્થનકર્તા પુરાવો પુરો પાડેલો છે. એટલું જ નહીં, મરણજનાર-સાક્ષીબેને જે કપડા પહેરેલા હતા તે કપડા મુદ્દામાલ તરીકે કબ્જે કરેલા હતા તે કપડા પણ ઓળખી બતાવેલા છે. આ સાહેદની ઉલટતાસ કરવામાં આવેલી છે, પરંતુ આ સાહેદ દ્વારા પોતાની સરતપાસમાં જે હકીકતો જણાવવામાં આવેલી છે તે હકીકતથી વિરુદ્ધની કોઇ હકીકત ઉલટતપાસમાંથી ફલીત થતી નથી.

**(૩૦.33)** એટલું જ નહીં, ગુજરનાર-સાક્ષીબેનના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ-હિરેન નિતીનભાઇ ભાનુશાલી નાઓને આંક:૭૬ થી તપાસવામાં આવેલા છે. આ આંક:૭૬ ના સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં આ સાહેદને પોલીસે પંચમાં બોલાવેલા હતા. આરોપી-મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓને અટક કર્યાનું આંક:૭૭ વાળું પંચનામું કરવામાં આવેલું. ગુજરનાર-સાક્ષીબેનનો મોબાઇલ ફોન કબ્જે કરવામાં આવેલો. એટલું જ

નહીં, બનાવ સમયે ગુજરનાર–સાક્ષીબેને જે કપડા પહેરેલા હતા તે કપડા એક પોલીસ કોન્સ્ટેબલ દ્વારા રજુ કરવામાં આવેલા હતા તે બ્લેક કલરનું વ્હાઇટ લાઈનીંગવાળું ફ્રોક હતું તે ફ્રોક ફાટી ગયેલું હતું તથા લોહીથી આખું ભરાઇ ગયેલું હતું તે કબ્જે કરવામાં આવેલું તે પંચનામું આંક:૭૮ થી રજુ કરેલું છે. આ કપડા અને મોબાઇલ ફોન સીલબંધ હાલતમાં કબ્જે કરેલા હતા તેની પંચ સ્લીપો આંક:૭૯ અને આંક:૮૦ થી રજુ કરેલી છે. આ સાહેદે મુદ્દામાલના કપડા, મોબાઇલ ફોન અને આરોપી–મોહિતને ઓળખી બતાવેલ છે. આ સાહેદ દ્વારા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જે પુરાવો પુરો પાડવામાં આવેલો છે તેનાથી વિરુદ્ધની કોઇ હકીકત ઉલટતપાસમાંથી જણાઈ આવતી નથી. આમ, આ સાહેદનો પુરાવો પણ સ્પષ્ટપણે આોરપીઓ વિરુદ્ધનો સાબિત થાય છે.

**(૩૦.૩૪)** સાહેદ નં.૨૦ થી ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદને તપાસેલા છે તે સુનીલ પ્રતાપભાઇ નાખુવા દ્વારા બનાવના સ્થળ ઉપરથી જે બાઇક પડેલ હતું તે બાઇક કબ્જે કરવામાં આવેલું તેનું આંક:૮૨ નું પંચનામું કરવામાં આવેલું તે અંગેની આંક:૮૩ અને આંક:૮૪ વાળી પંચ સ્લીપ તૈયાર કરવામાં આવેલી તેની પણ સ્પષ્ટ વિગતો જણાવેલી છે.

**(૩૦.૩૫)** આમ, આ તમામ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાઓનું વિશ્લેષણ કરતાં એવી હકીકત નિર્વિવાદ રીતે સાબિત થાય છે કે, આ કામના આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ગાંધીધામ થી અંજાર જઇ, મુદ્દામાલની છરી ખરીદી, ભુજ મુકામે આવી સંસ્કાર કોલેજમાં જઇ, ગુજરનાર–સાક્ષીબેનને મળેલા. કલાક:૦૪.૧૫ થી સાક્ષીબેન ઈજા પામેલી હાલતમાં મળ્યા ત્યાં સુધી આરોપીઓની કંપનીમાં ગુજરનાર–સાક્ષીબેન હતા. આ સમયગાળા દરમ્યાન સાક્ષીબેન આરોપીઓની કંપનીમાં જ ન હતા કે સાક્ષીબેન આરોપીઓની કંનીમાંથી વિખુટા પડેલા હતા કે સાક્ષીબેન આરોપીઓથી વિખુટા પડી અન્ય કોઇ જગ્યાએ હતા તેવો આરોપી પક્ષનો ન તો કોઇ બચાવ છે કે ન તો કોઇ પુરાવો રજુ થયેલો છે અને આથી ફરીયાદ પક્ષ દ્વારા જે ઉપર મુજબ ચર્ચા કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી

પુરાવા રજુ કરવામાં આવેલા છે તે પુરાવાના મુલ્યાંકનમાં માત્ર અને માત્ર એવી હકીકત સાબિત થાય છે કે, આરોપીઓએ આંક:૨૨ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલો છે.

**(૩૦.૩૬)** ફરીયાદ પક્ષ દ્વારા સાહેદ–રસીલાબેન જેઠાલાલ ખાનીયા નાઓને સાહેદ નં.૧૪ તરીકે આંક:૬૪ થી તપાસેલા છે. જેઓ ગુજરનાર–સાક્ષીબેનના માતા થાય છે. તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, આ કામની ગુજરનાર–સાક્ષી તેમની દિકરી છે. તેણી સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરતી હતી અને સમાજની હોસ્ટેલમાં રહેતી હતી. ગુજરનાર–સાક્ષીબેને તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ફોન કરી જણાવેલ હતું કે, '' આપણા પડોશમાં રહેતો મોહિત સિદ્ધપુરા મને ફોન કરીને ધમકી આપે છે કે, તું મારાથી પ્રેમ કર, અભ્યાસ મુકીને પરત ગાંધીધામ આવી જા ''. જેથી આ સાહેદે સાક્ષીબેનને જણાવેલું કે, '' તું મોહિતને ફોન અને મેસેજ કરવાની ના પાડી દે અને અભ્યાસ મુકીને નહીં આવું આટલું કહીને તું એનો ફોન બ્લોકમાં નાખી દે ''. ત્યારબાદ બનાવની હકીકત તેમણે જે જાણેલી તે જણાવેલી છે. બન્ને આરોપીઓને ઓળખી બતાવેલા છે.

**(૩૦.૩૬.૧)** આ સાહેદની ઉલટતપાસમાંથી એવી હકીકત ફલીત થાય છે કે, આરોપી–મોહિત અને ગુજરનાર–સાક્ષીબેન વચ્ચે મોબાઇલ ઉપર મેસેજ અને વાતચીત ચાલતી હતી. બનાવ બન્યો તેના બે મહીના પહેલાં મોહિત વિશે સાક્ષીબેને વાત કરેલી હતી. તા:૨૮/૦૮/૨૦૨૫ પહેલાં આવી કોઇ વાત સાક્ષીબેને કરેલી ન હતી. આરોપી–મોહિત તેમની પાડોશમાં રહે છે, તેના માતા–પિતાને સાહેદ ઓળખે છે. સાક્ષીબેને બે મહીના પહેલાં જે વાત આરોપી–મોહિત બાબતે કરેલી તે બાબતે આ સાહેદે આરોપી–મોહિતના માતા–પિતાને કરેલી ત્યારે આરોપી–મોહિતના માતા–પિતાએ એવું જણાવેલું કે તેમનો દિકરો મોહિત આવું ન કરે. આમ, આ સાહેદની જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં ગુજરનાર–સાક્ષીબેન અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ વચ્ચે વાતચીત થતી નથી અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા તેમની પાડોશમાં રહેતો હોવાનું સ્વીકારેલું છે. આરોપી નં.૨ જયેશ ઠાકોરને પણ પહેલાં ત્રણ ચાર વખત જોયેલ હતો. સાહેદ–નિતીનભાઇ

ભાનુશાલી નાઓની સાથે વાતચીત થયેલી હતી વિગેરે બાબતોનો સ્વીકાર કરેલો છે.

**(૩૦.૩૭)** આ કામના ફરીયાદી–જેઠાલાલ હેમરાજ ખાનીયા કે જેઓ ગુજરનાર–સાક્ષીબેનના પિતા થાય છે તેઓને સાહેદ નં.૧ તરીકે આંક:૨૬ થી તપાસેલા છે. તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના સમયે સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઇ સોલંકીનો ફોન આવેલો અને સાહેદને જાણ કરેલી કે, '' તમારી દિકરી સાક્ષીને છરી વાગેલ છે અને અમે પોલીસને જાણ કરેલ છે તો તમો તાત્કાલીક જી.કે.જનરલ હોસ્પિટલમાં આવી જાવ '' જેથી પોતાના ઘરે જઇ પોતાની પત્નીને વાત કરી ત્યારે તેમના પત્ની રસીલાબેને કહેલું કે, '' આજે સવારના સાક્ષીએ ફોન કરેલો અને કહેલું કે મોહિત મુળજી સિદ્ધપુરા ફોન ઉપર ધમકી આપે છે, હું તને પ્રેમ કરું છું તો ભુજ સંસ્કાર કોલેજમાંથી નીકળેલ પાછી ગાંધીધામ પાછી આવી જા, નહીંતર હું આપણા પ્રેમ સંબંધની જાણ તારા મમ્મી–પપ્પાને કરી નાખીશ '' અને પછી તેઓ તેમના કુટુંબના કાકાઇ ભાઇ અને તેમના પત્ની સાથે જનરલ હોસ્પિટલ આવેલા ત્યારે પોલીસના માણસો, તેમના સમાજના માણસો અને કોલેજના વિદ્યાર્થીઓ હાજર હતા. તેમના સમાજના આગેવાન નિતીનભાઇએ તેમને જે જાણ કરેલી તેની વિગત જણાવેલી છે અને ગુન્હા સંબંધે ફરીયાદ ઓલી તે ફરીયાદ આંક:૨૭ થી રજુ કરેલી છે.

**(૩૦.૩૭.૧)** આ સાહેદની ઉલટતાસ ધ્યાનમાં લેવામાં આવે તો સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ સિવાય બીજા કોઇનો ફોન આવેલો ન હતો. પ્રિન્સીપાલ સાહેબે આ સાહેદે ફરીયાદ લખાવેલી ત્યારે એવું કહેલું કે, તેઓ હોસ્પિટલ છે તમે જનરલ હોસ્પિટલ પહોંચો. હોસ્પિટલમાં ફરીયાદ લખાવેલી હતી. નિતીનભાઇ સાથે વાતચીત હોસ્પિટલમાં થયેલી હતી. હોસ્પિટલમાં પોલીસના માણસો હતા વિગેરે બાબતોએ ઉલટતપાસ કરેલી છે, પરંતુ કોઇ બનાવ બનેલો નથી કે આરોપી પક્ષના બચાવને મદદરુપ થાય તેવી કોઇ હકીકત આ સાહેદની ઉલટતપાસમાંથી ફલીત થતી નથી.

**(૩૦.૩૮)** સાહેદ–નિતીનભાઇ ભાનુશાલી નાઓને ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક:૬૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના સાંજના સાડા છ વાગ્યાની આસપાસ સમાજમાંથી મેસેજ આવેલો કે, આપણા સમાજની દિકરી સાક્ષી જેઠાલાલ ખાનીયા જે સંસ્કાર કોલેજમાં અભ્યાસ કરે છે અને ભાનુશાલી બોર્ડીગમાં કન્યા છાત્રાલયમાં રહે છે તેને સંસ્કાર કોલેજના ગેટમાં બે અજાણ્યા શખ્સો દ્વારા છરીથી લોહીલુહાણ કરેલ છે અને જી.કે.જનરલ હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલ છે. આથી તેઓ હોસ્પિટલ પહોંચ્યા ત્યાં તેમના સમાજના આગેવાનો, પોલીસ સ્ટાફ, સંસ્કાર કોલેજના વિદ્યાર્થીઓ તથા સાહેબો હાજર હતા અને ત્યાં આગેવાનોએ જણાવેલ કે, સાક્ષી નામની છોકરીને છરીના ઘા લાગેલા છે અને તે ઓપરેશન થિયેટરમાં છે અને ઓપરેશન ચાલુ છે. બીજા આરોપીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. પોલીસ અધિકારી તથા સમાજના આગેવાનો રુબરુમાં પુછપરછ કરતાં તેણે પોતાનું નામ જયેશ ઠાકોર જણાવેલ તે બેડ ઉપર સારવાર લઇ રહેલ હતો અને આરોપી–જયેશ ઠાકોરે બનાવ અંગેની જે જાણ કરેલી હતી તે આ સાહેદે જણાવેલી છે. જેવી કે, '' આરોપી–મોહિત સિદ્ધપુરા આરોપી–જયેશ ઠાકોરના ઘરે ગયેલો, ગુજરનારને મળવા ભુજ જવું છે તેમ જણાવેલું તેથી મોટર સાયકલ લઇ ગુજરનારને મળવા સંસ્કાર કોલેજ કેમ્પસમાં ગયેલા, આરોપી–મોહિત અને સાક્ષી સાથે વાતચીત થયેલી, આરોપી–મોહિત સાક્ષીબેનને પેટના ભાગે છરી મારી ભાગી ગયેલો, ત્યારબાદ આરોપી–જયેશ ઠાકોર સાક્ષીબેનને પોતાની મોટર સાયકલ ઉપર બેસાડી થોડેક આગળ ગયેલ ત્યાં આરોપી–મોહિત રસ્તામાં આગળ ઉભો હતો અને મોટર સાયકલ પર ત્રીપલ સવારી બેસી ગયેલ, થોડેક આગળ જતાં આરોપી–મોહિતે ગુજરનાર–સાક્ષીબેનને પીઠના ભાગે તથા ગળાના ભાગે છરી મારવાનું, ઉપરા છાપરી ઘા મારેલા હતા તેથી ત્રણેય જણા પડી ગયેલા અને આરોપી–મોહિત ત્યાંથી ભાગી ગયેલો અને ગુજરનાર–સાક્ષીબેનને જી.કે.જનરલ હોસ્પિટલમાં લઇ આવેલા છે '' તેમ જણાવેલ હતું.

**(૩૦.૩૮.૧)** ઉલટતાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, આ સાહેદ

વિરુદ્ધ હત્યા, ખનિજચોરી, લુંટ, એટ્રોસીટી એકટ, કલમ–૩૦૭, ડિઝલચોરીના ગુન્હાઓ નોંધાયેલા છે. કચ્છ–ભુજ સિવાયના બીજા જીલ્લાઓમાં પણ આ સાહેદ વિરુદ્ધ ગુન્હાઓ નોંધાયેલા છે. સાહેદ જી.કે.જનરલ હોસ્પિટલમાં આશરે પોણા સાતેક વાગ્યે પહોંચેલા. સંસ્કાર કોલેજના છોકરાઓ, ટીચર અને પોલીસ સ્ટાફના માણસો હતા તેમણે ગુજરનાર–સાક્ષીબેનને કોણે અને કોનાથી ઈજા પહોંચાડેલી છે તેની કોઇ વિગત જણાવેલી ન હતી. તેઓ મેડી સ્ટાર હોસ્પિટલમાં ગયેલા. આરોપી–જયેશ ઠાકોર કયા રુમમાં દાખલ હતા તેમજ આ સાહેદ કેટલા વાગ્યે જયેશ ઠાકોરને મળેલા તેનો સમય પોલીસમાં લખાવેલ નથી. જયેશ ઠાકોરને હોસ્પિટલમાં કેટલા વ્યકિતઓ મળવા ગયેલા તેમના નામ કે સંખ્યા પોલીસને જણાવેલ નથી. આરોપી–મોહિતને પોલીસ પકડી લાવેલ ત્યારબાદ જોયેલ હોય કોર્ટમાં ઓળખી બતાવેલ છે. અન્ય વિસ્તૃત ઉલટતપાસ કરેલી છે, પરંતુ આ ઉલટતપાસમાં બનાવ વિરુદ્ધની કોઈ હકીકત કે આરોપીઓ ગુન્હા સાથે સંકળાયેલા નથી તેવી કોઇ વિગત ખુલવા પામેલી નથી.

**(૩૦.૩૯)** ઉપરોકત ત્રણેય સાહેદોનો પુરાવો પણ ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થનકર્તા છે. જે આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનું સાબિત કરે છે.

**(૩૦.૪૦)** આ કામે ફરીયાદ પક્ષ દ્વારા ઈજા પામનાર–સાક્ષીબેનની પ્રથમ સારવાર કરનાર ડો.રાહુલસિંહ જાડેજા નાઓને સાહેદ નં.૩૨ તરીકે આંક:૧૧૯ થી તપાસેલા છે. આ સાહેદે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાક્ષીબેનને સાંજના ૬:૨૫ વાગ્યે હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ મારફતે લઈ આવેલા હતા. તેઓએ સારવાર આપેલી. ગળા ઉપર ઈજા હોય હોસ્પિટલના ગળા વિભાગના ડોકટરશ્રી અને સર્જનશ્રીને આ ઈજા બાબતની જાણ કરેલી. તેઓ બન્ને ઈમરજન્સી વિભાગમાં દર્દીને જોવા આવી ગયેલા હતા. સારવાર અંગેના કાગળો આંક:૬૮ પૈકી આંક:૬૮/૯, ૧૦ તથા આંક:૬૮/૧૫ થી આંક:૬૮/૧૭ સુધીના તેમના હસ્તાક્ષરમાં હોવાનું ઓળખી બતાવેલા છે. આ સાહેદની ઉલટતપાસમાંથી એવી હકીકત ફલીત થાય છે કે, જયારે સાક્ષીબેનને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે તેણી મેડીકલ ભાષામાં ડેડ પોઝીશનમાં હતા. આ સિવાય

અન્ય કોઇ વિગત આરોપી પક્ષને સમર્થનકર્તા હોવાનું જણાઇ આવતું નથી.

**(૩૦.૪૧)** ડો.યાહ્યા અબ્દુલ રસીદભાઇ ખત્રી નાઓને સાહેદ નં.૧૬ તરીકે આંક:૬૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ પણ ભોગ બનનારની સારવાર કરનાર ડોકટર છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલું છે કે, બનાવના દિવસે ગુજરનાર-સાક્ષીબેનને હોસ્પિટલમાં ઇમરજન્સી વિભાગમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. તેણીના શરીર ઉપર ઘણી બધી ઈજાઓ હતી તેમાંથી એક ગંભીર ઈજા હતી. તેણી બેભાન અવસ્થામાં હતા. તાત્કાલીક સારવાર આપવામાં આવેલી. વેન્ટીલેટર ઉપર રાખવામાં આવેલા. તાત્કાલીક કાન, ગળાના વિભાગને રીફર કરવામાં આવેલા અને ઑરેશન કરવામાં આવેલું હતું તે અંગેના દસ્તાવેજી પુરાવા આંક:૬૭ થી આંક:૬૯ સુધીના રજુ કરેલા છે. વધુમાં જણાવેલું છે કે, આરોપી-મોહિતની શારીરિક તપાસણી કરેલી તેના જમણા હાથની પ્રથમ આંગળી ઉપર ઈજાનું નિશાન હતું તેના પર ડ્રસીંગ કરવામાં આવેલું હતું તે અંગેના ઓ.પી.ડી. કેસ પેપર્સ આંક:૭૦ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલું છે કે, આરોપી-જયેશ ઠાકોરની શારીરિક તપાસણી કરેલી. આરોપી-જયેશને ૧૦૮ માં લાવવામાં આવેલા હતા. આરોપી-જયેશને એક ઈજા શરીરના પાછળના ભાગે ડાબી બાજુ અને બીજી ઈજા ડાબા હાથના ફોર આર્મ ઉપર હતી. આ બન્ને ઈજાઓ તાજી હતી અને ધારદાર હથીયારથી થઇ શકે તેવા પ્રકારની ઈજા હતી તે અંગે આંક:૭૧ નું પ્રમાણપત્ર આપેલું. આ સાહેદે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, તેઓએ ગુજરનાર-સાક્ષીબેનની કોઇ સારવાર કરેલી નથી. કેસ પેપર્સ ઉપરથી પ્રમાણપત્ર આપેલું છે. આરોપી-મોહિતની સારવાર કરેલી નથી. આરોપી-મોહિતને તેમની સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે મોહિતની ઈજાનું ડ્રેસીંગ થયેલું હતું. આ ડ્રેસીંગ કયાં, કોણે અને કેવી રીતે કરેલું છે ? તેની તેમને ખબર નથી. મોહિતનું ફિટનેશ સર્ટીફિકેટ આપેલું હતું. આંક:૬૭ નું સાક્ષીબેનનું પ્રમાણપત્ર તા:૩૦/૦૧/૨૦૨૬ ના રોજ તૈયાર કરેલું છે તે મેળવવા પોલીસ તરફથી યાદી મળેલી ન હતી. આરોપી-જયેશ ઠાકોરની કોઇ સારવાર કરેલી નથી.

**(૩૦.૪૨)** ડો.નવુભા નવઘણજી સોઢા નાઓને સાહેદ નં.૧૬ તરીકે આંક:૬૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ રાત્રીના ૦૮.૨૩ વાગ્યે ઈજા પામનાર-સાક્ષીબેનને તેણીના પિતા સારવાર માટે લઈ આવેલા હતા ત્યારે સાક્ષીબેન બેહોશ હાલતમાં હતા તેથી તેણીને વેન્ટીલેટર ઉપર રાખવામાં આવેલા હતા. બનાવનો ઈતિહાસ તેણીના પિતાને પુછતાં જણાવેલો. આ સાક્ષીબેનને માથાથી કરીને ગળામાં, છાતી ઉપર, છાતીના પાછળના ભાગે, બન્ને ખભાઓ ઉપર અને બન્ને કોણી ઉપર તેમજ માથાના પાછળના ભાગમાં જડબામાં તેમજ પેટ ઉપર તિક્ષ્ણ હથીયાર વડે ઘા હતા તેના ટાંકા જી.કે.જનરલ હોસ્પિટલમાં લીધેલા હતા. તેણીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલું હતું. સારવાર બાબતનું આંક:૫૪ વાળું પ્રમાણપત્ર આપેલું. આંક:૫૪ ના સર્ટીફિકેટમાં જણાવેલી ઈજા મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરીથી સંભવી શકે. આ સાહેદે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, આંક:૫૪ ના સર્ટીફિકેટમાં ઈજા પામનારને છરીથી ઈજા પહોંચાડવામાં આવેલી છે તેવું નોંધેલું નથી પરંતુ ધારદાર હથીયારથી ઈજા થઇ શકે તેવું નોંધેલું છે. છરી શબ્દ તેઓએ જાણે જણાવેલો છે. સાક્ષીબેનને થયેલી ઈજા નં.૧ગળાના ભાગની ઈજા જનરલ હોસ્પિટલમાં સારવાર થઇને આવેલી હતી તે ઈજા તેમણે ઉપરનું ડ્રેસીંગ ખોલીને જોયેલી હતી. અન્ય ઈજાઓ ઉપર ટાંકા લાગેલા હતા. કોઈ પણ ઈજા તેઓએ ટાંકા ખોલીને જોયેલી નથી. ટાંકા ખોલીને જોવામાં ન આવે ત્યાં સુધી તે ઈજાની ઉંડાઇ જાણી શકાય નહીં કે ઈજાનો પ્રકાર પણ કહી શકાય નહીં. સામાન્ય રીતે ઈજાના પ્રકાર માટે ઈજાની ઉંડાઇ જોવી જરુરી છે. ઈજાની ઉંડાઇ જોવાથી તે ઈજા કયા પ્રકારના હથીયારથી થયેલી છે તેના વિશે અભિપ્રાય આપી શકાય. તેઓએ ઈજાની ઉંડાઇ અંદાજીત લખેલી છે. બચાવ પક્ષના અનય સજેશનોનો સાહેદ દ્વારા ઈન્કાર કરવામાં આવેલો છે.

**(૩૦.૪૩)** એટલું જ નહીં, સાહેદ નં.૩૧ તરીકે આંક:૧૧૮ થી ડો.રાજેશ પ્રેમજીભાઇ ગૌરી નાઓને તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, બનાવના દિવસે તેઓ ફરજ ઉપર હતા.

ગુજરનાર–સાક્ષીબેનને સાંજના કલાક:૦૬.૨૫ વાગ્યે સારવાર માટે લઈ આવેલા હતા. તેઓએ ઈજા અંગે સારવાર આપેલી. સાક્ષીબેનને મુખ્ય ઈજા ગળા ઉપર હતી. જમણી બાજુ કાંડાના ભાગે, જમણા ખંભાના ભાગે, જમણી બાજુ પીઠના ઉપરના ભાગે, નાભીની ઉપરની બાજુ, ડાબા કાંડાના ભાગે, ગાલ ઉપર એક નાની ઈજા હતી. સાક્ષીબેનનું ઈમરજન્સીમાં ગળાનું ઓપરેશન કરવામાં આવેલું હતું. સાક્ષીબેનના સગાઓએ ડોકટરની સલાહ વિરુદ્ધ ડિસ્ચાર્જ મેળવેલો હતો તે અંગે આંક:૬૮ થી સારવારના કાગળો રજુ કરેલા છે. સાક્ષીબેનને ગળા ઉપર જે ઈજા થયેલી હતી તે ઈજા ધારદાર હથીયારથી થઇ શકે તે પ્રકારની ઈજા હતી. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરીથી આવી ઈજા થઇ શકે તેવો અભિપ્રાય આપેલો છે. આ સાહેદે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, ઈમરજન્સી વિભાગમાં સાક્ષીબેનને કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવામાં આવેલા. ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે લઈ આવેલા ત્યારે સાક્ષીબેનનું પલ્સ અને બ્લડ પ્રેસર ન હતું. પલ્સ અને બ્લડ પ્રેસર આવવાનો સમય ૦૬.૫૨ નો નોંધેલો છે.

**(૩૦.૪૪)** સાહેદ નં.૧૨ તરીકે આંક:૫૫ થી સાક્ષીબેનનું શબ પરિક્ષણ કરનાર ડો.કિશનકુમાર વિરમાભાઈ ગમાર નાઓને તપાસવામાં આવેલા છે. આ ડોકટર શ્રીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે તેમની સાથે ડો.હાર્દિક ધોળુ નાઓએ ગુજરનાર–સાક્ષીબેનની લાશનું શબ પરિક્ષણ કરેલું હતું. સાક્ષીબેનના શરીર ઉપર પેટના ભાગે નાભીથી ઉપર ૨ x ૦.૩ સે.મી. ની ઈજા હતી તેના ઉપર ટાંકા હતા અને નાભીની ડાબી બાજુ ૩ ટાંકા આવેલા હતા. જમણા ખભાની બહારની બાજુ ૩.૫ x ૦.૩ સે.મી. સર્જીકલ ટાંકા લીધેલા હતા અને સાથે ૪ સ્ટેપ્લર મારેલા હતા. જમણી બાજુના જડબાના હાડકા તરફ ૪ સે.મી. અને મોઢાના ખુણા પર સીધી રેખામાં ૫.૫ x ૦.૩ સે.મી. ના ૧૦ કાળા કલરના દોરાથી ટાંકા લીધેલા હતા. દાઢીથી ૬.૫ સે.મી. નીચે ગળાની સામે અને ૪ સે.મી. ઉપર છાતીનું હાડકાથી ઉપર ૧૮ x ૦.૫ સે.મી. સાઈઝનું ઈન સાઈઝ વુન્ડ જેના ઉપર ૨૩ સ્ટેપ્લર પીન લગાવેલ હતી. આ જે ઘા હતો તે જમણા જડબાના હાડકાથી ૩.૫ સે.મી. નીચે અને જમણા મસ્ટર્ડ હાડકાથી ૪.૫

સે.મી. નીચે જમણી બાજુ તેમજ ડાબા જડબાના હાડકાના ખુણા પરથી ૪ સે.મી. નીચે ડાબી બાજુ હતો. આ ઘા ની આંતરીક તપાસ કરતા જમણી બાજુના સ્નાયુની નીચે લોહી ભરાઇ ગયેલું હતું. જે જમણી બાજુના સ્નાયુ હતું જેમાં પ્લેટીઝમા સ્નાયુ અને સ્ર્ટનો કલેડો મસ્ટોડ સ્નાયુ હતા. જમણા હાથના કોણીના નીચે ઉપરના ૧/૩ ભાગમાં ૨ x ૦.૩ નો ઘા હતો. જેના પર ૨ કાળા કલરના ટાંકા મારેલા હતા. ડાબી બાજુના કોણીના નીચેના ભાગમાં મધ્ય ભાગમાં ૫ x ૦.૩ સે.મી.નો ઘા હતો તેના પર ૪ સ્ટેપ્લર પીન મારેલી હતી. આ ઘા ની અંદરની સાઇડ ૫ x ૦.૫ સે.મી.નું સામાન્ય એબ્રેજન હતું. જે લાલ કલરનું હતું. લાશની પાછળના પીઠના ભાગે જમણી સાઇડ અને મીડલાઇટથી ૨ સે.મી. જમણી બાજુ ૧.૩ x ૦.૨ નો ઘા હતો તેના ઉપર એક કાળા કલરનો ટાંકો મારેલો હતો. પીઠના નીચેના ભાગે ડાબી બાજુ ૩.૫ સે.મી. મીડલાઇનથી ૪ x ૦.૩ સે.મી. નો શબ કયુટીનશમાં ઘા હતો તથા પીઠના ભાગે ડાબી બાજુ મીડલાઇનથી ૫ સે.મી. અને ૧૨ સે.મી. ઓકસીકુટથી નીચે ૩ x ૦.૫ સે.મી. ના ૩ ટાંકા મારેલા હતા. આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાંની ઈજાઓ હતી. લાશની આંતરિક તપાસ કરેલી. શબ પરિક્ષણ નોંધ આંક:૫૬ થી અને મૃત્યુ અંગેનું પ્રમાણપત્ર આંક:૫૭ થી રજુ કરેલું છે. લાશ ઉપરની ઈજાઓ કોઇ ધારદાર હથીયારથી થઇ શકે તે પ્રકારની ઈજાઓ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરી જેવા હથીયારથી લાશ પર થયેલી ઈજાઓ સંભવી શકે તેવો અભિપ્રાય આપેલો છે.

**(૩૦.૪૪.૧)** આ સાહેદે ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, પેનલ ડોકટર મારફતે શબ પરિક્ષણ કરવા સીવીલ સર્જન સાહેબનો હુકમ મળેલો ન હતો. લાશ ઉપર ૧૦ બાહ્ય ઈજાઓ હતી. લાશના માથામાં પાછળના ભાગે કોઇ ઈજા ન હતી. આ કિસ્સામાં ગુજરનારને ઈજા થયેલી છે તે ઈજા પામનાર વ્યકિતને જો સમયસર સારવાર મળી ગઇ હોત અને લોહી નીકળતું બંધ થઇ ગયેલું હોત તો તે બચી પણ જાત. શબ પરિક્ષણ શરુ કરવાનો અને પુરો કરવાનો સમય શબ પરિક્ષણ નોંધમાં નોંધેલો નથી. આ સિવાય પણ ઉલટતપાસ કરવામાં આવેલી છે, પરંતુ શબ પરિક્ષણ કરવામાં આવેલું નથી કે સાક્ષીબેનના શરીર ઉપર જે ઈજા દર્શાવેલી છે તેવી કોઇ ઈજા

ન હતી તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૩૦.૪૪.૨)** ઉપરોકત તમામ તબીબી સાહેદોનો જે પુરાવો રજુ થયેલો છે તે પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો તેનાથી એવી હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, આ કામના ગુજરનાર–સાક્ષીબેનને ગળાના ભાગે, પેટના ભાગે, પીઠના ભાગે, મોઢાના ભાગે, હાથ ઉપર વિગેરે શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી અને આ ઈજાઓના કારણે લોહી વહી જતાં ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ નિપજેલું છે. તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ સાક્ષીબેનને સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા હતા. વધુ સારવાર માટે મેડી સ્ટાર હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા હતા. જયાં સુધી ગુજરનાર–સાક્ષીબેનના શરીર ઉપરની ઈજાનો પ્રશ્ન છે ત્યાં સુધી એક સરખો પુરાવો છે. કોઈ પણ રીતે ફરીયાદ પક્ષની વિરુદ્ધમાં હોવા બાબતનો પુરાવો મળી આવેલો નથી. સાથોસાથ એ નોંધવું આવશ્યક છે કે, આ તબીબી સાહેદો સ્વતંત્ર સાહેદો છે. તેમના દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવો એકબીજાને કોરસ્પોન્ડીંગ પુરાવો છે. આ પુરાવાથી એવું સ્પષ્ટપણે સાબિત થાય છે કે, સાક્ષીબેનને જે ઈજાઓ થયેલી હતી અને તેમાં ખાસ કરીને જે ગળાના ભાગે ઈજા થયેલી હતી તેના કારણે સાક્ષીબેનનું મૃત્યુ નિપજેલું છે. અન્ય તબીબી સાહેદો દ્વારા સાક્ષીબેનને સારવાર આપવામાં આવેલી છે.

**(૩૦.૪૫)** આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓના શરીર ઉપરથી લોહીના નમુના લેનાર ડો. હેતા વિજયભાઈ બોરીચા નાઓને આંક:૪૫ થી તથા આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોરના શરીર ઉપરથી ડી.એન.એ. પૃથ્થકરણના હેતુ માટે નમુના લેનાર ડો. રોહન હસીત અંજારીયા નાઓને આંક:૪૯ થી તથા ગુજરનાર–સાક્ષીબેન અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના શરીર ઉરથી લોહીના નમુના મેળવનાર ડો.હાર્દિક જગદીશભાઈ ધોળુ નાઓને આંક:૬૦ થી તપાસવામાં આવેલા છે. આ ત્રણેય તબીબી સાહેદો દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ગુજરનાર–સાક્ષીબેન તથા આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના શરીર ઉપરથી લોહીના નમુના નિયમાનુસાર મેળવી સીલબંધ કરી

ડી.એન.એ. પૃથ્થકરણના હેતુસર સંબંધિત પોલીસ કર્મચારીને સીલબંધ હાલતમાં સોંપી આપેલા હતા. ડી.એન.એ. નમુના માટેના જરુરી ફોર્મ નિયત નમુનાના ફોટા સહિતની કાર્યવાહી કરવામાં આવેલી હતી તેનો સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે. આ તબીબી સાહેદો દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં યાદી, ઓ.પી.ડી. કેસ પેપર્સ, જરુરી ફોર્મ ના દસ્તાવેજી પુરાવા અનુક્રમે આંક:૪૬ થી આંક:૪૮, આંક:૫૦ થી આંક:૫૨ તથા આંક:૬૧ થી આંક:૬૩ સુધીના રજુ કરેલા છે.

**(૩૦.૪૫.૧)** ઉપરોકત તબીબી સાહેદોના પુરાવાનું વિશ્લેષણ કરતાં આ સાહેદોનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને મદદરુપ થતો હોવાનું જણાઇ આવે છે. બચાવ પક્ષે આ તબીબી સાહેદોની ઉલટતપાસ કરેલી છે, પરંતુ આ ઉલટતપાસમાંથી ફરીયાદવાળો બનાવ બનવા પામેલો નથી કે નમુના સંબંધિત વ્યકિતના શરીર ઉપરથી નિયમાનુસાર મેળવવામાં આવેલા નથી કે આ નમુના અયોગ્ય રીતે મેળવવામાં આવેલા છે તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. એટલું જ નહીં, આ તબીબી સાહેદો દ્વારા જે પુરાવો પુરો પાડવામાં આવેલો છે તેમાં લીધેલા નમુના સીલબંધ હાલતમાં પૃથ્થકરણના હેતુસર ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટને પ્રાપ્ત થયેલ થયેલ હોવા અંગેની પહોંચ પણ પાઠવવામાં આવેલી છે. આથી આ તબીબી સાહેદોનો પુરાવો ન માનવા માટે કોઇ કારણ નથી.

**(૩૦.૪૬)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક:૭૨ થી લલીત પ્રેમજીભાઇ બુચીયા નાઓને તપાસેલા છે. ડેમોન્સ્ટ્રેશનનું પંચનામું આ પંચ સાહેદ તથા બીજા પંચની હાજરીમાં કરવામાં આવેલું હતું તે આંક:૭૩ થી રજુ કરવામાં આવેલું છે. મરણજનારના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ–અનિાબેન દેવજીભાઇ ગજરા નાઓને આંક:૭૪ થી સાહેદ નં.૧૮ તરીકે તપાસેલા છે. આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, મરણજનાર–સાક્ષીબેનની લાશ હતી. તેણીના શરીર ઉપર જોતાં તેણીના જમણા ગાલ ઉપર ૩ ઇંચ જેટલો ઘા જોવામાં આવેલો તેને ટાંકા મારેલા હતા. ગળા ઉપર ૭ ઇંચેક જેટલો ઘા હતો તેને પણ ટાંકા મારેલા હતા. નાભી ઉપર પણ અંદાજીત ૧ ઇંચ જેટલો ઘા હતો તેને પણ ટાંકા મારેલા હતા.

ઈન્કવેસ્ટ પંચનામું આંક:૭૪ થી રજુ થયેલું છે.

**(૩૦.૪૬.૧)** આ પંચ સાહેદોની જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પંચનામું કરવામાં આવેલું નથી કે ગુજરનાર–સાક્ષીબેનના શરીર ઉપર ઈજા થયેલી ન હતી તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

**(૩૦.૪૭)** સાહેદ નં.૧૯ પંચ સાહેદ–હિરેન નિતીનભાઈ ભાનુશાલી નાઓને આંક:૭૬ થી તપાસેલા છે. આ સાહેદે આરોપી–મોહિત સિદ્ધપુરા નાઓની શરીર સ્થિતિનું અટક પંચનામું આંક:૭૭ થી રજુ કરેલું છે અને આ કામના આરોપી–મોહિત સિદ્ધપુરા નાઓને ઓળખી બતાવેલા છે. આંક:૭૮ નું પંચનામું ગુજરનાર–સાક્ષીબેનના કપડા અને મોબાઈલ ફોન પોલીસ કોન્સ્ટેબલ દ્વારા પોલીસ સ્ટેશનમાં રજુ કરવામાં આવેલા હતા ત્યારે કરવામાં આવેલું. તેણીના કપડામાં બ્લેક કલરનું ફ્રોક જે ફાટી ગયેલું હતું તે લોહીથી ભરાયેલું હતું તે રજુ કરેલ અને પંચ સ્લીપ મુકી કબ્જે કરવામાં આવેલ તથા ગુજરનારનો એક મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવેલો. પંચ સ્લીપ આંક:૭૯ અને આંક:૮૦ થી રજુ કરેલી છે. આ પંચ સાહેદની પણ ઉલટતપાસ કરવામાં આવેલી છે, પરંતુ બચાવ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત આ સાહેદની ઉલટતપાસમાંથી જણાઈ આવતી નથી. એટલું જ નહીં, આંક:૭૭ થી આરોપી–મોહિતનું અટક પંચનામું કરવામાં આવેલું નથી કે આંક:૭૮ ના પંચનામાની રુએ ગુજરનાર–સાક્ષીબેનના કપડા અને મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવેલો નથી તેવી કોઈ હકીકત ફલીત થતી નથી.

**(૩૦.૪૮)** બીજા પંચ સાહેદ–સુનીલ પ્રતાપભાઈ નાખુવા નાઓને આંક:૮૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે કે, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ બનાવવાળી જગ્યા બતાવેલી હતી તેનું પંચનામું આંક:૮૨ થી આરોપી–મોહિતના જણાવ્યા મુજબની જગ્યાએ જઈ કરવામાં આવેલું. એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી અલગ–અલગ નમુના લઈ પૃથ્થકરણના હેતુસર સીલબંધ કરવામાં આવેલા. બાઈકની સીટ ઉપર, હેન્ડલ ઉપર, સાયલન્સર ઉપર લોહીના ધાબા પડેલા હતા. બાઈકની બાજુમાં

એક ગુલાબી કલરનો રુમાલ લોહીથી ભરેલો હતો તે કબ્જે કરેલ હતો. બાઇકની બાજુમાં એકાદ ફુટનું લોહીનું ખાડા જેવું હતું ત્યાંથી પણ લોહીનું સેમ્પલ તથા ખુલ્લી માટીનું સેમ્પલ એમ બે અલગ-અલગ સેમ્પલ લીધેલા હતા. બાઇક કબ્જે કરેલું. આરોપી-મોહિતે બનાવમાં વાપરેલી છરી લોહીના દાગાવાળી કબ્જે કરેલી. તમામ નમુના, રુમાલ અને અન્ય તમામ મુદ્દામાલ ઓળખી બતાવેલા છે. પંચ સ્લીપમાંની સહીઓ ઓળખી બતાવેલી છે.

**(૩૦.૪૮.૧)** આ પંચ સાહેદની બચાવ પક્ષની ઉલટતપાસમાંથી એવી હકીકત ફલીત થાય છે કે, પંચનામામાં જે જગ્યાએથી છરી મળી આવેલી તેવું જણાવેલું છે તે જાહેર જગ્યા છે અને ત્યાં કોઇ પણ વ્યકિત આવી જઇ શકે છે. સ્થાનિક જગ્યા  પંચનામું કર્યું તે પહેલાં પોલીસે જોયેલી છે તેવું સાહેદને પોલીસે જણાવેલું ન હતું. તેઓએ જે જગ્યાએ પંચનામું કરવાનું છે તે જગ્યાનું અગાઉ પંચનામું થઇ ગયેલું છે તેવી કોઇ હકીકત પોલીસે સાહેદને જણાવેલી ન હતી. આ સિવાય પંચનામાની અન્ય મુખ્ય હકીકતો સમર્થનકારી હોવાનું જણાઇ આવે છે.

**(૩૦.૪૯)** સાહેદ નં.૨૨ તરીકે કપીલ વિનોદભાઇ ચાવડા નાઓને આંક:૮૯ થી તપાસેલા છે. આરોપી-જયેશ ઠાકોર નાઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા ત્યારે કોન્સ્ટેબલ ગોરધનભાઇ નાઓએ જયેશ ઠાકોરના કપડા અને ફોન રજુ કરેલો તે બ્લેક કલરનું ટીશર્ટ અને બે ખિસ્સાવાળું લોઅર રજુ કરેલ. ટીશર્ટના પાછળના ભાગે ૨ ઇંચ જેટલું ફાટેલું હતું અને લોહીના દાગાવાળું હતું. આ બન્ને કપડા પોલીસે તેમની હાજરીમાં પંચનામું કરી સીલ પેક કરી કબ્જે કરેલા હતા. જે પંચનામું આંક:૯૦ થી રજુ કરેલું છે. આરોપી-જયેશ ઠાકોર નાઓએ બનાવ સમયે પહેરેલા ટીશર્ટ અને લોઅર આ સાહેદે ઓળખી બતાવેલા છે તથા મોબાઇલ ફોન આ સાહેદે ઓળખી બતાવેલો છે. પંચનામામાં મોબાઇલ ફોન જયેશભાઇનો હતો તેવું કયાંય નોંધેલું નથી તેમ પણ જણાવેલું છે.

**(૩૦.૫૦)** તે જ રીતે સાહેદ નં.૨૩ તરીકે પંચ સાહેદ-દેવશીભાઇ ગોવિંદભાઇ મારવાડા નાઓને આંક:૯૩ થી તપાસેલા છે. આ પંચ સાહેદ

ગુજરનાર–સાક્ષીબેન, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના લોહીના નમુના કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તબીબ શ્રી દ્વારા જે નમુના મેળવવામાં આવેલા હતા તે સીલબંધ હાલતમાં ઉમેશભાઇ બારોટ નાઓએ રજુ કરતાં કુલ્લ પાંચ (૫) નમુના આંક:૯૪ ના પંચનામાની વિગતે કબ્જે કરેલા હતા તેમ જણાવે છે. આ પંચ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતાં આ પંચનામું બન્ને પંચ સાહેદોની હાજરી તથા રુબરુમાં થયેલું છે. મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો છે તેવી હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે.

**(૩૦.૫૧)** સાહેદ નં.૨૫ તરીકે દિપક દયારામભાઇ ભાનુશાલી નાઓને આંક:૯૯ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ મરણજનાર–સાક્ષીબેન સાથે વોટસઅપ મારફતે કરેલ વાતચીતની ચેટ આરોીના મોબાઇલ ફોનમાંથી એક્ષપોર્ટ કરી એક પેનડ્રાઇવમાં ભરેલી તે પેનડ્રાઇવ તથા એક્ષપોર્ટ ફાઇલની પ્રિન્ટ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક:૧૦૦ ના પપંચનામાની હકીકતને સમર્થનકર્તા પુરાવો પુરો પાડેલો છે.

**(૩૦.૫૨)** સાહેદ નં.૨૯ તરીકે પંચ સાહેદ–હમીર લાખાભાઇ આચર નાઓને આંક:૧૧૩ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના લોહીના નમુના તબીબ દ્વારા લેવામાં આવેલા હતા તે સીલબંધ હાલતમાં પોલીસ કોન્સ્ટેબલ મારફતે રજુ થયેલા હતા તે કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક:૧૧૪ ના પંચનામાની હકીકતને સ્પષ્ટપણે સમર્થન પુરું પાડેલું છે.

**(૩૦.૫૩)** આંક:૧૦૭ થી સાહેદ નં.૨૭ તરીકે પંચ સાહેદ–લહેરીલાલ કરશનભાઇ ખીચડા નાઓને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અટક કર્યાનું આંક:૧૦૮ નું

પંચનામું આ સાહેદની રુબરુમાં કરવામાં આવેલું હતું. આરોપી–જયેશ ઠાકોરના કપડાનું વર્ણન અને આરોપી–જયેશ ઠાકોરના જમણા હાથમાં સીરીંજ લાગેલી હતી અને ડાબા હાથ પર અને પીઠમાં પાટો બાંધેલો હતો તેમ જણાવી આરોપી–જયેશ ઠાકોર નાઓને ઓળખી બતાવે છે.

**(૩૦.૫૪)** સાહેદ નં.૨૮ તરીકે પંચ સાહેદ–ઈન્દ્રીશ અબ્દુલ્લા સમેજા નાઓને આંક:૧૧૧ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક:૧૧૨ ના ડેમોન્સ્ટ્રેશન પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદ આરોપી–જયેશ ઠાકોર નાઓએ બનાવ અંગે ડેમોન્સ્ટ્રેશન કરેલું તે અંગેનું પંચનામું રજુ કરેલું છે.

**(૩૦.૫૫)** આમ, આ પંચ સાહેદોના પુરાવાનું અલગથી મુલ્યાંકન કરવામાં આવે તો તેનાથી ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા આંક:૭૩ નું ડેમોન્સ્ટ્રેશન પંચનામું, આંક:૭૫ નું મરણજનાર–સાક્ષીબેનનું ઈન્કવેસ્ટ પંચનામું, આંક:૭૭ નું આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને અટક કર્યાનું પંચનામું, આંક:૭૮ નું મરણજનારે બનાવ સમયે પહેરેલા કપડા તથા મરણજનારનો મોબાઈલ ફોન કબ્જે કર્યાનું પંચનામું, આંક:૮૨ નું સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક:૮૬ નું ડિસ્કવરી પંચનામું, આંક:૯૦ નું આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ બનાવ સમયે પહેરેલા કપડા અને મોબાઈલ ફોન કબ્જે કર્યાનું પંચનામું, આંક:૯૪ નું મરણજનાર–સાક્ષીબેન, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના લોહીના નમુના કબ્જે કર્યાનું પંચનામું, આંક:૯૭ નું મીરઝાપર ગામે આવેલ ચોર ચોઈસ મેન્સવેર દુકાનના સી.સી.ટી.વી. ફુટેજની પેનડ્રાઈવ કબ્જે કર્યાનું પંચનામું, આંક:૧૦૧ નું આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ મરણજનાર સાથે વોટસઅપ મારફતે કરેલી વાતચીતની ચેટ આરોપી–મોહિતના મોબાઈલ ફોનમાંથી એક્ષપોર્ટ કરી એક પેનડ્રાઈવમાં ભરેલી તે પેનડ્રાઈવ તથા એક્ષપોર્ટ ફાઈલની પ્રિન્ટ કબ્જે કર્યાનું પંચનામું, આંક:૧૦૬ નું સી.સી.ટી.વી. ફુટેજ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ (નેત્રમ), ભુજની ડી.વી.ડી. કબ્જે કર્યાનું પંચનામું, આંક:૧૦૮ નું આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને અટક કર્યાનું પંચનામું, આંક:૧૧૨ નું ડેમોન્સ્ટ્રેશન પંચનામું તથા આંક:૧૧૪ નું આરોપી નં.૧

મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોરના લોહીના નમુના કબ્જે કર્યાનું પંચનામું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. આમ, આ પંચ સાહેદોનો પુરાવો પણ ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા હોવાનું સાબિત થાય છે.

**(૩૦.૫૬)** આ કામે એ.એસ.આઇ., અલ્કાબેન વાસુદેવ વસાવા કે જેઓ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તેઓને આંક:૧૧૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદી–જેલાલાલ હેમરાજભાઇ ખાનીયા નાઓની ફરીયાદ પી.એસ.આઇ., એચ.સી.પરમાર નાઓએ નોંધેલી હતી તે અંગે ગુન્હો રજીસ્ટર કરવા તેમની સમક્ષ રજુ થતાં તેમના દ્વારા ફરીયાદીની ફરીયાદ મુજબ ભુજ '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નં.૯૦૯/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯ (૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરેલો અને ગુન્હાની આગળની તપાસ પી.એસ.આઇ., એ.એમ.પટેલ નાઓને સોંપેલી અને ગુન્હા કામે ઇન્કવેસ્ટ પંચનામું કરવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શ્રી, ભુજ નાઓને યાદી કરેલી હતી. દસ્તાવેજો આંક:૧૧૬ અને આંક:૧૧૭ થી રજુ કરેલા છે.

**(૩૦.૫૭)** આ ગુન્હાના તપાસ કરનાર અમલદાર–અલ્પેશ મહેન્દ્રભાઇ પટેલ નાઓને સાહેદ નં.૩૩ તરીકે આંક:૧૨૦ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ ગુન્હાની તપાસ આ સાહેદને મળતાં તેમના દ્વારા તપાસ સંભાળી લઇ આ ગુન્હાની તપાસ દરમ્યાન જે જે કાર્યવાહી કરેલી હતી તે કાર્યવાહીની વિગત અને તેમના દ્વારા જે મુદ્દામાલ પંચનામાની વિગતે પૃથ્થકરણના હેતુસર કબ્જે કરવામાં આવેલો હતો તેનું વિવરણ, પંચનામાની વિગત, ગુજરનાર–સાક્ષીબેન, તેમના મમ્મી અને આરોપી–મોહિત તથા આરોપી–જયેશના સી.ડી.આર., સી.ડી.એફ. મેળવવા યાદી કરેલી હતી તે અંગેના દસ્તાવેજી પુરાવા આંક:૧૨૨ થી આંક:૧૩૬ સુધીના રજુ કરેલા છે. પંચનામાની વિગતે પૃથ્થકરણના હેતુસર ગુન્હામાં સંડોવાયેલ બાઇક નં.જી.જે. ૧૨ ઇ.ડી. ૪૬૦૯ ઉપરથી

એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલા હતા. આરોપીઓને અટક કરી તે અંગેના વિવિધ પંચનામા કરવામાં આવેલા હતા. ડેમોન્સ્ટ્રેશનના પંચનામા કરવામાં આવેલા હતા. સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરવામાં આવેલો હતો. આ અંગેના પુરાવા આંક:૧૩૭ થી આંક:૧૪૧ સુધી રજુ કરેલા છે. બન્ને આરોપીઓએ બનાવ સમયે પહેરેલા કપડા પૃથ્થકરણના હેતુસર પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલા હતા. જુદા-જુદા સાહેદોના નિવેદનો લેવામાં આવેલા હતા. વોટસઅપ ચેટ આરોપી-મોહિત સિદ્ધપુરા અને મરણજનાર-સાક્ષીબેન વચ્ચેની એક્ષપોર્ટ કરવામાં આવેલી હતી તે કબ્જે કરેલી. વધુમાં આ સાહેદે જણાવેલું છે કે, જે પંચનામા કરવામાં આવેલા છે તે ઈ-સાક્ષ્ય મારફતે કરવામાં આવેલા છે. તપાસ દરમ્યાન આંક:૧૪૨ થી આંક:૧૬૦ સુધીના જુદા-જુદા દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. જુદો-જુદો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો હતો તે પૃથ્થકરણના હેતુસર તથા ડી.એન.એ. ના પૃથ્થકરણના હેતુસર જેમના તેમ નમુના સીલબંધ હાલતમાં ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, રાજકોટ ખાતે રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપવામાં આવેલો હતો. આરોપીઓને ઓળખી બતાવેલા છે. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોવાથી ચાર્જશીટ કરવામાં આવેલું છે.

**(૩૦.૫૭.૧)** તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ લંબાણપૂર્વક કરવામાં આવેલી છે તેમાં તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ જે કોઇ કામગીરી કરેલી તેને ચાર્જશીટનો હિસ્સો બનાવેલ નથી. તા:૨૮ ના રોજ સાક્ષીઓ, મરણજનારના સગા સંબંધીઓ, તેણીના માતા-પિતા હોસ્પિટલમાં મળેલા હતા. સામાન્ય રીતે જે પુરાવાથી ગુન્હાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું ન હોય તેવા પુરાવા ચાર્શીટના કાગળોમાં સામેલ રાખવામાં આવતા નથી. ઈન્કવેસ્ટ પંચનામું કરી આરોપી-મોહિતને અટક કરવામાં આવેલો હતો. આંક:૭૭ વાળું સ્થાનિક જગ્યાનું પંચનામું તા:૨૯/૦૮/૨૦૨૫ ના રોજ કલાક:૧૬.૫૦ વાગ્યે કરવામાં આવેલું હતું તેમાં આરોપી-મોહિતે છરી કાઢી આપેલી તેવી હકીકતો બતાવેલી છે. આંક:૭૩ વાળું આરોપી-મોહિતનું ડેમોન્સ્ટ્રેશન પંચનામું કલાક:૧૪.૩૦ થી કલાક:૧૫.૫૦ સુધીનું કરેલું છે. આ બન્ને પંચનામાની

જગ્યા એક જ છે. આંક:૭૩ ના પંચનામા દરમ્યાન કોઈ હથીયાર કબ્જે કરવામાં આવેલું નથી. આરોપી–મોહિતે આંક:૭૩ ના પંચનામા દરમ્યાન હથીયાર કોઈ જગ્યાએ ફેંકી દીધેલું છે તેવું પણ જણાવવામાં આવેલું નથી. આંક:૭૩ અને આંક:૭૭ વાળા પંચનામાની જગ્યા જે છે તે જાહેર જગ્યા છે અને ત્યાં કોઈ પણ વ્યકિત આવી જઈ શકે છે. આ બન્ને પંચનામા વચ્ચે એક કલાકનો સમય છે. પંચો દુરના વિસ્તારના છે. સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ અને વિદ્યાર્થીઓના નિવેદનો નોંધેલા છે વિગેરે બાબતે લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલી છે તેમાં કેટલીક હકીકતોનો સ્વીકાર કરેલો છે. જયાં સુધી આરોપીઓના બચાવને મદદ થવાનો પ્રશ્ન છે ત્યાં સુધી તપાસ કરનાર અમલદારની લંબાણપૂર્વકની ઉલટતપાસનું વિશ્લેષણ કરવામાં આવે તો કોઈ પણ રીતે આ પુરાવો બચાવ પક્ષને મદદરુપ નિવડે તેવી કોઈ હકીકત તાસ કરનાર અમલદારના પુરાવામાંથી ફલીત થતી નથી.

## (૩૧) આરોપી નં.૧ ના વિદ્ધાન વકીલ શ્રીઓની દલીલોની ચર્ચા :

**(૩૧.૧)** આ કામે આરોપી નં.૧ મોહિત મુળજીભાઈ સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા લંબાણપૂર્વકની જે દલીલો ઉપસ્થિત કરેલી છે તેમાં મુખ્યત્વે ફરીયાદવાળા બનાવના નજરે જોનાર કોઈ સાહેદ નથી કે બનાવ વિશે કોઈ જાતમાહિતી નથી તેવી રજુઆત કરેલી છે.

**(૩૧.૧.૧)** અત્રે એ નોંધવું આવશ્યક છે કે, ઉપર નોંધ્યા પ્રમાણે જુદા–જુદા સાત (૭) પ્રકારના પુરાવાઓ હોય છે. આ સાત પ્રકારના પુરાવામાં આ પ્રકરણમાં ચોકકસ બનાવ અંગે પ્રત્યક્ષ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરી બનાવ ફરીયાદ પક્ષે સાબિત કરવામાં આવેલો છે. જયારે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ ગુજરનાર–સાક્ષીબેનને જે ઈજાઓ પહોંચાડેલી છે તે સાંયોગિક પુરાવાથી ફરીયાદ પક્ષે સાબિત કરેલ છે. આથી ફકત બનાવ કોઈ સાહેદોએ નજરે જોયેલો ન હોવાથી કે સાહેદોને વ્યકિતગત જ્ઞાન ન હોવાથી ફરીયાદ પક્ષનો પુરાવો નિર્મુળ થઈ જાય છે અથવા તો આરોપીઓએ ગુન્હો કરેલો નથી કે આરોપીઓ ગુન્હા સાથે સંકળાયેલા નથી તેવું માની કે સ્વીકારી શકાય નહીં.

**(૩૧.૨)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષે સ્ટોરી ઘડી બે બનાવ બનેલાનું જણાવેલું છે, પરંતુ ખરેખર આવા કોઇ બે બનાવ બનેલા નથી. સાક્ષીબેનને સારવાર માટે લઇ જવામાં આવ્યા તેના અઢી થી ત્રણ કલાક પહેલાં ઈજા પહોંચેલી હતી.

**(૩૧.૨.૧)** ખરેખર સાહેદોનો જે પુરાવો રજુ થયેલો છે તેની ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ દ્ધારા સૌ પ્રથમ આરોપીઓ સંસ્કાર કોલેજ કેમ્પસમાં મરણજનાર–સાક્ષીબેનને મળેલા છે. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને ગુજરનાર–સાક્ષીબેન વચ્ચે વાતચીત થાય છે અને ત્યાંથી આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની સાથે ગુજરનાર–સાક્ષીબેન નીકળે છે તેવો જે બનાવ બન્યો છે તે પણ ફરીયાદ પક્ષે સાબિત કરેલો છે અને ત્યારબાદનો જે પ્રત્યક્ષ પુરાવો છે તે બનાવ પણ ફરીયાદ પક્ષે સાબિત કરેલો છે.

**(૩૧.3)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા ડો.રાહુલસિંહ જાડેજા નાઓના પુરાવા ઉપર ધ્યાન દોરી એવી ભારપૂર્વક દલીલ કરેલી છે કે, આ બનાવ બે થી અઢી કલાક પહેલાં બનેલો. સાક્ષીબેનને કલાક:૦૬.૧૫ વાગ્યે હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલા હતા. બે થી અઢી કલાકમાં લોહી વહી જાય તેવું શબ પરિક્ષણ કરનાર ડોકટર ગમાર નાઓએ જણાવેલું છે અને આથી ફરીયાદ પક્ષનો જે કેસ છે તે નિર્મુળ થઇ જાય છે.

**(૩૧.3.૧)** આ કામે ફરીયાદ પક્ષ દ્ધારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તેનું ઉપર વિશ્લેષણ કરવામાં આવેલું છે તે જોતાં આરોપી નં.૨ નાઓ દ્ધારા જે બાહ્ય ન્યાયિક કબુલાત કરવામાં આવેલી છે તે પુરાવાને બાજુમાં રાખવામાં આવે તો પણ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક:૨૨ નું તહોમતનામું સાબિત કરવામાં સફળ રહેલ છે. આ કામે એવો એક પણ પુરાવો રજુ થયેલો નથી કે જેનાથી એવું માનવાને કારણ રહે કે, આરોપીઓ ગુન્હા સાથે સંકળાયેલા નથી.

**(૩૧.૪)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા ડો.નવુભા સોઢાના પુરાવા ઉપર તથા ડો.રાહુલસિંહ જાડેજા નાઓના પુરાવા ઉપર તથા ડો.ચાહ્યા ખત્રી નાઓના પુરાવા ઉપર ધ્યાન દોરી એવી ભારપૂર્વક દલીલ કરવામાં આવેલી છે કે, મરણજનારને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા તેના પહેલાં ૦૨.૦૦ થી ૦૨.૩૦ કલાક અગાઉ અવસાન પામેલા હતા તેમ સાબિત થાય છે.

**(૩૧.૪.૧)** આ કામના ગુજરનાર–સાક્ષીબેન કયા સમયે ગુજરી ગયા ? તેનો નિર્ણય આ પ્રકરણમાં કરવાનો નથી. સાક્ષીબેન કેવી રીતે ગુજરી ગયેલા છે ? તેનો નિર્ણય કરવાનો છે. આથી કલાક:૦૪.૦૦ થી કલાક:૦૪.૧૫ ની વચ્ચે બનાવ બનેલો છે અને તેના કારણે સાક્ષીબેન મૃત્યુ પામ્યા છે તે મહત્વનું નથી, પરંતુ સાક્ષીબેનને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને ઇજા પહોંચાડેલી છે અને તેવી ઇજાના કારણે સાક્ષીબેન મૃત્યુ પામેલા છે તે મહત્વની બાબત છે અને આવી બાબત ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત કરેલી છે અને આમ પણ તબીબી પુરાવો એ સહાયક પુરાવો છે. જયાં સાહેદોનો સીધો પુરાવો સાબિત થતો હોય ત્યાં આ તબીબી પુરાવો ગૌણ બની જાય છે. એટલું જ નહીં, આ તબીબી સાહેદોના પુરાવામાં સામાન્ય બાબતે વિરોધાભાસ હોય તેનાથી ફરીયાદ પક્ષના કેસને કોઇ અસર થતી નથી.

**(૩૧.૫)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષ દ્વારા સંસ્કાર કોલેજના પ્રિન્સીપાલ ધીરજભાઇ સોલંકી કે જેઓએ બનાવની સૌ પ્રથમ જાણ પોલીસમાં કરેલી હતી અને ફરીયાદીને પણ જાણ કરેલી હતી તેમ છતાં આ ધીરજભાઇ સોલંકી નાઓને તપાસેલા નથી. સ્થળ ઉપર હાજર અન્ય વિદ્યાર્થીઓ કે કોલેજના કર્મચારીઓને તપાસેલા નથી. ફકત પસંદ કરેલા સાહેદ નિતીનભાઇ ભાનુશાલી અને ઓળખીતા, સગા તથા ભાનુશાલી જ્ઞાતિના લોકોને તપાસવામાં આવેલા છે અને અન્ય પુરાવાને જાણી જોઇને ઇરાદાપૂર્વક છુપાવેલા છે.

**(૩૧.૫.૧)** ફરીયાદ પક્ષે આ કેસમાં જુદા–જુદા ૩૧ સાહેદો પોલીસ સાહેદો સિવાયના તપાસેલા છે. આ ૩૧ સાહેદો પૈકી તબીબી સાહેદો કે જેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવ છે તેઓ છે. મેડી સ્ટાર હોસ્પિટલના ડોકટર નવુભા સોઢા છે. આ સાહેદોને કોઈપણ રીતે ફરીયાદ પક્ષ સાથે કે નિતીનભાઈ સાથે કોઈ પણ પ્રકારનો વ્યકિતગત સંબંધ હોવાની માની શકાય તેમ નથી કે આવો કોઈ આરોપી પક્ષનો બચાવ નથી. અન્ય જે સાહેદો છે તે પૈકીના પંચ સાહેદ તથા ગુજરનાર–સાક્ષીબેન સાથે અભ્યાસ કરનારા તથા કલાસ મેટ (વિદ્યાર્થી), ગુજરનાર–સાક્ષીબેનને ઈજા પામેલી હાલતમાં બનાવના સ્થળેથી હોસ્પિટલ પહોંચાડનાર સાહેદ– મીનાબેન આ તમામ સાહેદોને કે પંચ સાહેદોને કોઈ પણ રીતે ફરીયાદીની સાથે કે નિતીનભાઈ ભાનુશાલી સાથે વ્યકિતગત સંબંધ હોવાનું કે નિતીનભાઈના ઓળખીતા કે સગા હોવાનું કે નિતીનભાઈના કહેવાથી પુરાવો પુરો પાડેલ હોવાનો લેશમાત્ર પુરાવો આ સાહેદોના પુરાવામાંથી ફલીત થતો નથી.

**(૩૧.૫.૨)** એ નોંધવું જરુરી છે કે, પુરાવાનો સામાન્ય સિદ્ધાંત એવો છે કે પુરાવો વિશ્વસનીય હોવો જોઈએ. કોણ પુરાવો આપે છે ? પુરાવો કયાંથી પ્રાપ્ત કરવામાં આવ્યો છે ? કેવી રીતે પુરાવો મેળવવામાં આવ્યો છે ? આ તમામ બાબતો ગૌણ બાબત છે. મહત્વની બાબત પુરાવાની ગુણવત્તા અને પુરાવાની વિશ્વસનીયતા છે. ફરીયાદ પક્ષ દ્વારા જે ૩૩ સાહેદોને તપાસવામાં આવેલા છે તે ૩૩ સાહેદોનો મૌખિક પુરાવો અને રજુ કરવામાં આવેલા જુદા– જુદા ૮૦ જેટલા દસ્તાવેજી પુરાવા કે જેમાં દાકતરી પુરાવો, નિષ્ણાંતનો પુરાવો ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક:૨૨ નું તહોમતનામું નિ:શંકપણે માનવાલાયક, આધારભુત પુરાવાથી સાબિત કરવામાં સફળ રહેલ છે.

**(૩૧.૬)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઈ સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબ ગુજરનાર–સાક્ષીબેને આરોપી–મોહિતનો નંબર બ્લોક કરી દીધેલો હતો તે મોબાઈલ નંબર કયો હતો ? તેનો કોઈ પુરાવો

ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલો નથી.

**(૩૧.૬.૧)** દલીલ ખાતર એ હકીકત સ્વીકારવામાં આવે તો પણ ગુજરનાર–સાક્ષીબેને બનાવના દિવસે તેણીના માતા–રસીલાબેન સાથે આરોપી–મોહિત બાબતે વાત કરેલી હતી. તેણીના માતાની સુચના મુજબ ગુજરનાર–સાક્ષીબેને આરોપી–મોહિતનો મોબાઇલ નંબર બ્લોક કરી દીધેલો હતો અને આ વાત ગુજરનાર–સાક્ષીબેને તેણીની સાથે અભ્યાસ કરતા સાહેદ નં.પ તિષાબેન (ટીશાબેન) નાઓને કરેલી હતી તેનો સ્પષ્ટ અને સબળ પુરાવો આ કામમાં રજુ થયેલો છે. એટલું જ નહીં, મરણજનાર–સાક્ષીબેન તથા આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર તથા ગુજરનાર–સાક્ષીબેનના માતા રસીલાબેનના મોબાઇલ નંબરના સી.ડી.આર./એસ.ડી.આર. ના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે તે પુરાવા ન માનવા માટે કોઇ કારણ નથી.

**(૩૧.૭)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી–મોહિતને જે ઇજા થયેલી હતી અને તે ઇજા અકસ્માતે થયેલી છે તેવું સાહેદ–નિરવભાઇ જગદીશભાઇ પરમાર નાઓને આરોપી–મોહિતે જણાવેલું હતું તેવો પુરાવો રજુ થયેલો છે તેમ છતાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપી–મોહિતને જે ઇજા થયેલી હતી તેની સારવાર કયા ડોકટરે કરેલી છે ? કયાં સારવાર કરેલી છે ? તેનો કોઇ પુરાવો રજુ કરેલો નથી.

**(૩૧.૭.૧)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે કયો પુરાવો રજુ કરવો અને કોને સાહેદ તરીકે તપાસવા ? તે ફરીયાદ પક્ષના હકકની બાબત છે. આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરાની સારવાર કરનાર ડોકટરને તપાસેલા નથી કે કયા ડોકટરે સારવાર કરેલી હતી કે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને શું ઇજા હતી તે પુરાવો રજુ ન થવાથી ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે તે પુરાવો ગૌણ બની જાય છે અને આરોપીઓ વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે તેવું માની કે સ્વીકારી શકાય નહીં.

**(૩૧.૮)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી–મોહિત અને ગુજરનાર–સાક્ષીબેન વચ્ચે પ્રેમ સંબંધ હતો આથી શા માટે આરોપી–મોહિત ગુજરનાર–સાક્ષીબેનને ઈજા કરે ? અને આથી ફરીયાદ પક્ષે બનાવ પાછળનો હેતુ કે ઈરાદો સાબિત કરેલો નથી.

**(૩૧.૮.૧)** આ કામે બનાવ બનવાનું કારણ જ ગુજરનાર–સાક્ષીબેન નાઓએ આરોપી નં.૧ મોહિતનો મોબાઇલ નંબર બ્લોક લીસ્ટમાં મુકી દીધેલો છે તે છે. આરોપી નં.૧ મોહિત સાથે ગુજરનાર–સાક્ષીબેન વાત કરતા ન હા તે છે ત્યારે આરોપી નં.૧ મોહિત ગુજરનાર–સાક્ષીબેનને શા માટે ઈજા પહોંચાડે અને તેણીનું મૃત્યુ નિપજાવે તેવી જે દલીલ ઉપસ્થિત કરેલી છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૧.૮.૨)** અત્રે એ નોંધવું આવશ્યક છે કે, ફરીયાદ પક્ષ દ્ધારા સાંયોગિક પુરાવાથી જે પુરાવો રજુ કરેલો છે અને જે સાબિત થયેલી હકીકત છે તેને ધ્યાનમાં લેતાં આ દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર ઠરતી ન હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૩૧.૯)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્ધાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્ધારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના આરોપી–મોહિત સંસ્કાર કોલેજમાં જતાં કે બહાર નીકળેલ હોય તેના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ ફરીયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલા નથી.

**(૩૧.૯.૧)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે ગુજરનાર–સાક્ષીબેનને છેલ્લે આરોપીઓ સાથે જોયેલા હતા તેનો સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે. એટલું જ નહીં, સાહેદ–ત્રિષ્ણાબેન ગોસ્વામી નાઓએ એવી સ્પષ્ટ હકીકત જણાવેલી છે કે આ બનાવ બન્યો ત્યારે સી.સી.ટી.વી. કેમેરા તેમની કોલેજમાં ન હતા. બનાવ બન્યા બાદ સિકયુરીટી પર્પઝ માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા છે. એટલું જ નહીં, આ બનાવ સમયે સંસ્કાર કોલેજ કેમ્પસમાં સી.સી.ટી.વી. કેમેરા હતા તેવો લેશમાત્ર પુરાવો રજુ થયેલો નથી ત્યારે સી.સી.ટી.વી. ફુટેજ આરોપી–મોહિતના કોલેજની અંદર જતાં કે

કોલેજની બહાર નીકળતો હોય તેના રજુ થયેલ નથી આથી બનાવ બનેલો જ નથી તેમ માની કે સ્વીકારી શકાય નહીં.

**(૩૧.૧૦)** આરોપી નં.૧ મોહિત મુળજીભાઇ સિદ્ધપુરા નાઓના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, એક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ ના નિવેદનમાં જે કથનો કરેલા હોય તેવા કથનો અન્ય આરોપીની વિરુદ્ધ પુરાવામાં ગ્રાહ્ય ગણી શકાય નહીં તેવી દલીલના સમર્થનમાં મોહન સિંઘ વિરુદ્ધ પ્રેમ સિંઘ અને બીજાઓ નો ચુકાદો કે જે એ.આઇ.આર. ૨૦૦૨ સુપ્રિમકોર્ટ ૩૫૮૨ ઉપર પ્રસિદ્ધ થયેલો છે તે રજુ કરેલો છે. સદર ચુકાદામાની વિગત અને હાથ ઉપરના પ્રકરણની વિગત તદ્દન ભિન્ન છે તેમ છાં આ કામના આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ દ્વારા પોતાની સરતપાસમાં જે કથનો કરેલા છે તે કથનો સંબંધે પુરાવામાં ચર્ચા કરવામાં આવેલી નથી કે આરોપી નં.૨ દ્વારા પોતાના વિશેષ નિવેદનમાં જે કથનો કરેલા છે તે આધારે ફરીયાદ પક્ષ આંક:૨૨ નું તહોમતનામું આરોપીઓ વિરુદ્ધ સાબિત કરવામાં સફળ રહેલ છે તેવું પણ આ અદાલત દ્વારા માનવામાં આવેલું નથી.

## (૩૨) <u>આરોપી નં.૨ ના વિદ્વાન વકીલ શ્રીઓની દલીલોની ચર્ચા :</u>

**(૩૨.૧)** આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા વિવિધ પ્રકારની દલીલો ઉપસ્થિત કરેલી છે. તેઓની દલીલમાં જુદા–જુદા સાહેદોના પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવેલું છે અને ચુકાદાઓ રજુ કરેલા છે તેમાં મુખ્યત્વે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ વિરુદ્ધ ઇજા પામનારને છરીથી મારવાનો કે કોઇ પણ પ્રકારની ઇજા કરવાનો કે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને છરી મારવા માટે ઉશ્કેરવાનો કે ગાંધીધામથી નીકળ્યા અને અંજારમાં છરી લીધી ત્યારે ચોકકસ જગ્યાએ જવાનું છે, ચોકકસ કૃત્ય કરવાનું છે તેનું કોઇ જ્ઞાન આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને હતું તેવો લેશમાત્ર આક્ષેપ કે પુરાવો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલો નથી. ફકત આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની બનાવ સમયે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા સાથેની કંપની અને હાજરી માત્રથી

આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હો કરેલો છે તેમ સાબિત થતું નથી.

**(૩૨.૧.૧)** આરોપી નં.૨ જયેશ ઠાકોરના વિદ્વાન વકીલ શ્રી એસ.જી.શાહ નાઓ દ્વારા જે જુદા-જુદા ચુકાદાઓ રજુ કરેલા છે તે ચુકાદાઓમાં પણ અને આંક:૧૭૦ થી લેખિત દલીલો રજુ કરેલી છે તેમાં પણ તેઓની દલીલનો સાર આ જ છે.

**(૩૨.૧.૨)** મદદગારી કરવાના કૃત્યમાં આરોપીઓની જવાબદારી નિશ્ચિત કરવા દુષિત માનસ એટલે કે, ગુન્હાહિત ઈરાદો પ્રથમ સાબિત થવો જરુરી છે. ગુન્હાહિત કૃત્યમાં દુષ્પ્રેરણ એટલે કે, મદદગારી સાબિત કરવા માટે કોઈ કૃત્ય અથવા ઈરાદાપૂર્વક કોઈ કાર્યલોપ કરી તેવું કૃત્ય બને તે માટે સરળતા કરી આપવી અને આવી કરવામાં આવેલ મદદગારી તથા થવા પામેલા કૃત્ય વચ્ચે એકસંબંધ હોવો જરુરી છે. આ કામે ફરીયાદ પક્ષ દ્વારા જે જુદો-જુદો મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ તરફે જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલો છે અને ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાનમાં લેતાં આ કામના આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓના ઘરે જાય છે અને ત્યાંથી આરોપી નં.૨ જયેશ ઠાકોર અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની મોટર સાયકલ લઈ અંજાર જાય છે. અંજારમાંથી આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ સાહેદ-કિશોરભાઈ પ્રેમજીભાઈ મહેશ્વરીની દુકાનમાંથી મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરી ખરીદે છે અને તે છરી લઈ ભુજ સંસ્કાર કોલેજમાં જાય છે. ગુજરનાર-સાક્ષીબેનની બન્ને આરોપીઓ શોધખોળ કરે છે. ગુજરનાર-સાક્ષીબેન સાથે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા વાત કરે છે. આ સમયે આરોપી નં.૨ જયેશ ઠાકોર ત્યાં હાજર છે. સાંજના ૦૪.૦૦ થી ૦૪.૧૫ દરમ્યાન ગુજરનાર-સાક્ષીબેન આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની કંપનીમાં જાય છે અને ત્યાંથી સાંજના સમયે કોલેજના ગેટ ઉપર આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની હાજરીમાં ગુજરનાર-સાક્ષીબેન ઈજા પામેલી હાલતમાં મળી આવે છે. એટલું જ નહીં, સાક્ષીબેનના કલાસમેટ સાક્ષીબેનના મોબાઈલ ફોન ઉપર ફોન કરે છે તે ફોન

આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓ ઉપાડે છે તેઓને બનાવ જણાવે છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર ગુજરનાર–સાક્ષીબેનને સારવાર માટે ઈજા પામેલી હાલતમાં પોતાની મોટર સાયકલ ઉપર લઈ જાય છે અને ત્યારબાદ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા તે મોટર સાયકલ ઉપર ત્રિપલ સવારી સવાર થાય છે અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ ફરીથી ગુજરનાર–સાક્ષીબેનને ઈજાઓ પહોંચાડે છે અને આ ઈજાઓના કારણે ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ નિપજેલું છે. આ સમગ્ર બનાવ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓની હાજરીમાં બનવા પામેલો છે. આ સમગ્ર ઘટનામાં કયાંય પણ આરોપી નં.૨ જયેશ ઠાકોરનું અસ્તિત્વ કે હાજરી નથી તેવો લેશમાત્ર પુરાવો કે બચાવ રેકર્ડ ઉપર રજુ થયેલો નથી.

**(૩૨.૧.૩)** જયાં સુધી દુષિત માનસનો પ્રશ્ન છે કે આરોપી નં.૨ જયેશ ઠાકોર અને આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓ વચ્ચે બનેલ અઘટિત ઘટના વિશે વાતચીત થયેલી ન હતી કે આરોપી નં.૨ જયેશ ઠાકોર, આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા જે કૃત્ય કરવા જઈ રહેલ છે તે કૃત્યથી આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને વાકેફ કરેલા ન હતા કે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને આવું કોઈ જ્ઞાન ન હતું તેવો જે પ્રશ્ન છે તે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા અને આરોપી નં.૨ જયેશ ઠાકોર વચ્ચેની બાબત છે. કોઈ પણ વ્યકિતનું માનસ દુષિત હોય કે તેનો હેતુ કે તેનો ઈરાદો શું હોય ? તે આરોપીઓના મગજની પ્રક્રિયા છે એટલે કે, આરોપીઓના મનની પ્રક્રિયા છે અને એવો પુરાવો ફરીયાદ પક્ષ રજુ કરે તેવી અપેક્ષા રાખવી એ પણ યોગ્ય નથી.

**(૩૨.૧.૪)** આ કામે ઉપર જે પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં આવેલું છે અને ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલો છે અને આરોપી પક્ષ દ્વારા જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલા છે તેનાથી એવું સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આ કામના આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ પોતાના ઈરાદાપૂર્વકના કાર્યલોપથી આ ગુન્હાહિત કૃત્યમાં મદદગારી કરેલી છે તેમ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. ફકત આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુજરનાર–

સાક્ષીબેનને કોઇ ઈજા પહોંચાડેલી નથી કે આરોપી નં.૨ જયેશ ઠાકોર ગુજરનાર–સાક્ષીબેનને ઈજા અંગેની સારવાર માટે પોતાની મોટર સાયકલ ઉપર બેસાડી લઇ ગયેલા હતા તેના કારણે આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હાહિત કૃત્યમાં મદદગારી કરેલી નથી તેવું માની કે સ્વીકારી શકાય નહીં.

**(૩૨.૧.૫)** આ તબકકે એ પણ નોંધવું જરુરી છે કે, આ ઘટનાની શરુઆત ગાંધીધામથી શરુ કરી તેનો અંત ગુજરનાર–સાક્ષીબેનને સંસ્કાર કોલેજના ગેટ પાસે ઈજા પહોંચાડવામાં આવેલી ત્યારે થયેલો છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓને પોતાની મોટર સાયકલ ઉપર બેસાડી ગાંધીધામથી બનાવવાળી જગ્યા સુધી પહોંચાડેલ છે. અંજારથી છરી લેવા સાથે ગયેલા છે. છરી લીધેલી છે. હવે, આ છરી શું કામ ખરીદવામાં આવેલી છે ? તે પણ બન્ને આરોપીઓ વચ્ચેની બાબત છે. આરોપી નં.૨ જયેશ ઠાકોર આ છરી ખરીદવા બાબતે શું જાણતા હતા કે આરોપી નં.૧ મોહિત સિદ્ધપુરા નાઓએ આ છરી શું કામ ખરીદેલી છે ? તેની આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓને જાણકારી હતી કે કેમ ? તે બાબત પણ બન્ને આરોપીઓ વચ્ચેની બાબત છે. આવો પુરાવો પણ ફરીયાદ પક્ષ પાસે રજુ કરાવવાની અપેક્ષા કોઇ પણ અદાલત રાખી શકે નહીં.

**(૩૨.૧.૬)** આમ, આ કામે જે પુરાવો રજુ થયેલો છે તેનું વિશ્લેષણ કરતાં આરોપી નં.૨ જયેશ ઠાકોર નાઓએ ગુન્હો બનતા પહેલાં અને ગુન્હો બનતા સમયે અને ગુન્હાના અંત સુધી જે કૃત્યો કરેલા છે તે કૃત્યો સ્પષ્ટપણે સાબિત કરે છે કે, આરોપી નં.૨ નાઓએ આ ગુન્હામાં મદદગારી કરેલી છે.

**(૩૨.૧.૭)** આમ, તમામ પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓની દલીલો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં બન્ને આરોપીઓએ એકસંપ કરી આરોપી નં.(૨) જયેશ જયંતિજી ઠાકોર નાઓની મોટર સાયકલ નં.જી.જે. ૧૨ ઈ.ડી. ૪૬૦૯ ઉપર ગાંધીધામ થી અંજાર જઇ અંજાર જેસલ તોરલની સમાધી પાસેથી એક છરી લઇ બન્ને આરોપીઓએ તા:૨૮/૦૮/૨૦૨૫ ના રોજ

અંજાર થી ભુજ મધ્યે એરપોર્ટ રોડ, સંસ્કાર કોલેજમાં ગુજરનાર–સાક્ષીબેન પાસે જઇ આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા ગુજરનાર–સાક્ષીબેન સાથે એક તરફી પ્રેમ કરતા હોય આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરાનો ફોન નંબર ગુજરનાર–સાક્ષીબેને બ્લોક લીસ્ટમાં નાખી દીધેલ હોય તે અંગેનું મનદુ:ખ રાખી ગુજરનાર–સાક્ષીબેનને ભુજથી અભ્યાસ મુકી પરત ગાંધીધામ આવવા માટે તેમજ આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓના મોબાઇલ નંબર બ્લોકમાંથી કાઢવા માટે ગુજરનાર–સાક્ષીબેન સાથે કોલેજમાં જઇ બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઇ જઇ આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપરા નાઓએ પોતાની પાસે રહેલી છરી વડે ગુજરનાર–સાક્ષીબેનને જાનથી મારી નાખવાના ઇરાદે ગળાના ભાગે તથા શરીરના ભાગે જીવલેણ ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચાડી બાદ ગુજરનારને આરોપી નં.(૨) જયેશ જયંતિજી ઠાકોર તથા આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ મોટર સાયકલ ઉપર લઇ જઇ ફરીથી આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ ગુજરનારને ગળાના ભાગે જીવલેણ ઇજાઓ પહોંચાડી મરણજનાર સાક્ષીનું મૃત્યુ નિપજાવી ખુન કરી આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ નાશી જઇ ગુન્હો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી તે આરોપીઓનું કૃત્ય કુદરતના સામાન્ય ક્રમમાં ગુજરનાર–સાક્ષીબેનનું મૃત્યુ નિપજાવવા પુરતું હતું અને તે રીતે આરોપીઓએ સાપરાધ મનુષ્યવધનો ગુન્હો કરી ***બન્ને આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ હોવાનું વિશ્વસનીય, સાતત્યસભર, એકસૂત્રતા અને આધારાભુત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે અને આથી મુદ્દા નં.૨ અને ૩ ના જવાબ '' હકારમાં '' આપવામાં આવે છે.***

**મુદ્દા નં.૪ ની ચર્ચા :**

**(૩૩)** આ કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું વિશ્લેષણ કરતાં ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષ આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા નાઓએ બનાવના સ્થળે, સમયે અને તારીખે પોતાની પાસેની છરી વડે ગુજરનારને ગળાના ભાગે તથા શરીરના ભાગે

જીવલેણ ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી ગુજરનારનું મૃત્યુ નિપજાવી અને આ ગુન્હામાં આરોપી નં.(૨) જયેશ ઠાકોર નાઓએ મદદગારી કરી ગુન્હાહિત કૃત્ય આચરેલ હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ છે, પરંતુ આ કામે બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી નાઓ દ્વારા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું જાહેરનામું કાયદામાં જણાવ્યા મુજબ પ્રસિદ્ધ કરવામાં આવેલું હતું તે બાબતે કોઇ પણ સાહેદ દ્વારા કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરવામાં આવેલો નથી. ખરેખર હથીયારબંધી અંગેનું જાહેરનામું અસ્તિત્વમાં હતું તે બાબતે કોઈપણ પ્રકારનો પુરાવો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલો નથી. આ તબકકે એ પણ નોંધવું જરુરી છે કે, ફરીયાદ પક્ષે આંક:૧૫૨ થી હથીયારબંધીના જાહેરનામાની નકલ રજુ કરેલ છે. ફરીયાદ પક્ષ તરફે જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો સાબિત કરવો હોય તો બનાવના અરસામાં જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? અને જો અમલમાં હતું તો તેની બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલ હતી કે કેમ ? તે પુરવાર કરવું પડે, પરંતુ આંક:૧૫૨ વાળું હથીયારબંધીનું જાહેરનામું ડાંડી પીટાવીને અને જાહેર સ્થળોએ ચોંટાડી એટલે કે, આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવેલી હતી કે કેમ ? તે બાબતનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલો નથી, તેવા સંજોગોમાં ***નામદાર વડી અદાલત દ્વારા ૨૦૦૦ (૨) જી.એલ.એચ. પાના નં.૨૮૫ – બાઈ શાન્તા શામળભાઈ અને બીજાઓ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત પ્રમાણે ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) મુજબ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરવી જોઇએ. સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધિ કરી દેવી તે જાહેર પ્રસિદ્ધિ કહી શકાય નહીં.

**(૩૩.૧)** આમ, બનાવના અરસામાં હથીયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હતું કે કેમ ? અને જો અસ્તિત્વમાં હતું તો તે અંગેની જાહેર પ્રસિદ્ધિ થયેલ હતી કે કેમ ? તે રેકર્ડ પર આવતું ન હોવાથી જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો પુરવાર થયેલ ગણી શકાય નહીં. આ કલમ પુરવાર કરવા માટે પ્રથમ આવું જાહેરનામું અસ્તિત્વમાં હતું અને પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું અને ત્યારબાદ આ જાહેરનામાનો ભંગ થયાનું પુરવાર

કરવું જરૂરી છે.

(૩૩.૨) આમ, ઉભયપક્ષોના વિદ્વાન વકીલ શ્રીઓની તાર્કિક અને ભારપૂર્વકની દલીલો, ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, વિવિધ વડી અદાલતો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાંના સિદ્ધાંતો અને ઉચર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ મુદ્દા નં.૪ પુરવાર કરવામાં સફળ રહેલ ન હોવાનું માની ***મુદ્દા નં.૪*** નો નિર્ણય " ***નકારમાં*** "આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૫ ની ચર્ચા :</u>**

(૩૪) આમ, ઉપરોકત મુદ્દાઓમાં ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ***મુદ્દા નં.૧ થી ૩*** પુરવાર કરવામાં ***સફળ*** રહેલ છે. આથી ફરીયાદ પક્ષ ***આરોપીઓ વિરુદ્ધ આંક:૨૨ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા પૈકી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) મુજબના ગુન્હા નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.*** આથી આ કામના આરોપીઓને સદર શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે સજા કરતા પહેલાં પુરવાર થયેલા ગુન્હાની સજાની જોગવાઈ જોતાં આરોપીઓને સજા અંગે સાંભળવા જરુરી છે. તેવા સંજોગોમાં આરોપીઓને તથા ઉભયપક્ષના વિદ્વાન વકીલ શ્રીઓને સાંભળી, સજા અંગે હુકમ કરવો યોગ્ય, ન્યાયિ અને ઉચિત હોવાનું આ અદાલતનું માનવું છે. ***સબબ, આ કામ આરોપીઓને સજા અંગે સાંભળવા પર મુલત્વી રાખવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવામાં આવે છે.***

આજરોજ તા:૨૩ મી, માહે:એપ્રીલ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–

તા:૨૩/૦૪/૨૦૨૬
ભુજ–કચ્છ

**(મહિડા દિલીપ પી.)**
સેશન્સ જજ, કચ્છ–ભુજ
GJ00551

(૩૫) ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.બી.જાડેજા નાઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, ગુજરનારની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી. ગંભીર પ્રકારનો ગુન્હો છે. આરોપીઓને મહત્તમ સજા કરવી જોઇએ.

(૩૬) આરોપી નં.૧ મોહિત મુળજી સિદ્ધપુરા નાઓ તથા તેમના વિદ્વાન વકીલ શ્રી આર.એસ.ગઢવી નાઓ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આરોપી યુવાન વયના વ્યકિત છે. પુરાવો જોતાં આકસ્મિક સંજોગોમાં બનાવ બનેલો છે. આરોપીનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ નથી. આરોપીને ઓછી સજા અને ઓછો દંડ કરવા વિનીતી છે.

(૩૭) આરોપી નં.૨ જયેશ જયંતિજી ઠાકોર નાઓ તથા તેમના વિદ્વાન વકીલ શ્રી એચ.એસ.પટેલ નાઓ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આરોપીની ઉંમર નાની છે. આરોપી અભ્યાસ કરે છે. આરોપીનું ભવિષ્ય ધ્યાનમાં રાખી આરોપી ઉપર દયા બતાવી યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

(૩૮) આ પ્રકરણમાં ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૦૩ (૧), ૧૦૯ (૧), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા પુરવાર કરેલ છે. એ નોંધવું જરુરી છે કે, સમાજ એ કાયદા દ્વારા સુસંચાલિત સમાજ છે તેથી કોઇપણ સંજોગોમાં કાયદામાં માનનાર અને સુવ્યવસ્થિત સમાજમાં આવું આરોપીનું ગુન્હાહિત કૃત્ય શાંખી શકાય તેમ નથી. સામાન્ય સંજોગોમાં ગુન્હેગારને યોગ્ય સજા થાય અને તેના કારણે સમાજમાં પ્રવર્તતી ગુન્હાહિત વૃતિ ઓછી થાય તથા સુદ્રઢ સમાજનું નિર્માણ થાય તે મહત્વની બાબત છે. જયારે વધુ પડતી દયા બતાવવામાં આવે તો બહુજન સમાજનું હિત જોખમાય તેમ છે.

(૩૮.૧) આ કામે આરોપીઓ દ્વારા આચરવામાં આવેલ ગુન્હાહિત કૃત્ય તથા ફરીયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ ગુન્હાહિત કૃત્ય તેમજ પુરવાર થયેલ ગુન્હાની સજાની જોગવાઇ જોતાં આ કામના આરોપીઓ પ્રોબેશનનો લાભ મેળવવા હકકદાર બનતા નથી. સાથોસાથ આ પ્રકરણમાં રજુ થયેલ પુરાવો, આરોપીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ બચાવ

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ફાંસીની સજાની કેટેગરીમાં આવતા કેસોની બાબત ધ્યાનમાં લેતાં, અતિ ઘાતકીપણું કે કવચીતમાં કવચીત પ્રકારનો કેસ કહી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલો નથી તેવા સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધ જે ગુન્હો સાબિત થયેલો છે તે ગુન્હામાં ઓછામાં ઓછી સજા અને યોગ્ય રકમનો દંડનો હુકમ કરવામાં આવશે તો તે યોગ્ય, ન્યાયિ અને ઉચિત રહેશે તેવું આ અદાલતનું માનવું છે અને આથી આ પ્રકરણમાં રજુ થયેલ પુરાવો, ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી જાડેજા નાઓની, ફરીયાદ પક્ષે મુળ ફરીયાદી તરફે ખાનગી વકીલ શ્રી કે.પી.ગઢવી નાઓની રજુઆતો, આરોપીઓની રજુઆતો, આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી રજુઆતો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીઓ વિરુદ્ધ જે ગુન્હો સાબિત થયેલો છે તે ગુન્હામાં ઓછામાં ઓછી સજા અને યોગ્ય રકમનો દંડનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયિ અને ઉચિત રહેશે તેવું આ અદાલતનું માનવું છે.

(૩૯) આ કામે બનાવમાં ગુજરનાર–સાક્ષીબેન જેઠાલાલ ખાનીયા નાઓનું યુવાન વયે મૃત્યુ નિપજેલું છે. તેણી બી.સી.એ. જેવો કોમ્પ્યુટરનો અભ્યાસ કરતા હતા. તેણી તેણીના માતા–પિતાના એકમાત્ર સ્ત્રી સંતાન હતા. સાક્ષીબેનનું મૃત્યુ થતાં તેણીના માતા–પિતાને જે દુ:ખ સહન કરવું પડેલું છે અને ભવિષ્યનો સહવાસ વ્યય કરેલો છે તેની સાથે આર્થિક વળતર કોઇ પણ હિસાબે યોગ્ય અને વ્યાજબી હોઇ શકે નહીં. ગમે તેટલું આર્થિક વળતર ચુકવવા હુકમ કરવામાં આવે તો પણ તે ઓછું જ છે, તેમ છતાં પોતાની દિકરીના મૃત્યુ બદલ જે દુ:ખ સહન કરેલું છે તેની સામે વિકટીમ કોમ્પોન્સેશન (એમેડમેન્ટ) સ્કીમ, ૨૦૧૯ અન્વયે ગુજરનાર–સાક્ષીબેનના જેઠાલાલ ખાનીયા નાઓના મૃત્યુ સંબંધે તેમના કાયદેસરના વારસદારોને મળવાપાત્ર યોગ્ય વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયિ અને ઉચિત હોવાનું આ અદાલતનું માનવું છે.

(૪૦) હાલના કેસમાં તપાસ કરનાર એજન્સી દ્વારા જુદો–જુદો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો છે તેમાંથી મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨, આર્ટીકલ નં.એ/૧૩ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૧૫ વાળા મોબાઇલ

ફોન અંગે ચાલતા કામે જો કોઈ હુકમ થયેલો હોય તો તે બિનશરતી કાયમ કરવાનો, અને જો કોઈ હુકમ થયેલો ન હોય તો, અપીલ સમય વિત્યા બાદ સદરહુ મોબાઈલ ફોનના મુળ માલીક અંગેની ખરાઈ કરી, માલીકી અંગેના આધાર પુરાવા મેળવી સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન તેમના મુળ માલીકોને પરત સોંપવાનો,

**(૪૦.૧)** મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૫ મોટર સાયકલ અંગે ચાલતા કામે જો કોઈ હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમ કરવાનો, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો, અપીલ સમય વિત્યા બાદ સદરહુ વાહનના માલીક અંગેની ખરાઈ કરી માલીકી અંગેના આધાર પુરાવા મેળવી સદરહુ મુદ્દામાલ વાહન તેના મુળ માલીક / આર.સી. ઓનરને પરત સોંપવાનો,

**(૪૦.૨)** મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨૧ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨૨ પેનડ્રાઈવ તેમજ આર્ટીકલ નં.એ/૨૪ ડી.વી.ડી. એ પુરાવાનો ભાગ હોવાથી આ મુદ્દામાલ પુરાવા જેટલા સમય સુધી જાળવી રાખવાનો,

**(૪૦.૩)** જયારે અન્ય તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવો યોગ્ય, ન્યાયિ અને ઉચિત રહેશે તે સંજોગોમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૯૮ અન્વયે તે મુજબ હુકમ કરવો યોગ્ય, ન્યાયિ અને ઉચિત હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૪૧)** આમ, આ કામમાં ફરીયાદ પક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભયપક્ષોના વિદ્ધાન વકીલ શ્રીઓની મૌખિક રજુઆતો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો ***આખરી હુકમ*** કરવામાં આવે છે :-

## ***-:: હુ ક મ ::-***

(૧) ***ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૫૮ (૧) અન્વયે,*** આ કામના ***આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા,***

રહે:ભારતનગર, સોનલનગર, પ્લોટ નં.૧૧૫, સિદ્ધેશ્વર મંદિરની પાસે, ગાંધીધામ–કચ્છ તથા ***આરોપી નં.(૨) જયેશ જયંતિજી ઠાકોર,*** રહે:મેઘપર બોરીચી, પરષોતમનગર, મકાન નં.૨૩, અંજાર–કચ્છ નાઓને તેઓ વિરૂદ્ધના *ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૫૦૯૦૯/૨૦૨૫ (સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫) જી.પી.એકટની કલમ–૧૩૫* મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) *ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮ (૨) અન્વયે,* આ કામના ***આરોપી નં.(૧) મોહિત મુળજી સિદ્ધપુરા,*** રહે:ભારતનગર, સોનલનગર, પ્લોટ નં.૧૧૫, સિદ્ધેશ્વર મંદિરની પાસે, ગાંધીધામ–કચ્છ તથા ***આરોપી નં.(૨) જયેશ જયંતિજી ઠાકોર,*** રહે:મેઘપર બોરીચી, પરષોતમનગર, મકાન નં.૨૩, અંજાર–કચ્છ નાઓને તેઓ વિરૂદ્ધના *ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૫૦૯૦૯/૨૦૨૫ (સેશન્સ કેસ નં.૧૦૮/૨૦૨૫) ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩ (૧), ૫૪, ૧૦૯ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી, પ્રત્યેક આરોપીને આજીવન કેદની સજા અને રુ.૨૫,૦૦૦/– (અંકે રુપીયા પચ્ચીસ હજાર પુરા) નો દંડ અને જો આરોપીઓ દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ એક (૧) વર્ષની સખ્ત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.*

(૩) *ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે આરોપીઓને કોઈ અલગથી સજા ભોગવવાનો હુકમ કરવામાં આવતો નથી.*

(૪) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૬૮ ની જોગવાઈ મુજબ, આ કામના આરોપીઓ જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય, તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૮ અન્વયે મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨, આર્ટીકલ નં.એ/૧૩ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૧૫ વાળા મોબાઈલ ફોન અંગે ચાલતા કામે જો કોઈ હુકમ થયેલો હોય તો તે બિનશરતી કાયમ કરવાનો, અને જો કોઈ હુકમ થયેલો ન હોય તો, અપીલ સમય વિત્યા બાદ સદરહુ મોબાઈલ ફોનના મુળ માલીક અંગેની ખરાઈ કરી, માલીકી અંગેના આધાર પુરાવા મેળવી સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન તેમના મુળ માલીકોને પરત સોંપવાનો,

(૫.૧) મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૫ મોટર સાયકલ અંગે ચાલતા કામે જો કોઈ હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમ કરવાનો, અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો, અપીલ સમય વિત્યા બાદ સદરહુ વાહનના માલીક અંગેની ખરાઈ કરી માલીકી અંગેના આધાર પુરાવા મેળવી સદરહુ મુદ્દામાલ વાહન તેના મુળ માલીક / આર.સી. ઓનરને પરત સોંપવાનો,

(૫.૨) મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨૧ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.એ/૨૨ પેનડ્રાઈવ તેમજ આર્ટીકલ નં.એ/૨૪ ડી.વી.ડી. એ પુરાવાનો ભાગ હોવાથી આ મુદ્દામાલ પુરાવા જેટલા સમય સુધી રેકર્ડમાં જાળવી રાખવાનો,

(૫.૩) અન્ય તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪ ની જોગવાઈ મુજબ, આ ચુકાદાની એક નકલ આરોપીઓને વિનામુલ્યે સત્વરે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

(૭) આ ચુકાદાની એક નકલ પોલીસ ઈન્સ્પેકટર શ્રી, ભુજ શહેર '' એ '' ડિવીઝન પોલીસ સ્ટેશન, ભુજ નાઓને જાણ સારુ તથા યોગ્ય તે કાર્યવાહી માટે મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૮) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરિપત્ર નં.૯૦૧/૧૯૯૦,

તા:૨૨/૧૦/૧૯૯૦ અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, કચ્છ–ભુજ નાઓને તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૯) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૬ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરિપત્ર નં.૨૬૨૩/૨૦૦૫, તા:૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધિત જેલ ઓથોરીટીને આ કામના તહોમતનામાની તથા આખરી હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૧૦) આ હુકમની એક નકલ સચિવ શ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભુજ–કચ્છ નાઓને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન (એમેડમેન્ટ) સ્કીમ, ૨૦૧૯ અન્વયે ***આ કામના ગુજરનાર–સાક્ષીબેન જેઠાલાલ ખાનીયા નાઓના મૃત્યુ સંબંધે તેમના કાયદેસરના વારસદાર તેણીના પિતા જેઠાલાલ હેમરાજભાઈ ખાનીયા અને તેણીના માતા રસીલાબેન જેઠાલાલ ખાનીયા નાઓને રુ.૫,૦૦,૦૦૦/– (અંકે રુપીયા પાંચ લાખ પુરા) વળતર*** તરીકે ચુકવવા સંબંધે જરુરી કાર્યવાહી અર્થે મોકલી આપવી.

આજરોજ તા:૨૩ મી, માહે:એપ્રીલ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–

તા:૨૩/૦૪/૨૦૨૬
ભુજ–કચ્છ

**( મહિડા દિલીપ પી. )**
સેશન્સ જજ, કચ્છ–ભુજ
GJ00551

*BHP*